Vol. 42, No. 4
August 2021
ISBN 2455 - 4162

નવનીત સમર્પણ

Rs: 30

જ્ઞાન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક

VISIT…

Just Released



- A Life Story of a pre-eminent Kashmiri Poet Lal Ded.
- Her songs enlightens us as to how poetry can give meaning to life.
- Seven hundred years ago, the valley of Kashmir was passing through the same spell of torment and turmoil as it is today.....

PB-I 200

Postage Extra

For copies, please contact:
BHARATIYA VIDYA BHAVAN Publication Division
505, Sane Guruji Marg, Gora Gandhi Compound, Tardeo, Mumbai 400 034
Ph.: 23530916/23514466/23519808 (Direct) Fax: 23520385
E-mail: pvsankarankutty@gmail.com or pvsankarankutty@bhavans.info
Website: www.bhavans.info

નાડ્ય ગોની

□ સુભાષ ભટ્ટ

ભારતીય ચિંતનધારામાં અંતહીન કથાઓ જોવા મળે છે. પારંપારિક હિન્દુધારામાં એક નાનકડી પણ અદ્‌ભુતકથા છે.

એક વખત એક શિકારી જંગલમાં ભૂલો પડી ગયો. પછી તો લાગલગાટ ત્રણ દિવસ તે રઝળ્યો પણ મારગ ન મળ્યો. ભૂખ અને તરસથી પરેશાન, ઊંઘ અને થાકથી હારેલો અને હા, સર્પ અને પ્રાણીના ભયથી ડરેલો. આખરે ચોથા દિવસે તેણે દૂર એક વૃક્ષ નીચે એક માણસને બેઠેલો જોયો. બંને એકમેકને જોઈને રાજી થઈ ગયા અને પછી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા. બન્ને વચ્ચે એક નાનકડો સંવાદ થયોઃ

પ્રથમઃ હું ભૂલો પડી ગયેલો.

બીજોઃ હું પણ!

બન્નેને ખ્યાલ આવ્યો કે બન્ને ખોવાયેલા છે, બન્ને જંગલમાં ભૂલા પડેલા છે. બન્નેને કોઈ મળી ગયું છે પણ છતાં બન્ને છે તો ખોવાયેલા જ. તેમાં કોઈ આવી પહોંચેલ નથી. છે તો બન્ને મારગમાં જ. ક્યારેક શ્રદ્ધા-સંપ્રદાય-ધર્મના મારગમાં બધાં એકઠાં તો થઈ જાય છે પણ કોઈ પહોંચેલ-પામેલ નથી હોતું. ત્યાં સંખ્યા હોય છે, સત્ય નહીં. લોકો તો સેંકડો હોય પણ તેનો સરવાળો એક અધિકૃત અનુભવ કે અંતિમ જ્ઞાન નથી બનતું. બે ગાંડાનો સરવાળો એક ડાહ્યો એમ નથી થતો. અન્યની ઉપસ્થિતિ માત્ર મારા પહોંચી કે પામી ગયાનો પુરાવો નથી. બે ખોવાયેલા એકમેકનો સધિયારો કે સાંત્વના બની શકે પણ પ્રાપ્તિ નહીં. શ્રદ્ધા સાધન છે, સાધ્ય નથી, મારગ છે પણ મંઝિલ નથી. આપણી આસ્થા, ઇચ્છા, ધારણા, માન્યતા અને ઝંખનાથી અનુભવ નથી થતો. પ્રિય કબીર દાસ કહે છેઃ

પંથી પંથ બુઝી નહીં લીન્હા, મૂઢ હિ મૂઢ ગંવારા હો ।
ઘાટ છોડી કસ ઔઘટ રેંગહુ, કૈસેકે લગબેહુ તીરા હો ॥

પથિકે પથ સમજી ન લીધો, મૂર્ખથી પણ વધારે મૂર્ખ. ગમાર ઘાટ છોડીને અઘાટમાં ફરતો રહ્યો. ક્યારે પહોંચશે તટે? ❑❑❑

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।

દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૨ અંકઃ ૪, ઓગસ્ટ ૨૦૨૧

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક
અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan9@gmail.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

૬
મુનશીવાણી

૭
શબ્દમૂળની શોધ
થાપ
હેમન્ત દવે

૮
ૐ હ્રીં
મકરન્દ દવે

૧૫
કાવ્યો :
વિનોદ જોશી, ઉદયન ઠક્કર,
ભાવેશ ભટ્ટ, ભરત મહેતા,
શૈલેષ પંડ્યા 'નિશેષ', જ્વલંત છાયા,
ધ્વનિલ પારેખ, દિલીપ જોશી

૨૨
તમને શેની પ્રતીક્ષા છે?
પ્રવીણસિંહ ચાવડા

૩૩
વીનેશ અંતાણી સાથે વાતચીત
શરીફા વીજળીવાળા

૪૫
અસંમતિ એ લોકશાહીનો
સલામતી વાલ્વ છે
ડો. ધનંજય ચંદ્રચૂડ

૫૦
ઉદ્યોગ ઋષિ કાંતિસેન શ્રોફ 'કાકા'
કીર્તિ ખત્રી

૫૭
શિવસંકલ્પ
હિમાંશી શેલત

૬૨
દિલીપકુમાર, જાત ચીરીને પ્રગટતું અભિનયનું તપ
બકુલ ટેલર

૬૮
કોરોના બાદ...
ડો. નીલેશ રાણા

૭૧
જ્ઞાની અને વિજ્ઞાની
ડો. પંકજ જોશી

૭૯
પદમપુરી
હસમુખ જોષી

૮૭
કવિ કાન્તની ખુરશી
મારાં ભાવનગરનાં સંસ્મરણો-૩૨, ૩૩, ૩૪
પ્રવીણસિંહ ચાવડા

૯૩
સુબ્રહ્મણ્યમ ચંદ્રશેખર
અરવિંદ ગુપ્તા / અનુ.: હેમંત સોલંકી

૯૯
કેમ સખી ચીંધવો પવનને-૫૧
અનિલ રમાનાથ જોશી

૧૦૫
એક સાઈકિએટ્રિસ્ટની ડાયરી-૯
ડો. આનંદ નાડકર્ણી /
અનુ.: અમી ભાયાણી, ડો. શેફાલી થાણાવાલા

૧૧૧
ગમી ગયેલી વાર્તા
રણ : વીનેશ અંતાણી
શરીફા વીજળીવાળા

૧૨૮
અક્ષરની ઓળખાણ
ડો. અસ્મિતા યાજ્ઞિક

૧૩૧
તમારી દૃષ્ટિએ

૧૩૩
ભવન્સ વૃત્ત

૧૩૭ : **વોટ્સએપ**
સં. શરીફા વીજળીવાળા

૧૩૮
હાસ્યેન સમાપયેત્

આવરણ : મહેન્દ્ર પારેખ

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.

મુનશીવાણી

જૂન ૧, ૧૯૬૩ - અધ્યાત્મમાર્ગ

મારા નવયુવાન મિત્ર,

મારા અગાઉના પત્રોમાં મેં અવારનવાર કહ્યું છે કે ચીની આક્રમણ એ પ્રભુએ આપેલો અવસર છે. એ કેવળ આપણા ક્ષુદ્ર આત્મસંતોષમાંથી મુક્ત થવાનો કે રાષ્ટ્રીય અસ્તિત્વની રક્ષા માટે સજ્જ થવાનો જ અવસર નથી. એનું વધુ ઊંડું મહત્ત્વ છે.

આપણા ધાર્મિક અને આધ્યાત્મિક જીવનમાર્ગની રક્ષા કરવા સજ્જ થવા માટે ઈશ્વરે આપણને આ અવસર આપ્યો છે. આપણે સંક્ષિપ્તમાં એને આપણો આધ્યાત્મિક જીવનમાર્ગ કહીશું, કારણ કે ધાર્મિક માર્ગ તો આખરે અધ્યાત્મમાર્ગ પર પહોંચવા માટેનું જ સાધન છે.

ઇતિહાસના ઉષઃકાળથી આપણા ધાર્મિક જીવનમાર્ગ સાથે ધર્મ અને પૂજાની સ્વતંત્રતા આપણી દૃઢ પ્રણાલિકા સાથે સંકળાયેલી છે. રાજ્યસત્તાના વિક્ષેપ કે દમન વિના પોતપોતાના ધાર્મિક સંપ્રદાયને અનુસરવાના વ્યક્તિના અધિકારનો હંમેશાં આદર થયો છે. તમામ ધર્મોને આપણે ત્યાં સમાન આદર અપાય છે.

શ્રીકૃષ્ણે કહ્યું હતું: ''ગમે તે દેવની પૂજા કરો, પણ આખરે તમે મારા સુધી જ પહોંચો છો.'' આપણા અધ્યાત્મમાર્ગનો આ મુદ્રાલેખ છે. આથી પ્રત્યેક વ્યક્તિ વિના અંતરાયે પોતાના સત્યનો માર્ગ શોધી શકે છે અને બીજાઓના આ અધિકારનો આદર કરે છે.

ઋગ્વેદની ઋષિવાણી છેઃ आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः (સર્વ દિશાઓમાંથી અમને ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ). ઉપનિષદો આત્મદર્શન પ્રત્યે દોરી જવા પ્રત્યેક તપને સત્કારે છે. આપણે મન આનું જ મહત્ત્વ છે. આમાંથી જ આજે ભારત જે છે, તે બનાવતો ભવ્ય વારસો આપણને પ્રાપ્ત થયો છે.

ઇતિહાસમાં એવો સમય પણ આવ્યો છે જ્યારે ભારતવર્ષની પ્રજાને રાજકીય પરાધીનતા સહન કરવી પડે છે. એ પણ સાચું છે કે આક્રમકોના મૂર્તિભંજક ઝનૂનને લીધે ભારતવાસીઓને તલવારની ધારે ધર્મ બદલવાની ફરજ પડી હતી.

[ક્રમશઃ]

થાપ

☐ હેમન્ત દવે

ભૂલ માટેનો 'થાપ' શબ્દ જાણીતો છે. *સાર્થ જોડણીકોશ*માં એને રવાનુકારી ગણ્યો છે. 'થાપટ'ના અર્થનો 'થાપ' શબ્દ, એ લગાવવાથી થતા અવાજને કારણે, રવાનુકારી હોય એ મગજમાં ઊતરે તેવું છે, પણ 'ભૂલ'ના અર્થનો 'થાપ' રવાનુકારી શબ્દ કેવી રીતે હોય એ વિચારવા જેવી બાબત છે. થાપ આપવી, થાપ ખાવી, વગેરેમાં ભુલાવામાં પડવું, ભૂલ થવી, એવા જે અર્થ છે એનો રવાનુકાર સાથે કોઈ સંબંધ નથી. બાળકોની રમત 'થપ્પો' અથવા 'સંતાકૂકડી'માં પણ દાવ આપનારને ભુલાવામાં નાખવાનો પ્રયત્ન થાય છે એ યાદ રાખીએ.

દ્રાવિડી ભાષાઓમાં તપાસ કરતાં ભૂલ, થાપ, ગરબડ, ખોટું પડવું, ખોટી પિછાન કરવી, જેવા અર્થના શબ્દોમાં તમિળ 'તપ્પુ', મલયાળમ 'તપ્પુ', 'તપ્પલ', 'તપ્પુક', કાનડી 'તાપ', તુળુ 'તપ્પુ', વગેરે જોવા મળે છે (દ્રા.વ્યુ.કોશ, પ્રવિષ્ટિ ૩૦૭૧), જે આપણા ભૂલ થવી, ગફલત થવી એ અર્થના 'થાપ' સાથે જોડાયેલા લાગે છે.

'ફટકા' કે 'થપ્પડ' કે 'જોરથી અફાળવું' ના અર્થનો 'થાપ' શબ્દ પણ દ્રાવિડી ભાષાઓમાં જોવા મળે છે (સર. એજ, ૩૦૭૫ અને ટર્નરનો તુલનાત્મક કોશ, પ્રવિષ્ટિ ૬૦૯૧).

❑❑❑

'નવનીત સમર્પણ' લવાજમના દર

છૂટક અંક	-	રૂ. 30	વિશેષ અંક	-	રૂ. 40
એક વર્ષ	-	રૂ. 300	વિદેશમાં દરિયાઈ માર્ગે	-	રૂ. 1500
બે વર્ષ	-	રૂ. 580	હવાઈ માર્ગે	-	રૂ. 2600
ત્રણ વર્ષ	-	રૂ. 850	ઓનલાઈન લવાજમ ભરવાની એકદમ આસાન સેવાનો લાભ લેવા...		
પાંચ વર્ષ	-	રૂ. 1400			
દસ વર્ષ	-	રૂ. 2800	http://www.bhavans.info/periodical/pay_online.asp		



ॐ ह्रीं

☐ મકરન્દ દવે

આજે સવારની આપણી વાતમાં પહેલી વાત તો એ મનમાં ઊગે છે કે આપણે અહીં બેઠાં ત્યારે શું હલચલ થતી હતી? શું વાતો થતી હતી ત્યાંથી શરૂ કરીએ. સવારે આપણે સહુ પોતપોતાના આસન પર બેઠાં. પછી એકબીજાની ચિંતા કરતાં હતાં કે બધાંને જગ્યા મળી? તમે બરોબર છો? ત્યાં ગલૂડિયું આવ્યું, એને દૂર કરો એ વાતો કરી. કાન્તાબેનને કેમ મોડું થયું એની ચિંતા કરી. આમ વિવિધ અવાજો, વિવિધ વાતો થતી હતીને? આપણે આસનમાં ગોઠવાતાં હતાં ત્યારે વાતો કરતાં હતાં. પછી બેસી ગયાં. થોડીવાર શાંત રહ્યાં. પછી એકીસાથે ॐ ह्रींનું ગુંજન કર્યું, એક ધ્વનિ ઉચ્ચાર કર્યો. આ આસન પર બેઠા પહેલાં વિવિધ હલચલો હતી, વિવિધ વાતચીતો હતી, જુદા જુદા ભાવો હતા. પણ ॐ ह्रीं શરૂ કર્યું ત્યારે બધાં સાથે એક જ ધ્વનિમાં, એક જ શબ્દમાં, ગુંજારવમાં મળી ગયાં હતાં. જાણે પક્ષીઓનું ટોળું

હોય અને ચણના ખેતરમાં બેઠું હોય અને એકસાથે બધાં જ પક્ષી ફરર૨ ઊડે એમ આપણું ઉડ્ડયન થતું મને લાગતું હતું. જુદી જુદી વાતો કરતાં હતાં અને પછી બધાં જ એકીસાથે ધ્વનિ કરતાં હતાં, ॐ હ્રીંનો ગુંજાર કરતાં હતાં. જાણે આપણે ॐ હ્રીંમાં જઈને પાંખો ફફડાવી ઊડતાં હોઈએ. ॐ એક પાંખ અને હ્રીં બીજી પાંખ હોય અને બંને પાંખે એકી સાથે ઉડ્ડયન કરતાં હોઈએ એવું મને લાગતું હતું.

આપણે ખરેખર ત્યારે ઊડ્યાં હતાં? ઉડ્ડયનનો પહેલો પ્રકાર તે શબ્દનો પ્રકાર. આ પહેલાં શબ્દો વિખરાયેલા હતા. જુદા જુદા ટકરાતા હતા, અથડાતા હતા. એ જુદા જુદા શબ્દો હતા. આપણા બધાના શબ્દો એક નહોતા. શબ્દો એક થયા ॐ હ્રીંની સાથે, અને તેની સાથે ઉડ્ડયનનો ભાવ. અને એ ભાવ દ્વારા બીજા પ્રદેશમાં જવા આપણે ॐ હ્રીં શબ્દથી ઉડ્ડયન કરતાં હતાં. એકીસાથે આટલાં બધાં મિત્રો બેસીને ॐ હ્રીંનો ઉચ્ચાર કરતાં હતાં ત્યારે મનમાં એક ॐ હ્રીંનો જ ભાવ હતો. બીજા કોઈ શબ્દનો ઉચ્ચાર નહોતો. મનમાં કદાચ બીજા ભાવ હશે. આપણે પહેલો વૈખરીથી ॐ હ્રીંનો ઉચ્ચાર કર્યો. પછી હોઠ ફફડાવીને ઉપાંશુ કર્યા. પછી મનોમન ઉચ્ચાર કર્યા. પછી શાંત બેસી રહ્યા. આ ત્રણ ભૂમિકા.

આપણા જીવનના પ્રવાસની ત્રણ ભૂમિકા છે. એક શબ્દની ભૂમિકા છે. એક અસ્ફુટ ભૂમિકા છે. તે શબ્દ અને વિચાર વચ્ચેની ભૂમિકા છે. શબ્દ અમથો નથી આવતો. એ ઘોળાઈને, ઘૂંટાઈને અનેક ક્રિયા-પ્રક્રિયા થઈને શબ્દ પ્રગટ થાય છે. શબ્દનું ઘણું માહાત્મ્ય છે. ઉપાંશુ એ મૌન અને વાણી વચ્ચેનો એક સાન્ધ્ય પ્રદેશ છે. અંશુ એટલે કિરણ. વૈખરી વાણી વિખેરાઈ જાય પણ ઉપાંશુ જપમાં કિરણ ભળે છે, પ્રાણનો પ્રકાશ ભળે છે, પ્રાણનું સત્ત્વ ભળે છે. મૌનમાં વાણી શાંત પડી હોય છે, સ્થિત છે, સ્થિર છે. એમાં કોઈ સ્પંદન નથી. વિચારનું એક સ્પંદન થાય તો વાણીમાં એક કિરણ પ્રકાશે છે. ઉપાંશુ કિરણ છે. અંશુમાન એટલે કિરણવાન સૂર્ય. વાણીમાં કિરણ પ્રગટ થયું? પ્રાણમાં પ્રવેશ થયો? જો પ્રાણમાં પ્રવેશ થયો હશે તો વાણી સત્યવતી થશે. આપણે ॐ હ્રીંનો જે ઉચ્ચાર કર્યો એમાં પહેલા શબ્દો આવ્યા પછી ધ્વનિ થયો. ધ્વનિની અંદર પ્રાણનો પ્રકાશ છે.

ॐ હ્રીં દ્વારા આપણે શું કહેવા માગીએ છીએ? ॐ વિશ્વ વ્યાપ્ત ચૈતન્યનું પ્રતીક છે. તત્ત્વ ઝંકાર બ્રહ્માંડ માંહી. આખા બ્રહ્માંડમાં એક મહાન સંગીત વ્યાપ્ત છે. ગઈકાલે સાંજે આપણે બહુ સુંદર સમુદ્રનું સંગીત સાંભળતાં હતાં. સમુદ્ર ઉદ્‌ઘોષ હતો. એની આસપાસ જળવિહાર હશે, ઉત્તાલ તરંગો, પછી લહેરાતા તરંગો

અને પછી ક્યાંય સુધી એક જ મોજાનો ધ્વનિ. જો આપણે આંખો મીંચીને એ સંગીત સાંભળ્યું હોય તો આપણો પ્રવેશ સમુદ્રના પ્રાણમાં થાય. આપણે વિસ્તૃત બનીએ અને પ્રકૃતિનો જે વિશાળ આનંદ છે એને પ્રાપ્ત કરીએ. ॐની અંદર આપણે આપણી વિશાળતાને પામીએ છીએ. અને ॐ હ્રીંની પ્રક્રિયામાં આપણે શ્વાસ-ઉચ્છ્વાસને જોડીએ છીએ. ઉચ્છ્વાસ વખતે આપણો પ્રાણ મહાપ્રાણ સાથે વિરાટ વ્યોમમાં મળી જાય છે. જ્યારે શ્વાસ લઈએ છીએ ત્યારે પ્રાણને લઈને આપણે અંદર ઉતારીએ છીએ. ॐ તે ઉચ્છ્વાસના વિરાટમાં આપણા ક્ષુદ્ર પ્રાણની ગતિ છે. હ્રીં તે પ્રાણના સ્પર્શથી આપણે પાછા આવીએ છીએ. ॐમાં અ પહેલો છે અને ॐ હ્રીંમાં હ પહેલો છે.

અ એટલે પ્રથમ અક્ષર જે આદિમાં છે તે. સર્વના આદિમાં અ છે એટલે અ અધિષ્ઠાન છે, જેને આધારે જ બધું છે. અ ન હોય તો વર્ણ પણ નથી અને સ્વર પણ નથી. અની પાછળ જ આ, ઇ, ઈ વગરે બધા છે. એ બધા અના આવિષ્કારો છે, અનાં પરિવર્તનો છે. અ નિત્ય છે. અ બોલતાં તે ગળામાંથી સીધો જ પ્રગટ થાય છે. હોઠ કે જીભ કે તાલુ કશાનો ઉપયોગ નથી. અ સ્વયંભૂ પ્રગટ થયો. તેમાં અક્ષરત્વ છે, બ્રહ્મતત્ત્વ છે, પરમાત્મા છે, પરમ સત્ય છે, પરમ આનંદ છે, પરમ જ્ઞાન છે. જે નામ આપો તે છે. અ એ વિરાટતત્ત્વનું વ્યોમનું પ્રતીક થયું. અવતરતિ - અ નીચે આવે છે. અટતિ - ફરે છે. અ તો અ જ રહે છે. ક્ ખ્ ગ્ - એ ખોડા છે. અ છે તો ક છે. અ છે તો ખ છે. પછી ગમે તે અક્ષર બોલોને તેનો આધાર, અધિષ્ઠાન અ છે. આપણે અધિષ્ઠાન પ્રાપ્ત કરવું છે. આપણે ખોડા છીએ. આપણી ભૂમિ અસ્થિર છે, સ્થિર નથી કારણ કે વિનાશના ખોળામાં આપણે શ્વાસ લઈએ છીએ, મૃત્યુના ઓળામાં જીવીએ છીએ. વિચ્છેદની વચ્ચે આપણું મિલન છે. વિયોગની વચ્ચે આપણું નિત્ય છે. જો ક્યાં છીએ તેનો ખ્યાલ આવશે તો ક્યાં જવું જોઈએ તેનો પણ આપણને ખ્યાલ આવશે. આમ આપણે અનું સ્વરૂપ જોયું.

હ એ વિસર્ગ છે. અઃ (અહ) આવેને? અ અને હ વચ્ચે એટલો જ ફેર છે કે અ સર્વવ્યાપ્ત છે અને હ વિભાજિત થઈ ગયો છે. અં (અમ્) અનુસ્વાર જોડે છે. અ અને હને અનુસ્વાર જોડે તો અહમ્ થાય. હું થયો. હું કોણ? હું વિભાજિત, નાનો સરખો ક્ષુદ્ર હું અને હું વિરાટ પણ. હું અને તું થયા. મન અને બુદ્ધિ થયાં, વચ્ચે વિચ્છેદ. બુદ્ધિ અને ચિત્ત થયું, વચ્ચે વિચ્છેદ. ચિત્ત અને અહંકાર વચ્ચે વિચ્છેદ. શરીર અને મન વચ્ચે વિચ્છેદ. જુઓ તો ખરા કેવી સ્થિતિ થઈ ગઈ છે! અહમ્ જ્યારે નાનો થયો, ક્ષુદ્ર થયો, પિંડગત થયો, વ્યક્તિગત થયો

ત્યારે વિરાટ વિશ્વની સાથે એનો જે તાલ હતો, જે તાર હતો તે ચુકાઈ ગયો. આમ આપણો ક્ષુદ્ર અહમ્ પોતાના વિરાટ અહમ્થી જુદો પડી ગયો છે. એની સાથે આપણો મેળાપ કરવો, એનું મિલન કરવું, એનો સંયોગ સાધવો એ જીવનનું મુખ્ય કર્તવ્ય છે. બીજું બધું ગૌણ છે. જો એ ખ્યાલ આવે કે હું મારા નાના સરખા કોચલામાં બદ્ધ છું તો એમાંથી મુક્ત થવાનો વિચાર આવે. અહમ્ ક્યાં રહેલો છે? અહમ્ પહેલા તો અન્નમય કોષમાં રહ્યો છે. ચા પીધી? નાસ્તો કર્યો? અહમ્ આવીને તરત જ શારીરિક ભૂમિકા પર ઊપસશે. શરીર પ્રથમ છે. શરીરની માગણી છે, જરૂરિયાત છે. પછી તો શરીર જરૂરિયાત કરતાં પણ વધુ માગતું થઈ જાય છે. અન્નમય કોષમાં રહીએ એટલે આપણા પોષણ પૂરતું શરીરને જોઈએ.

અન્નમય કોષ સાથે પ્રાણમય કોષ જોડાશે. પ્રાણ વેગવાન છે, વેગીલા ઘોડા જેવો છે. જો અન્નમય કોષમાં જ આપણે રહીએ તો કોઈ નાની ગાડીમાં, નાના સરખા ખેતરમાં પડ્યા રહેત. એક ચણનું ખેતર હોત, નાનો માળો હોત, સુખ આવે અને આપણે પોઢી જાત. એક માટીનો પિંડ ઊભો થયો અને માટીમાં મળી ગયો. પણ એમ નથી. પ્રાણમય કોષ ગતિ આપે છે. અને ત્યાં ને ત્યાં તેને રહેવા દેતો નથી. પ્રાણના આવેગથી સિકંદર ચડાઈ કરવા નીકળે છે, હિટલર યુદ્ધ કરવા નીકળે છે. આપણે પણ આપણા ધંધામાં કે રોજગારમાં કંઈક થવા માગીએ છીએ. એ પ્રાણનો આવેગ છે. આપણે અન્નમય કોષમાં સામાન્ય સ્થિતિમાં વસીએ છીએ. એને આપણે સંતોષ નામ નહીં આપીએ પણ મંદપ્રાણ કહીશું. આપણા પ્રાણ મંદ છે. નિષ્પ્રાણ પણ કહી શકાય. આપણે શારીરિક ભૂમિકા પર જ રહીએ છીએ એથી ક્યાંય વેગ કે વિશાળ ગતિ નથી.

આપણને થાય કે માત્ર શારીરિક ભૂમિકા પર નથી રહેવું. આ પિંડમાં બદ્ધ નથી રહેવું. મારો પ્રાણ જાગૃત હોવો જોઈએ, એમાં ચૈતન્ય હોવું જોઈએ, એ વેગવાન હોવો જોઈએ. પ્રાણ પ્રગટ તો થશે પણ એ દિશાશૂન્ય હશે. પ્રાણ પોતે પ્રગટ થશે તો ક્યાં ઘૂમશે? એ ઐહિક ક્ષેત્રમાં, આ વિજય કે તે વિજયમાં, આ પ્રાપ્તિ કે બીજી પ્રાપ્તિમાં. પણ બધી પ્રાપ્તિ છેવટે ન પ્રાપ્તિ લાગશે. બધો વિજય છેવટે પરાજય લાગશે. ધનમાં માણસ દોડશે, ધન પ્રાપ્ત થશે એટલે થશે કે, 'ઓહો, આ તો કાંઈ નથી.' માણસ સત્તા પ્રાપ્ત કરશે અને સત્તા પ્રાપ્ત કર્યા પછી લાગશે કે 'આ નહીં.' અહીં નહીં. ક્યાંક બીજે. જ્યારે યાજ્ઞવલ્ક્ય સંન્યાસ લેવા જાય છે ત્યારે પોતાની બધી જ સંપત્તિ તેની બંને પત્નીઓ - મૈત્રેયી અને કાત્યાયનીને સરખે ભાગે વહેંચી દે છે. ત્યારે મૈત્રેયી યાજ્ઞવલ્કયને પૂછે છે કે, 'આનાથી મને અમૃતની પ્રાપ્તિ થશે?' યાજ્ઞવલ્ક્ય કહે કે, 'ના અમૃત તો નહીં મળે પણ સુખ-સમૃદ્ધિથી તું રહી શકીશ.'

તો મૈત્રેયી કહે કે, 'અમૃત ન મળે તે લઈને હું શું કરું?' જે મારી સદાની ભૂખ ભાંગે, સદાની તરસ છિપાવે એવું મારે કાંઈક જોઈએ છે. મારી તરસ ઊભી જ રહે, મારી પરાધીનતા રહ્યા જ કરે તો ગમે તેવું વિશ્વનું સામ્રાજ્ય હોય તો પણ મારે નથી જોઈતું - એમ જ્યારે મારો પ્રાણ પુકારી ઊઠે ત્યારે ॐ હ્રીંનો ગુંજાર અંદરનું પંખી કરી ઊઠશે. પક્ષી એક શરીરમાં બદ્ધ છે, પ્રાણમાં બદ્ધ છે, મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ, આનંદમય કોષ એવા પંચકોષોમાં બદ્ધ છે. એ પંચકોષ આપણા બંધનના આપણે જ ઊભાં કરેલાં નાનાં ક્ષેત્રો છે. આપણે એમાં નહીં રહીએ પણ ઉડ્ડયન કરીશું.

ॐથી આપણે વિશેષ શક્તિ પ્રાપ્ત કરીશું ને ઊંચી ભૂમિકાએ લઈ જઈશું ॐમાં આરોહણ કરીને ત્યાં કિરણનો સ્પર્શ પામીને પાછા હ્રીંમાં આવીશું અને આપણે હ્રીંના બંધનમાંથી મુક્ત થઈશું. આ પ્રક્રિયા ॐ હ્રીં દ્વારા આપણે રોજ ઉપાસના કરીએ છીએ. બધી જુદી જુદી વાણી એક વાણીની અંદર સંગમ સાધે છે, સમુહિત થાય છે, પોતાના ભણી પ્રવાહિત થાય છે. આપણું તીર્થ આપણી અંદર છે. આજે મને વિચાર આવ્યો કે એકીસાથે બધાં પક્ષી વિશાળ ગગનમાં ઉડ્ડયન કરી રહ્યાં છે. એ ગગન અંદરનું છે, અંતરાકાશનું છે કારણ કે બાહ્ય વાણીથી આપણે અંતરમાં ગતિ કરી હતી. વૈખરીથી ઉપાંશુ અને ઉપાંશુથી મનોમન. અને મનોમનથી પરમ મૌન શાંત. એક અવસ્થા છે જ્યાં શાંતિ બોલી ઊઠે છે, મૌન ગુંજારિત થઈ ઊઠે છે. એ અવસ્થા ક્યારે પ્રાપ્ત થાય?

પહેલા તો આપણે અન્નમય કોષમાં છીએ, શારીરિક ભૂમિકાએ છીએ. શરીરની માગણીઓ છે. એની સાથે પ્રાણ બેઠો છે તે સંતોષ લેવા દેતો નથી. તે કહે છે કે 'હજુ વધુ, હજુ વધુ. બીજે ક્યાંક, અહીં નહીં.' બીજે ક્યાંકનો જ્યાં ઉચ્ચાર થાય છે એને કહીએ કે, 'અહીં જ. આ સ્થળે જ. અત્યારે જ. આ પળે જ. અત્રેવ, ઈહેવ.' શંકરાચાર્ય કહે છે 'આ ક્ષણે જ.' એ ક્ષણ જે પ્રાપ્ત થાય છે એ ચારે દિશામાં ઘૂમતા વંટોળના કેન્દ્રમાં રહેલી પરમ શાંતિ જેવી ક્ષણ છે. યુદ્ધના મેદાનની વચ્ચે જ ગીતા છે. એને પ્રાપ્ત કરવા માટે આપણે ॐ હ્રીંના શબ્દમાંથી ધ્વનિમાં જઈશું. શબ્દમાં કદાચ જુદા જુદા ઉચ્ચારો હશે, જુદી જુદી વાણી હશે પણ ધ્વનિમાં આપણે એક સાધીશું. શબ્દની અંદર ધ્વનિ છે. ધ્વનિની અંદર જ્યોતિ છે. જ્યારે ધ્યાન પરિપક્વ થાય છે, જ્યારે ગાન પોતાનો સૂર બરોબર સાધે છે ત્યારે જ્યોતિ પ્રગટ થાય છે. એક illumination પ્રગટ થાય છે. આપણને હજી એનો અનુભવ નથી. અનુભવ થશે તો વાણીમાં રહેલું સામર્થ્ય શું છે એનો કંઈક ખ્યાલ આવશે. ॐ હ્રીં જે ઉચ્ચાર કર્યો તે સામાન્ય ઉચ્ચાર નથી. જે બીજી વાણી બોલતા હતા કે,

'આ કૂતરું આવ્યું. બારણું બંધ કરો, ઠંડી વાશે.' એ વાણી કરતાં ॐ હ્રીંની વાણી જુદી છે. બીજી વાણી બહિર્મુખી વાણી છે જ્યારે આ અંતર્મુખી વાણી છે. બીજી વાણી મને મારાથી દૂર લઈ જાય છે જ્યારે આ વાણી મને મારી પોતાની નિકટ લાવે છે. જેટલો હું મારી નિકટ આવીશ એટલો હું બીજાની નિકટ જઈ શકીશ. એ પરમ સત્ય છે.

તો પહેલા શબ્દોનો ઉચ્ચાર કર્યો. એ શબ્દ આયાસવાળો હતો, પ્રયત્નવાળો હતો. અનાયાસ નહોતો. આપણે બોલતા હતા. પણ ધ્યાન રાખીને, સમજીને જો ઉચ્ચાર થશે તો વાણી આપણને લઈ જશે. અત્યારે હું વાણીને લઈ જઉં છું, ગ્રહણ કરું છું. પછી વાણી મને ગ્રહણ કરશે. હે વાણી! હે વાક! તું મને ગ્રહણ કર. હે વાકશક્તિ! તું મને સ્વીકાર. હે સરસ્વતી! મને તારી વીણા બનાવ. તું મને ઝંકૃત કર તો પરમ સંવાદી, પરમ આનંદમયી, પરમ મધુર સૂર જે સૃષ્ટિમાં વાગે છે એ મારી દેહની વીણામાંથી ઝંકૃત થશે. કારણ કે મારો દેહ સરસ્વતી-વીણા બની જશે. ગોરખનાથે કહ્યું કે સરસ્વતી ઉચ્ચારે બ્રહ્મજ્ઞાન. મારી અંદરથી પરમ સરસ્વતી બ્રહ્મજ્ઞાનનું ઉચ્ચારણ કરી રહી છે. કેવડી મોટી ઘટના! કેવડી મોટી પ્રાપ્તિ! આ પ્રાપ્તિ માટે આપણે ॐ હ્રીંનો ગુંજાર કરીએ છીએ. શબ્દોમાં ધ્વનિ છે અને આપણે આગળ વધીએ તો એમાં જ્યોતિ છે. એ પ્રજ્ઞા છે, એ પ્રકાશ છે.

ॐ વિશે કહ્યું છે કે ॐ અનાહત છે. ॐ નિત્ય શબ્દ છે, નાદમય છે, બ્રહ્માંડના ગુંજારથી ભરપૂર છે. એનો નાનો સરખો અંશ, ક્ષુદ્ર અંશ મારામાં છે, જે વિરાટ યજ્ઞનો એક સ્ફુલ્લિંગ, એક તણખો છે. એની સાથે જ્યારે હું મારા ભાવથી જોડાઉં છું ત્યારે એ શબ્દના ધ્વનિનો મને સ્પર્શ થાય છે. એ ધ્વનિ આનંદ છે.

અનાહતસ્ય શબ્દસ્ય, તસ્ય શબ્દસ્ય
યોધ્વનિઃ ।
ધ્વનિર્ અંતર્ગતંજ્યોતિર્જ્યોતિર્ અંતર્ગત
મનઃ

ધ્વનિમાં જ્યોતિ છે એનો મને ખ્યાલ નથી. તે ધ્વનિનો ઉચ્ચાર કરતાં કરતાં મારામાં એક સંવાદીપણું, એક આતમસૂઝ, પ્રજ્ઞાનો પ્રકાશ પ્રગટ થાય છે. એ સ્વયંભૂ છે, સ્વયંસ્ફુરિત છે. તેને કોઈ ગ્રંથનો આધાર નથી, કોઈ પયગંબરને પૂછવા ગયો નથી. અંતઃકરણની જાગૃતિ એ મારું પ્રેરક તત્ત્વ છે જે મને દોરી જાય છે. ॐ હ્રીંના ધ્વનિ પછી આપણા શબ્દોમાં સંવાદિતા આવી? આપણા બીજા શબ્દોને આ શબ્દોએ સ્પર્શ કર્યો? ॐ હ્રીંમાં સાથે જે પક્ષીઓ પાંખો ફફડાવતાં હતાં એ પક્ષીઓ પાછાં જમવાના ટેબલ પર આવશે, એ પક્ષીઓ પાછાં કાર્યરત થશે ત્યારે આ શબ્દ દ્વારા એકબીજાનો

પરિચય સાધશે? ॐ હ્રીંનો પરિચય થાય તો મોટું કામ થઈ જાય. આનાથી મોટી ક્રાંતિ એકપણ નથી. ગગનમાં વિહાર કરીને ગગનનો સ્પર્શ લઈને, ગગનમય થઈને પાછું પૃથ્વી પર આવવાનું. એ ચિત્તનું પરિવર્તન લાવે છે, મૂળભૂત ક્રાંતિ કરે છે. અનાહત તે સ્વયંસ્ફુરિત શબ્દ છે. હું મારા આહતમાંથી અનાહતમાં જઈશ. અનાહતમાંથી હું ધ્વનિમાં જઈશ, ધ્વનિમાંથી જ્યોતિમાં જઈશ. જ્યોતિમાંથી પ્રજ્ઞામાં જઈશ. પ્રજ્ઞામાંથી એક પદમાં જઈશ જ્યાં 'વિષ્ણુ: પરમં પદમ્' - જે આપણા ત્રણેય તાપો હરી લેશે.

સવારમાં ॐ હ્રીં દ્વારા વાણીની ગંગામાં આપણે અવગાહન કર્યું. એ પહેલાંની બીજી પણ વાણી હતી. એક વાણીની અંદર નાના-મોટા ભેદ-વિભેદ હતા અને બીજી વાણીમાં એકતાનતા હતી, એકસૂત્રતા હતી, તન્મયતા હતી. એ તન્મયતા આપણી દરેક વાણીમાં આવે, આપણા વિચારોમાં આવે, આપણાં કાર્યોમાં આવે. તો કેટલી સંવાદિતા સધાય? પરમ સૃષ્ટિ સાથે અને સૃષ્ટિના કર્તા સાથે સુમેળ સધાય તો આપણે આપણી પોતાની જાતને પામીએ. 'વાણી' એ વાકની ઉપાસના છે. આ વાકની ઉપાસના દ્વારા વાગીશ્વરીને પામીએ. આપણી જીભ વાગેન્દ્રિય છે અને રસેન્દ્રિય છે. વાક અને રસ એક બની જશે. અનેક રસ આપણે જોઈ ચૂક્યા. અનેકમાં સ્વાદ, બેસ્વાદ બની ગયા. અનેક આનંદનો ઉપભોગ કર્યો પણ અનેક વાર આનંદ નિરાનંદ થઈ ગયો. અનેક ઝાકઝમાળ જોઈ પણ બધા દીવા બુઝાઈ ગયા. આપણે હવે એવો રસ પ્રાપ્ત કરવો છે જે કદી નિરસ ન બને. એવો પ્રકાશ ઊગે જે કદી અસ્ત ન પામે. એવું અસ્તિત્વ જે કદી લય ન પામે. એને માટે આપણે ॐ હ્રીંનો ધ્વનિ કરીએ છીએ. ધ્વનિથી અંતર્ગત યાત્રા કરીએ છીએ, અંતર્મુખી યાત્રા કરીએ છીએ અને પોતાને પામીએ છીએ, વિસ્તાર પામીએ છીએ. જેનાં મૂળ ઊંડાં ગયાં હોય તે વૃક્ષ ઘટાદાર બને છે, એ સુફળ બને છે, એ ફૂલથી છવાઈ જાય છે, સુગંધ પ્રસારે છે. ॐ હ્રીં આપણાં મૂળિયાં છે. એ અંતર્મુખી યાત્રા છે જે આપણા વિચારમાં, આપણી વાણીમાં, આપણા વર્તનમાં બહાર પ્રગટ થાય છે.

હે ભગવાન! તું પ્રગટ થા અને હું તારામાં લય પામું. આ લયની સાધના હતી. લય એટલે સંવાદિતા અને વિલય બંને. આપણો જે નાનો-મોટો અહમ્ હોય તે લય પામતો પામતો વિરાટ ધ્વનિમાં લય પામી જાય. લય સાધીએ અને પ્રલયમાં જ જે ભગવાનનો આનંદ-વિહાર છે, જે અસ્તિત્વ છે એને પામીએ. આ મારી પ્રાર્થના છે.

*પ્રાત:પ્રાર્થના પછી મકરન્દભાઈ જે વાત કરતા હતા તેમાંથી.

સં. મીનુ ભટ્ટ

બે ગીત

☐ વિનોદ જોશી

ચકલી ખોલીને ડોલ મૂકી...

ચકલી ખોલીને ડોલ મૂકી ત્યાં ઓચિંતો તૂટી પડ્યો તત્સમ વરસાદ,
ઉપરવાળાની મે'રબાની કે આજ એણે સાચવી સલૂણી મરજાદ...

આમથી અપાર કોડ ઊખળતા જાય
અને તેમ હોય ધીરજનો અંત,
વીંખીચૂંથીને બધું ઠેકાણે પાડવાના
ઘડી ઘડી કરવાના તંત;

કારણ વિનાની રોજ માનતાયું માનવાનો પડી ગયો કોઠે ઉન્માદ...

વારતા બધીય સોળ સોમવાર જેવી
ને જીવતર સળંગ એક ભાર,
ગામલોક સાંભળવા બેઠું બેબાક
લઈ શીર્ષકનો કેવળ આધાર;

કાનમાંથી લપસી ગઈ કોઈવાર સાંભળેલ એકાદી સાચુકલી દાદ...

□

લાલિયો લુહાર...

ગળપણ બોલ્યાથી કંઈ આવે નહીં સ્વાદ,
નહીં પાણી કહેવાથી પ્યાસ છીપે,
કાઢીને વાંક બધો જીભડીનો,
રોજ એને લાલિયો લુહાર હજી ટીપે....

છાતીમાં ઊંડઝૂડ બાઝેલા ડૂમાઓ વાળીચોળીને કરે સાફ,
આંખેથી આંસુનાં તોરણ ઉતારવામાં ચડી જતો જૂનવાણી હાંફ;

અંધારું ઓલવીને બેસે, પણ તોય
નહીં અજવાળું આવતું સમીપે...

ભમ્મરિયા ભાલાને ભાંગી-તોડીને એણે દઈ દીધો યુદ્ધને વિરામ,
ખંખેરી માંહ્યલાને મૂંઝવતા ઘાવ પછી પંપાળ્યાં સપનાં સૂમસામ;

ખરબચડા ચાર-પાંચ ખોંખારા ખાઈ
હવે ખાનગીમાં ડૂસકાંઓ લીંપે...

યુદ્ધ અને શાંતિ

□ ઉદયન ઠક્કર

('વૉર એન્ડ પીસ' ભીંતચિત્ર, ૧૯૫૨-૫૬)

૧.
સંયુક્ત રાષ્ટ્રસંઘમાં દાખલ થતાંની વેંત
જોશો તો બેય બાજુએ અતિકાય ભીંતચિત્ર!
અતિકાય યાને કેવડું? લો ટૂંકમાં કહું:
'મોનાલિસા'ના સ્મિતથી યે સાતસો ગણું!
ચચ્યાર વર્ષ રાતદિવસ ચાલ્યું ચિત્રકામ
બ્રાઝિલનો ચિત્રકાર હતો, પોર્ટિનારિ નામ

પ્રકૃતિ ને પ્રતિકૃતિ ચીતરી ચૂક્યો હતો
પણ નાનાં નાનાં ચિત્રથી નહોતો થતો ધરવ
આવો ને આવડો મળે અવસર કદી કદી
(કોપો નહીં તો ટાંકી લઉં હું 'મરીઝ'ને?
'આ નાનાં નાનાં દર્દ તો થાતાં નથી સહન,
દે એક મહાન દર્દ અને પારાવાર દે.')

પીંછી ઉપાડી, ભીંતમાં મારગ થતો ગયો

૨.
કલ્પ્યો વિષય, વહેંચી દીધો બે વિભાગમાં
રાખ્યું છે 'યુદ્ધ' નામ પ્રથમ ભીંતચિત્રનું

ભૂરુંભડાક ભાસતું, જો જામલીચટાક
છંટાયલો નથી જ નથી રંગ રક્તનો
ઊંચા સ્વરે જે વાત કરે તે કળા નથી

સર્વત્ર સ્ત્રી જ સ્ત્રી જ છે, પુરુષો કશે નથી
યુદ્ધોની પૂર્વે તો હતા, કિન્તુ હવે નથી
કુરુકુળવધૂ ફરી રહી ઓગણીસમે દિવસ?

કોઈ કરીને પીઠ ઊભી, કોઈ હસ્તથી
ઢાંકી રહી વદન, કોઈ તાકે છે આભમાં
મુખભાવ નારીવૃંદના કેવી રીતે કળાય?
ચીતરી નથી તે વેદના ચિતરાય ચિત્તમાં

'પિયાટા' નામે શિલ્પ તો જોયું હશે તમે
ખોળે લઈને ઈસુની નિશ્ચેષ્ટ કાયાને
બેઠી છે એની માતૃકા, એક જ ફરક અહીં-
ખોળો છે, માતૃકા ય છે, બેટો કશે નથી.

૩.
ઓચિંતો રક્તસ્રાવ થયો પોર્ટિનારિને
ડોક્ટર કહે કે રંગમાં સીસું છે ભારોભાર
વિષનો થશે વિકાર, વધુ ચીતરો નહીં

ઊંચું ય જોયા વિના કહ્યું પોર્ટિનારિએ,
'આજે કહો છો: ચિત્ર ચીતરવાનું મૂકી દે
કાલે કહેશો: શ્વાસને ભરવાનું મૂકી દે!'

૪.
'શાંતિ'નું ભીંતચિત્ર પીળુંવાદળીધવલ
ડુંગર તળેની ખીણ મહીં વાંભુ નામે ગામ
રમતે ચડ્યાં છે બાલુડાં,ગમતે ચડ્યાં જુઓ
ના, સ્ત્રી નથી,પુરુષ નથી,કેવળ છે બાળકો
કિલકારતાં અશે કશે ઝૂલાની પાંખથી
લંબાવી પાય ઘાસમાં બેઠાં છે એક-બે
આનંદની ઉજાણી ચલે પુરબહારમાં
કન્યાને સ્ત્રી થવાની ઉતાવળ કશી નથી
ચીતરેલાં હોય બાળકે એવાં આ બાળકો

૫.
કાચી વયે જ મૃત્યુ થયું ચિત્રકારનું,
આજે ય ચિત્ર ચિત્ત હરે આવનારનું,
આયુષ્ય અલ્પ કિંતુ કળા તો સુદીર્ઘ છે

છંદવિધાન: ગાગાલ ગાલગાલ લગાગાલ ગાલગા
(ઉદા. 'નહિ તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.')

ગઝલ

☐ ભાવેશ ભટ્ટ

ખબર બસ વ્હેલી કે મોડી પડે છે
ઘણી આંખો વિના આંસુ રડે છે

સડક ઝૂમી ઊઠે પગલાંથી જેના
બધા પારસમણિ એને જડે છે

શિખર પર પ્હોંચતા પટકાઓ નીચે
હવાઓ પીઠ એવી થાબડે છે

કરી એને સહન માથા સુધી મેં
હવે તો ફર્શને આ છત અડે છે

હું વર્તું સાવધાની ઘરના દ્વારે
જે રીતે સરહદે સૈનિક લડે છે

અમુક લાલાશ કૈં અમથી ન આવે
ત્વચા આકાશનીયે ઊખડે છે

બચાવી ના શક્યા જે માછલીને
હવે એ ચાર ટીપાં તરફડે છે

અજાણ્યા દેશથી આવ્યો છે શિલ્પી
જે મનસૂબાય મૂર્તિના ઘડે છે

સતાવ્યો ખૂબ સત્તરમી સદીમાં
મને તું 'ઝૌક' આજે પણ નડે છે

કવિપદ

☐ ભરત મહેતા

બુદ્ધનાં ચક્ષુમાંથી
નીતરશે કેવળ શાંતિ જ શાંતિ!
કવિ, તું બુદ્ધ નહીં, સિદ્ધાર્થ થા.

છોડી દે આંખ આંજતી રાજભવનની ચમકદમક
ભાગી છૂટ રાજદરબારમાંથી
હટાવી દે શણગારાયેલા રથના રેશમી પડદા!
સડક પર જો, સાક્ષાત્કાર થઈ જશે!

પ્રેમમાં તડપતી ચાંડાલકન્યાને
પ્રેમની નિરર્થકતાનું ભાષણ નહીં
હાડોહાડ પ્રેમ આપ!

નિહાળ મોતને, શબના ઢગને, બેચેન કુટુંબોને
તું ય થા બેચેન
ઠંડાગાર શબોના ઢગને જીવતા કર
આપ તારા ધગધગતા શબ્દો, ને બોલતા કર!

કેડેથી વાંકા વળેલા મજૂરનો સણકો
સંભળાશે તારી કવિતામાં
તો જ અર્થ છે આ શબ્દોની સાહ્યબીનો!

મહેલમાંથી નીકળી
પાછો ભાગી ન જા જંગલમાં
બધુંય છોડ્યું છે તો છોડી જ દે
ભગવાન બનવાનો ય અભરખો
પામી કવિપદ, રહે સડક વચોવચ
કવિ, તું બુદ્ધ નહીં સિદ્ધાર્થ થા.

ગઝલ

☐ શૈલેષ પંડ્યા 'નિશેષ'

છે, અમારા હાથમાં બેડી છે,
મેં છતાં સરગમ એમાં છેડી છે.

વાયરો લાવે છે સાથે બાકી,
મહેંકની ક્યાં કોઈ કેડી છે.

જો ખર્યા ચહેરા ઘણા અંગત સાવ,
તેં સ્મરણની ડાળ ઝંઝેડી છે?

સ્વપ્ન શૈશવનાં દફન છે જેમાં,
એ ડેલીને એ જ આ મેડી છે.

એટલે સુકાઈ ગઈ છે આંખો,
મૂળથી કોઈએ એ ઉખેડી છે.

સાત ખેડ્યા હો સમંદર તેં પણ,
એક બારી મનની ક્યાં ખેડી છે.

સૌ ડૂબ્યા'તા છંદની વચ્ચે, ને,
મેં ગઝલને અશ્રુથી રેડી છે.

લ્યો, કરો દર્શન એ' મા'માં ઈશનાં,
કાખ જેણે દીકરી તેડી છે.

બે ગઝલ

☐ જ્વલંત છાયા

બા'ર ચોકીદાર અંદર ચોર જીવે
એમ આખા આ નગરનો તોર જીવે

હાથ તો હેઠા પડ્યા સઘળાં દુઃખોના
પણ સમય મારી ગયો એ ન્હોર જીવે

પર્વતોના પથ્થરો તોડી વહે જળ
મૌનની દીવાલ ભેદી શોર જીવે

પીંછ મારું શોભશે એના મુગટ પર
આશ એ રાખી સદાએ મોર જીવે

રાસ પૂરો થઈ ગયો કરતાલ જંપી
ને સ્મરણમાં એ પ્રભાતી પ્હોર જીવે

☐

સઢ ફાટ્યો હોડીમાં તડ
ને સળગે પાણી ભડભડ

સુક્કી ડાળો, પાન પીળાં
એમાં પાછું તૂટે થડ

ભગવું ઓઢી સંત સૂતા
ને દેરીએ લીલું ખડ

ઊતરે છેક શિખરથી એ
એક પગથિયું તું જો ચડ

મસ્તક લીન થયું ચરણે
કર જોડે એ તો છે ધડ

ગઝલ

☐ ધ્વનિલ પારેખ

ઝાડ ઊગે ઝાડ પાસે, ઝાડને ગમતું નથી,
ઝાડ જેવી જિંદગીમાં સ્હેજ સુખ મળતું નથી.

ઝાડને એવું થયું કે ચાંદ માથા પર હતો,
ચાંદને એવું થયું કે ઝાડ સાંભળતું નથી.

ઝાડ નામે આખી ઘટના આમ તો બહુ તુચ્છ છે,
ઝાડ થઈ રહેવામાં કોઈ કેમ ઓળખતું નથી.

ઝાડ જેવી જિંદગી છે, યાર સમજો તો ખરા,
ફૂલ હો કે પાન હો પણ ઝાડ સાચવતું નથી.

મોજની આખી હયાતી ઝાડ થઈને ફરફરે,
ઝાડ આખી જિંદગીમાં એટલે રડતું નથી.

બે ગીત

□ દિલીપ જોશી

છત્રી

છત્રી નીચે છે કૈં ગામોનાં ગામ!...
છત્રીને કોઈ કહે ચરખો કે ગોવર્ધન,
કોઈ કહે ગાંધી ને કોઈ કહે શ્યામ!...

છત્રી તો એવી છે છત, જેની છાયામાં, પાંગરે મનુષ્યોની મોંઘી મિરાત!
છત્રી ખૂલે કે ખીલે ખિલખિલ સવાર અને બંધ થયે કાયમની કણસે છે રાત!
શરણું છે ઓઢણું છે ઓળખ છે આપણી
ને શોભે છે સૃષ્ટિમાં ઝળહળતાં નામ!...

છત્રી તો લાજ છે એ ઘૂંઘટ પણ હોઈ શકે, ક્યારેક એ હોઈ શકે રજવાડું રંગ!
છત્રી ન હોય ત્યારે બગડેલી ભોમ પરે, ફૂલો પણ માંડે છે ફૂલોથી જંગ!
છત્રીમાં પડઘાતા આઝાનો આરતી
ને છત્રીમાં છાઈ ગયાં ચારેયે ધામ!...

□

નસીબ

અમે અંદર બહાર ભીના ભીના,
એમ લાગે કે વ્હાલભરી વરસ્યાં ચોમાસાંઓ ઉરમાં અજાયબ સદીનાં!...

ભીનો સ્વભાવ અને ભીનેરી ભોંય હોય ભીનેરાં સપનાં ઘેઘૂર!
મઘમઘવું કેવળ છે ફૂલનો સ્વભાવ ભલે પવન બન્યો હો ગાંડોતૂર!
મોજ મોજ મોજ હોય પોતીકી મોજ એમાં ચાલે ન શ્વાસ કંઈ ઉછીના!...
અમે અંદર બહાર ભીના ભીના...

ઇચ્છ્યું એવું ક્યાં કદી મળતું અહીં કે ધરો ખોબો ને છલકાતું આભ!
અવળા પવનમાંય પહોંચે વહાણ એના લલાટે લખ્યા હો લાભ લાભ લાભ!
મરજીવા થઈને જ્યાં હાથ એ હલાવે ત્યાં પ્રગટે છે દીવડાઓ ઘીના!...
અમે અંદર બહાર ભીના ભીના...
એમ લાગે કે વ્હાલભરી વરસ્યાં ચોમાસાંઓ ઉરમાં અજાયબ સદીનાં!...

તમને શેની પ્રતીક્ષા છે?

☐ પ્રવીણસિંહ ચાવડા

ત્યારે તો નીલા કંઈ બોલી નહીં - ગુંજન જેવું સંભળાયું હતું તે એનો બબડાટ હશે - ઊઠીને બેડરૂમનું બારણું, અલબત્ત વિરોધસૂચક દૃઢતા સાથે, બંધ કર્યું એટલું જ, પણ સવારે, અડધી ચા પિવાઈ ગઈ તે પછી, ઊંચું જોયા વગર ઠંડા સ્વરે પૂછ્યું, 'કોની સાથે ચોંટ્યા 'તા?'

પચીસેક વર્ષનું સહજીવન: વાતચીતમાં કોઈપણ નવો વિષય દાખલ કરવા માટે આગળપાછળના સંદર્ભો આપવાની આવશ્યકતા નહીં.

'હું ને?'

'ના, હું.'

'ફોન ને?'

'બીજું કોણ છે આ ઘરમાં વધારે મહત્ત્વનું, વધારે-'

'અરે હા! એ તો-'

'લપ કર્યે જ જતા'તા, મૂકતા જ નો'તા!'

અભય હસી પડ્યો, 'એ તો આપણો અટોદરિયા, અમથો!'

'કોઈ અટોદરિયા આપણા હોય એવું મારી જાણમાં નથી.'

'ગુણવંત અટોદરિયા, આપણી મણિનગર બ્રાન્ચમાં એકાઉન્ટન્ટ હતો શરૂશરૂમાં, તને યાદ હોય તો, અત્યારે તો જૂનાગઢમાં-'

'જે હોય તે, આટલાં વર્ષે અને તેય અડધી રાતે ક્યાંથી ફૂટી નીકળ્યા?'

પોણાદસ- દસ તે અડધી રાતની વ્યાખ્યામાં આવે કે નહીં તે વિશે વિવાદ કરવાનો અર્થ નહોતો.

'એવું છે,' અભયે ઠાવકાઈથી રાતના પ્રસંગનો સાર આપવાનો પ્રયત્ન કર્યો, 'એના સનને કંપનીએ પ્રમોશન આપીને અમદાવાદ મૂક્યો છે. આ તો એમ કે ક્યાંક સારા એરિયામાં ભાડાનો ફ્લેટ મળી જાય, એક બેડરૂમનો, હજુ મેરેજ થયાં નથી, છોકરીઓ જોવાનું ચાલે છે-'

'આપણે મકાનોની દલાલીનું કામ ક્યારે શરૂ કર્યું?'

'તું યાર સવારના પો'રમાં ખોટી મંડી છે. ચા પી છાનીમાની, ઠરી ગઈ. કોઈનું બિચારાનું કામ આપણાથી થતું હોય-'

પરોપકારવૃત્તિની કદર થઈ નહીં.

'છોકરાની ટ્રાન્સફર, ભાડાનો ફ્લેટ - ઠીક છે, સમજ્યા, પણ એમાં આટલું હો હો કરીને હસવાનું ક્યાંથી આવ્યું?

'જોલી માણસ છે! તું એની વાતો સાંભળે-'

આવું બને ત્યારે છેલ્લે વાંક યંત્રનો નીકળતો. 'આ ડબલું તમે કાઢી નાખો.'

ડબલું તે વીસેક વર્ષ જૂનો લેન્ડલાઈન ટેલિફોન. ઘરની સભ્યસંખ્યા ત્રણ અને મોબાઈલ ફોન ચાર - કોલેજમાં ભણતા પુત્રને તો બે પણ ઓછા પડતા હતા - તો પછી આની શી જરૂર?

હમણાંહમણાં આ પ્રવૃત્તિએ જોર પકડ્યું હતું. મિત્રો, પડોશીઓ, સગાંસંબંધી બધાના હાથમાં રમકડું આવ્યું તે પછી-'

ભાષા આ જ : કાઢી નાખ્યો!

સેવાપરાયણ, સ્વામીભક્ત, કુટુંબના સભ્ય જેવા ઉપકરણનો નિકાલ કર્યો તો ભલે, પણ એની ઘોષણા કરવામાં આટલો ઉલ્લાસ શાનો હોય તે અભયને સમજાતું નહીં.

નીલાએ પણ હઠ લીધી હતી - કાઢી નાખો!

કુહાડીના ઘા જેવા શબ્દો બોલાય ત્યારે, પાંખો સંકેલીને ખૂણામાં લપાયેલું પંખી ફફડી ઊઠતું અને દયામણી નજરે માલિકની સામે જોઈ રહેતું.

'કોઈ રાખતું નથી, બધાએ કાઢી નાખ્યો.'

'બધા કરે તે આપણે પણ કરવું?'

'કેમ આપણે કંઈ સ્પેશ્યલ માણસો છીએ, બધાથી જુદા, ઊંચા-?'

'ના બાપા ના. સ્પેશ્યલ શાના, પછાત છીએ, ગામડિયા છીએ.'

અધૂરો સંવાદ સ્વગત ચાલતોઃ ગાંડા છીએ, દુર્બળ છીએ, ભૂલી શકતા નથી, છોડી શકતા નથી. પછી, ધીરજપૂર્વક કહેતો, 'સાંભળ, નીલા. તું કંઈ મારી દુશ્મન નથી. મોબાઈલનો યુગ આવી

ગયો તે હું સ્વીકારું છું. પણ સામે મારો એક નાનો, પ્રેક્ટિકલ મુદ્દો તું ધ્યાનમાં લે એવી મારી વિનંતી છે. કોઈ કોઈ સંબંધીઓ, ઓળખીતાઓ પાસે આપણો આ જૂનો નંબર જ હોય. માનો કે કોઈ વાર એમને યાદ આવે, અને ફોન કરવાની ઇચ્છા થાય. માણસ ફોન કરે તે સ્વાર્થ માટે જ, કંઈ કામ કરાવવાનું હોય તો જ, એવું ઓછું છે?'

'એવો કોનો ફોન આવવાનો છે?'

'કોનો' - એ શબ્દ સાથે દૂરદૂર એક ઝાંખી, રહસ્યમય આકૃતિ દેખાઈ ને ઓગળી ગઈ.

સ્પેસિફિક ઓછું હોય છે કે અમુક પર્ટિક્યુલર માણસ? આવે, કોઈનો પણ આવે.'

સંબંધોનું અટપટું, ગૂંચવાયેલું, નિયમવિહીન શાસ્ત્રઃ સ્ત્રીને તે કેવી રીતે સમજાવવું?

છુપાવવા જેવું કશું નહોતું; તો, સામી બાજુ, કહેવા જેવું પણ કશું નહોતું. કહેવું હોય તો કઈ ભાષામાં કહેવું?

કોઈ માણસ નહીં જેવી, નાખી દેવા જેવી વાતમાં ધડાક સંબંધ કાપી નાખે પાછું વળીને જુએ જ નહીં. એ તો મુક્ત થઈ ગઈ, આપણે બંધાયેલા રહ્યા તે આપણી મર્યાદા. આપણી પ્રકૃતિનો દોષ.

છુપાવીને પોતે પત્નીનો દ્રોહ કરી રહ્યો હતો? ના, ના. બેવફાઈ હતી તો તે નિર્દોષ હતી.

* * *

'ઉંમર વધે, અવસ્થા થાય-'

'કોની વાત કરે છે?'

'ઘડપણ આવે-'

'વેરી સ્માર્ટ! વેરી ઇન્ટેલિજન્ટ!'

'-તેમતેમ જૂની વાતોનું, બધા પ્રકારના ભંગારનું વળગણ વધ્યે જતું હશે?'

'બાવન પૂરાં થશે, આ નવેમ્બરમાં, ડાર્લિંગ, ન જાણતાં હો તો જાણી લો.'

'એક આ ડબલું અને બીજી એની સખી, છૂટતાં જ નથી!'

સખી એટલે ટેલિફોન ડાયરી.

એનો ઇતિહાસ વધારે જૂનો હતો. આ નહોતો ત્યારે પણ તે હતી. ઉત્ક્રાન્તિના પ્રથમ તબક્કામાં અંગૂઠા જેવડી હતી, માંડ પંદર-વીસ પાનાંનું પતાકડું, વોલેટના એક ખાનામાં ગોઠવાઈ જાય. ખાસ સંબંધીઓ અને મિત્રોના થોડા ફોન નંબર, ઓફિસના ફોન પરથી અને અનિવાર્ય હોય તો કોઈ સુખી પડોશીના ઘેર જઈ કામ પૂરતી વાત કરી શકાય.

ટેલિફોન ખાતાની કૃપાથી ઘરમાં પોતાની સ્વતંત્ર માલિકીના ફોનની પધરામણી થઈ તે ખૂબ મોટી ઘટના હતી, સામાજિક દરજ્જામાં ઊંચે લઈ જનારી, ટચૂકડી પેલીનું હવે કામ નહીં, ડાયરી તો યંત્રના સ્ટેટસને અનુરૂપ, અડોઅડ બેઠી હોય તો શોભે એવી હોવી જોઈએ. ત્રણચાર સ્ટોરમાં ફરી એ ખાસ્સી મોંઘી, જાજરમાન અને ઠસ્સાદાર લાવ્યો હતો. પેલી લજામણીમાંથી ઉતારા કરવા બેઠો ત્યારે થોડું નાનમ જેવું લાગ્યું.

પુસ્તક જેવી દળદાર ડાયરી અને નંબર આંગળીના વેઢે ગણાય તેટલા. એક પાના પર બે-ત્રણ નંબર અને પછી સળંગ પાંચ-સાત પાનાં વેરાન. જોકે, ધીમેધીમે નવાં નામો ઉમેરાયે ગયાં અને પડતર જગ્યાઓમાં વસવાટ થવા લાગ્યો.

ગીચતા વધી તે સાથે સુઘડતાનાં ધોરણો જળવાઈ શક્યાં નહીં. વિકાસ અને વિસ્તરણના દબાણ નીચે ડાયરી પણ ભીંસ અનુભવતી હશે. ધોબી એક જતો રહે અને બીજો આવે તો અગાઉનો છેકીને નવો નંબર લખો. પ્લમ્બર, ઇલેક્ટ્રિશ્યન, સુથાર રેઢિયાળ બન્યા તો નવા શોધી ડાયરીમાં જરૂરી સુધારા કરો. બેન્કમાં કોઈની બદલી થઈ, કોઈને પ્રમોશન મળ્યું, નવા મિત્રોના, સંબંધીઓના નંબર બદલાયા, કોઈનાં સરનામાં - આ પરિવર્તનોની સાથે ઢસડાવામાં ડાયરી ચૂંથાઈ જાય, પોતાનું મૂળ સ્વરૂપ જાળવી શકે નહીં. છેકછાક કરવી પડે. બે લીટીઓની વચ્ચે ઝીણા અક્ષરે ઉમેરા કરો. એ જગ્યા પુરાઈ ગઈ અને ઘસારો ચાલુ રહ્યો તો ઈશાન કે અગ્નિ ખૂણા તરફ લાલ શાહીથી તીરનાં નિશાન દોરી, જ્યાં જગ્યા મળે ત્યાં નવાગંતુકોને બેસાડો.

પરિણામે એ કોઈ પ્રાચીન લિપિમાં લખાયેલી હસ્તપ્રત જેવી બની ગઈ હતી. લગભગ અવાચ્ય. એનો લહિયો જ ઉકેલી શકે. ક્યારેક તો નિષ્ણાત ખુદ ગોટે ચડી જતો.

કાળનો ઘસારોઃ પૂઠા પરથી પોપડા ઊખડતા હતા. પાનાં જીર્ણ અને બરડ બની ગયાં હતાં. બાઇન્ડિંગના દોરા તૂટી જાય, પાનાં છૂટાં પડી જાય એવી સ્થિતિ આવે. અનેક વિપરિત પરિબળો સામે ઝઝૂમવાનું હતું: એમાંનું એક આ. પોતાની આવડત અને બુદ્ધિશક્તિની મર્યાદામાં અભય, સેલોટેપ ગુંદર તો ક્યાંક વળી ટાંકણીની મદદથી ડાયરીની અખંડિતતા જાળવી રાખવા મથામણ કર્યા કરતો.

અડધી ગંભીરતાથી નીલાએ વચ્ચેનો માર્ગ સૂચવ્યો, 'રાખો રાખવી હોય તો, મારું શું જાય છે, પણ આને જ પકડી રાખવી તે જરૂરી છે? કહેતા હો તો હું નવી લાવી આપું. આપણને જરૂરી લાગે એટલા નંબર ઉતારી લેવાના. બાકીનો કચરો સાફ. કન્ટેમ્પરરી એડિશન.

પરંતુ એ તો કરવું નહોતું, થવા દેવું નહોતું. જડતા માનો, અંધશ્રદ્ધા કહો, અભયથી એ છૂટે એમ નહોતું. સંબંધોનો, લાગણીનો, ક્યાંક ક્યાંક વેદનાનો ઇતિહાસઃ એને સાફ કરીને સમકાલીન બનાવી દેવો?

એક રહસ્ય, જેને જડ મનાતા યંત્રે હૃદયના ખૂણામાં સાચવી રાખ્યું હતું, અડાબીડ જંગલ જેવી ડાયરીમાં પણ એ સંતાઈ રહ્યું હતું.

એક ટેલિફોન નંબરઃ અન્ય, ઓછા પરિચિત માણસોના નંબરોની વચ્ચે એ લખી રાખેલો હતો. નામ-સરનામું

હૃદયમાં, ડાયરીમાં માત્ર નંબર.

જે અહીં છે તે ત્યાં પણ હોવું જોઈએ - એવા કોઈ વૈશ્વિક કાયદામાં શ્રદ્ધા. ડાયરી અહીં છે તો અન્યત્ર, એક વ્યક્તિ પાસે પણ હશે. ખોવાયેલાં, વછૂટેલાં, દૂર થયેલાં કે કાઢેલાંના નંબર એમાંથી રદ નહીં થયા હોય.

માણસ છે. ભર્યાભર્યા સુખની વચ્ચે પણ ક્યારેક એવું ન બને કે એને એકલું લાગે? એકાંતમાં, એવી ક્ષણે, એ ડાયરી ન ફેંદે? હાથ આપોઆપ ટેલિફોન તરફ ન જાય?

સ્ત્રીઓમાં ડહાપણ વધારે હોય છે, એ દરિયા જેવી હોય છે. એમ આખી દુનિયાના જ્ઞાનીઓ યુગોથી કહેતા આવ્યા છે તે ખોટું નહીં જ હોય.

* * *

'કાન ફાડી નાખે છે. અડધી રાતે ભાંભરે છે ભેંસની જેમ.'

નીલાના વાંધાઓમાંનો એક આ.

ઉપમાને દોહીને અભય એમાંથી બે ટીપાં રમૂજ કાઢવાનો પ્રયત્ન કરતો, 'ભેંસ કે ગાય, ઘરડી થાય એટલે કંઈ એને પાંજરાપોળમાં ન મોકલાય.'

અને રોંગ નંબર.

રિંગ વાગે. ગૃહિણી રિસીવર ઉપાડે, 'હેલો...'

'કુણ?'

'હેલો-'

'તમે કુણ બોલો સોં?'

'આપને કોનું કામ છે, ભાઈ?'

સ્ત્રીનો નાગરી સ્વર સાંભળીને સામો માણસ થોથવાઈ જાય, 'ખોટો નંબર લાગ્યો, હોં, બેન. ભૂલ થઈ, હોં-'

કોઈ પૂછે, ઇન્ડિયા બૂટહાઉસ?'

કોઈ પિઝા ઓર્ડર કરે.

અભયને એક વિચાર આવતોઃ રોંગ નંબરની દુનિયામાં આટલું વૈવિધ્ય છે, નિયમોનું બંધન નથી, અપાર શક્યતાઓ છે, તો પછી આ ગોટાળાભરી રમતમાં ક્યારેક એવું પણ બને કે - ભૂલથી, મગજ ક્યાંક બીજે હોય અને નટખટ આંગળીઓ હિંમત કરીને પોતાનું કર્તવ્ય બજાવે, ધારો કે, માનો કે.

તો?

પોતે બેધ્યાન પણ હેલો કહે.

અવાજ ઓળખીને એ બબડે 'સોરી, રોંગ નંબર-'

પોતે ઝડપથી બોલી નાખે, 'ના, રોંગ નહીં, રાઇટ નંબર-'

પછી?

* * *

સંઘર્ષ ગણો કે પતિ-પત્ની વચ્ચેની રસિક રમતઃ દિવસેદિવસે અભયનો પક્ષ નબળો પડ્યે જતો હતો.

'અડધા દિવસ તો તમારું ડબલું બંધ રહે છે.'

નીલાની આ ફરિયાદમાં સહેજ પણ અતિશયોક્તિ નહોતી. મહિનામાં બે-ત્રણવાર સાવ બંધ, ડેડ. કમ્પ્લેઇન નોંધાવો, બે-ત્રણવાર યાદ કરાવો ત્યારે વળી વાયરમેન વિઠ્ઠલદાસનું આગમન

થાય.

બારણા બહાર ખાસ્સા આઘે ઊભા રહી પૂછે, 'કોંક કમ્પલેટ હતી, બેન?'

'હાથ જોડ્યા, તમને અને તમારા ડિપાર્ટમેન્ટને.'

'બગડ્યો સ!'

'ના, સુધર્યો સ.'

'હેંડો, મું જોઈ લઉં.'

ચીડ, ગુસ્સો, હતાશા - સાંજે નીલા પતિ સમક્ષ વિઠ્ઠલદાસની સવારીનો અહેવાલ રજૂ કરે ત્યારે એ બધું ધોવાઈને હાસ્યમાં રૂપાંતરિત થઈ જતું. સાડાચાર ફૂટના વિઠ્ઠલદાસ - વિઠ્ઠલભાઈ નહીં, પોતાના નામની શુદ્ધિ વિશે તેઓ ખૂબ આગ્રહી હતા - યંત્રની સામે ઊભા રહી બાહ્ય લક્ષણોનું નિરીક્ષણ કરે. નિસાસા નાખે. મસ્તક નિરાશામાં ધુણાવે.

આ પ્રથમ તબક્કો તે પછી પલાંઠી વાળીને નીચે બેસી જાય પેલાને ખોળામાં લે, ચશ્માં ચડાવે. સાથે સાથે એમનું સંગીત ચાલતું હોય. નહીં નવાં-જૂનાં ફિલ્મી ગીતો, નહીં ભજન કે રાસગરબા: નાકમાંથી નીકળતું શુદ્ધ, નિર્દોષ ઉં... ઉં... ઉં, જે નિષ્ણાતને પોતાની કામગીરીમાં ટેક્નિકલ સહાય પૂરી પાડતું હશે એવી નીલાની માન્યતા હતી.

મોડેમોડે નિદાન, 'હાળું પોબલમ તો સ.'

'વિ.... ઠ્ઠ... લ.... દા.... સ....!'

'કોંક રસ્તો કાઢવો પડશે. સૂટકો સ?'

ઓજારોનો કોથળો ઉઘાડે, જંતરમંતર કરે અને ફોન ચાલુ થઈ જાય.

અહેવાલના અને સમાપનમાં, નીલાનું કહેવું કંઈક આવું હોય, 'ડેડ થઈ જતા હોય, વારંવાર નિધન થતું હોય તો આપણે અંજલિ આપીએ, થતો હોય તે વિધિ કરીએ. પરાણે જીવતા રાખવાની શી જરૂર?'

પ્રતિકારશક્તિ નબળી પડ્યે જતી હતી, છતાં અભયની ભીતરથી એક મંદ સૂર કહેતો - જરૂર છે, ભાઈ, જરૂર છે.

* * *

લક્ષણો સારાં નહોતાં. દિવસેદિવસે હાલત કથળતી જતી હતી. તેથી એકવાર વિઠ્ઠલદાસને સ્પેશ્યિલ વિઝિટ પર બોલાવવા પડ્યા.

નાડી પકડી, આંખો બંધ કરી, એ બેસી રહ્યા.

'દાસભાઈ, સંકોચ ન રાખશો. જે હોય તે સાચું કહી દો. દેહ છોડી દીધો?'

'ના, બેન-'

ગમેતેમ તોય વિઠ્ઠલદાસ અનુભવી કાર્યકર્તા હતા. એમણે વધારે ઉચ્ચ પ્રકારનું ગુંજન કર્યું, મોટી ફૂંક મારી અને-

'લ્યો, સાહેબ.'

ડાયલટોન સંભળાયો ખરો, પણ માંદો, દમિયલ.

તે દિવસે વિઠ્ઠલદાસ કંઈક જુદા લાગતા હતા. કર્તવ્ય બજાવ્યું પણ એનો સંતોષ નહોતો, ઉદાસી ઓછી થઈ નહીં. થેલો સંભાળ્યો, ચાલ્યા, પણ

'નવનીત-સમર્પણ'માં જાહેરખબર

જીવન, સંસ્કાર અને સાહિત્યના સામયિક તરીકે 'નવનીત સમર્પણ' શુભ અને સુંદર વિચારોનો પ્રસાર કરે છે તે આપ સૌ જાણો છો. ભારતીય સંસ્કૃતિનાં શાશ્વત મૂલ્યોના જતન-સંવર્ધન સાથે જીવનના આધુનિક પ્રવાહોનું સન્માન કરતા આ સામયિકમાં જાહેરખબર મોકલી આ ઉમદા કાર્યમાં સહભાગી થઈ શકો છો.

જાહેરખબરના દર આ પ્રમાણે છેઃ

જાહેરખબરના દર

આખું પાનું (Colour)	રૂ. 9,000/-
આખું પાનું B/W	રૂ. 5,000/-
અડધું પાનું (Colour)	રૂ. 5,000/-
અડધું પાનું B/W	રૂ. 3,000/-
બીજું/ત્રીજું મુખપૃષ્ઠ (4 Colours)	રૂ. 11,000/-
પાછલું મુખપૃષ્ઠ	રૂ. 12,000/-

અન્ય વિગતો :

આખું પાનું

કુલ સાઈઝ 19.5 સે.મી. X 13.5 સે.મી.
પ્રિન્ટ એરિયા 15.5 સે.મી. X 10.5 સે.મી.

અડધું પાનું

આડું પાનું 8.0 સે.મી. X 10.5 સે.મી.
ઊભું પાનું 15.5 સે.મી. X 5 સે.મી.

બ્રોમાઈડ, આર્ટપુલ, આર્ટવર્ક B/W
જા.ખ. માટે 4 કલરની
(રંગીન જા.ખ. માટે), સી.ડી.
છાપકામઃ કાગળની જાત ઉપર

પગમાં અગાઉનું જોમ નહોતું. પ્રસંગનું મહત્ત્વ સમજી અભય એમને બહાર સુધી વળાવવા ગયો.

ચાલ્યા ગયા નહીં, ઓટલાનાં પગથિયાં ઊતરી ઊભા રહ્યા.

'હાચું કઉં, સાહેબ?'

'સત્ય, વિઠ્ઠલદાસ, જેવું હોય તેવું-'

'પૉબલમ ઇન્સ્ટ્રુમેન્ટનો નહીં, લાઈનનો સ. આટલો ભેજ, કનસીલ વાયરિંગ, ભેંતમાં પોંણી ઊતરે. મૂળમુદ્દે આખી લાઈન જ સડી ગઈ સ.'

માત્ર લાઈન નહીં, વિઠ્ઠલદાસે ભેદી સ્વરે ખાનગીમાં કહી દીધું. આખું તંત્ર જ સડી ગયું હતું. ઠેઠ ઉપર સુધી.

અભયે બીતાંબીતાં પ્રયત્ન કરી જોયો, 'વાયરિંગ ન બદલી શકાય? આખી લાઈન જ નવી-'

'રોંમરોંમ કરો! સાહેબો હોંભળતા જ નહીં. ઉપર બધે અંધેર સ.'

એમની દૃષ્ટિને અનુસરીને અભયે ઊંચે, આકાશ તરફ જોયું.

એક બિંદુને બીજા સાથે જોડનાર તંતુઓ, ભીતર વહેતું નરી આંખે ન દેખાતું વાયરિંગ, વાદળો ઉપર ખુરશી-ટેબલ ગોઠવીને વહીવટ કરતા મિજાજી, તરંગી, નિષ્ઠુર સાહેબો - આ બધા સાથે તો વિઠ્ઠલદાસને સીધો, દિવસ-રાતનો વ્યવહાર. એમની વાણી મરમી બને, શબ્દોની વચ્ચે અગમનિગમની લહેરખીઓ આવી જાય તો એમાં નવાઈ પામવા જેવું નહોતું.

લાગણીમાં તણાઈ એમણે ખોટી આશા આપી નહીં, 'બે-ચાર દા'ડા ચાલ્યો તો ચાલ્યો, બાકી લોંબો શાર નહીં.'

નીલા ઓટલે ઊભાઊભા સાંભળતી હતી. એણે કહ્યું, 'એવું જ હોય, વિઠ્ઠલદાસ, તો વેન્ટિલેટર પર લટકાવી રાખીને રિબાવવાનો શો અર્થ? અત્યારે જ નળીઓ ખેંચી નાખો!

નીલાની આ રમૂજ પ્રત્યે અભયે બેધ્યાનપણું બતાવ્યું નહીં, થોડું હસી લીધું. મરણનાં ગાણાં મરણ સમયે ગવાય એમાં કશું અજુગતું નથી, અનુચિત નથી.

એણે નીલાના સૂચનને સમર્થન આપ્યું, 'એમ જ કરો, ભાઈ, કાઢી નાખો!

'ઈમ નોં કઢાય. હું હમજ્યા? પોસિજર હોય. ફારમ ભરવું પડે. તે મું કાલે-પરમે લાયે. ત્યાં હુદી... જે થાય તે થવા દો.'

* * *

પાછળપાછળ અભય ગેટની બહાર ગયો. એ હા-ના કરતા રહ્યા અને સોની નોટ બુશકોટના ખિસ્સામાં ખોસી દીધી.

'આ શનું ઈનોંમ આલ્યું, સાહેબ?'

'લેણદેણ પૂરી થઈ.'

કૃતજ્ઞતાનો ભાવ, વિઠ્ઠલદાસની વિદાય પછી એકલો ઊભો રહ્યો ત્યારે ઓછો ન થયો, વિસ્તર્યે ગયો.

કહેવાય યંત્ર, પણ એણે છેવટ સુધી સાથ આપ્યો. વયની મર્યાદાઓને અવગણી, શ્વાસ ચાલ્યો ત્યાં સુધી શ્રદ્ધા ટકાવી રાખી.

– આપ આરામ કરો, હું જાગું છું.

માલિકને ધરપત આપ્યા કરી.

– આવશે, સાહેબ, ફોન આવશે કો'ક દા'ડો. આપણે આશા મૂકવી નહીં.

– અને, એ સિવાય, આપણા હાથમાં બીજું છેય શું?

નીલાએ પણ – જીવનસાથી હતી, મિત્ર હતી, શત્રુ નહીં – કાઢી નાખો કાઢી નાખો એવા નારા લગાવ્યા તે હસતાં હસતાં. દાંપત્યનો એક રાગ.

પોતે?

પોતે તો કંઈ ખોટું કર્યું નહોતું. આશા છોડવી નહીં, શ્રદ્ધા રાખવી તે કંઈ અપરાધ છે?

કંઈ ગુમાવ્યું? નુકસાન થયું?

છાતીની વચ્ચોવચ આટલાં વર્ષ પાતળો રેલો વહેતો રહ્યો. એણે માટી ભીની રાખી, હૃદયને લીલું રાખ્યું. આ કંઈ જેવીતેવી પ્રાપ્તિ નહોતી.

* * *

તે રાતે ઊંઘ તો એના સમયે આવી, પણ થોડીવારમાં આંખ ઊઘડી ગઈ. બાથરૂમ જઈ આવ્યો, પાણી પીધું. બારણું સહેજ આડું કરી બહાર નીકળ્યો.

હમણાંહમણાં શરીર તેમ મનની ગતિ ધીમી પડી હતી. લય બદલાયો હોય એવું લાગતું. આ હળવાશ શાની હતી? આજની જેમ રાત્રે જાગી જવાય તો અંધારામાં એ મુક્તપણે ફરી શકતો, સરકી શકતો. ભીંત કે બારણા સાથે

માથું ભટકાવાનો ભય રહ્યો નહોતો. ખુરશી ટિપાઈ હડફેટે આવતાં નહીં. બારણાં ઉઘાડબંધ કરે, પછાડે. નીલાની ઊંઘમાં ખલેલ પડતી નહીં.

આને મુક્તિનાં લક્ષણો ગણવાં? અથવા, પોતે લઘુ બની ગયો હતો? ઓગળીને ઓછો થઈ ગયો હતો?

ઓટલે કેટલું બેસી રહ્યો તેનું માપ હતું નહીં. ઊઠીને બેઠકખંડમાં ગયો, લાઈટ ચાલુ કરી અને હાથમાં આવ્યું તે પુસ્તક વચ્ચેથી ઉઘાડીને બેઠો.

જોકે, પુસ્તક અને વાચન - એ બે વચ્ચેનો સંબંધ બોદાઈ ગયો હતો. પાનાં આગળપાછળ ઉથલાવ્યે ગયો.

ત્યાં-

અત્યારે, આવા સમયે? અને ઘંટડીનો ખોંખારો કેટલો બુલંદ! નિષ્ણાત જેને મૃતઃપાય જાહેર કરી ગયા હતા તેનો ટંકાર. મુડદું જાણે હાકોટા કરતું બેઠું થઈ ગયું.

રિસીવર કાન પાસે ધરી રાખ્યું. સામેથી માત્ર શ્વાસ જ સંભળાયે ગયો. ના, પોતાને બોલવાનું નહોતું. જાત ખુલ્લી રાખવાની હતી. આવે તેને આવકારવાનું હતું.

ખાસ્સીવાર પછી, હળવી ફૂંક જેવું - 'હે... લો....'

હા, મધરાત પછી, પૃથ્વી અને વાયુમંડળ કોઈ અન્ય લોકમાં પ્રવેશ કરે ત્યારે આવા ચમત્કારો શક્ય બનતા હશે.

સામેથી ફરી એકવાર, 'હેલો-'

ગળું સાફ કરવું પડ્યું, 'હા જી?'

'આપ કોણ બોલો છો?'

ના, ના. એ નહીં, અન્ય કોઈ હતું. સ્વર તદ્દન અપરિચિત હતો.

અજાણી સ્ત્રીનો ફોન અને તે રાતના બે વાગ્યે. આ કયા પ્રકારની મજાક હતી? વાયુમંડળમાં દયા જેવું હશે કે નહીં?



ઘેરબેઠાં 'નવનીત સમર્પણ'
મેળવવા ઘેરબેઠાં લવાજમ પણ ભરો

ઓનલાઈન લવાજમ ભરવાની
એકદમ આસાન સેવાનો લાભ લેવા...

જસ્ટ ક્લિકઃ
http://www.bhavans.info/periodical/pay_online.asp
http://www.navneetsamarpan.com
રવાનગી વિભાગ : 23530916-23514466

શક્ય તેટલી નરમાશ સાથે એણે પૂછ્યું, 'આપને કોનું કામ છે?'

'મારે... કોનું... કામ છે?'

પોતાની જાતને પૂછી રહી હતી!

'બેન, પ્લીઝ, આપ નંબર ચેક કરો. કંઈક ભૂલ હશે.'

સ્ત્રી લાંબા લહેકે બોલી, 'એવું છે? રોંગ નંબર લાગી ગયો?'

સામાન્ય રીતે આવા પ્રસંગે, ભૂલ થઈ હતી તે સ્પષ્ટ થાય ત્યાં અંત આવે. સોરી, માફ કરજો - એવું બબડીને અથવા કંઈ પણ બોલ્યા વગર સામી વ્યક્તિ રિસીવર મૂકી દે, પછાડી પણ શકે. પરંતુ અહીં તો કંઈક જુદું જ બન્યું. સ્ત્રીએ સોરી કહ્યું નહીં, માફી માગી નહીં. દોરડાના બે છેડા જીવંત રહ્યા. ફરી એક વાર બબડી - રોંગ નંબર લાગ્યો? અરેરે!

અંત લાવવાનો વિકલ્પ આ પક્ષે હતો, પરંતુ - સ્ત્રીની બોલવાની રીત, સ્વરના ઉડાઉપણામાં રમૂજ ઉપરાંત બીજી છાયાઓ - અભયથી એ થઈ શક્યું નહીં.

'રોંગ નંબર તો રોંગ નંબર, ભલામાણસ, કંઈક વાતો તો કરો!'

* * *

ખરી બાઈ હતી!

અભયને હસવું આવ્યું. ભૂલથી ખોટો નંબર લાગી ગયો હતો એ જાણ્યા પછી પણ સાવ અજાણ્યા પુરુષને કહે છે - સાવ સહજતાથી હસતાં હસતાં - ચાલો, આપણે વાતો કરીએ! સ્વીકૃત ખ્યાલોમાંથી મુક્તિ. લેટરલ થિંકિંગ! લાઈન જોડાઈ જ ગઈ છે તો એ તકનો ઉપયોગ કરી લેવો. આખરે ટેલિફોન છે શા સારુ? વાતો કરવા માટે.

'જુઓ ને, કેવી ભૂલો થાય છે! આંગળીઓનો દોષઃ ચાંપો આમતેમ દબાઈ ગઈ, ફોન તે જાણે હાર્મોનિયમ ન હોય, અને આ સંગીત નીકળ્યું! તમે જ કહો શું કરવું? આપણું કંઈ ચાલતું જ નથી!'

ફોનની સરખામણી હાર્મોનિયમ સાથે કરે છે. લથડતા, અસંબદ્ધ સંવાદોમાં એને સંગીત દેખાય છે.

'મેં જાણીજોઈને તમારો નંબર લગાડ્યો હશે એવો વહેમ તો નથી ને?'

'અરે-'

'એવું ન વિચારતા. દોષ લાગશે. આપણને બંનેને. આંગળીઓની રમત કરતાં, અડકોદડકો દહીં દડૂકો-'

અભયથી બોલાઈ ગયું, 'પીલુ પાકે-'

એક ક્ષણમાં સ્ત્રી પોતાને કેટલાં પડ ભેદી કયા પ્રદેશમાં લઈ ગઈ હતી!

'સરવણ ગાજે-'

રડી રહી હતી? સરવણ આંખોમાં ગાજ્યો હશે?

'આપ આવું ન કરો, પ્લીઝ, શાંતિ રાખો.'

પૂછવા ગયો. - પાણી લાવું થોડું?

સુધારીને કહ્યું, 'બે ઘૂંટડા પાણી પીઓ. પછી થોડીવાર બોલ્યા વગર

બેસી રહો.'

સ્ત્રીને એવા કોઈ ઉપચારની આવશ્યકતા નહીં લાગી હોય, એ બોલી, 'તમે સારા માણસ છો.'

'આટલું મોટું પ્રમાણપત્ર, મળ્યા વગર, જોયા વગર-'

'કહેવાય છે કે વ્યક્તિના સ્વરમાં તો એનો આત્મા પ્રગટ થાય છે.'

અચાનક, પોતાના ખાલી ઓરડામાં અભયને કોઈની હાજરીનો તીવ્ર અનુભવ થયો. સામે બેસીને, આગળ ઝૂકીને - ના, સામે નહીં, પાસે અડોઅડ બેસી ખભે હાથ મૂકીને પૂછી રહી છે: સાચું કહેજો, તમને શાનું દુઃખ છે?

શું કરવું, શું બોલવું તે અભયને સૂઝ્યું નહીં.

'હું એકલી બોલબોલ કરું છું. તમારે કંઈ કહેવાનું નથી?'

'કહેવાનું... શું હોય?'

'રાતના અઢી-ત્રણે જાગીને બેસી રહે એ માણસની પાસે કહેવા જેવું કંઈ ન હોય એ હું માની શકતી નથી, પણ સોરી, અંગત પ્રશ્નો પૂછવા જોઈએ નહીં.'

'સામેનું ઘડિયાળ સવાત્રણ બતાવે છે, આખું ભારતવર્ષ નિદ્રાધીન છે, મને ઊંઘ નથી તો બીજે ક્યાંક, કોઈ ઘરના એકાંતમાં-'

'અંધકારમાં-'

'-બીજું એક જણ છે.'

'થોડીવાર બંને છેડે મૌન રહ્યું.

પછી સ્ત્રી બોલી, 'તમારો સ્વર ઘેરો બની રહ્યો છે. પાંપણો પર ભાર આવ્યો હશે. તેથી હવે-'

ચિત્કાર નીકળી ગયો. 'ના. ફોન મૂકવાની ઉતાવળ ન કરો, પ્લીઝ-'

હતું, કહેવાનું ઘણું હતું. પોતાના ઘરડા ફોનની હાસ્ય રસિક કહાણી, વિઠ્ઠલદાસ નામનો દરવેશ, મરણાસન્ન યંત્રે બેઠા થઈ જઈને મધરાતે આદરેલું નૃત્ય... ત્યાંથી શરૂ કરીને, વાત મારી મોટી, છાતીમાં માય નહીં-

'ખરા છો! પહેલાં વાત કરવા તૈયાર નહોતા અને હવે ફોન મૂકતા જ નથી!

'સાંભળો, હું એમ કે'તો 'તો-'

'ભલામાણસ, રોંગ નંબરનું તો માન રાખો!'

'ના'

સ્ત્રી હસી. હાસ્ય નહીં, સ્મિત, પણ સંભળાય એવું.

'આઈ મીન-'

'એ કંઈ ચાલે નહીં, ટાઈમ ટુ સે ગુડનાઈટ.'

અભયને સૂઝ્યું નહીં, શું કરવું, શું કહેવું.

છેલ્લે બોલી ત્યારે સ્ત્રીના સ્વરમાં વિષાદ હતો, 'ગુડ... નાઈટ!'

ઝરણું, કોણ જાણે કઈ દિશામાંથી આવ્યું, એને બાંધી શકાય નહીં.

હવે અભયને ક્ષણની પણ વાર લાગી નહીં. એને લય મળી ગયો હતો.

'ગુડ... નાઈટ!'

❑❑❑

વીનેશ અંતાણી સાથે વાતચીત

☐ શરીફા વીજળીવાળા

વાચકોના પ્રિય નવલકથાકાર વીનેશ અંતાણી આપણી ભાષાના જાણીતા વાર્તાકાર, નિબંધકાર અને આત્મકથાકાર પણ છે. આધુનિકતાના વ્યામોહમાંથી બહુ જલદી છૂટીને પોતીકી કેડીએ ડગ માંડનારા વીનેશ અંતાણી આજની ક્ષણે પણ લેખનક્ષેત્રે સક્રિય છે. એમની મોટાભાગની વાર્તા-નવલકથામાં વાચક-વિવેચક બંનેને સરખો જ રસ પડ્યો છે. વીસ વર્ષ સુધી રેડિયો પર કામ કરનાર વીનેશભાઈ 'ઇન્ડિયા ટુડે' ગુજરાતીના સંપાદક હતા ત્યારે એમણે

યાદગાર વિશેષાંક કરેલા. 'પ્રિયજન'ને અતિશય ચાહનાર વાચકોને જણાવવાનું કે એમણે ૨૪ નવલકથા અને ૧૧૦ જેટલી વાર્તાઓ લખી છે. જયંત ખત્રીની 'ધાડ' પરથી પરેશ નાયકે બનાવેલી ફિલ્મ 'ધાડ'ની પટકથા પણ વીનેશભાઈએ જ લખી છે. આધુનિક-અનુઆધુનિક કાળને જોડનારા સંક્રાન્તિકાળના આ સર્જકને ગુજરાત અકાદમી તથા ગુજરાતી સાહિત્ય પરિષદના એકથી વધારે ઇનામો મળેલાં છે. કેન્દ્રીય સાહિત્ય અકાદમીના અનુવાદ તથા મુખ્ય – એમ બંને એવોર્ડ મેળવનાર જૂજ ગુજરાતીઓમાં વીનેશ અંતાણી પણ એક.

શરીફા : ૧. વીનેશભાઈ, ૨૭ જૂન ૧૯૪૬ના રોજ કચ્છના માંડવી પાસે દુર્ગાપુર ગામે તમારો જન્મ. તમે પ્રાથમિક ભણતર નખત્રાણામાં અને પછીનું ભણતર ભુજમાં લીધું. તમે કેમ અમદાવાદ કે વડોદરા ભણવા નો'તા ગયા?

વીનેશ અંતાણી : એનો સાદોસીધો જવાબ છે: સંજોગો. મારા પિતાજી પ્રાથમિક શાળામાં શિક્ષક હતા. આર્થિક સ્થિતિ બહુ સારી નહીં. બે છેડા ભેગા કરવાની તકલીફ ન હતી, પરંતુ સાચવીને, રોજના ખર્ચના હિસાબ રાખીને રહેવું પડતું. કોઈ જાતનો વધારાનો ખર્ચ પોષાતો નહીં. ઘરમાં પિતાજી એકલા જ કમાનાર. વધારાની આવક ઊભી કરવા એ સતત પ્રયત્નશીલ રહ્યા હતા. ત્યાં સુધી કે નખત્રાણાની ટૉકિઝમાં એમણે ઘણો સમય રાતે ટિકિટ માસ્તરનું કામ પણ કર્યું. હું મેટ્રિક થયો ત્યાં સુધી પિતાજીની નખત્રાણાથી ભુજ બદલી ન થઈ. એથી આગળ અભ્યાસ કરવા હું ભુજ પણ જઈ શક્યો નહીં. એક વરસનો ખાડો પડ્યો.

બીજું, અમારા મનમાં એક બાબત સ્પષ્ટ હતી કે મારે કૉલેજમાં ભણવાની સાથે નોકરી કરવી પડશે. મેટ્રિક પછીના ખાલી વર્ષમાં હું અન્ડર એજ હતો, છતાં નખત્રાણાની વિદ્યુત કચેરીમાં રોજના દોઢ રૂપિયા લેખે કામ કર્યું. પિતાજીની બદલી ભુજ થઈ પછી હું કૉલેજમાં દાખલ થયો. તે સાથે જ નોકરીના પ્રયત્ન શરૂ થઈ ગયા. વર્કચાર્જ કર્મચારી તરીકે કામ કર્યું. કૉલેજના બીજા વર્ષમાં હતો ત્યારે સ્ટેટ ટ્રાન્સપોર્ટમાં ક્લાર્કની નોકરી મળી. હું નોકરી કરતાં કરતાં જ ભણ્યો. મેં આર્થિક સ્થિતિની વાત કરી તે ભણવા માટે કચ્છ છોડીને બહાર કેમ ગયો નહીં એ સંદર્ભમાં જ. બાકી એ સમય સભરતાનો હતો. ખેંચ વચ્ચે પણ અમે અભાવના ભાર વિના રહ્યાં હતાં. કોઈ વાતનો ખટકો ન હતો. સમજ અને લાગણી મને મારા પરિવારમાંથી મળી અને એની સામે કશાયનો અભાવ લાગ્યો

નહીં, બલકે હું અંદરથી સમૃદ્ધ થતો રહ્યો. નાનપણથી જવાબદારીની સભાનતા આવે તો વ્યક્તિ જલદી પુખ્ત થાય.

પ્ર. બહેન, તમે આ પ્રશ્ન પૂછ્યો ત્યાં સુધી મને વિચાર પણ નથી આવ્યો કે અરેરે, હું ભણી ભણીને ભુજમાં જ ભણ્યો? અભ્યાસની ગુણવત્તાની બાબતમાં મેં કશું ગુમાવ્યું નથી. રમેશભાઈ શુક્લ, ચંદુભાઈ શુક્લ, રસિકભાઈ મહેતા અને કમલભાઈ મહેતા જેવા વિદ્વાન અને નિષ્ઠાવાન અધ્યાપકો પાસે ભણ્યો. એમ.એ.ના વર્ગ લેવા અમદાવાદથી કવિ ચંદ્રકાન્ત શેઠ અને યોગેન્દ્ર વ્યાસ વિઝિટિન્ગ પ્રોફેસર તરીકે ભુજ આવતા. એ બધાના માર્ગદર્શન અને સાન્નિધ્યનું ખૂબ મૂલ્ય છે, જેની સામે હું ક્યાં ભણ્યો એ નગણ્ય બની ગયું. વ્યક્તિત્વનો વિકાસ શિક્ષણનું મહત્ત્વનું અંગ છે. એ લાભ મને મારા અભ્યાસકાળમાં ભરપૂર મળ્યો છે.

પ્ર. : ૨. તમે આરંભમાં ક્લાર્કની નોકરી કરી. પછી ભુજની કૉમર્સ કૉલેજમાં અધ્યાપક થયા. કૉમર્સમાં ગુજરાતી ભણાવવાનું ન ગમે એ સમજી શકાય પણ તમારા સમયે નોકરી સરળતાથી મળી જતી. તમે આર્ટ્સમાં ગુજરાતીના અધ્યાપક થઈ જ શક્યા હોત, રેડિયોમાં જ કેમ ગયા? રેડિયોની નોકરીનું કોઈ વિશેષ આકર્ષણ હતું?

ઉ. : અમુક પરિસ્થિતિમાં નોકરી

પત્ની પુષ્પા સાથે કચ્છના સફેદ રણમાં

મેળવવી એ જ એકમાત્ર ધ્યેય હોય છે. કારકિર્દી વિશે મારા મનમાં બહુ સ્પષ્ટ ખ્યાલ વિકસ્યા ન હતા. તે સમયે કચ્છ ગુજરાત અને સૌરાષ્ટ્રથી હજી કપાયેલું હતું. સંજોગો અને મારી મનઃસ્થિતિ પ્રમાણે હું કચ્છની બહાર, શક્ય હોય તો ભુજથી પણ બહાર, જવાનું વિચારી શકતો ન હતો. તમે કોઈ વ્યક્તિને ઘણાં વરસો પછી જુઓ ત્યારે એ જે હોય તેવી અગાઉ હોતી નથી. એમ.એ. સુધી એસ.ટી.માં નોકરી કરી. પિતાજીની નિવૃત્તિનો સમય નજીક આવ્યો હતો. એમ.એ. થયા પછી ક્લાર્કની નોકરીથી કશુંક મોટું કરવાની ઇચ્છા બળવતર થઈ હતી. પુષ્પા પરણીને ઘરમાં આવી તેથી એના પરિવારને આર્થિક નુકસાન થયું, પરંતુ એના પગારની આવકથી મારા પરિવારને ઘણો આધાર મળ્યો. એ આકાશવાણી ભુજમાં એનાઉન્સર હતી. તે સમયે કચ્છમાં ભુજની સરકારી કૉલેજ સિવાય બીજી બે જ કૉલેજ હતી. એટલે તે સમયે કચ્છમાં જ રહેવું હોય તો આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપકની નોકરી મળવી આસાન ન હતું.

તે વચ્ચે ભુજમાં કોમર્સ કૉલેજ શરૂ થઈ. હું એમાં ગુજરાતીના લેક્ચરર તરીકે જોડાયો. પાંચ વર્ષ કામ કર્યું. વાર્તાઓ છપાવા લાગી હતી. પ્રથમ બે નવલકથા પણ પ્રકાશિત થઈ હતી. પિતાજી નિવૃત્ત થયા પછી થોડા સમયે એમને લકવો પડ્યો અને એ પથારીવશ થઈ ગયા. એ સંજોગોમાં પરિવારને છોડીને બીજાં શહેરમાં જવું મારા માટે શક્ય જ ન હતું. વળી, હું બીજે જાઉં તો પુષ્પાની કારકિર્દી પર પણ અસર પડે.

મને આકાશવાણીમાં કામ કરવાની ઘણી ઇચ્છા હતી. ભુજમાં સ્ટેશન શરૂ થયું ત્યારથી મારાં રેડિયોનાટક અને રૂપક વગેરે પ્રસારિત થતાં હતાં. તે સમયે રેડિયોમાં નોકરી કરવી ભુજમાં પ્રતિષ્ઠા ગણાતી. મને રેડિયોના ઉચ્ચરિત શબ્દોના માધ્યમમાં રસ પડ્યો હતો. પુષ્પા પણ એમાં કામ કરતી હતી, એથી રેડિયોનું માધ્યમ વધારે નજીકથી સમજાવા લાગ્યું હતું. મેં એમાં સ્થાનિક સ્તરે નાની જગ્યાઓ માટે થોડા ઇન્ટરવ્યૂ આપ્યા, પણ પસંદગી ન થઈ. યોગ્ય દિશા મળતી નથી એવો અસંતોષ મનમાં રહેતો હતો. કોમર્સ કૉલેજમાં પણ ટકી રહેવાનો ભય ઊભો થયો. ગુજરાતમાં 'ટેન પ્લસ ટુ'નું શૈક્ષણિક માળખું થવાનું હતું. કૉલેજનું પહેલું વર્ષ હાયર સેકન્ડરીમાં જવાના ભણકારા વાગતા હતા. કોમર્સમાં તો પહેલા વર્ષે જ ગુજરાતી વિષય હોય. માનસિક તાણ વધી હતી. અમારો અનુભવ રહ્યો છે કે ચારે બાજુથી ઘેરાઈ ગયા હો ત્યારે જ એકાદ તક ઊભી થાય છે. એ તક ઝડપી શકાય તો જિંદગીનું વહેણ બદલાઈ જાય. તે

વખતે મારી સાથે એવું જ બન્યું. યુ.પી.એસ.સી. દ્વારા ભારતભરનાં આકાશવાણી કેન્દ્રો માટે પ્રોગ્રામ એક્ઝિક્યુટિવની ઘણી જગ્યાઓની સીધી ભરતી માટે જાહેરાત આવી. એ પોસ્ટ આકાશવાણી કેન્દ્રોની કરોડરજ્જુ સમાન, ક્લાસ ટુ ગેઝેટેડ અધિકારીની જગ્યા. મેં અરજી કરી. તે સમયે યુ.પી.એસ.સી.ના ઇન્ટરવ્યુ અંગ્રેજીમાં લેવાતા. મારું અંગ્રેજી કાચું. એ મર્યાદા ટાળવા મેં બધા જ પ્રકારના સંભવિત પ્રશ્નોના જવાબ અંગ્રેજીમાં તૈયાર કર્યા. તમને લોકોને પીએચ.ડી.માં મહેનત કરવી પડે એવી જ મહેનત મેં આઠ-દસ મહિના દિવસરાત કરી - અને મારી પસંદગી થઈ. એ સમય દરમિયાન હું વધારે ઘડાયો હતો. મને કચ્છ છોડી કોઈ પણ સ્થળે જવું પડે તો માનસિક રીતે તૈયાર હતો. આકાશવાણીમાં સીધા પ્રોગ્રામ એક્ઝિક્યુટિવ તરીકે જોડાવું બહુ મોટી વાત હતી. મને આનંદ છે કે મેં રેડિયોને મારું કાર્યક્ષેત્ર બનાવ્યું. આકાશવાણીએ મને ઘણા અનુભવનો લાભ આપ્યો અને મારાં સર્જનમાં પણ બહુ મોટો ફાળો આપ્યો..

પ્ર. : ઉ. એક સમય હતો જ્યારે તમે નોકરી માટે પણ કચ્છ છોડવાનો વિચાર નહોતા કરી શકતા ને પછી રેડિયોની નોકરી નિમિત્તે ક્યાં ક્યાં ગયા? ને હવે તો ગુજરાત જ છોડી બેઠા કાયમ માટે. હવે એવું નથી લાગતું કે જીવન જ્યાં જાય ત્યાં એને જવા દેવું જોઈએ? જીવન જાતે જ પોતાનો રસ્તો કરી લેતું હોય છે?

ઉ. : તમારો સવાલ છે કે એક સમયે નોકરી માટે પણ કચ્છ છોડવાનો વિચાર ન કરનાર આ રીતે જુદીજુદી જગ્યાએ જવા તૈયાર થાય? જુઓને, તૈયાર થયો જને! સંજોગો બદલાયા હતા. આકાશવાણીમાં અમુક પોસ્ટ પર બદલીની તૈયારી રાખવી પડે. એક વખત પગ બહાર મૂકો પછી દરેક ડગલે રીઢા થતા જાઓ. આદત પડી જાય છે. ૧૯૮૪માં ભુજ છોડ્યું. અમદાવાદ, વડોદરા, મુંબઈ, ફરી અમદાવાદ અને ત્યાંથી ચંડીગઢ. વચ્ચે સુરતનું રેડિયો-સ્ટેશન શરૂ કરવા સાત-આઠ મહિના અપડાઉન કર્યું.

મેં બદલાવેલાં દરેક શહેરના પડકાર જુદા હતા. મુંબઈ અને ચંડીગઢમાં એકલો રહ્યો. પુષ્પા આકાશવાણી વડોદરામાં કામ કરતી હતી, બંને દીકરા એમ.એસ. યુનિવર્સિટીમાં ભણતા હતા. એ લોકો મારી સાથે આવી શકે તેમ ન હતાં. હું પહેલી વાર મહાનગર મુંબઈમાં એકલો રહ્યો. ત્યાં અઢી-ત્રણ વરસમાં ખભે સામાન ઊંચકી પાંચ ઘર બદલ્યાં. લોકલ ટ્રેન સાથે ભાઈબંધી કરી. મુંબઈએ મને અંદર અને બહારથી ઘડી વધારે મજબૂત બનાવ્યો. વાર્તા-નવલકથા

વાંચતાં-લખતાં એકલતાની કલ્પના જ કરી હતી, મુંબઈમાં એનો ઠોસ અનુભવ થયો. બહાર મહાનગરની ભીડ, અંદર પ્રછન્ન એકલતા. સૌથી મોટા પડકારનો સામનો ચંડીગઢ નિવાસ દરમિયાન કરવો પડ્યો. ત્યાંના આકાશવાણીના સ્ટેશન ડાયરેક્ટરને આતંકવાદીઓએ એમના ઘરમાં જ ગોળીથી વીંધી નાખ્યા હતા. હું એમની જગ્યાએ ગયો. સીધો આતંકવાદીઓના હિટ-લિસ્ટમાં આવી ગયો. ચોવીસે કલાક સુરક્ષાકર્મીઓથી ઘેરાઈને રહેવું પડ્યું. ચંડીગઢમાં એકલતાને મેં નક્કર સ્વરૂપમાં નરી આંખે જોઈ. તમારી વાત સાચી છે, જીવન પોતે જ પોતાનો માર્ગ કરી લે છે, પરંતુ એ વાત જિંદગી ખૂલતી જાય તેમતેમ, સમય જતાં, સમજાય છે. હવે હૈદરાબાદ પરિવારની સાથે રહું છું. ટ્રેનમાં બુકિન્ગ કરવાની લાઇનમાંથી ઘરમાં આવી ગયો છું. સૂટકેસ અને થેલો માળિયામાં ચડાવી દીધાં છે. હડિયાપટ્ટી પૂરી થઈ છે. બહારના જગતમાંથી સંકેલાઈ મારી અંદર પ્રવેશ્યો છું.

પ્ર. : ૪. ગુજરાત છોડીને હૈદરાબાદ જઈને વસ્યા છો ઘણાં વર્ષોથી. વતન કે ભાષા ઝુરાપા જેવું કંઈ લાગે છે?

ઉ. : બહુ લાંબા પ્રવાસ પછી હૈદરાબાદ આવ્યો છું. વતન ઝુરાપો તો કચ્છ છોડ્યું ત્યારથી અનુભવ્યો છે. મારા ઘણા નિબંધોમાં એ ઝુરાપો વ્યક્ત થયો છે. કેટલીક વાર્તાઓમાં પણ જોઈ શકાય. આપણે આપણી અંદર ઘણું સાચવીને જીવીએ છીએ. એમાંનું કઈ ઘડીએ શું ઉપર તરી આવે તે કહેવાય નહીં. ઉદાસ પણ થઈ જવાય. હું કચ્છ સાથે સમગ્રતાથી જોડાયેલો રહ્યો છું. હિમાચલના પહાડો પર મને કચ્છના ડુંગરા યાદ આવતા. કચ્છ સિવાયનાં બીજાં સ્થળો સાથે મારો સંબંધ વટેમાર્ગુ જેવો રહ્યો. કેટલાક યાદગાર પડાવ. હૈદરાબાદ રહેવા લાગ્યાં પછી ચાર-પાંચ મહિને અમદાવાદ અને ભુજ જઈ આવીએ. ત્યાંનાં કામ પતાવીએ, મિત્રોને મળી, ફરી તાજાં થઈ હૈદરાબાદના એકાન્તદ્વીપમાં પલાંઠી મારી બેસી જઈએ. ભાષાઝુરાપો? ના, ચંડીગઢ સિવાય હું મારી ભાષાથી દૂર ગયો નથી. હૈદરાબાદમાં મોટે ભાગે પરિવારની સાથે જ હોઉં. મારો પ્રમાણમાં એકલસૂરો સ્વભાવ મને કામ લાગ્યો છે. આ બધો સમય લખવા-વાંચવાનું કામ નિયમિત ચાલતું હોવાથી મારી ભાષા મારી સાથે જ રહી છે.

પ્ર. : ૫. તમારી સ્મરણકથા 'એક હતો વીનેશ'માં તમે લખ્યું છે કે 'સત્તાવીસમા ઘરના પોર્ચમાં બેઠો હતો.' આમ તો આપણને સૌને ઘર સાથે, ઘરની દીવાલો સાથે, એક વિશેષ

લગાવ, કહો કે આસક્તિ હોય છે. આટલાં ઘર, ગમતાં-અણગમતાં શહેર, પડોશી વગેરે છોડવાનો અનુભવ કેવો હતો? કંટાળો, દુ:ખ કે નવી જગ્યાએ જવાનો ઉત્સાહ?

ઉ. : નાનપણથી અત્યાર સુધી હું જુદાં જુદાં શહેરોમાં, અલગ અલગ પરિસ્થિતિમાં, સત્તાવીસ ઘરમાં રહ્યો છું. બધાં ઘરની આગવી સ્મૃતિ છે. દરેક ઘરમાં મારું ઘડાતા જવું બનતું રહ્યું છે. એમાંનો દરેક હું જાણે અલગ એકમ છું. ચહેરો બદલાતો રહ્યો છે, કુમળો અવાજ પુરુષના અવાજ જેવો કઠોર બનતો ગયો છે, વાળ હોળવાની રીત બદલાઈ છે, વ્યક્તિઓ બદલાતી રહી છે, સંવેદનો બદલાયાં છે. દરેક ઘરની સવાર, રાત, ગંધ, અજવાળું, અંધારું, પડછાયા અને અવાજો જુદાં છે. એ ઘરોમાં મેં અનુભવેલી એકલતા અને સભરતાનાં સ્વરૂપ પણ અલગ છે. હું મારાં દરેક ઘરમાં મને છોડતો આવ્યો છું. તે-તે વખતનો હું હજી પણ એ બધાં જ ઘરમાં વસું છું. કેટલાં બધાં ટપાલી, ધોબી, છાપાં નાખવાવાળા, કામવાળીઓ, પડોશીઓ, પાનવાળા, કરિયાણાવાળા. ઘરોની ભીંતો પર ચોંટી બેઠેલી ગરોળીઓ અને કંસારીઓના કણસાટ... કેટલી બધી ગલીઓ, કેટલાય વળાંક, કેટલાય ખૂણા, કેટલીય ભરપૂર રાતો અને કેટલીય સૂની-ભેંકાર ઘડીઓ... દરેક ઘર છોડતી વખતે અમે થોડી જૂની ચીજો ત્યાં જ છોડી દીધી છે અને નવા ઘરમાં નવી ચીજો વસાવી છે. અમે કોઈ ઘરનું ઓછામાં ઓછું માસિક ભાડું કચ્છના નખત્રાણા ગામમાં પાંચેક

પરિવાર સાથે

રૂપિયા ભર્યું છે, વધારેમાં વધારે ભાડું ઇંગ્લેન્ડના બ્રેકનેલ ગામમાં, હુંડિયામણના દર પ્રમાણે, મહિનાના ઓગણપચાસ હજાર રૂપિયા ભર્યું છે.

પહેલું ઘર દાદાજીનું હતું, પછી પિતાજીનું અને પછી અમારાં ઘર. ભાડે રાખેલાં અને મોટી ઉંમરે પોતાની માલિકીનાં. મુંબઈમાં એક રૂમ મળવો પણ મુશ્કેલ હતો. સતત ફડકો રહેતો કે રહેઠાણ ક્યારે છોડવું પડશે. એક વાર તો આકાશવાણી મુંબઈના ઑડિટોરિયમમાં રહેવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ હતી. મુલુંડથી શરૂ કર્યું અને છેલ્લે દરિયાની સામે નેપિયન્સી રોડ પર રહ્યો. ચંડીગઢના ઘરની સામે સુરક્ષાકર્મીઓની રાવટીનું કપડું પવનમાં ઊડ્યા કરતું. ઘરની બહાર સિક્યુરિટી ગાર્ડ ચોકી કરતો. ૧૯૭૯ અને ૧૯૮૦નાં બે વરસની શ્રેષ્ઠ નવલકથા માટે મારી ત્રણ નવલકથાને પુરસ્કાર મળ્યો એ સમાચાર છાપામાં આવ્યા તે સવારે અમે અમદાવાદમાં ઘર બદલવાની મજૂરી કરતાં પરસેવે રેબઝેબ હતાં. ભુજમાં અમારું ભાડાનું ઘર ધરતીકંપ પછી તોડી નાખવામાં આવ્યું અને અમે જે ઘરમાં વીસ વરસ રહ્યાં એ ખાલી મેદાન બની ગયું.

ક્યારેક બધાં ઘર મારી સ્મૃતિમાં એકસાથે ઝિંકાય ત્યારે ભય લાગે કે હું એ બધાંનો ભાર સહન કરી શકીશ નહીં, પછી સમજાય કે મારો ભય પાયા વિનાનો છે. ભાર ઘરનો નથી હોતો, વીતેલા સમયનો હોય છે. ઘર તો આપણને પોતાની અંદર સ્નેહથી સમાવી લે છે. ઘર આપણાથી છૂટું પડતું નથી, આપણે જ ઘરને છોડીને ચાલ્યા જઈએ છીએ. મને મારું જીવવું જીવવા જેવું લાગ્યું હોય તો મારાં બધાં જ ઘરોને લીધે. એ ઘરોને કારણે મારે ક્યાંય બહાર રહેવું પડ્યું નથી. હું સદા મારી ભીતર રહી શક્યો છું.

પ્ર. : ૬. વણજારાની જેમ એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતા લોકોને જોઈને તમે જે વિચારતા... ને પછીથી જ્યારે એમ જ એક સ્થળેથી બીજા સ્થળે ભટકવાનું આવ્યું ત્યારે કેવું લાગ્યું?

ઉ. : મારા નાનપણના ગામમાં થોડા દિવસ પડાવ નાખતા વિચરતી જાતિના લોકો માટે મને નાનપણથી કુતૂહલ હતું. એ લોકો આવ્યા હોય ત્યારે રોજ સાંજે હું એમના અસ્થાયી મુકામને જોયા કરતો. એ લોકો અચાનક આવતા અને અચાનક ચાલ્યા જતા. એ જ રીતે ઊંટ ઉપર ઘરવખરી નાખી એક જગ્યાએથી બીજી જગ્યાએ વિચરતા લોકો માટે પણ એવું જ આકર્ષણ હતું. કારમા દુકાળ ટાણે પશુધન બચાવવા ઘાસચારો અને પાણી મળે એવાં સ્થળે હિજરત કરતા માલધારીઓને જોતો. એ બધું જોઈ મારામાં ઉજ્જડ ભાવ જાગતો અને

હું ઉદાસ થઈ જતો. મોટા થયા પછી મારે એ લોકોની જેમ ભટકતા રહેવું પડ્યું. પોતાની જગ્યાએથી ઉચ્છેદાઈ જવાની પીડા ઘેરી બની હતી. કશું જ સ્થાયી ન હોય, કશું જ પોતાનું ન લાગે, મારું હોવું ક્યાંક બીજે હોય અને રહેતો ક્યાંક હોઉં. અતડાપણાનો સૂકો ભાવ મનમાં ફરી વળતો. મેં સાંભળેલાં જિપ્સી ગીતની એક પંક્તિ છે: 'આ બોદા બપોરના પોલાણમાં થડને ટેકો દઈને ઊભો છું ત્યારે મને એવું લાગે છે, જાણે કોઈ વટેમાર્ગુ ગાયક ગિટાર વગાડતો વગાડતો ગીત ગાઈ રહ્યો છે...' મેં પણ વટેમાર્ગુ જેવી જ લાગણી અનુભવી છે. નાનપણમાં વણજારા જેવા લોકોને જોઈને મારામાંથી સ્થિર થયેલી ઉચ્છેદાઈ જવાની પીડા મને 'કાફલો' નવલકથા સુધી લઈ ગઈ.

પ્ર. : ૭. સિત્તેરમા વર્ષે ૨૭મું ઘર... જીવનમાં સહન કરેલી તકલીફો, દોડધામ, સંઘર્ષ તથા તમામ અનિશ્ચિતતાઓનો જાણે કે હવે છેડો આવી ગયો. આ શાંતિ પછી સર્જન તરફ વધારે ધ્યાન અપાયું કે કશો ફરક ન પડ્યો? મન્નૂ ભંડારીએ એક ઇન્ટરવ્યૂમાં કહેલું છે કે જીવનમાં અતિશય સંઘર્ષ હતો, પ્રશ્નો હતા ત્યારે ઉત્તમ લખાયું. પણ પ્રશ્નો/સંઘર્ષ પત્યા પછી કલમ જાણે કે થંભી ગઈ. તમે શું કહેશો આ બાબતે?

ઉ. : પગ વાળીને બેઠા પછી જીવનશૈલી અને સર્જન માટે મળતો સમય - બંનેમાં ઘણો ફરક પડ્યો. હવે મારે બિસ્તરો બાંધીને તૈયાર રહેવું પડતું નથી. કોઈ નવા શહેરમાં રહેવા જવું પડશે એવી ફડક પણ રહેતી નથી. ઘણાં વરસ બહાર ભટક્યા પછી મારે ઘેર પાછો આવ્યો હોઉં એવી નિરાંત અનુભવું છું. પહેલાં ઉભડક જીવતો, સાંજ પછી સમય મળે તો મોડી રાત સુધી લખતો. હવે દિવસના અજવાળામાં બારી પાસે બેસી ચોક્કસ કલાકો લખી શકું છું. બહાર રહેવાના અનુભવથી મારામાં શિસ્ત કેળવાઈ છે. ડેડ લાઇન નક્કી કરીને કામ પૂરાં કરવાની આદત પાડી છે.

હૈદરાબાદમાં ખાસ કોઈ બાહ્ય સંપર્ક નથી. ઘણીવાર તો દિવસો સુધી અમારા રહેઠાણની કોલોનીના ગેટની બહાર નીકળ્યો ન હોઉં, છતાં આખો દિવસ વ્યસ્ત રહું. વાંચનલેખન માટે સારો એવો સમય મળે છે. કોઈ બાહ્ય દખલગીરી હોતી નથી. નવલકથાઓ લખી. ટૂંકી અને લાંબી વાર્તાઓ લખી શક્યો. ઘણા સમયથી બાકી રહેલાં કામ કરી શકાયાં. સ્મૃતિકથા લખી, અનુવાદ કર્યા, સંપાદન કર્યું. મનગમતાં પુસ્તકો ઘેર બેઠાં ઓનલાઇન મેળવી શકાય છે. ટેક્નોલોજીનો લાભ મળે છે. પૂરક વિગતો ઇન્ટરનેટ પરથી શોધી શકાય છે. તમે મન્નૂ ભંડારીના નિરીક્ષણનો ઉલ્લેખ કર્યો. સારા

નસીબે મારી સાથે હજી સુધી એવું બન્યું નથી. હા, હું બહારના જગતમાં વધારે રહેતો હતો ત્યારે નિબંધો લખાતા. એ નિબંધો પડકારભર્યા સમયના પડઘારૂપે લખાયા હતા. હવે નિબંધલેખન મંદ - લગભગ બંધ - પડી ગયું છે. અત્યારે તો એવું લાગે છે, ભવિષ્યમાં નિબંધો લખાય પણ ખરા. મેં સ્મૃતિકથામાં લખ્યું છે તેમ રખડપટ્ટી પૂરી થયા પછીના સમયપટ પર નજર ફેંકું તો શું દેખાય છે? સ્થગિતતા? ના, સ્થિરતા.

પ્ર. : ૮. આમ તો એકમેક માટે સર્જાયાં હોય એવા દંપતી જોયાં છે, પણ પુષ્પાબેન વિશે વાંચીને, જાણીને થયું કે તમારી આરંભની કેરિયરથી માંડીને આજ સુધી એ તમારી પડખે અડીખમ ઊભાં રહ્યાં છે. એકલા રહેવાનાં રોદણાં રડ્યાં વગર એમણે ઘર-નોકરી સંભાળ્યાં. ને આજેય હજી તમારી વાર્તાઓને એમના મધુર અવાજે રેકોર્ડ કરી રહ્યાં છે. આ પ્રેમ, હૂંફ, વિશ્વાસના પર્યાયસમાં પુષ્પાબેનનો આજના વીનેશ અંતાણીને ઘડવામાં કેવો-કેટલો રોલ છે એ કહેશો?

ઉ. : શરીફાબહેન, તમારો આ સવાલ બહુ અઘરો છે. લાગણીવેડામાં સરી પડવાની બધી જ સંભાવના. હું તટસ્થતાથી જવાબ આપવાનો પ્રયત્ન કરું. હું નાગર જ્ઞાતિનો અને પુષ્પા જૈન. એ સમયે ભુજ જેવા નાના શહેરમાં આંતરજ્ઞાતીય લગ્ન સહેલાઈથી સ્વીકારાતાં ન હતાં. બંનેનાં ઘરમાં વિરોધ હતો. અમે લગ્ન કરીને જોડાઈ શકીશું કે કેમ તે વિશે અનિશ્ચિતતા રહી હતી. તેમ છતાં એક વાત અમને બંનેને સમજાઈ હતી કે બે જણ વચ્ચે ઉત્કટ પ્રેમ હોય, સાથે જીવવાની અદમ્ય ઇચ્છા હોય, એટલું જ પૂરતું નથી, એમાં સમજ પણ ભળવી જોઈએ. પ્રેમભરી સમજ દામ્પત્યજીવનની પાયાની શરત છે.

લગ્ન પહેલાં પુષ્પાએ મને ભારપૂર્વક કહ્યું હતું: 'ઘરમાં વિસંવાદ થશે જ નહીં, પરંતુ ધારો કે એવું કંઈ બને તો હું તમને તમારા પરિવારથી અલગ થવા નહીં દઉં, હું ચાલી જઈશ.' એ વૈચારિક આવેશ ન હતો, કોઈ પણ પ્રકારની પરિસ્થિતિમાંથી સમજપૂર્વક માર્ગ કાઢીને કુટુંબને અખંડ રાખવાનો મક્કમ નિર્ધાર હતો. પુષ્પાના મનમાં સંયુક્ત કુટુંબનો ખ્યાલ શરૂઆતથી જ દૃઢ થયેલો છે. આજ સુધી અમારો પરિવાર સંયુક્ત રહ્યો છે એનાં મૂળ પુષ્પાએ હઠપૂર્વક ઊભી કરેલી પરંપરામાં છે.

પુષ્પા હંમેશાં મારી સાથે ચાલી છે, બલકે હું એની સાથે ચાલ્યો છું, ક્યારેક પાછળ પણ. છાતીમાં સમાઈ શકે નહીં તેવાં સુખોમાં અને તૂટી પડાય એવાં દુ:ખોમાં એ પોતાનું વ્યક્તિત્વ જાળવી મારી સાથે રહી

સાહિત્ય અકાદમી, દિલ્હી, ભાષાંતર પારિતોષિક

છે. વ્યવહાર અને આર્થિક બાબતોમાં મારી અણઆવડતને એણે વચ્ચે આવવા દીધી નથી. એણે જ અમારા પરિવારની આર્થિક બાબતોનું સંચાલન કર્યું. મને એમાંથી મુક્ત રાખી બધા પ્રકારની મોકળાશ આપી. મહત્ત્વના નિર્ણય લેતા પહેલાં અમે ચર્ચા કરી લઈએ. અસંમતિ હોય, પણ નિર્ણય લેવાઈ જાય પછી એને સફળ બનાવવા એ બધું જ કરી છૂટે.

અમારા સ્વભાવમાં વિરોધાભાસી લાગે એવી ભિન્નતા છે. હું કટોકટીમાં મારી જાતને સંકોચી લઉં, પુષ્પા તરત એમાંથી માર્ગ કાઢવા સક્રિય બને અને સફળતાપૂર્વક માર્ગ કાઢે. સમગ્ર પરિવારનું હિત ધ્યાનમાં રાખી એણે એની કારકિર્દીમાં સમાધાન કરવાં પડ્યાં તો ફરિયાદ વિના કર્યાં, પ્રમોશન જતાં કર્યાં અને ઘર સાચવી રાખ્યું. મારે એકલા રહેવાનું બન્યું ત્યારે એણે મને મારી વ્યવસ્થા કરતાં શીખવ્યું. ચંડીગઢમાં આતંકવાદીઓનો ભય હતો. અમે એનો હિંમતપૂર્વક સામનો કર્યો. હું બીજાં શહેરોમાં હોઉં ત્યારે પુષ્પા વડોદરાનું ઘર સંભાળતી અને ઑફિસમાંથી રજા લઈ થોડા દિવસ મારા માટે વ્યવસ્થા કરવા આવી જતી. એ સમય દરમિયાન હું ઘરથી દૂર

નોકરી કરતો રહ્યો અને લખતો રહ્યો, પુષ્પાએ નોકરી કરી, દીકરાઓને ભણાવ્યા અને ઘર સંભાળ્યું.

એ વચ્ચે એણે બાળવાર્તાઓ લખવાનું શરૂ કર્યું અને એમાં પ્રગતિ કરી. એનાં બાળવાર્તાનાં પુસ્તકોને ગુજરાતી સાહિત્ય અકાદમી અને સાહિત્ય પરિષદનાં પારિતોષિક મળ્યાં. ૨૦૧૬માં વાર્તાસંગ્રહ 'બંટીના સૂરજદાદા'ને દિલ્હી સાહિત્ય અકાદમીનો પ્રતિષ્ઠિત 'બાળસાહિત્ય પુરસ્કાર' મળ્યો. મેં દિવસ દરમિયાન લખ્યું હોય એનું પુષ્પા પઠન કરે, અમે આખો પરિવાર સાથે બેસી સાંભળીએ. પુનર્લેખનની જરૂર હોય તો કરી લઈએ.

પ્રસન્ન દામ્પત્યનો અનુભવ વ્યક્તિગત અને અમૂર્ત જ રહેવાનો. એને ગણિતના દાખલાની જેમ સમજાવી શકાતો નથી. અમે લીસા, સમથળ, ચકચકિત ભીંતોવાળા, સ્વચ્છ, રંગો-સ્વાદો અને રણકતા અવાજોથી ઊભરાતા ઘરની કલ્પના કરી હતી. એ ઘર મારા નજીવા ફાળા સાથે ઊભું કરી શકાયું છે. અભાવને અવગણ્યા છે, મળ્યું તેનો સંતોષ માનીને જીવ્યાં છીએ. અમારાં લગ્નનાં ઘણાં વરસો પછી એક જ્યોતિષીને અમારા જન્માક્ષર બતાવ્યા હતા. એ જન્માક્ષર અમારા છે એવું જણાવ્યું ન હતું. જ્યોતિષીએ કહ્યું કે આ બે જાતકો લગ્ન કરીને સાથે રહી શકે એવી કોઈ શક્યતા દેખાતી નથી. તેમ છતાં અમારા ગ્રહોમાં ક્યાંક તો સમજપૂર્વક અને પ્રેમથી સાથે રહેવાની શક્યતા પડી જ હશે. એમાંથી જ અમને સહજીવનનો સાચો અર્થ સમજાયો છે.

પ્ર. : ૯. તમારી કેટલીક વાર્તાઓના ઉગમબિંદુ તમારી સ્મરણકથામાંથી મળે છે. પણ એ વાર્તાઓ તો છેક ૨૦૦૦ની સાલ પછી લખાઈ. આરંભે 'હોલારવ'ની વાર્તાઓ કે પછી 'રણઝણવું'ની એકાદ-બે વાર્તાઓ તમને પોતાને સમજાતી હતી? તમને એ વાંચવાની મજા પડતી હતી? આધુનિક વાર્તાકાર નહીં ગણે મને કોઈ એવી બીકે એ વાર્તાઓ લખી હતી? આ વિશે કંઈ કહેશો?

ઉ. : એ સમયે સાહિત્યક્ષેત્રે પ્રયોગશીલ સર્જનનું વાતાવરણ હતું. ઘણા સર્જકો અલગ પ્રકારના અભિગમ અને અભિનિવેશ સાથે સર્જન કરતા હતા. હું એમાંનું ઘણું ધીરજપૂર્વક વાંચી જતો. થોડું સમજાતું, થોડું ઉપરથી નીકળી જતું. મારામાં પણ કશુંક નવું કરવાની ધગશ જાગી હતી. મને લાગ્યું હતું કે એ પ્રકારે લખીએ નહીં તો સ્વીકાર નહીં થાય. ગાડરિયા પ્રવાહ જેવો શબ્દપ્રયોગ નહીં કરું, પણ એ મારી જેન્યુઇન ઇચ્છા હતી. પ્રયોગના નામે રચાતું બધું સ્વીકારી શકતો ન હતો. હું આત્યંતિક પ્રયોગોથી મૂંઝાતો વાચક હતો અને વાર્તાસર્જનમાં કશુંક જુદું કરવા મથતો નવોદિત લેખક હતો.

[અનુસંધાન પૃ. 115]

ડૉ. ધનંજય ચંદ્રચૂડ

અસંમતિ એ લોકશાહીનો સલામતી વાલ્વ છે

☐ ડૉ. ધનંજય ચંદ્રચૂડ*

નાગરિક સ્વતંત્રતા પ્રત્યે રાજ્યની પ્રતિબદ્ધતા એ અસંમતિ સાથે કઈ રીતે વર્તે છે તેની સાથે સીધી રીતે સંકળાયેલી છે. કાયદાના શાસન માટે પ્રતિબદ્ધ રાજ્ય એ સુનિશ્ચિત કરે છે કે કાયદેસર અને શાંતિપૂર્ણ વિરોધને રોકવા માટે રાજ્યતંત્રનો ઉપયોગ કરવામાં ન આવે પરંતુ વિચારવિમર્શ માટે અનુકૂળ અવકાશ ઊભો કરવામાં આવે. કાયદાની મર્યાદામાં, ઉદાર લોકશાહીઓ બાંયધરી આપે છે કે તેમના નાગરિકોને પ્રવર્તમાન કાયદાઓ સામે દરેક કલ્પનાશીલ રીતે વિરોધ કરવાનો અને અસંમતિ વ્યક્ત કરવાનો અધિકાર સાથે સાથે તેમના મંતવ્યો વ્યક્ત કરવાનો અધિકાર મળે. 'રાષ્ટ્ર વિરોધી' અથવા 'લોકશાહી વિરોધી' જેવી અસંમતિના ઢાંકપિછોડાનાં નામકરણ બંધારણીય મૂલ્યોના રક્ષણ અને વિચારવિમર્શાત્મક લોકશાહીને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાના કેન્દ્રમાં કુઠારાઘાત છે.

અસંમતિનું રક્ષણ એ એક ચેતવણી છે કે લોકશાહી રીતે ચૂંટાયેલી સરકારો આપણને વિકાસ અને સામાજિક સુમેળ

*ન્યાયાધીશ, સર્વોચ્ચ ન્યાયાલય, ભારત

માટે કાયદેસર સાધન પ્રદાન કરે છે, પરંતુ તેઓ આપણા બહુવિધતા ધરાવતા સમાજને વ્યાખ્યાયિત કરતાં મૂલ્યો અને ઓળખ પર ક્યારેય એકાધિકારનો દાવો કરી શકતી નથી. અસંમતિને રોકવા, ભય પેદા કરવા અને મુક્ત વાણી પર ભયાવહ વાતાવરણ ઊભું કરવા માટે રાજ્યતંત્રની સંડોવણી કાયદાના શાસનનું ઉલ્લંઘન છે અને બહુલવાદી સમાજના બંધારણીય આદર્શથી વિમુખ કરે છે.

પ્રશ્નો અને અસંમતિ માટેના અવકાશનો નાશ રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક તમામ વિકાસના આધારને નષ્ટ કરે છે. આ અર્થમાં, અસંમતિ એ લોકશાહીનો સલામતી વાલ્વ છે. અસંમતિના અવાજને રૂંધવો અને લોકોના મનમાં ભય પેદા કરવો એ વ્યક્તિગત સ્વતંત્રતા અને બંધારણીય મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતાના ઉલ્લંઘનની સીમાને ઓળંગી જાય છે. દરેક વ્યક્તિને સમાન આદર અને અહેમિયત આપે તેવા સંવાદ આધારિત લોકશાહી સમાજના કેન્દ્ર પર ત્રાટકે છે.

બહુલવાદ પ્રત્યેની પ્રતિબદ્ધતા માટે સામાજિક વ્યવસ્થાઓના સ્વરૂપમાં સકારાત્મક પગલાં લેવાની જરૂર છે જ્યાં ધ્યેય "મતભેદનો સમાવેશ, સહઅસ્તિત્વ, સામાજિક અવકાશમાં એને સ્થાન આપવાનું છે." આમ, કાયદાની મર્યાદામાં અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનું રક્ષણ કરવું અને વ્યક્તિઓ અથવા અન્ય અનુચરો દ્વારા ભય પેદા કરવા અથવા મુક્ત વાણીને અવરોધવાના કોઈપણ પ્રયાસને તોડી પાડવા માટે પોતાના તંત્રને તૈનાત કરવાની બાંયધરી રાજ્યની સકારાત્મક જવાબદારી છે. આમાં માત્ર મુક્તવાણીનું રક્ષણ જ નહીં, પરંતુ તેને સક્રિય રીતે આવકારવા અને પ્રોત્સાહિત કરવાનો સમાવેશ પણ થાય છે.

વિવિધ અભિપ્રાયોને અવરોધવાના પ્રયત્નોને નિષ્ફળ બનાવવાની એવી જ જવાબદારી દરેક વ્યક્તિ પર નિર્ભર છે. ભલે વિરોધી વિચારો સાથે સંમત ન હોય. પારસ્પરિક આદર અને વિભિન્ન અભિપ્રાયો માટેના અવકાશનું રક્ષણ એ દરેક વ્યક્તિને સહિયારા રાજકીય સમુદાયના સમાન સભ્ય તરીકે જોવાની પ્રક્રિયા છે. જ્યાં સભ્યપદનો આધાર સર્વસંમતિથી અભિપ્રાયમાં સહભાગી થવા પર નથી. પ્રોફેસર સ્કેનલોન કહે છે તેમ, સહનશીલતા સ્વીકારે છે કે સમાન સભ્યપદ સંઘર્ષો કરતાં વધુ ગહન છે અને તે સ્વીકારે છે કે અન્ય લોકો "આપણા સમાજની વ્યાખ્યામાં ફાળો આપવા માટે એટલા જ હકદાર છે."

એકબીજા તરફ જોવાનો અભિગમ માત્ર વ્યક્તિગત સ્વતંત્રતાના હકદાર સાથી નાગરિકો તરીકેનો જ ન હોય. દરેક વ્યક્તિ વિશ્વ પ્રત્યે પોતાનો દૃષ્ટિકોણ ધરાવે છે અને તે જે લોકોને "બીજા" તરીકે જુએ છે તેમની સાથે કેવી રીતે વર્તવું જોઈએ તેનું પોતાનું આકલન કરે છે. આપણે એક એવાં મન અને ચેતનાને

સમજીએ છીએ જે આપણાં પોતાનાં નથી. લોકશાહીને ગંભીરતાથી લેવા માટે આપણે બીજાની બુદ્ધિનો આદરપૂર્વક પ્રતિસાદ આપવો જોઈએ અને આપણે એકસાથે કેવી રીતે રહેવું જોઈએ તે નક્કી કરવામાં ઉત્સાહપૂર્વક - પરંતુ સમાન રીતે ભાગ લેવો જોઈએ.

તે પછી લોકશાહીની ગણના માત્ર ઔપચારિક અસ્તિત્વ ધરાવતી સંસ્થાઓ તરીકે જ નહીં પરંતુ લોકોના વિવિધ વર્ગોના વિવિધ અવાજોને ખરેખર કેટલી હદે સાંભળવામાં આવે છે, આદર આપવામાં આવે છે અને તેની ગણના કરવામાં આવે છે એના આધાર ઉપર થશે. બહુલવાદ માટે મોટો ખતરો ભિન્ન મતનું દમન અને વૈકલ્પિક અથવા વિરોધી મંતવ્યો ધરાવતા લોકપ્રિય અને લોક-અપ્રિય અવાજોને ચૂપ કરવાનો છે. બુદ્ધિનું દમન એ રાષ્ટ્રના અંતરાત્માનું દમન છે.

એકરૂપતાને રાષ્ટ્રની એકતા ધારી લેવાની માન્યતા બહુલવાદ માટે ખતરો છે. દરેક વ્યક્તિનાં ન્યાય, સ્વતંત્રતા અને સમાનતાને સુરક્ષિત કરવાના આદર્શોની સાથે સાથે બંધારણમાં રાષ્ટ્રની એકતા અને અખંડિતતાનો વિચાર કરવામાં આવ્યો છે. જો કે, એવી માન્યતા છે કે આ આદર્શ વિવિધતાની નાબૂદી અને તમામ ઓળખોના વિલીનીકરણ દ્વારા પ્રાપ્ત થાય છે. રાષ્ટ્રના જન્મ સમયે, કલ્પના કરવામાં આવી હતી કે તેની વિશાળ વિવિધતાનો સમાવેશ કરવામાં આવે છે નહીં કે તેને દૂર કરવામાં આવે.

મેં અગાઉ કહ્યું છે તેમ, ભારતના ઘડવૈયાઓએ એના બહુલવાદી તાણાવાણાના રક્ષણ માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ કારણોસર, ધર્મના પ્રચારના અધિકારને કાઢી નાખવા અને બંધારણસભામાં ધર્મ સાથે સંકળાયેલા પહેરવેશ પરના પ્રતિબંધને સામેલ કરવા માટેના સુધારાઓને નકારાત્મક બનાવવામાં આવ્યા હતા. આ સુધારાઓને નકારીને બંધારણસભાએ જાહેર ક્ષેત્રમાં બહુલવાદી અભિવ્યક્તિની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો અને 'સંપૂર્ણ એકીકરણ' માળખાની સ્પષ્ટ વિદાયનો સંકેત આપ્યો હતો. એ જ રીતે, ધર્મનો પ્રચાર કરવાની સ્વતંત્રતાને વાણી-સ્વાતંત્ર્ય સાથે સામેલ કરવામાં આવી હતી તે સર્વસંમતિથી સંમત હોવા છતાં, વિધાનસભાને લાગ્યું કે કલમ ૨૫માં એક વિશિષ્ટ જોગવાઈનો સમાવેશ કરવો જરૂરી છે જેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે લઘુમતીઓને સુરક્ષિત લાગે તે જોવા માટે બહુમતી પર ભારે જવાબદારી આપવામાં આવશે.

સંયુક્ત ભારત સંસ્કૃતિઓ અને મૂલ્યો બંનેની સમૃદ્ધ બહુવિધતાથી વંચિત માત્ર એકાકી ઓળખ એની લાક્ષણિકતા નથી. રાષ્ટ્રીય એકતા મૂલ્યોની સહિયારી સંસ્કૃતિ અને બંધારણના મૂળભૂત આદર્શો પ્રત્યેની પ્રતિબદ્ધતા સૂચવે છે જેમાં તમામ વ્યક્તિઓને માત્ર મૂળભૂત અધિકારો જ નહીં પરંતુ તેના મુક્ત

અને સલામત અમલ માટે શરતોની પણ ખાતરી આપવામાં આવે છે. બહુલવાદ માત્ર વિવિધતાની જાળવણી માટેની પ્રતિબદ્ધતા જ નહીં, પરંતુ વ્યક્તિગત અને સમાન ગૌરવની મૂળભૂત અવધારણાઓ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ અર્થમાં, બહુલવાદ સમાન ગૌરવની મૂળભૂત અવધારણાઓને આગળ ધપાવે છે અને રાષ્ટ્રીય એકતાના લક્ષ્યને સામગ્રી પ્રદાન કરે છે અને પોષણ આપે છે.

"કલ્પિત રાજકીય સમુદાય" એવા ભારતના નિર્માણમાં એ યાદ રાખવું જોઈએ કે સાર્વભૌમ રાષ્ટ્રની કલ્પના જ શ્રેણીબદ્ધ સમુદાયોમાંથી મુક્ત અને સમાન વ્યક્તિઓ ધરાવતા માળખામાં બદલાઈ ગઈ હતી. બહુલવાદ માટે પ્રતિબદ્ધ રાષ્ટ્ર તરીકે ભારત એક ભાષા, એક ધર્મ, એક સંસ્કૃતિ અથવા એક વિલીનીકૃત જાતિ નથી. બહુલવાદ માટેનો બચાવ એના તાત્કાલિક લાભાર્થીઓ એવા નાગરિકો માટેના બંધારણનાં લખાણ અને દર્શન પ્રત્યેની પ્રતિબદ્ધતાથી વિશેષ છે. તે વિવિધ ધર્મો, જાતિઓ, ભાષાઓ અને માન્યતાઓના લોકો માટે આશ્રયસ્થાન તરીકે ભારતના વિચારનું રક્ષણ કરવાની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

ભારત બહુવિધ વિચારો અને અનેકાનેક સંસ્કૃતિઓથી સુરક્ષિત છે. વિવિધ સંસ્કૃતિઓ અને વિવિધતા અને અસંમતિની મુક્ત અભિવ્યક્તિ માટે સલામત અવકાશ પ્રદાન કરવામાં, આપણે આ વિચાર પ્રત્યે આપણી પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરીએ છીએ કે આપણા રાષ્ટ્રનું નિર્માણ એ ચર્ચાવિચારણાની સતત પ્રક્રિયા છે અને તે દરેક વ્યક્તિનું છે. ભારતની ઓળખ પર કોઈ એક વ્યક્તિ અથવા સંસ્થા એકાધિકારનો દાવો કરી શકે નહીં.

રાષ્ટ્રીય ઓળખને સામૂહિક અને સર્વસમાવેશક રીતે વ્યાખ્યાયિત કરવી નિર્ણાયક છે, જેમ કે ભીખુ પારેખ કહે છે - "આપણી ઓળખની ભાવના અથવા આપણે કોણ છીએ તે વિચાર આપણાં મૂલ્યો પ્રગટ કરે છે, આપણી નાની અને મોટી પસંદગીઓને માર્ગદર્શન આપે છે અને આપણા જીવનને દિશા તેમજ સુસંગતતાની ભાવના આપે છે." વૈવિધ્યસભર ભારતનો વિચાર બંધારણ દ્વારા કલ્પિત સંસ્થાઓ તેમજ સમાજની વ્યક્તિઓ વિવિધતાને કેવી રીતે પ્રતિસાદ આપે છે તે માર્ગદર્શન આપે છે અને નક્કી કરે છે. બહુવિધ ઓળખના રક્ષણ માટે પ્રતિબદ્ધ રાજ્યવ્યવસ્થામાં, દરેક વ્યક્તિ પર વિવિધ ઓળખોના વિકાસ માટે અનુકૂળ પરિસ્થિતિઓ બનાવવાની સકારાત્મક જવાબદારી છે. આ પરિસ્થિતિઓ આપણી સંસ્થાઓ તેમજ જાહેર ક્ષેત્રના માળખામાં અસ્તિત્વ ધરાવતી હોવી જોઈએ. નોબેલ પુરસ્કાર વિજેતા અમર્ત્ય સેન દ્વારા આ વિચારને સંક્ષિપ્તમાં મૂકવામાં આવ્યો છે, "આપણો વૈવિધ્યપૂર્ણ વારસો (આમ) સામાજિક રીતે સમૃદ્ધ તેમજ રાજકીય રીતે નિર્ણાયક છે."

છેવટે, બહુલવાદ પ્રત્યેની પ્રતિબદ્ધતા બંધારણના ઘડવૈયાઓ દ્વારા વ્યક્ત કરવામાં આવેલા બંધારણીય વિશ્વાસ સંદર્ભે દરેક વ્યક્તિ પર છે. બંધારણની પ્રસ્તાવના તમામ નાગરિકોને ન્યાય, સ્વતંત્રતા અને સમાનતા મેળવવાનું મૂળભૂત દર્શન રજૂ કરે છે. જો કે એના ઘડવૈયાઓએ સ્વીકાર્યું હતું કે બહુલવાદ પ્રત્યેની પ્રતિબદ્ધતા બંધારણ અને તેની સંસ્થાઓમાં તેની બાંયધરીથી વિશેષ છે - જે રીતે કામ કરવામાં આવ્યું હતું તેમાં એ મુલતવી રહ્યું હતું. આ અર્થમાં સમાનતા અને સ્વતંત્રતાની બાંયધરીઓ દ્વારા માત્ર મર્યાદિત બહુલવાદ નક્કી કરવામાં આવ્યો હતો.

આ કારણસર ઘડવૈયાઓએ એમની રજૂઆત "બિરાદરો" તરીકે કરી હતી કે જેના આદર્શોની માન્યતા - જે સમાનતા અને સ્વતંત્રતાની બાંયધરીથી આગળ વધી ભાઈચારા અને બહેનપણાની ભાવના સુધી ગઈ હતી. ડૉ. આંબેડકરે સચોટ રીતે કહ્યું કે, "ભાઈચારા વિના સ્વતંત્રતા અને સમાનતા કુદરતી રીતે સાધ્ય ન બની શકે. તેને લાગુ કરવા માટે એક કોન્સ્ટેબલની જરૂર પડશે."

જ્યારે સ્વતંત્ર ભારતમાં અલગ મતદારમંડળોનું ભાવિ નક્કી કરવા માટે બંધારણસભા બોલાવવામાં આવી ત્યારે તેઓએ નક્કી કર્યું કે તેનો સમાવેશ બહુલવાદી સમાજની આવશ્યકતાઓથી વિપરીત પણ જરૂરી નથી અને તેના સમર્થક હોવાની પણ જરૂર નથી. તેઓએ અલગ મતદારમંડળોને નકારી કાઢ્યાં હતાં અને રાજ્યવ્યવસ્થામાં આંકડાકીય ગેરલાભની સુસંગતતાને ફગાવી દીધી હતી. બંધારણના ઘડનારાઓએ હિન્દુ ભારત અને મુસ્લિમ ભારતની કલ્પનાને નકારી કાઢી હતી. તેઓએ માત્ર પ્રજાસત્તાક ભારતને જ ઓળખ આપી.

બંધારણસભાના એક સભ્યએ કહ્યું હતું તેમ - "આપણે એક સુસંગત રાષ્ટ્ર તરફ આગળ વધવું જોઈએ, વિવિધ કમ્પાર્ટમેન્ટમાં વિભાજિત ન થવું જોઈએ." પરંતુ એક એવું રાષ્ટ્ર જ્યાં "અલગતાવાદની દરેક નિશાની ભૂંસાવી જોઈએ." અન્ય એક સભ્યએ કહ્યું તેમ - "ભારતીયોમાં કોઈ વિભાજન નહીં થાય. સંઘઠિત આપણે ઊભા રહીશું, વિભાજિત આપણે પડી જઈશું." ઘડનારાઓએ જૂથના ભાગ તરીકે વ્યક્તિગત ઓળખના રક્ષણ માટે સલામતી પૂરી પાડી હતી અને ભાવિ પેઢીઓમાં વિશ્વાસ મૂક્યો હતો જેથી ભારતીય હોવાનો અર્થ શું છે તેનું સહિયારું બંધન ઊભું કરી શકાય. એ એકરૂપતાને દૂર રાખે છે અને વિવિધતાને એવી રીતે માણે કે જે વિભાજનકારી ન હોય. બંધારણના ઘડવૈયાઓનો આ વિશ્વાસ છે જેને આપણે આજે સાર્થક કરવાનો પ્રયાસ કરીએ.

[દેસાઈ મેમોરિયલ લેક્ચર, 2020 “The Hues that are India: From Plurality to Pluralism” માંથી સારવીને]

ચંદાબેન અને કાંતિસેન શ્રોફ

ઉદ્યોગ ઋષિ કાંતિસેન શ્રોફ 'કાકા'

☐ કીર્તિ ખત્રી

કાંતિસેન શ્રોફ 'કાકા' એક મોટા ગજાના જાણીતા ઉદ્યોગપતિ હોવા છતાં કચ્છમાં તેમની પહેચાન એક મુઠ્ઠી ઊંચેરા સમાજસેવક અને કચ્છના વિકાસના વાસ્તવદ્રષ્ટા તરીકેની છે. ૧૩-૪-૨૦૨૧ના રોજ ૯૮ વર્ષની વયે કોઈ સાધુની અદાએ તેમણે દેહત્યાગ કરતાં એક યુગ આથમી ગયો. લગભગ એક સદીના આયુષ્યમાં પાછલી અડધી જિંદગી તેમણે કચ્છને સમર્પિત કરીને માદરે વતનમાં જ પસાર કરી હતી. આ દરમ્યાન કુદરતી આફતોએ આ સૂકા

મુલકને ચેનથી રહેવા દીધો નથી અને ૨૦૦૧નો ૧૨ હજારથી વધુ માનવીઓને ભરખી ગયેલો ભૂકંપ તો પરાકાષ્ટા સમાન હતો. આમ છતાં રાખમાંથી બેઠા થવાની પોતાની તાકાત પુરવાર કરીને કચ્છીમાડુએ નવસર્જનનો ઇતિહાસ સર્જ્યો એ પ્રક્રિયામાં 'કાકા'નાં માર્ગદર્શન, એમની પહેલથી અગાઉ રચાયેલાં કચ્છની જુદી જુદી સેવાભાવી અને બિનસરકારી (એન.જી.ઓ.)નાં છત્ર સંગઠન કચ્છ નવનિર્માણ અભિયાને ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. જોકે કચ્છની કાયમી સમસ્યાને સંબંધ છે ત્યાં સુધી 'કાકા'એ વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઇનિંગ ઇન્સ્ટિટ્યુટ (વી.આર.ટી.આઈ.)ના માધ્યમથી દુકાળ નિવારણ માટે જે પ્રવૃત્તિઓ કરી છે તે વધુ મહત્ત્વની છે. કારણ એ કે ભૂકંપ એક ઝટકો હતો, આવ્યો અને ગયો. જ્યારે અપૂરતો વરસાદ અને પાણીની અછત તો ધીમું ઝેર છે. એ વધુ કાતિલ છે. આ ઉપરાંત કાંતિસેન શ્રોફનાં જીવનસંગિની અને કચ્છની સોયદોરાની ક્રાંતિનાં પ્રણેતા ચંદાબેન શ્રોફ 'કાકી' રચિત શ્રૃજન, એલ.એલ.ડી.સી. અને રણ કાંધીએ ધમધમતા એગ્રોસેલ બ્રોમિન ઉદ્યોગની સામાજિક જવાબદારી નિભાવતી અનેકવિધ પ્રવૃત્તિઓનો સરવાળો કરીને પેકેજ રૂપે જોઈએ તો ખ્યાલ આવે છે કે શ્રોફ પરિવારે કચ્છ માટે જે કર્યું છે અને કરી રહેલ છે તે અદ્વિતીય છે.

કાંતિસેન શ્રોફની જીવનયાત્રા પર નજર કરીએ તો શ્રીમંત અને સંસ્કારી પરિવારમાં તેમનો જન્મ અને ઉછેર. રામકૃષ્ણ પરમહંસ, શ્રીમા શારદા અને વિવેકાનંદના વિચારોનો જબ્બર પ્રભાવ અને આગળ જતાં મહાત્મા ગાંધી અને વિનોબાજી કાકાના પ્રેરણાસ્રોત બની ગયા. શ્રોફ પરિવારના ઉદ્યોગ એક્સલ ઇન્ડસ્ટ્રીઝ સાથે ઓતપ્રોત થયા પછી કાકા પરંપરા અનુસાર સેવાકાર્યો કરતા રહ્યા. ૧૯૬૮માં દુકાળ વખતે રામકૃષ્ણ મિશનના ઉપક્રમે કચ્છ આવ્યા ત્યારે કાકાના મનમાં દુકાળ નિવારણના ઉપાયોનું મંથન શરૂ થયેલું. ૧૯૭૩માં જયપ્રકાશ નારાયણ અને મોટાભાઈ ગોવિંદજીભાઈ સાથે કાકા વિનોબાજીને મળ્યા હતા. એ વખતે વિનોબાજીએ કહેલું કે ૫૦૦ વર્ષના વિદેશી શાસન છતાં ભારતીય સંસ્કૃતિને આંચ આવી નથી કારણ કે સ્થાનિક મહાજન પરંપરાએ આપણાં ગામડાં બરાબરનાં સાચવ્યાં અને ટકાવ્યાં છે. તમે મહાજન છો. કચ્છ જાઓ અને એકલદોકલ ગામડું નહિ પરંતુ સમગ્ર મુલકને જાણો અને સમજો. પછી કાકાએ કચ્છમાં એક્સલની નિવૃત્તિ પછીની જિંદગીની બીજી ઇનિંગ શરૂ કરી. ૧૯૭૫માં તેમણે માંડવી નજીક એક્સલ ગ્રામ વિકાસ કેન્દ્રની સ્થાપના કરી જેને ૧૯૭૮માં વી.આર.ટી.આઈ. નામ અપાયું. ગ્રામ વિકાસ અને સંશોધનક્ષેત્રે

કાંઈક કરી છૂટવાની નેમ સાથે ૨૫ એકરના ખેતરમાં સંસ્થાના શ્રીગણેશ થયા. એ વખતે કોઈએ કલ્પના પણ નહિ કરી હોય કે આગળ જતાં આ સંસ્થા કચ્છની પાયારૂપ સમસ્યાઓના ઉકેલની નવી દિશાઓ ખોલી દેશે. અપૂરતા વરસાદવાળા પ્રદેશનો સર્વાંગી વિકાસ કેમ થાય એનું મંથન કરતાં કરતાં કાકા કચ્છના વાસ્તવદ્રષ્ટા બની ગયા. કોઈ સમસ્યા એવી નહિ હોય જેનો ઉકેલ કાકાએ નહિ વિચાર્યો હોય.

કચ્છ વિષેની આ ઊંડી સમજ ડો. જયંત ખત્રીની દોસ્તીને આભારી છે એવું કાકાએ જાતે એક લેખમાં લખ્યું છે. કાકા ૧૯૪૭માં માંડવીમાં ડો. ખત્રીને મળ્યા ત્યારે તેમણે માંડવીના ખારવા, બન્નીના માલધારી, ભાતીગળ લોકજીવન, અભાવની સંસ્કૃતિ, બેનમૂન હસ્તકલા અને દૂર દૂરનાં ગામડાંમાં અનેક મુશ્કેલી વચ્ચેય મોજથી જીવતા લોકોની વિગતે વાત કરી હતી. પણ પછી એમ કહ્યું કે માંડવીમાં બેસી રહેવાથી કાંઈ નહિ વળે. આખું કચ્છ ફરી વળ અને કાકા નીકળી પડેલા. પાકા રસ્તા નહિ છતાં પરવા ન કરી અને સતત ૪૦ દિવસ રખડ્યા, લોકો વચ્ચે જઈને રહ્યા, માઈલો સુધી પગેય ચાલ્યા અને અંતરિયાળ કચ્છના સાચા દર્શન કર્યા. પછી તો ખત્રીના પરિવાર સાથેય ઘરોબો કેળવાયો. એમનું ઘર અમારા માટે શિક્ષણનું કેન્દ્ર બની ગયું એવું લખીને કાકા ઉમેરે છે કે બન્નીની કલાકારીગીરી વિશે ઘણીઘણી વાતો કર્યા પછી ડો. ખત્રીએ પોતાના સંગ્રહમાંથી કેટલીક સુંદર ચીજો કાકીને ભેટ આપી હતી. પણ કાકા મુંબઈ છોડીને કચ્છમાં કાયમને માટે આવ્યા તે પહેલાં ડો. ખત્રી વિદાય લઈ ચૂક્યા હતા. કાકા ચુસ્ત ગાંધીવાદી અને ડો. ખત્રી પાકા સામ્યવાદી છતાં બન્ને વચ્ચે મજબૂત દોસ્તી હતી કારણ કે બન્ને સાચા દિલથી માનવતાવાદી હતા.

ખેર, પણ જળસંચય અને કૃષિ સુધારના ઉદ્દેશ સાથે રોપાયેલો વી.આર.ટી.આઈ.નો છોડ આજે સાડાચાર દાયકા પછી વટવૃક્ષ બની ચૂક્યો છે. પ્રવૃત્તિઓના પ્રકાર અને વ્યાપ વધ્યા છે એ સાથે પેટાસંસ્થાઓ રચાઈ છે. દા.ત. એગ્રોસેલ સર્વિસ સેન્ટર, વિવેકાનંદ ગ્રામોદ્યોગ સોસાયટી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વિવેકગ્રામ પ્રકાશન વગેરે. આ બધું કાકાના કચ્છ વિષેના 'વિઝન' (દૃષ્ટિ)ને આભારી છે. તેમની પ્રેરણા અને માર્ગદર્શનને લીધે જ સંસ્થામાં સ્વ. તુલસીભાઈ ગજરાથી માવજીભાઈ બારૈયા અને ગોરધન પટેલ 'કવિ' સુધીના સંચાલકો, મોભીઓ અને કાર્યકરોની એક આખી ટીમ ઊભી થઈ જેણે કચ્છની ગ્રામલક્ષી પ્રવૃત્તિઓમાં ઇતિહાસ સર્જી દીધો. ગ્રામ વિકાસ, ગ્રામ ટેક્નોલોજી, ભૂમિજળ સંવર્ધન, જમીન સુધારણા અને સફાઈ સહિતનાં ક્ષેત્રોમાં

ચિત્રકામમાં વ્યસ્ત કાંતિસેન શ્રોફ

અસાધારણ કામગીરીની કદરરૂપે દશ-દશ રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મેળવીને વી.આર.ટી.આઈ.એ દેશભરમાં કચ્છનું નામ રોશન કર્યું છે. અહીં કાકાના પુત્ર દીપેશભાઈ, પુત્રવધૂ પ્રીતિબેન અને પુત્રી અમીબેન ઉપરાંત શ્રોફ પરિવારના અન્ય ઉદ્યોગપતિ સભ્ય એવા અશ્વિનભાઈ શ્રોફ (મુંબઈ) અને અતુલભાઈ શ્રોફ (વડોદરા)નો ઉલ્લેખ જરૂરી છે. કાકાનો બોલ હંમેશ માથે ચડાવીને તેઓ પણ સેવાકાર્યોમાં તન, મન-ધનથી જોડાતા રહ્યા છે.

સંસ્થાની ૪૫ વર્ષની પ્રવૃત્તિઓની ઝલક મેળવવી હોય તો આખું પુસ્તક લખી શકાય એટલી માહિતી છે. માત્ર જળસંચય વ્યવસ્થાપનના થોડા આંકડા જાણવાથી તેનો ખ્યાલ આવી જશે. ૧૦૧૨ ડેમ-ચેકડેમ, ૨૬૫ તળાવ ઊંડાં કર્યાં, ૧૧૪ કૂવા-ટ્યૂબવેલ રિચાર્જ, ૨૬ નવા કૂવા, ૩૯૮ નાળા પ્લાનિંગ, ૧,૧૯,૫૨૦ સ્ટ્રેગર્ડ સ્ટ્રેન્ચ, ૭૦૦૦ કન્ટુર સ્ટ્રેન્ચ, ૧ નદી કાંઠાનું નવીનીકરણ, ૧૦૪ રૂફટોપ રેઇન વોટર હાર્વેસ્ટિંગ, ૯૫ પર્કોલેશન ટેન્ક, ૫૬ પાણીની ટાંકીઓ, ૩૧ ઊંચી ટાંકીઓ અને ૧૫ ભૂગર્ભ ટાંકા બાંધ્યા છે.

જાણીને આશ્ચર્ય થશે કે ગ્રામોત્થાનને વરેલી સંસ્થાના ઉપક્રમે ગુજરાતી સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્ર ૨૦૧૦માં

યોજાયું હતું. જોકે એની પાછળ વિવેકગ્રામ પ્રકાશનની સાહિત્યિક પ્રવૃત્તિઓની ભૂમિકા હતી. કોઈ પ્રકાશન પેઢીની જેમ આ સંસ્થાએ ૧૫૦થી વધુ કચ્છી-ગુજરાતી પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે.

૧૯૬૮માં દુકાળ વખતે કાકાના મનમાં જેમ દુકાળ નિવારણનું મંથન શરૂ થયેલું તેમ કાકી ચંદાબેન શ્રોફને ભાતીગળ ભરતકામ સાથેનાં વસ્ત્રપરિધાન કરેલી આહીર સ્ત્રીઓને જોઈને મનમાં વિચાર આવ્યો કે આ પરંપરાગત હસ્તકલા ગામડાંની મહિલાઓ માટે આજીવિકાનું માધ્યમ બની શકે. શહેરી લોકોનાં વસ્ત્રો પર આ કલાનો કસબ અજમાવીને માર્કેટિંગ થાય તો દુકાળ જેવા સમયમાં બહેનોને રાહતકામ પર માટી ખોદવાનો વારો જ ન આવે. પછી થોડા સમયમાં જ કાકીએ 'શ્રૃજન' સંસ્થાના શ્રીગણેશ ધાણેટી ગામની ૩૦ બહેનો સાથે કર્યા. આજે પચીસ વર્ષે 'શ્રૃજન' એક ચળવળના રૂપમાં ઊભરી આવી છે. ૧૨૦ ગામડાંની ૩૦૦૦થી વધુ બહેનોને સંસ્થા થકી બારમાસી આવકનું સાધન મળ્યું છે. તો સ્વમાનભેર આજીવિકા મેળવવાની તાલીમ અને વર્કશોપ સહિતની પ્રવૃત્તિમાં ૨૨૦૦૦ બહેનો જોડાઈ ચૂકી છે. આજે દેશવિદેશમાં કચ્છી ભરતની આગવી પહેચાન ઊભી થઈ છે તેમાં શ્રૃજનનો સિંહફાળો છે. આ બદલ ૨૦૦૬માં ચંદાબેનને ૧ લાખ અમેરિકન ડોલરનો પ્રતિષ્ઠિત રોલેક્ષ એવોર્ડ પણ જાહેર થયો હતો.

દરમિયાન હસ્તકલાના આધુનિકીકરણ અને માર્કેટિંગની તીવ્ર સ્પર્ધાને લીધે પરંપરાગત ભરતકલા સંસ્કૃતિને જફા પહોંચી હોવાનો અહેસાસ કાકીને થયો. કાકીએ જોયું કે ભાતીગળ લોકસમૂહોની જીવનચર્યા સામાજિક પ્રસંગો સાથે સંકળાયેલી કેટલીક ડિઝાઇનો હવે જોવા જ મળતી નથી. આ વલણ જો ચાલુ જ રહેશે તો આપણા ભાતીગળ વારસાસમી ડિઝાઇનો તદ્દન લુપ્ત થઈ જશે. તેથી આ કળા જળવાઈ રહે અને વિશ્વમાં ફેલાય એવા હેતુથી તેમણે કચ્છભરમાં ડિઝાઇનોનું દસ્તાવેજીકરણ અને સંશોધન હાથ ધર્યું અને આખરે ૨૭ કરોડના પ્રાથમિક ખર્ચે અજરખપુર નજીક 'શ્રૃજન'ના વિસ્તૃતિકરણ સમું એલ.એલ.ડી.સી. એટલે કે 'લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઇન સેન્ટર' નામે એક અનોખું મ્યુઝિયમ સ્થાપ્યું. પણ, સપનું પૂરેપૂરું સાકાર થાય એ પહેલાં ૨૦૧૬ના ઓગસ્ટ મહિનામાં ચંદાબેન શ્રોફે ચિરવિદાય લીધી. જોકે એમનાં પુત્રી અમીબેન શ્રોફે માતા જેટલી જ ધગશ અને સ્ફૂર્તિથી બાકીનું કામ પૂરું કર્યું, એટલું જ નહિ આગળેય વધાર્યું છે.

આમ છતાં કાકાને સંબંધ છે ત્યાં સુધી કચ્છ માટે નવનિર્માણ અભિયાનની રચના એક યાદગાર નજરાણું છે. ૧૯૯૮ના વાવાઝોડા વખતે કચ્છની



ચિત્રકામમાં વ્યસ્ત કાંતિસેન શ્રોફ

બે ડઝન જેટલી સંસ્થાઓને એક છત્ર હેઠળ મૂકીને રાહત તેમજ પુનર્વસનની કામગીરી સફળતાથી કરાઈ હતી. આ જ સંસ્થા ૨૦૦૧ના ધરતીકંપ વખતે રાહત અને નવસર્જનના કામમાં ચોમેર છવાઈ ગઈ. સાચું પૂછો તો કચ્છમાં બિનસરકારી સંસ્થાઓ (એન.જી.ઓ)નો એક નવો યુગ શરૂ થયો એના પાયામાં આ અભિયાન સંસ્થા હતી.

આ એન.જી.ઓ. યુગમાં આજકાલ સી.એસ.આર. એટલે કે ઉદ્યોગોની સામાજિક જવાબદારીનો મુદ્દો વારંવાર ચર્ચાતો રહે છે. પણ શ્રોફ પરિવારના ઉદ્યોગો તો દાયકાઓથી સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવતા આવ્યા છે જે કચ્છમાં ઠેર ઠેર જોઈ શકાય છે. સફેદ રણના ધોરડો નજીક બ્રોમિનનું પ્રથમ કારખાનું સ્થપાયું તેમાં ૮૦

ટકા સ્થાનિક રોજગારી અપાઈ છે જે એક વિક્રમ છે. કાકા સ્પષ્ટ રીતે એમ માનતા કે જ્યાં ઉદ્યોગ સ્થપાય ત્યાંની પ્રજાને રોજગારીનો અધિકાર છે. અને આ માટે એગ્રોસેલે બન્નીના માલધારી યુવાનોને લેબ આસિસ્ટન્ટ કે સુપરવાઈઝરની તાલીમ આપીને નોકરીઓ આપી છે. ધોરડો નજીકના પ્લાન્ટની મુલાકાત લો તો એમ જ લાગે કે કોઈ બન્નીવાસીનું આ કારખાનું હશે. કાકા એમ પણ માનતા કે સામાજિક જવાબદારી નિભાવવાની કામગીરી લોકોની જરૂરિયાત આધારિત હોવી જોઈએ. ઉદ્યોગો પોતાની રીતે ઠોકી બેસાડવા જોઈએ નહિ. દા.ત. બન્નીના માલધારીઓને ઘાસની જરૂરિયાત હોવાથી ઘાસના પ્લોટ બનાવ્યા. પાણીની જરૂરિયાત પૂરી પાડવા યોગ્ય પગલાં લેવાયાં. નિર્ધૂમ ચૂલા પૂરા પડાયા વગેરે. બ્રોમિન જેવા રસાયણનો ઉદ્યોગ હોવા છતાં ક્યાંયે પ્રદૂષણ નથી થતું. શિક્ષણ નિયમિત મળે એ પણ જોવાય છે.

માત્ર કચ્છ કે ગુજરાત નહિ દેશભરના ઉદ્યોગપતિઓ માટે પથદર્શક સમા કાંતિસેન શ્રોફની જીવનશૈલી સાવ સાદગીસભર હતી. ન કોઈ દંભ ન કોઈ દેખાડો. સાદા પેન્ટ-બૂશર્ટમાં સજ્જ કાકા ભારતીય બનાવટની ગાડી જ પસંદ કરતા. સાંસ્કૃતિક-સાહિત્યિક પ્રવૃત્તિ માટે ફંડ લેવા કોઈ જાય તો નિરાશ ન થાય. વી.આર.ટી.આઈ.ની પ્રવૃત્તિ પર કાકા જાતે દેખરેખ રાખતા અને ક્યાંક પોતાની વિચારસરણી સાથે સુસંગત ન લાગે તો ચોખ્ખા શબ્દોમાં નારાજગી વ્યક્ત કરી કામ બંધ કરાવી દેતા. કોઈ ગંભીર ચર્ચા વખતે કાકા નોંધપોથીમાં મુદ્દા ટપકાવી લેતા. સાતેક વર્ષથી અને ખાસ તો ચંદાબેન 'કાકી'ની વિદાય પછીનાં પાંચ વર્ષ એકાન્તમાં વિતાવ્યાં અને સતત ચિત્રો દોરતા રહ્યા. છેલ્લે કોઈ સાધુની અદાથી શરૂઆતમાં અનાજ અને પછી પાણી છોડીને દેહત્યાગ કર્યો. છેલ્લા મહિનામાં શરીર ક્ષીણ થયું અને પથારીવશ થયા ત્યારે મમતાભરી કાળજી સાથે સેવા કરનાર પુત્રવધૂ પ્રીતિબેનને 'મા' હોય એ રીતે સન્માનતા.

જૂન મહિનામાં પરિવારના ત્રણેય સભ્યોને અમે મળ્યા ત્યારે ઘણી યાદો વાગોળી. ધરતીકંપ વખતે રહેઠાણ રિપેર કરવા દીપેશભાઈએ મોકલેલાં નાણાં કાકાએ બીજા કોઈને આપી દીધાં હતાં. કાકા એમ પણ કહેતા કે એમની બેંક બેલેન્સ લોકો માટે છે... તો કાકી સંસ્થાને મળતું દાન નૈતિક માર્ગે કમાવેલાં નાણાંનું જ હોય એવો આગ્રહ રાખતાં...

આવી તો ઘણી વાતો શ્રોફ પરિવારની ત્રીજી પેઢી સાથે થઈ અને લાગ્યું કે તેઓ શ્રોફ પરિવારની સેવાની પરંપરા એજ રીતે જાળવી રાખવા કટિબદ્ધ છે.

kirtikhatri@hotmail.com

❑❑❑

શિવસંકલ્પ

☐ હિમાંશી શેલત

માનો ફોન આજે ત્રીજી વાર. પહેલો સવારે સાડાસાતે.

'સત્તુ, આજે કયો વાર?'

નક્કી કેલેન્ડરમાં વીતેલા દિવસ પર ચોકડી મારવાનું રહી ગયું હશે. બાકી એક વરસથી મા આ ક્રમ અચૂક સાચવે. દિવસ પત્યો કે એના પર ચોકડી, અને તે પણ પાછી લાલ.

'આજે બુધવાર, મા....'

થોડી વાર એના ભારેખમ શ્વાસ, હાંફી ગઈ હોય એવા. પછી થાકેલો અવાજ.

'ખબર નહીં કેમ કરતાં ચૂકી ગઈ!?'

'થાય મા, અમારાથી પણ ભૂલી જવાય. વાર તારીખનું તો એવું જ. તારે મોબાઈલમાં જોઈ લેવાનું. બાકી બધું બરાબર છે?'

'હા, એકદમ ટનાટન!'

માને મોંએ ટનાટન સાંભળવું ગમે. સત્યકામથી મલકી પડાયું. શરીર અને મનની ઉપાધિઓ સારા પ્રમાણમાં છે, વધતી જતી વય એમાં ઉમેરણ કરતી રહે છે, અને તો યે ટનાટન!

'વાહ! ક્યા બાત હૈ! તો મૂકું હવે? ગેટિંગ રેડી...' અચાનક યાદ આવી ગયું હોય એમ માનો ઉતાવળો સવાલ.

'ચા પીધી?'

'યસ, નિયમ મુજબ બે મગ છલોછલ.'

*

આટલું સવારે. બપોરે કામમાં માથું ખોસીને એ બેઠો હતો ત્યારે.

'સત્તુ, વિમલની દીકરીનું નામ શું? યાદ છે તને?'

'પાયલ. કેમ? તારે એનું શું કામ પડ્યું?'

'કામ કંઈ નહીં. એની વર્ષગાંઠ છે આજે, તે ફોન કરવો છે. નામ તો યાદ હોવું જોઈએ ને?'

માનું આવું જ કામ. એની દુનિયા ભરચક, એમાં પારકાં-પોતીકાં જેવા વાડા નહીં. કામ કરનારાં શાંતાબાઈ માટે પણ ગોળપાપડીના પાંચેક ટુકડા અલગ રાખ્યા હોય. વાર તહેવારે સાડી અને મીઠાઈ પણ ખરાં. શાંતાબાઈના પીધ્ધડ વરની કે છોકરાઓની ફરિયાદ કરી ઘરનું કોઈ દલીલ કરે તો માનો અવાજ એકદમ સાફ અને નિઃશંક.

'એને મન ન થાય? એના લખી વાળેલા વર દીકરાને એમની ફરજ સમજાવવા માથાકૂટ કરવી એ કરતાં જરા હાથ લંબાવી આપણે જ એને જાળવી ન લઈએ? ઘસાઈ જવાનાં છીએ એટલામાં?'

સહુનાં હથિયાર હેઠાં. છતાં મનોમન ઘર આખું રાજી. ટૂંકા જીવના મતલબી સમૂહમાં મા ઝળહળ, અને એનો હરખ સહુ સરખે ભાગે વહેંચે કારણ કે બધાંથી તો મા જેવાં ક્યાંથી થવાય?

*

સત્યકામના ઘરમાં હવે મા નથી. એ બેઠી છે 'શિવસંકલ્પ' ખાતે. વરિષ્ઠ નાગરિકો માટેનું સર્વોત્તમ સ્થળ, જ્યાંથી વડીલો સતત આશીર્વાદ વરસાવતાં રહે એવો આનંદ અને આરોગ્ય જાળવતો નિવાસ. આવું બધું 'શિવસંકલ્પ'ની પત્રિકામાં છપાયું છે. તસવીરો સાથે. પણ સત્યકામના ઘરમાં એક બીજું નારી રૂપ છે. કાળઝાળ ભડકો. કોપે તે નાક વાઢીને હથેળીમાં આપી દે એવી કાતર જીભ. સહુ એનાથી ડરી ડરીને ચાલે. અને સત્યકામ પોતાના ઘા-ઘસરકા-ફરફોલા સંતાડતો 'ઓલ ઈઝ વેલ'નું ગાન બરકરાર રાખવા મથે.

ત્રીજો ફોન મોડેથી, રાતે દસેકને સુમારે.

'કેમ અત્યારે? ઊંઘ નથી આવતી તને? દવા તો લીધી ને વખતસર?'

'લીધી. આ તો તારો અવાજ સાંભળવા, સત્તુ! સૂતાં પહેલાં તારો

અવાજ કાને પડે એ ગમે.'

'એમ કરવાથી ઊંઘ સારી આવશે?'

'એમ જ સમજ...'

મા હસી પડી હોય એવું સત્યકામને લાગ્યું. માનો ચહેરો, એની એકએક કરચલી સમેત, આંખ સામે.

'વીડિયો કોલ કરું મા, જરા થોભ...'

નાનકડી લંબચોરસ બારીમાં માનો ચહેરો ગોઠવાયો. પ્રત્યેક કરચલી એક દીર્ઘ કથા. ઉત્ખન્ન કરવાનું સાહસ સત્યકામ ક્યાંથી લાવે!

'સરસ, હવે જામે છે! આજે તો તારી આંખો ઓર તેજવાળી.'

'તને જોયો એટલે હશે...'

માના હસતા હોઠ, હસતી આંખો.

'આમ જ હસતી રહેજે કાયમ!'

આશીર્વાદની મુદ્રામાં સત્યકામ હથેલી દેખાડે છે.

'તારાં નાટક અટકવાનાં નહીં ક્યારેય!'

મા અમસ્તો છણકો કરે છે.

'અભિનય આવડે એ લાભનું. આપણે બેય જાણીએ એટલું તો!' ફરી આનંદની એક છાલક.

'આ તરફ ક્યારે આવવાનો સત્તુ?'

'માર્ચ એન્ડિંગ તેમાં કામ ખૂબ છે. પણ એપ્રિલમાં આવુંયે ખરો.' 'ભલે, જ્યારે મેળ પડે ત્યારે આવ. ને આવે ત્યારે તુલસીનું કૂંડું લેતો આવજે.'

'ત્યાં સંસ્થામાં ઢગલો તુલસી છે, તારે કૂંડાનું શું કરવું છે?' 'રૂમને બારણે રાખવું છે. દીવો કરવાનું ફાવે મને. બારણે તુલસી તો શોભે.'

'ભલે, એમ હોય તો બે લાવીશ, બારણાંની બંને તરફ ગોઠવજે.'

'વાહ! દિલદાર છે દીકરો મારો!'

માનું હસવું છલકાય છે, એ ભીતરના ખળખળ પ્રવાહમાં સત્યકામ બેચાર ઘડી ભીંજાય છે, ભીંતે જડાયેલો સમય વહે છે. ચુપકીદી અસહ્ય બનતાં મા માંડમાંડ પૂછે છેઃ

'બધું ઠીકઠાક ચાલે છે ને સત્તુ? મને જે હોય તે કહેજે, દીકરા, જરાયે અવઢવ વિના...'

'બધું જેમ હતું એમ જ ચાલે છે, મા! ડોન્ટ વરી...'

'કોઈના સ્વભાવનું ઓસડ નથી, ખમી ખાજે, બેટા!'

સત્યકામ ચૂપ. પછી.

'ઓ કે, મા! આરામ કર, હુંયે થાક્યો છું...'

મા બારીમાંથી ઓઝલ. પડદો કાળોધબ. થાકેલો દેહ પલંગ પર લંબાય છે છતાં ઊંઘ એમ શેની આવે? માને ચોંટીને ફર્યા કરતો એક નાનકો સત્યકામને દેખાય છે બંધ આંખે. મા અડીખમ. છોકરાંઓને મૂકીને ક્યાંયે ન જાય. નિશાળેથી ભાઈ-બેન ઘેર આવે, કે બહાવરી આંખો માને શોધે. સત્યકામને શિરપાવ મળેલો માવડિયાનો.

'શિવસંકલ્પ'ની પસંદગી માની. સત્યકામે રોકી નહોતી એને. માત્ર એક વખત પૂછી લીધું. 'જવું જ છે તારે?'

પોતાના તરફ મંડાયેલી સજળ આંખો સત્યકામ જોઈ નહોતો શક્યો. પછી જાતે જ મા સાથે ગયેલો 'શિવસંકલ્પ'માં. એમને ઓળખતાં સહુ આશ્ચર્યમાં.

'માને ત્યાં મૂકો છો? તમે? તમે તો મા વિના..'

'હા, બધુંયે સાચું. છતાં આ થઈ રહ્યું છે. મા હવે ત્યાં જ રહેશે, મારી સાથે નહીં.' સત્યકામને માથું અફળાવા ભીંત જોઈતી હતી. તોયે ડાહ્યા બનીને કહેવું પડતું, શું થાય! માની જ ઇચ્છા. નિજી જીવનની ગુહ્યતમ હકીકત કશેય ઉઘાડી પાડવામાં સાર નહીં. પ્રિયંવદા શાણી અને શાલીન, પણ પરદેશના વસવાટે એને માથી દૂર ધકેલી દીધી છે. એણે ત્યાં બર્ફીલા પ્રદેશમાં પોતાની પરીકથા સર્જી છે, વાદળોમાં વસે છે એ. એને કાંટાળી ભોંયમાં ખેંચી લેવાની જરૂર નથી. મા અને સત્યકામ - બંને સમજદાર છે.

'કેમ? કેમ? ભાઈ તું તો માને વેગળી જવા દે તે સાવ અનબિલીવેબલ.'

'જો, આ તો એની ઇચ્છા છે, હવે આ ઉંમરે એને ક્યાં નારાજ કરવી!'

'મા, તું જ કહે મને, કેમ જાય છે ત્યાં?'

'કંપની બેટા, મારી બધી ફ્રેન્ડ્ઝ ત્યાં છે. અહીં તો સાવ એકલી! ને સત્તુ તો કામ કરે, કે મારી પાછળ પાછળ ફરે?' ગૂંચવાઈ ગયેલી પ્રિયંવદાને બોલવાનું સૂઝતું નથી. માને બીજાં કારણો પણ મળી રહે છે ઉપરવાળાની દયાથી.

'આ કોરોનામાં કામ કરવા કોઈને આવવા દેતાં નથી. હવે અર્ચના બાપડી એકલી હાથે કેટલું કરે? એમને એમનો સંસાર ને વધારામાં મારી જવાબદારી, અહીં શિવસંકલ્પમાં મારું બધું સરસ સચવાય છે. તું કોઈ દિવસ આવીશ ત્યારે જોજે, છક થઈ જઈશ બધું બહુ સરસ છે, તમારે કોઈ ચિંતા નહીં મારી!'

મા મલકીને વિષાદ સંતાડી શકે છે. અભિનય ફાવી ગયો છે. બધાને ક્યાં કહેવા જાય કે દીકરાને ઘેર શાતા નથી, નથી સંવાદ અને નથી બચ્યો સ્નેહ. સતત લસણ-મરચાંના વઘારની આકરી ગંધ છે, અને ઉકળતા તેલમાં રાઈની તડાતડી. બહુ વેઠ્યો વિસંવાદ. સત્યકામ અને પ્રિયંવદા નાનાં હતાં ત્યારથી. હવે પંચોતેરે એ વેઠવાનું અસહ્ય. મન આળું થઈ ગયું છે. સત્યકામ અને એની પત્ની વચ્ચે ઉપેક્ષા અને ઉદ્ધતાઈની દીવાલ ખડી થઈ ગઈ છે. રોજે રોજ ઈંટો ઉમેરાતી જાય છે. મા અકળાઈને મૂંગી ચીસ પાડતી રહે છે, વીંખી નાખો તમારો માળો, ઊડી જાવ અલગ અલગ દિશામાં, બંધ કરો સાથે રહેવાનું નાટક! નથી ખમાતો આટલો બધો દંભ અને તમાશો...

- પણ આવું બોલવાની તાકાત બચી નથી. વધતી વયે અવાજને ક્ષીણ બનાવી દીધો છે. આકરાં વેણ હોઠે ચડતાં નથી. પાકટ વયનાં સંતાનોને શી સલાહ દેવાની? બંનેના ઘર્ષણ વખતે હૃદયના

ધબકારા વધી જાય છે પોતાના, શરીર ઠંડું પડી જાય છે. તોછડા બોલ માથામાં વાગે છે, ભીતર સુરંગો ફાટે છે.

ના, નથી જોવું જતે જીવ આ નાટક. ખચાખચ છરા ભોંકાતા હોય, અને લોહીથી લથબથ પડદો હોય એવી સિરિયલ ના જોવી હોય, કર્કશ ચિચિયારીઓથી ફાટતો કાન સહન ના થતો હોય, તો ચેનલ બદલવી પડે. આ 'શિવસંકલ્પ' એટલે ચેનલ બદલવા જેવું.

*

રાતના સાડાઆઠ નવ. આવા સમયે ડોર બેલ? સત્યકામે બારણું ઉઘાડ્યું. અર્ચના તો બે દિવસ માટે ગઈ હતી એની ઓન્લી લેડીઝવાળી એકાદ ટ્રીપ પર. ઘર આખું શાંત અને સુસ્ત, બહાર રૂપાળું પાટિયું ઝૂલે છે પતિ-પત્નીનાં નામનું, અંદર બધું બળીને રાખ થઈ ગયું છે.

'મા? અત્યારે ક્યાંથી અહીં!'

'તે જ ને! ચોંકી ગયોને તું? અહીં ક્યાંક પેલા હનુમાનજીનું મંદિર છે તે આજે પ્રવાસ ગોઠવ્યો. રાત રોકાવાની વ્યવસ્થા છે. થયું કે તું નજીક છે એટલે તારે ત્યાં જ... વાહન મૂકી ગયું મને. સવારે તું મૂકી દેજે મને ત્યાં.'

સત્યકામે માનો હાથ પકડી લીધો. ઉમળકાના વેગમાં એકેય શબ્દ નીકળ્યો નહીં. અજાણ્યા સ્થળમાં દાખલ થતી હોય એમ બધે નજર ફેરવતી, જાળવીને ડગ ભરતી મા પ્રવેશી એના સત્તુના ઘરમાં.

'જમી લીધું?'

'હાસ્તો. જ્યાં રહેવાનું છે ત્યાં સારી ગોઠવણ હતી. તેં ખાધું?'

'હા, અર્ચના બનાવીને ગઈ છે...'

'ચાલ, તો તો સારું...'

પછી થોડી વારે મા કોઈ ઊંડું રહસ્ય પ્રગટ કરતી હોય એમ દબાયેલા સાદે કહે, 'આવી તો છું એક ખાસ કામ માટે.

'બોલ, બોલ! એની પ્રોબ્લેમ?'

'ના રે દીકરા, મારે હવે શો પ્રોબ્લેમ હોય! બસ, આજે એમ થયું કે, એમ મન થયું કે...'

'કહે ને, શું મન થયું તને?'

'એવું કે તારે માથે હાથ ફેરવું, તું ઘસઘસાટ ઊંઘી જાય ત્યાં લગી... તારે માથે કોઈએ લાંબા સમયથી હાથ જ નહીં ફેરવ્યો હોય, ખરું ને?'

તપેલા કપાળ પર શીતળ લેપ થયો, અને અંદરથી ચંદનની સુવાસ પ્રસરી. સત્યકામના સઘળા અજંપા અને ઉત્પાત શમી ગયા. જરા નવાઈ લાગી. માને કેવી રીતે ખબર પડી ગઈ, કે માથે શીળો હાથ ફરે તો એની તરફડતી આરત હતી? આ કેવી અદ્‌ભુત ટેલિપથી!

'તને શી રીતે ખબર પડી ગઈ, મા? મારી આવી તીવ્ર ઇચ્છા જાણી શી રીતે તેં?'

'સ્વાનુભવ, બેટા! સ્વાનુભવ.'

માએ એના ખુદના કપાળે હાથ ફેરવ્યો, અપાર મૃદુતાથી, ઊંડી આરતથી.

❑❑❑



દિલીપકુમાર, જાત ચીરીને પ્રગટતું અભિનયનું તપ

☐ બકુલ ટેલર

દિલીપકુમાર હવે નથી. કાળની ગતિ એવી જ હોય છે અને એમાં બધાએ જ વિલુપ્તિ સુધી પહોંચવાનું હોય છે. પરંતુ દિલીપકુમાર એકલા નહોતા. લાખો-કરોડોનાં શમણાં, ઝંખના, વૃત્તિઓને જીવનારા એકલા ન હોઈ શકે.

તેઓ આપણો એક સમય લઈને ચાલી ગયા છે. તેઓ છેલ્લાં વર્ષોમાં સ્મૃતિ ગુમાવી ચૂક્યા હતા. એકવાર જયપ્રકાશ ચૌક્સે જેવા સિનેમાના ઉત્તમ આલેખકે કહેલું કે તેમને મધુબાલા સાથેની ફિલ્મો બતાવવી જોઈએ, સ્મૃતિ પાછી વળશે. આ ઉપાય કેટલો કારગત નીવડ્યો હોત તે ખબર નથી પણ અત્યારની પેઢી દિલીપકુમારની ફિલ્મો જોઈ નહેરુયુગની સ્મૃતિમાં પાછી વળી શકે. એ યુગ દેશના સ્વાતંત્ર્ય પછી નવી દૃષ્ટિથી આવતી કાલને જોવાનો અને ઘડવાનો હતો. રાજ કપૂર, દિલીપકુમાર, દેવ આનંદની ફિલ્મો આપણી જાહેર સ્મૃતિ સાથે જોડાયેલી છે.

જે સમયે આપણી પાસે સિનેમાકળાના પ્રશિક્ષણની કોઈ સગવડ નહોતી, અભિનય શીખી ન શકાય એ તો નૈસર્ગિક પ્રતિભારૂપે જ હોય તો હોય એવી ધારણા વચ્ચે દિલીપકુમારે ૧૯૪૪ની 'જ્વારભાટા'થી ફિલ્મના પરદે પ્રવેશ કર્યો. મોતીલાલ જેવી નૈસર્ગિક પ્રતિભા તેમની પાસે નહોતી અને સિનેમાનો અભિનય એક જુદા કાફ્ટની પણ અપેક્ષા રાખે છે. દિલીપકુમારે જે કાંઈ પ્રદાન કર્યું તે તેમના અભિનયશોધનું પરિણામ છે. દેવિકા રાણીએ તેમને નૈનિતાલમાં જોયા અને ફિલ્મમાં અભિનય માટે નિમંત્રણ આપ્યું પણ આપણે કહી શકીએ કે તેમણે દિલીપકુમારને અભિનેતા તરીકે તો જોયા જ નહોતા. ચહેરો અને શરીરના બાંધા ઉપરાંત દિલીપકુમારમાં શરીર વડે વ્યક્ત થવાની એક સહજ રીત હતી. એ અભિનય નથી હોતો બલ્કે સંસ્કાર હોય છે. જેને આપણે પર્સોના કહીએ છીએ તે માત્ર અભિનયથી સર્જી નહીં શકાય! શાળા-કોલેજમાંથી ભણી ફિલ્મોમાં આવનારાની શરીરભાષા બદલાઈ જતી. સ્મૃતિ ચાલી ગયા પછીના દિલીપકુમારની તસવીરો જોતાંય સમજાશે કે તેમના ચહેરાએ વૈચારિક પૌઢી અને શાલીનતા ગુમાવી ન હતી. આ કોઈ અભિનેતાનું નહીં. વ્યક્તિત્વનું એક્સ્પ્રેશન હતું. તેઓ રાજકીય સામાજિક અને સાંસ્કૃતિક રીતે જાગૃત વ્યક્તિ હતા ને તેમના અભિનયના વિશેષરૂપે આપણે પામીએ છીએ. બાકી તમે આજે પણ જોશો તો સમજાશે કે તેમણે હંમેશાં કાંઈ ક્લાસિકલ કહેવાય એવી ફિલ્મોમાં અભિનય નથી કર્યો પણ તેમના અભિનયના કારણે એ ફિલ્મો અને તેમણે ભજવેલું પાત્ર ક્લાસિકની દિશાનું હતું. સિનેમા દિગ્દર્શન, પટકથા-સંવાદની કળા તો હજુ તેના મૂંગી સિનેમા પછીના બીજા તબક્કામાં હતી. દિલીપકુમારે અમીય ચક્રવર્તી (જ્વારભાટા), નિતીન બોઝ (મિલન), રમેશ સેહગલ (શહીદ) મહેબૂબ ખાન (અંદાઝ) વગેરે સાથે રહી શરૂનાં વર્ષોમાં સિનેમાસર્જનનું કામ કર્યું છે.

દિલીપકુમાર બે છે. એક એ જે 'ધ

દિલીપકુમાર' પહેલાના અને બીજા 'ધ દિલીપકુમાર' બની ગયા પછીના. તેઓ પોતે પણ પોતાના માટે દિલીપકુમાર બની ગયા પછી પોતાની લોકપ્રિય બની ગયેલી ઇમેજને અનુસર્યા. તેઓ અભિનયશક્તિ નથી ગુમાવતા પણ તાજપતા ગુમાવે છે. ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શકો પછી એવું વિચારતા થયા કે દિલીપકુમારની ટક્કર બીજા અભિનેતા સામે કરાવીએ - કોણ છે તેમની ટક્કરનો અભિનેતા? તેઓ અભિનયનો માપદંડ બની ગયા ત્યારની આ વાત છે. બીજા જાણીતા અભિનેતા સાથેની દિલીપકુમારની ફિલ્મો જોશો તો લાગશે કે દિલીપકુમાર નહીં, પેલા અભિનેતા પડકાર ઝીલવા મથી રહ્યા છે - અપવાદ રાજ કપૂર, મોતીલાલ, બલરાજ સાહની. 'શક્તિ'માં અમિતાભ બચ્ચન કામ કરે ત્યારે બરાબર જાણે છે કે પોતાને મળેલી ભૂમિકા નિભાવવા ઉપરાંત પ્રેક્ષકો તો દિલીપકુમાર સામે કેવો અભિનય કર્યો એવી તુલના કરશે. અને આ દિલીપકુમાર એજ છે જેમણે પોતાને જ પ્રશિક્ષિત કર્યા છે. પરંતુ એ કાંઈ તપ વિના શક્ય નથી બન્યું. તેમણે એક સંયમ હંમેશાં રાખ્યો કે એક સાથે બે-ત્રણ ફિલ્મો ન જ કરવી. તેમણે ફિલ્મના અભિનયને ધંધો નહીં કળાના અભિગમથી જ જોયો. દરેકે દરેક પાત્ર માટે તેમણે જુદી રીતે વિચાર્યું અને એક તબક્કો એવોય આવ્યો કે તેમણે મનોચિકિત્સક પાસે સારવાર લેવી પડી.

દિલીપકુમારને તમે અમિતાભ બચ્ચન જેવા ટોટલ અભિનેતા ગણી શકો? પહેલો ઉત્તર છેઃ ના. દિલીપકુમાર આજની જેમ એક્શન યા ડાન્સ માટે ઉપયુક્ત નહોતા પણ 'ગંગાજમના'માં નૃત્યની જરૂર પડી તો ડાન્સ ડાયરેક્ટર સાથે બેસી પોતાના સ્ટેપ્સ નક્કી કર્યા. બાકી, એક્શન ફિલ્મો ત્યારે નહોતી બનતી, બનતી તો સ્ટન્ટ ફિલ્મો બનતી પણ તેને જોનારો વર્ગ જુદો હતો. દિલીપકુમારે હંમેશાં એવા પ્રેક્ષકને સામે રાખ્યો જે સ્વસ્થ મનોરંજનની અપેક્ષા રાખતો હતો. તેમના સંવાદ બોલવાની રીત પણ જોશો તો સમજાશે કે પ્રેક્ષકને તેઓ વિચારવાની સ્પેસ આપતા હતા. તેઓ થિયેટ્રિકાલિટીથી પણ દૂર રહ્યા. 'મુગલ-એ-આઝમ'માં એક શૈલી પૃથ્વીરાજ કપૂરની છે ને બીજી દિલીપકુમારની છે. પૃથ્વીરાજ શહેનશાહ છે જેમણે એક સિસ્ટમને અનુસરવાનું છે ને દિલીપકુમાર શાહજાદા છે પણ પ્રેમી છે જે સિસ્ટમને તોડે છે. આ ભેદ તમને બન્નેના અભિનયથી પણ સ્પષ્ટ થશે. 'મુગલ-એ-આઝમ'નું એ દૃશ્ય યાદ કરો જેમાં સલીમને લાગે છે કે અનારકલી શું બેવફાઈ કરી રહી છે? 'સલીમસે મુંહ ન ફેરો અનારકલી. ઉઠાઓ કસમ કી તુમ મુઝસે બેવફાઈ કર શકતી હો.' મધુબાલાનો ઉત્તર છે. ''સાહબે આલમ! અનારકલી જિંદગીસે બેવફાઈ



કર શકતી હૈ મગર આપ સે નહીં.'' ''જિંદગી સે... કૌન હે જો તુમ્હેં જિંદગી સે મહરૂમ કર દેના ચાહતા હૈ?'' ''કોઈ નહીં.'' ''ક્યા મેરે હોશો-હવાસ ઇસલિયે છીન લીયે ગયે કી તુમ મુઝસે જુદા કર દી જાઓ.'' ''તકદીર કા ફૈસલા યહી હૈ.'' ''તકદીરકો ફૈસલા બદલના હોગા. અનારકલી, મેં દેખ રહા હું યે રેંગતે હુએ સાયે. યે અકબરકે બુઝદિલ ગુલામ તુમ્હેં લેને આ રહે હૈ. સામને આઓ! અનારકલી મેરી હૈ. ઉસે કોઈ નહીં છીન શકતા. યે બેવફા ગુલામ તુમ્હારે પાક જિસ્મકો નહીં છૂ શકતે જાને સલીમ! આ દૃશ્યમાં દિલીપસાબ કાંઈક તંદ્રામાં બોલતા હોય એવું છે અને અંદરથી તેઓ પોતાની સામેથી ખોવાઈ રહેલી અનારકલીને જકડવા મથી રહ્યા છે. અદ્‌ભુત દૃશ્ય છે ને અભિનયની દૃષ્ટિએ કોઈ પણ અભિનેતાની કસોટી બને એવો! દિલીપકુમાર પછી 'દેવદાસ'માં જોવા મળે છે. એનો એક ડાયલોગ બહુ જ લોકપ્રિય છે, ''કૌન કમબખ્ત હૈ જો બરદાસ્ત કરને કે લિયે પીતા હૈ? મેં તો પીતા હૂં કી બસ સાંસ લે શકું ઔર એસી જગહસે ઉઠ કર જાનેકી તાકત નહીં હૈ ન. તભી તો યહાં પડા રહતા હૂં દેખતા રહતા હૂં તુમ્હારે મુંહકી તરફ તો ભી મેં બેહોશ નહીં હોતા, કુછ હોશ રહ જાતા હૈ. હોશ સે કહ દો કભી હોશ ન આને પાએ.'' પારોને ગુમાવ્યાનું દર્દ આખી ફિલ્મમાં છવાયેલું રહે છે. દેવદાસની પીડા દિલીપકુમારની આરપાર અનુભવી શકો છો. જીવવાની બધી જ ઇચ્છા ગુમાવી દીધા પછી બચેલી હયાતી કેવી હોય તે તમે અનુભવી શકો છો.

શેક્સપિયરનાં નાટકો ભજવતી વેળા સર લોરેન્સ ઓલિવયર, રિચર્ડ બર્ટન અને એલેક ગિન્સ જે પ્રક્રિયામાંથી પસાર થયા હતા એજ દિલીપકુમારમાં પણ બન્યું છે. હોલીવુડ પાસે તો અભિનયની એક પુખ્ત પરંપરા હતી, દિલીપકુમાર તો પરંપરા સર્જી રહ્યા હતા. તેમની ઓળખ ટ્રેજેડી કિંગની બની પણ તે એક તબક્કા પૂરતી છે. તેને તેઓ 'આઝાદ'થી પાર કરે છે ને 'રામ ઔર શ્યામ'માં તેનાથીય આગળ વધી જાય છે. તેઓ પોતાને રિપીટ નથી કરતા. 'અંદાઝ'માં પણ તેઓ પ્રેમી છે અને 'જોગન'માં પણ છે, 'દેવદાસ'માં પણ છે ને 'મધુમતી', 'મુગલ-એ-આઝમ'માં પણ. તેમણે 'મધર ઇન્ડિયા'માં સુનીલ દત્તવાળી ભૂમિકા કરવી હતી તે ન કરી શક્યા તો 'ગંગા જમના' જાતે બનાવી. અમુક પ્રકારનો અભિનય કરવો છે માટે નિર્માતા બનવું, એ સાહસ દિલીપકુમાર જ કરી શકે.

લોર્ડ મેઘનાદ દેસાઈએ 'નહેરુઝ - હીરો દિલીપકુમાર-ઈન ધ લાઈફ ઓફ ઇન્ડિયા' પુસ્તક લખ્યું છે. દિલીપકુમાર, રાજ કપૂર, દેવ આનંદ સ્વતંત્રતા પછીનાં રેનેસાના હિસ્સા છે. એક નવા પ્રેક્ષકને ઘડવાનું કામ તેઓ કરે છે અને તે જુદી પટકથા, ગીત-સંગીત, અભિનય વડે સિદ્ધ કરે છે. તેઓ આ કારણે નહેરુયુગના પ્રતીક બને છે. દિલીપકુમાર અંગત જીવનમાં તો યુસુફ ખાન છે. દેશના ભાગલા પછી એક જુદી જવાબદારી મુસ્લિમ અભિનેતાને હતી. જુદા અર્થમાં રાષ્ટ્રીયતા સાબિત કરવાની હતી. દિલીપકુમાર ફક્ત અભિનય વડે પોતાને સાબિત કરે છે કારણ કે તે કોઈ રાજનેતા નથી, કોઈ ચળવળકાર નથી. મુંબઈના વરલીમાં નહેરુ સેન્ટર છે. તે રજની પટેલ (મુંબઈના મોટા કોંગ્રેસી નેતા) અને દિલીપકુમારનું માનસ-સંતાન છે. દિલીપકુમાર, રાજ કપૂર, દેવ આનંદ નહેરુજી સાથે નિકટ સંબંધ ધરાવતા હતા. રાજ કપૂર તો દિગ્દર્શક પણ છે એટલે 'આવારા,' 'શ્રી ૪૨૦' ઉપરાંત રમેશ સેહગલ સાથે 'ફીર સુબહ હોગી' સર્જી શકે છે. દિલીપકુમાર 'શહીદ', 'લીડર' સર્જે છે. રાષ્ટ્રીયતા માત્ર રાજકીય પ્રવૃત્તિથી સર્જાતી નથી, સાંસ્કૃતિક પ્રવૃત્તિનું મોટું મૂલ્ય છે અને દિલીપકુમાર એ સિદ્ધ કરે છે પોતાની ફિલ્મોથી. તમે જુઓ તો તેઓ ખૂબ શૈલીસભાન અભિનેતા છે અને એટલે જ રાજ કપૂર સાથે, દેવ આનંદ સાથે એક-એક ફિલ્મમાં જ કામ કર્યું. દિલીપકુમાર અને રાજ કપૂર તો ગાઢ મિત્રો અને હમવતની છતાં 'સંગમ'માં દિલીપકુમારે કામ ન કર્યું તે ન જ કર્યું. તેમણે 'પ્યાસા'ની ભૂમિકાનો ય ઇન્કાર કરેલો. અભિનેતાઓએ કેટલાંક રહસ્યો જાળવી રાખવાનાં હોય છે અને દિલીપકુમાર એ બાબતે ચુસ્ત આગ્રહી હતા. આ રહસ્ય જ તેમનું ગ્લેમર સર્જે છે.

દિલીપકુમારને મળેલા પુરસ્કારોની

યાદીમાં દાદાસાહેબ ફાળકે પુરસ્કાર તો છે ને 'નિશાન-એ-ઇમ્તિયાઝ' પણ છે જે પાકિસ્તાન તરફથી અપાતું સહુથી મોટું નાગરિક સન્માન છે. એ સન્માન એટલા માટે હતું કે દેશના વિભાજન પછી દિલીપકુમાર જાણે ફિલ્મો વડે સાંસ્કૃતિક દૂતનું કાર્ય કરતા હતા. પાકિસ્તાનના વરિષ્ઠ પત્રકાર, લેખક સઈદ અહેમદે 'દિલીપકુમાર: અહદનામા-એ-મોહબ્બત' પુસ્તક લખ્યું છે. એ પુસ્તકનાં દરેક પૃષ્ઠમાં તમને વર્તાશે કે પાકિસ્તાનમાં તેઓને કેટલો પ્રેમ મળતો. આ તેમની શખ્સિયતની કમાલ છે. દિલીપકુમારને જોવા હોય તો ૧૯૬૫-૭૦ સુધીની ફિલ્મમાં જોવા પછીના ફિલ્મસર્જકો પાસે એ સ્ટ્રક્ચર નથી જે અવિભાજિત ભારતમાં જન્મેલા દિલીપકુમારને મોટા સાંસ્કૃતિક પ્રતિનિધિ બનાવી શકે. તેઓ તો દિલીપકુમારની એક્ટર-ઇમેજ પર કામ કરે છે. તેઓ દિલીપકુમાર નહીં 'લિજેન્ડ'ને લઈ ફિલ્મ બનાવે છે.

દિલીપકુમારની ફિલ્મોની સંખ્યા ૬૩ જ કેમ છે? ૧૯૪૪થી ૧૯૯૮ સુધી કામ કર્યું તો પણ આટલી જ ફિલ્મો. તેમણે એક જ વાર 'કલિંગા'ના દિગ્દર્શનનું સાહસ કર્યું પણ ફિલ્મ બની ગયા પછીય તેમને યોગ્ય ન લાગ્યું તો ફિલ્મ રિલીઝ ન થવા દીધી. દિગ્દર્શનની કળાને તેઓ કેવો આદર આપતા હતા તેનું આ એક ઉદાહરણ છે. તેમના નામે એવી ૧૩ ફિલ્મો છે જે બનાવવાની યોજના હતી પણ બની નહીં. કેટલીક ફિલ્મો કેટલીક રીલ બન્યા પછી ન બની, કેટલીક ખૂબ સંશોધન પછી ન બની અને 'આગ કા દરિયા' તો પૂરી થયા બાદ સેન્સરમાંય પાસ થયેલી પણ રજૂ ન થઈ. તેમને લઈને કે. આસીફ 'આખરી મુગલ' બનાવવાના હતા. બી.આર. ચોપરાએ 'ચાણક્ય ચન્દ્રગુપ્ત'ની યોજના બનાવેલી. દિલીપકુમાર માટે ફિલ્મ બિઝનેસ પ્રપોઝલ પછી હતી, આર્ટ એન્ડ ક્રાફ્ટ પ્રપોઝલ પહેલા હતી. ૯૮મા વર્ષે વિદાય લીધી તો લીધી ને માટીમાં એમની કાયા ઓગળી રહી છે પણ એક દિલીપકુમાર છે જે તેમના ચાહકોમાં સદાય જીવશે. જ્યારે પણ તેમની ફિલ્મો કોઈ જોશે તો તે ચાહક બની જશે. બાકી, અંગત જીવનની દાસ્તાન તો અલગ છે. અભિનેતા માટે તો જીવન સ્વયં પણ સામગ્રી છે. એકથી અનેક ભૂમિકાએ જીવનને જીવવાનું સાહસ તેમણે કર્યું છે અને એ પાત્રમાં જઈ ઢળ્યું છે. અભિનેતાને તમે બીજે તો ક્યાં શોધો?!

❑❑❑

ત્સે કુંગે કન્ફ્યુશિયસને પૂછ્યું, "મહામાનવ કેવો હોય?"

કન્ફ્યુશિયસ: "એ બોલતા પહેલાં પોતે અનુસરે છે અને પછી પોતાના શબ્દો અનુસાર વર્તે છે."

કોરોના બાદ...

☐ **નીલેશ રાણા,** M. D. USA

કોરોના 19ની બીમારીમાંથી સાજા થયા પછી પણ હજારોની સંખ્યામાં પેશન્ટો એની પકડમાંથી સંપૂર્ણપણે મુક્ત થયા નથી. આ પેશન્ટોમાં ચાર અઠવાડિયાં પછી પણ અમુક લક્ષણો જોવા મળ્યાં છે. આ અવસ્થાને -Long Covid, Post Covid syndrome, long Covid haulers post Covid-19 syndrome, Chronic Covid જેવાં વિવિધ નામોથી ઓળખવામાં આવે છે.

આ પેશન્ટોમાં શરૂઆતનાં લક્ષણો થોડાં અઠવાડિયાં, મહિના સુધી ચાલુ રહે છે, સાજા થયા બાદ ફરી પાછાં લક્ષણો જોવા મળે છે અથવા નવાં લક્ષણો જોવા મળ્યાં છે. આના વિશેની જાણકારી સીમિત છે. આ અવસ્થામાં શરીરનાં અનેક અવયવોમાં નુકસાન થયું હોય તેને Multi organ system effect કહેવામાં આવે છે. જેમાં હૃદય, સર્ક્યુલેશન સિસ્ટમ, ફેફસાં, કિડની, ત્વચા, મગજની અસર સાથે આપણી મનોદશા પણ નબળી પડે છે.

વિવિધ લક્ષણો એ વ્યક્તિની ઉંમર, શરીરનું બંધારણ (મેદસ્વીપણું) સાથે બીજી બીમારીઓ જેવી કે ડાયાબિટીસ, ફેફસાંના રોગ, હૃદયરોગ, નબળી ઇમ્યુન સિસ્ટમ પર આધારિત છે. અને લક્ષણો પણ જુદાં જુદાં પ્રમાણમાં જોવાં મળ્યાં છે. સૌથી સામાન્ય લક્ષણોમાં મુખ્યત્વે થાક 58 ટકા, માથામાં દુખાવો 44 ટકા, એકાગ્રતાનો અભાવ 27 ટકા, માથામાં વાળનો ઘટાડો 25 ટકા, શ્વાસ લેવાની તકલીફ અથવા ગંધજ્ઞાન અભાવ 24 ટકા પેશન્ટોમાં નોંધાયાં છે. એક રિસર્ચ પ્રમાણે હળવી બીમારી ભોગવી ચૂકેલા પેશન્ટોમાં 27 ટકા અને ગંભીર માંદગી હોસ્પિટલમાં ભોગવીને ઘરે આવેલા 75 ટકા લોકોમાં લાંબા સમય સુધી લક્ષણો જોવાં મળ્યાં છે. આ અવસ્થા ક્રોનિક બનશે કે નહીં એ વિશેની જાણકારી તો ભવિષ્યમાં જ મળશે. આનો કોઈ ચોક્કસ ઇલાજ અત્યારે ઉપલબ્ધ નથી.

ફેફસાં પર થયેલી અસરમાં શ્વાસ લેવામાં થતી તકલીફ, ખાંસી, હૃદય-છાતીમાં દુખાવો, હૃદયની તેજ ધડકન અથવા તેજ થતી નાડી, અહીં હૃદયની માંસપેશીમાં થયેલું નુકસાન (Myocarditis) ભાગ ભજવે છે. શરીરના સ્નાયુઓ અને સાંધામાં દુખાવો, ચક્કર,

મગજને થયેલા નુકસાનને કારણે નબળાઈ, થાક, ગંધ અને સ્વાદનો અભાવ, માથામાં દુખાવો, સ્ત્રીઓના માસિક સ્રાવમાં અનિયમિતતા, કિડની અને લિવરને થયેલું નુકસાન, તાવ, ડાયાબિટીસના પેશન્ટોમાં ડાયાબિટીસ કાબૂ બહાર થતાં ગ્લુકોઝની માત્રામાં થતો વધારો અને થોડા પેશન્ટોમાં પ્રથમવાર થતું ડાયાબિટીસનું નિદાન. આમ થવાનું કારણ-પેન્ક્રિયાસમાં રહેલા બીટાસેલ્સ (Bcells) પર વધુ પ્રમાણમાં રહેલા ACE 2 રિસેપ્ટર, વાઈરસના આક્રમણ સાથે આ કોષોનો થતાં નાશને કારણે ઇન્સ્યુલિનના ઉત્પાદન અને સ્રાવમાં ઘટાડો. ત્વચા પરની અસરને કારણે માથા પરથી વાળ ઊતરે, ચાઠાં પડે.

માનસિક અવસ્થા પર આની અસર જોવા મળી છે. એક અવસ્થા બ્રેઈન ફોગ (Brain Fog) તરીકે ઓળખાય છે. જેમાં વ્યક્તિના વિચારો સ્પષ્ટ નથી હોતા અથવા વિચારવાની શક્તિ મંદ પડે છે. એકાગ્રતા ઘટે છે યાદશક્તિ નબળી પડે છે. મૂડ ખરાબ થાય છે. નિર્ણય લેવામાં તકલીફ થાય છે. આ લક્ષણો પુરુષો કરતાં સ્ત્રીઓમાં વધારે પ્રમાણમાં જોવા મળ્યાં છે.

બીજી અવસ્થાને Covid-19 Anxiety Syndrome નામ આપવામાં આવ્યું છે. જેમાં મૂંઝવણ, ગભરામણ સાથે આત્મવિશ્વાસ ઘટે છે. તમે જે કામ કરતા હતા એમાં કાર્યદક્ષતાનો અભાવ પેદા થાય છે, વ્યક્તિ પોતાના રેગ્યુલર જોબ પર જતાં ડરે છે. બીજા લોકોને મળતાં ગભરાય છે. ઘરની બહાર નથી નીકળતી. માનસિક તણાવ અનુભવતા ડિપ્રેસ થઈ જાય છે. અનિદ્રાની શિકાર બને છે. જે અટપટું કે ગૂંચવણભર્યું કામ કરતી હતી એ નિભાવવામાં અડચણ પડે છે.

આ બધાં લક્ષણોની પકડમાંથી બાળકો અને ટીનએજર્સ પણ બાકાત નથી. પણ એમનામાં ટકાવારી ઓછી છે.

જો આ શારીરિક કે માનસિક લક્ષણો 6થી 12 અઠવાડિયાં ટકે તો એને Acute Post Covid Syndrome કહેવાય છે. 12થી 24 અઠવાડિયાં સુધી ટકતાં લક્ષણોને Long Post Covid Syndrome નામ અપાયું છે. 24 અઠવાડિયાંથી વધુ ટકતાં લક્ષણોની અવસ્થાને Persistent post Covid Syndrome ગણવામાં આવે છે.

આ બીમારી થવાનું ચોક્કસ કારણ કે કારણો વિશે નિષ્ણાતોમાં ચર્ચા ચાલુ છે. પ્રાથમિક માંદગી બાદ (Acute phase) વાઈરસનો શરીરમાં પૂરતો નાશ ન થવાથી શરીરમાં જીવંત રહેલા વાઈરસને કારણે, (આમ નબળી પડેલી ઇમ્યુન સિસ્ટમને કારણે સંભવ છે) અથવા તો ઇમ્યુન સિસ્ટમ દ્વારા જોઈએ એના કરતાં વધુ પડતા પ્રતિકારને કારણે શરીરના અવયવોમાં ચાલુ રહેલું નુકસાન (Inflammation) ચાલુ રહેતાં આમ થાય છે કે પછી હોસ્પિટલમાં રેસ્પિરેટર પર અવલંબિત રહેલા, ભોગવેલો માનસિક ત્રાસ આનું કારણ છે એ નક્કી નથી થઈ શક્યું. ભવિષ્યમાં વધુ એકત્રિત થનાર માહિતી આના પર વધુ પ્રકાશ પાથરશે. આવનાર સમય

આનો જવાબ શોધવામાં મદદરૂપ થશે.

આનો અસરકારક ઇલાજ શોધાયો નથી. એક રિસર્ચ-સ્ટડી પ્રમાણે આ પેશન્ટોને કોવિડ-19ની વેક્સિન આપવામાં આવતાં 57 ટકાનાં લક્ષણોમાં સુધારો જોવામાં આવ્યો હતો. લગભગ 24 ટકાનાં લક્ષણોમાં ફરક ન પડ્યો, અને બાકીના 19 ટકાનાં લક્ષણો વધારે વિકૃત થયાં હતાં. મોડેના વેક્સિન લેનાર વ્યક્તિઓમાં બીજી વેક્સિનો કરતાં સુધારાની માત્રા વધારે હતી. અને નુકસાન ઓછા પ્રમાણમાં જોવા મળ્યું છે.

સુધારો થવાનું કારણ? વેક્સિનને કારણે સશક્ત થયેલી ઇમ્યુન સિસ્ટમને કારણે શરીરમાં રહેલી વાઇરસની સંખ્યામાં ઘટાડો. આ રિસર્ચે આશાનું કિરણ પ્રગટાવ્યું છે. આશા અમર છે.

જો દુર્ભાગ્યે તમે આમાંથી પસાર થઈ રહ્યા છો. તો એના માટેના થોડા ઉપાયોની જાણકારી આપું છું. જો તમને ડાયાબિટીસ, હાઈ બીપી, હૃદય, ફેફસાંની બીમારી કે બીજી કોઈ પણ બીમારી હોય એને કાબૂમાં રાખવા ડોક્ટરની સલાહ મુજબ ટ્રીટમેન્ટ ચાલુ રાખો. આલ્કાહોલ અને સ્મોકિંગથી દૂર રહો. પૌષ્ટિક આહાર, રેગ્યુલર એક્સરસાઈઝ, પૂરતી ઊંઘની આદત પાડો, મનને આનંદમાં રાખો, મિત્રો અને કુટુંબીજનો સાથે સમય પસાર કરો. દિવસ દરમિયાન ઊંઘવાનું ટાળો. વધુ પડતા પ્રકાશ અને ઘોંઘાટથી દૂર રહો. ઊંઘવાના સમયના એક કલાક પહેલાં ટી.વી. જોવાનું બંધ કરો, જેથી મન ઉત્તેજિત ન થતાં તમને આરામ મળે. માનસિક તનાવ દૂર કરવા સારાં પુસ્તકો વાંચો, ગમતું સંગીત સાંભળો.

શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય તો, પ્રાણાયામ અને યોગ કરો. જરૂર પડે તો ડોક્ટરને મળો, કદાચ છાતીનો એક્સ રે કે સી.ટી. સ્કેનની સાથે તમારી બ્રિધિંગ (Breathing) કેપેસિટીની ટેસ્ટની પણ જરૂર પડે જેથી તમારાં ફેફસાંને નુકસાન થયું છે કે નહીં એ જાણી એની ટ્રીટમેન્ટ કરી શકાય.

છાતીમાં દુખાવો થતો હોય, નાડી તેજ ચાલતી હોય, ચક્કર આવતાં હોય તો કાર્ડિયોલોજિસ્ટની સલાહ લેવી. માનસિક બીમારી હોય તો સાઈકિયાટ્રિસ્ટને મળવામાં સંકોચ ન અનુભવશો.

જરૂર હોય તો ઓક્સિજનનો ઉપયોગ કરવો જોઈએ. તમારા જોબમાં, રોજિંદા કામમાં અને લાઈફમાં પૂર્વવત ઇન્ટરેસ્ટ લેવા માંડો. મેમરી નબળી હોય તો, જે ભૂલી ગયા હોય તે શાંતિથી વિચારો, યાદ કરો. અટપટું-જટિલ કામ કરતા હો તો સિમ્પલ કામ પહેલા ચાલુ કરો અને ધીરે ધીરે વિશ્વાસથી આગળ વધો. યાદશક્તિને સશક્ત બનાવવા પહેલાં ત્રણચાર વસ્તુઓ યાદ રાખો અને ધીરેધીરે એમાં વધારો કરો. જરૂર પડે તો મન પર ટેન્શન ન વધારતાં યોગ્ય મદદ અને માર્ગદર્શન મેળવો. બાહ્ય પ્રવૃત્તિમાં રસ લો. આજ નહીં પણ આવતી કાલ ઊજળી છે એ વિશ્વાસ અને શ્રદ્ધા સાથે આગળ વધો.

❑❑❑

જ્ઞાની શ્રી ધીરજરામ શાસ્ત્રીજી અને વિજ્ઞાની ડો. પંકજ જોશી, ૧૯૭૧

જ્ઞાની અને વિજ્ઞાની

એક વૈશ્વિક સંવાદ

☐ ડો. પંકજ જોશી

૧. બ્રહ્માંડ જિજ્ઞાસા:

શ્રી ધીરજરામ શાસ્ત્રીજી સાથે મારી પ્રથમ મુલાકાત થઈ, તેમને મળવાનું થયું, એ તો ઘણાં વર્ષો પહેલાંની વાત છે. ત્યારે મારી વય માંડ સોળ કે સત્તર વર્ષ જેવી હશે, અને હજુ તો શાળા પૂરી કરીને કોલેજના પહેલા વર્ષમાં દાખલ થઈ મેં વિજ્ઞાનનો અભ્યાસ શરૂ કરેલો. આ સમયે મારું મન બ્રહ્માંડની સઘળીયે જિજ્ઞાસાઓથી ભરપૂર હતું. આ આખુંય દેખાતું અને જણાતું બ્રહ્માંડ શું છે, તે કેવી રીતે અને કેમ કાર્ય કરે છે, આ

સુંદર અને ભવ્ય પ્રશ્ન મારા મનમાંથી રાત-દિવસ ખસતો નહોતો.

દરિયાઓમાં આવતી, જતી અને સતત ચાલતી ભરતી અને ઓટ, સૂર્ય-ચંદ્રનાં ગ્રહણો અને કળાઓ, ગ્રહો તથા તારાઓ અને નક્ષત્રોનાં ભ્રમણ અને સતત ગતિ, આ બધું શું છે, કઈ રીતે ચાલે છે અને તેના નિયમો શું હશે? વળી પૃથ્વી પરની સઘળી જીવસૃષ્ટિ, જાત-ભાતનાં પ્રાણીઓ, પક્ષીઓ અને વૃક્ષ, વનસ્પતિ, આ બધું પણ કેવી રીતે અને કઈ રીતે કામ કરે છે? આવા પરમાણુથી લઈ વિશાળ બ્રહ્માંડ સુધીના અનેક પ્રશ્નો મારા મનમાં સતત દિવસ અને રાત ઘૂમ્યા કરતા!

આ બધામાં મારા મનમાં મૂળ વાત અને પ્રશ્ન એ હતો કે આ સતત ગતિશીલ અને કાર્યરત બ્રહ્માંડ પર શાસન કરનારા કે તેને ચલાવનારા કોઈ મૂળભૂત નિયમો કે કાયદા હશે કે કેમ અને હોય તો તે શું છે? આ સમગ્ર વિશ્વ આપણે સમજી અને જાણી શકીએ કે કેમ અને જો એ શક્ય હોય તો બ્રહ્માંડને તેની સંપૂર્ણતામાં સમજવાનો માર્ગ કયો છે?

આ કાર્ય જ મને અતિ રસપ્રદ જણાતું. આ સઘળા પ્રશ્નો મારા મગજમાં બધા સમયે એકધારા ચાલ્યા કરતા અને આ એક જ વાત ત્યારે મને મહત્ત્વની જણાતી. એ સિવાયની મોટી કારકિર્દી બનાવવી, ઘણા પૈસા કમાવા કે મોટી સત્તા હાંસલ કરવી એ બધી વસ્તુઓ મને અગત્યની જણાતી નહીં. જીવનમાં કરવા જેવું કામ હોય તો આ એક જ છે અને બીજું બધું એવું ખાસ રસપ્રદ નથી એવી સ્પષ્ટતા ત્યારે પણ પૂરેપૂરી હતી.

આપણે ત્યાં એક મહાન અને ભવ્ય ગ્રંથ બ્રહ્મસૂત્ર છે. અત્યંત ટૂંકાણ અને છતાં ભારે ઊંડાણમાં એ સૃષ્ટિની રચના તથા તેના મૂળ તત્ત્વની ચર્ચા અને નિરૂપણ કરી આપે છે. તેની શરૂઆતમાં પહેલું જ સૂત્ર છે, 'અથાતો બ્રહ્મજિજ્ઞાસા.' કદાચ એમ કહેવું હોય તો કહી શકાય કે મારા જીવનની શરૂઆત પણ કંઈક એવી જ રીતે થઈ: 'અથાતો બ્રહ્માંડ જિજ્ઞાસા!'

૨. વિજ્ઞાનનો માર્ગ:

વિજ્ઞાનનો વધુ અભ્યાસ કરતાં, તેમાં ઊંડા ઊતરતાં તથા મોટા વિજ્ઞાનીઓનાં જીવન જોતાં, વિચારતાં એ ખબર પડી કે આ પ્રશ્ન માટે વિજ્ઞાનનો જવાબ એવો છે કે એ તો કેવળ ગણિત છે જે બ્રહ્માંડનાં રહસ્યોને જાહેર અને ખુલ્લાં કરી દઈને સમજવા માટેની એક જાદુઈ આંખ છે. તેમાં એવી એક સંમતિ અને વાત બહાર આવતી હતી કે વિજ્ઞાન અને વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા સૃષ્ટિના મૂળ નિયમો જાણી શકાય છે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈન, મેક્સ પ્લાન્ક અને તેવા જ અન્ય મહાન વૈજ્ઞાનિકોના વિશ્વને સમજવાના તીવ્ર અને અદ્‌ભુત

પ્રયત્નોએ મારા યુવાન મનને ભારે આકર્ષિત કર્યું. તેમાં પણ આઈન્સ્ટાઈને જે કહ્યું હતું, તેમાં તેમની મૂળ વાત અને સૂત્ર એ જ હતાં કે આપણે તો ભગવાનનું મન, એટલે કે બ્રહ્માંડના મૂળભૂત નિયમો, કાયદા જાણવા સમજવા છે; બાકી બધું તો બિન-અગત્યની કેવળ વિગતો માત્ર જ છે!

આ સમયગાળામાં હું વારંવાર વિચારતો કે, શું આપણે પ્રકૃતિની સંપૂર્ણ ઘટનાનું વર્ણન કરવા માટે એક ચોક્કસ એકીકૃત યુનિફાઇડ સિદ્ધાંત આપી શકીએ ખરા? આપણે પ્રકૃતિને જુદા જુદા ભાગ- વિભાગમાં વહેંચી દઈએ અને પછી તે દરેક વિભાગમાં અલગ અલગ વર્ણન કરીએ એ રીત મારા માટે જરાય સંતોષકારક નહોતી. આવા ખંડિત જ્ઞાનનો શો ફાયદો? શો ઉપયોગ? આપણને જરૂર છે એક અખંડ અને સમગ્રસમાવેશક આંતરદૃષ્ટિની, જે વિશ્વને સમગ્રતામાં જુએ. ગણિતની ભાષામાં કહીએ તો, એક એવું સમીકરણ જોઈએ, જે બ્રહ્માંડને સંપૂર્ણ રૂપે સમજાવે!

આવી વાત હું ક્યારેક અન્ય લોકો સાથે કરતો ત્યારે ઘણા મને એવું કહેતા કે આટલા બધા વિચારો કરવાની જરૂર નથી, એવું બધું કંઈ જીવનમાં થાય નહીં. ભણવામાં હોંશિયાર છો તો સારા ડોક્ટર અથવા વકીલ બની જાઓ એટલે મા-બાપની બધી ચિંતા ટળે! પણ આ બધાની મને ખાસ કંઈ અસર થતી નહીં. પછી તો આવા જ હેતુ સાથે હું ગણિત અને ફિઝિક્સનો ખંતપૂર્વક અભ્યાસ કરવા લાગ્યો હતો. વિદ્યુત અને ચુંબકીયતાના નિયમો, ગ્રહોની ગતિનું વર્ણન અને એવી બધી આ દિશામાં આધુનિક વિજ્ઞાનની કેટલીયે સફળતાઓ મને હંમેશાં પ્રભાવિત કરીને આનંદિત કરી દેતી.

૩. વિશ્વને જાણનાર કોણ?:

આ સાથે જ એક એવો વિચાર પણ મારા મનમાં ચાલ્યા કરતો કે ભલે તમામ વિજ્ઞાન અને ગણિતનો ઉપયોગ કરીને ધારો કે આપણને એક એવું સમીકરણ કે ગણિતનું સૂત્ર મળી આવે જે સમગ્ર બ્રહ્માંડનું રહસ્ય સમજાવી શકે અથવા તેને આવરી લે. આપણને ખાતરીપૂર્વક કહેવામાં આવે કે આ જ સૂત્ર છે જે આખા બ્રહ્માંડનું વર્ણન કરે છે અને તેની સમજ આપી દે છે. પરંતુ શું તે પણ મને ખરેખર પૂર્ણ સંતોષ આપશે? બ્રહ્માંડના એક જ સમીકરણ પર પહોંચી જવાય તેમ માનીએ તો પણ, મારી જાતને પૂછ્યા કરતો કે શું માત્ર તે જ આપણને સંપૂર્ણ આનંદ, સંપૂર્ણ સુખ અને સંતોષ આપી શકશે?

આવા મુદ્દાઓ પર જેમ જેમ ઊંડાણપૂર્વક વિચાર ચાલતો ગયો તેમ એક બીજો અગત્યનો પ્રશ્ન પણ મનમાં ઊઠવા લાગ્યો કે, તે કોણ છે જે આ બ્રહ્માંડને જાણવા માગે છે? આ

વિચારો જેમ આગળ વધતા ગયા તેમ આમાંથી જ આપણા મનના સ્વભાવ વિશે પણ વિચારવાનું શરૂ થયું. કોણ છે જે સમગ્ર બ્રહ્માંડનો વિચાર કરે છે! હવે મેં ભારે ઝડપ અને ખંતથી એ સવાલ પૂછવાનું શરૂ કર્યું કે આ બ્રહ્માંડને જાણવા માગનાર છે કોણ? આ પૂછપરછ કોણ કરી રહ્યું છે? આ પ્રશ્નકર્તા છે કોણ?

ત્યારે ટૂંક સમયમાં જ એક સુંદર સમાધાનરૂપે મને સમજાયું કે છેવટે તો બ્રહ્માંડનું સઘળું જ્ઞાન કે વિજ્ઞાન એ સર્વ તો જિજ્ઞાસુ અથવા પ્રશ્નકર્તાના મનમાં, તેના અંતઃકરણમાં મળેલી, ઉદ્‌ભવેલી આંતર-સ્ફુરણાઓ અને પ્રકાશ, અથવા ઇનસાઇટ્સ જ છે! કોસ્મોસ પરનું તમામ જ્ઞાન એ એન્ક્વાયરર એટલે પૂછનારના મગજમાં, ચિત્તમાં મળેલી અને થયેલી આંતરદૃષ્ટિના સ્વરૂપમાં જ હોય છે અને થાય છે.

આ વિશિષ્ટ સમજના પરિણામે મેં બ્રહ્માંડની રચનાની તપાસ અને સંશોધન કરતા અન્ય ઘણા ગ્રંથો વાંચવાનું, સમજવાનું પણ શરૂ કર્યું. આમાં પશ્ચિમી ચિંતકોના ફિલસૂફીના ગ્રંથોની સાથે જ ભારતીય અને અન્ય પ્રાચીન પરંપરાઓની શોધ, વિચાર અને અનુસંધાન પણ થવાં લાગ્યાં. અલબત્ત, આ કાર્ય અતિ રસપ્રદ, સાથે ગહન પણ હતું! સ્વાભાવિક રીતે જ એવા પ્રશ્નો અને કોયડાઓ પણ ઊભા થવા લાગ્યા. પ્રશ્ન અને સમાધાનની ઉત્તમ રીત, જ્ઞાન-વિજ્ઞાન પ્રાપ્ત કરવાની પદ્ધતિ કઈ હોય? કેવી રીતે આગળ વધવું? સૌથી શ્રેષ્ઠ કાર્યક્ષમ અને ઝડપી રીત કઈ? આ અને આવા ઘણા બધા સંશયો પણ સામે આવવા લાગ્યા.

૪. શોધ અને મુલાકાતોઃ

આ સઘળાં ચિંતન અને સંશોધનને કારણે મારા માટે એક એવો દોર સહજ રીતે શરૂ થયો જેમાં હું એવા ઘણા લોકો, વિદ્વાનો, ચિંતકોને મળવા લાગ્યો, જેમણે પ્રાચીન જ્ઞાન-પદ્ધતિઓ અને પ્રાચીન ગ્રંથોનો ઊંડો વિગતવાર અભ્યાસ કર્યો હોય. મારા સામાન્ય ચાલુ કોલેજ અભ્યાસ, પ્રયોગશાળાની મુલાકાતો અને ઉત્તમ વિજ્ઞાનીઓ સાથેની ચર્ચા ઉપરાંત, મેં ઘણો સમય આપણા પોતાના તત્ત્વજ્ઞાનીઓ સાથે ચર્ચા કરવામાં અને તેમની વાતો સમજવામાં આપવાનું રાખ્યું. આ સાથે જ અનેક પ્રાચીન ગ્રંથો, પુસ્તકો વાંચવાનું પણ શરૂ કર્યું.

આ બધું મને સહજ રીતે જ અનેક વિશિષ્ટ લોકોને મળવા તરફ દોરી ગયું. મારા શાળા-કોલેજના દિવસો જ્યાં પસાર થયા તે ભાવનગરમાં એ સમયે અનેક ઉત્તમ વિદ્વાનો અને ચિંતકો વસતા હતા. તેમની સાથે મુલાકાતો અને અનેકવિધ ઉત્તમ વિષયો અને પ્રશ્નો પર ચર્ચા-વાર્તાલાપો એ મારું વ્યસન થઈ ગયું હતું!

તેમાં શ્રી મુકુન્દરાય પારાશર્ય એ

તો આપણા જાણીતા કવિ, લેખક અને વિશેષ તો શ્રીમદ્ ભાગવતના અનન્ય માર્મિક. શ્રી અનંતપ્રસાદ ભટ્ટ એ બીલખા શ્રીમન નથુરામ શર્માના શિષ્ય અને વેદાંત-ઉપનિષદોના પ્રખર અભ્યાસી. શ્રી વિરેન્દ્રભાઈ પંડ્યા જેઓ શાંતિનિકેતનમાં અભ્યાસ કરી ચિત્રકાર થયા અને અધ્યાત્મમાં પણ ઊંડા ઊતર્યા. જીવનને અદ્‌ભુત ખુલ્લી નજરે નિહાળનાર શ્રી ચંદુભાઈ પંડ્યા, તેઓ પણ પ્રોફેસર અને ચિત્રકાર. વળી શ્રીમદ્ રાજચંદ્રના અનન્ય ભક્ત એવા શ્રી મહેન્દ્રકુમાર ઉત્તમચંદ. આ તથા અન્ય આવા મિત્રો સાથે મારે ઉત્તમ વિચાર અને હૃદયસામીપ્ય સર્જાયું.

વળી તેમના દ્વારા જ એક અથવા બીજા નિમિત્તે ભાવનગરની મુલાકાતે આવતા ઉત્તમ લોકો સાથે પણ મળવાનું થવા લાગ્યું. તેમાં મારા પ્રશ્નોની હારમાળા અને જિજ્ઞાસા જોઈને શ્રી વિરેન્દ્રભાઈએ ઘણા આગ્રહપૂર્વક મને સૂચન કર્યું કે શ્રી મકરન્દ દવે ભાવનગર આવી રહ્યા છે અને તારે તેમને અવશ્ય મળવાનું જ છે! આ રીતે 1971માં મકરન્દભાઈને પ્રથમ મળવાનું થયું અને પછી તો એ વખતે તેઓ ગોંડલમાં હતા ત્યાં પણ અવારનવાર અને નિયમિત મળવાનું થવા લાગ્યું. મકરન્દભાઈએ ગોંડલમાં એક દિવસ શ્રી નાથાભાઈ જોશીને મળવા મને મોકલ્યો. પછી તો તેમની સાથે પણ મળવાનું સારું એવું થવા લાગ્યું. વળી મારા વકીલ પિતાશ્રીના મિત્ર શ્રી જેન્તીલાલ પુરુષોત્તમ મહેતા દ્વારા શ્રી વિમલા ઠકારને મળવાનું પણ બન્યું. આ જ વર્ષે 1971ના જાન્યુઆરી મહિનામાં શ્રી મહેન્દ્રભાઈએ મને કહ્યું કે શ્રી ધીરજરામ દયારામ શાસ્ત્રીજી ભાવનગર પધાર્યા છે જેઓ વેદ, વેદાંત અને આપણાં શાસ્ત્રોના તલસ્પર્શી જ્ઞાતા છે, આપણે તેમને મળવાનું છે. ત્યારે એ વર્ષના જાન્યુઆરી અને પછી એપ્રિલ મહિનામાં શાસ્ત્રીજીને મળવાનું થયું અને ઘણી અગત્યની વાતો દ્વારા સમાધાન થવા લાગ્યું.

આ સાથે જ મારું આધુનિક વિજ્ઞાન, ગણિત, પ્રયોગોનું કાર્ય તો ચાલતું જ હતું, જે મારા વિજ્ઞાનને વધુ વિકસાવી એક ઉત્તમ વિજ્ઞાની બનવા તરફ લઈ ગયું. સાથે જ આપણી પ્રાચીન ભારતીય અને અન્ય પરંપરાઓનો એક ભવ્ય આનંદ અને પ્રકાશ આપનારો અભ્યાસ પણ થવા લાગ્યો.

હવે આપણે આ પ્રાચીન અને અર્વાચીનની સહજ યાત્રાએ નીકળીશું. તેમાં આગળ જતાં એ પણ જોયું કે જે વાત મારા માટે અગત્યની હતી, મારા પોતાના અંતરની શોધ હતી, તે બધી અન્ય સઘળા સત્ય-શોધકો માટે પણ એટલી જ સાચી હતી અને છે. ખરેખર તો જે કોઈ એક અથવા બીજી રીતે સત્યની કે સાચી સમજણની શોધ કરે છે, તેમને સર્વને પણ 'વિજ્ઞાની' જ

કહેવાય! આપણે અહીંયાં મહદ્ અંશે શ્રી ધીરજરામ શાસ્ત્રીજી સાથેના પ્રસંગ અને સંવાદોની વાત કરીશું. ભવિષ્યમાં અન્ય સમયે સર્વ શ્રી મકરન્દભાઈ, શ્રી નાથાભાઈ તથા અન્ય સાથેની તલસ્પર્શી અને તત્ત્વદર્શી વાત વિષે પણ લખવાનું થશે.

૫. તારા અને ગ્રહ-નક્ષત્ર શું કહે છે?:

આમ તો શાસ્ત્રીજી અને મારી વચ્ચે ઉંમરનો તફાવત સારો એવો મોટો હતો. આથી ઘણીવાર બધા સાથે બેઠા હોઈએ ત્યારે અથવા એકલા પણ અમે તેમને શાસ્ત્રીબાપા, અથવા તેમના વિષેની વાતમાં તેમનો કેવળ 'બાપા' તરીકે પણ ઉલ્લેખ કરતા.

અહીંયા મજાની વાત એ હતી કે અમારા જ્ઞાન, વિજ્ઞાન અને બ્રહ્માંડ વિશેના સંવાદોમાં સમય અને વયનો તફાવત કદી વચ્ચે આવતો નહીં. હું ઘણી વાર પોતાનું વિજ્ઞાનનું બળ શાસ્ત્રીજી સામે અજમાવવા પ્રયત્ન કરતો પરંતુ તેમાં મને મોટેભાગે વિશેષ સફળતા મળતી નહિ. ઘણુંખરું તો એવું બનતું કે શાસ્ત્રીજી આખી વાતને અને સઘળી ઘટનાઓને એક એવા જુદા જ પરિપ્રેક્ષ્યમાં મૂકી દેતા જેની મેં કલ્પના પણ ન કરી હોય. આથી જ મારે માટે આ સંવાદો વારંવાર આનંદ, ઉત્તેજના તથા કંઈક નવી જ પ્રકાશપ્રાપ્તિના પ્રસંગો બની જતા.

મારો શાળા-કોલેજથી શરૂ કરીને એક મિત્ર હતો, જે ગણિતમાં તો ભારે ખાં. બધા પ્રકારની જટિલ ગણિતીય સમસ્યાઓ અને કોયડાઓની ગણતરીમાં જબરો હોંશિયાર હતો. હવે એવું બન્યું કે કોઈ ચોક્કસ સમયે આ મિત્રને ગ્રહો અને નક્ષત્રોની સ્થિતિ અને માનવ-જીવન પર તેનો પ્રભાવ એ બધી ગણતરીઓ કરવામાં ખૂબ જ રસ પડ્યો. ભાઈબંધે તો જ્યોતિષવિદ્યાનાં અનેક પુસ્તકો અને પંચાંગો વગેરે ઘણાં સંગ્રહિત કર્યાં અને એ બધાં ઉથલાવવા માંડ્યો. તે પછી તે બધાંનો ઉપયોગ કરી તેણે સમયની ગણતરી અને આગાહી કરવાનું શરૂ કર્યું.

બધાને પોતાનું ભવિષ્ય જાણવાની જિજ્ઞાસા તો હોય જ છે. તેમાં એવું કૈંક બની ગયું જે એક ભારે સમસ્યાભરી કટોકટી તરફ દોરી ગયું! મિત્રએ એવી ગણતરી કરી કે તેની પોતાની કુંડળીમાં ગ્રહોની ગોઠવણી એવી છે કે તે તેના માટે ખૂબ જ ખરાબ ભાવિની આગાહી કરે છે. તેણે એવી તારવણી કાઢી કે હકીકતમાં જ્યારે તે ગ્રહોના અમુક ચોક્કસ જોડાણ બનશે ત્યારે એકાદ-બે વર્ષમાં જ પોતાનું મૃત્યુ નિશ્ચિત છે.

આ તો એક ઘણી ચિંતાજનક બાબત હતી અને તેનાથી તેનું પોતાનું જીવન અને બધાં દિવસ-રાત એકદમ દયનીય બની ગયાં! પછી તો મિત્રએ પોતાનો અભ્યાસ, મિત્રો સાથેની રમત-ગમત, તેની ભાવિ કારકિર્દીની બધી યોજનાઓ અને પોતાના આગળના ભવિષ્યની બધી

રુચિ ગુમાવી દીધી. અલબત્ત નજીકના મિત્ર તરીકે આ બધી વિગતો મને પણ કહેવામાં આવી હતી.

આ સંયોગોમાં મેં મારા મિત્રને સમજાવવાનો ઘણો પ્રયાસ કર્યો, કે ભાઈ આ બધી વાતો મૂક, તારે આ પ્રકારની આગાહીઓ પર આવું અને આટલું ધ્યાન આપવું જોઈએ નહીં. મેં મારા મિત્રને એવું સમજાવવાનો પ્રયત્ન પણ કર્યો કે તું જે પુસ્તક અને બીજું બધું વાંચી રહ્યો છે તે સર્વ કદાચ સચોટ અને સાચાં ન પણ હોય. વળી તે કરેલી ગણતરી પણ સાચી હોય કે ન પણ હોય વગેરે. પરંતુ આ કંઈ મિત્રને હૈયાધારણ આપી શક્યું નહિ. એ તો કહેતો કે તું મારી વાતને ગંભીરતાથી લેતો નથી. આથી તે તો બસ દિન બ દિન ખૂબ કંગાળ મનોદશામાં સરી પડ્યો. નિરાશાવાદી વલણ તરફ સરી ગયો! અલબત્ત, પછી તો એણે આગાહી કરેલો સમય પણ પસાર થઈ ગયો અને મિત્રને કંઈ થયું નહીં. જો કે તેને મગજમાં એવું ભૂત ભરાયેલું રહ્યું કે પોતાની ગણતરી આટલી ખોટી અને નિષ્ફળ કેવી રીતે બની! એટલે એ નવેસરથી પોતાની ગણતરી કરવાની ભાંજગડમાં પડ્યો.

૬. જ્ઞાન કે અજ્ઞાન?:

આ જ અરસામાં મારો ફરીથી શાસ્ત્રીજી સાથે મળવાનો અને મુલાકાત-સંવાદનો યોગ થયો. મેં પોતાના નજીકના મિત્રની આ વ્યથા અને કથા વિગતે સંભળાવી.

તે બધું કહીને પછી મેં કહ્યું,

''જુઓ બાપા, મારા મિત્રના આ જ્યોતિષના જ્ઞાને તેની આ અવદશા કરી છે!''

મારી આ બધી લાંબી વાર્તા સાંભળ્યા પછી પહેલા તો શાસ્ત્રીજીએ જરા મંદ હાસ્ય કર્યું અને પછી તેમણે ધીમેથી કહ્યું,

''સારું ભાઈ, જુઓ, સહુથી પ્રથમ તો એ સમજી લઈએ કે તારી આ વાતમાં થોડા સુધારની જરૂર છે! તારા મિત્રને જ્યોતિષનું 'જ્ઞાન' હતું તેનાથી તે દુઃખી થયો એ વાતમાં તથ્ય નથી. હકીકતમાં તો આ તેની જાણકારીનો અભાવ અથવા તેનું અજ્ઞાન છે, જેણે તેની આ દયનીય દશા કરી છે. એટલી વાત તો તું ખાતરીથી જાણી લે કે આપણાં દરેક દુઃખ માત્રનું મૂળ કારણ એ કેવળ અજ્ઞાન જ છે! જ્યાં પણ તમે કોઈ પણ પ્રકારનું દુઃખ જુઓ છો, કોઈ પણ વ્યથા કે સમસ્યાઓ જુઓ છો ત્યાં એ તો નિશ્ચિત અને ખાતરીથી જાણો કે તે એક અથવા બીજી રીતે આપણા અજ્ઞાન દ્વારા જ સર્જાયું છે.''

શાસ્ત્રીજી પોતે આપણા પ્રાચીન શાસ્ત્રોના વિદ્વાન પણ હતા, આથી તેમણે વિશેષ સમજાવ્યું,

''વાસ્તવમાં જ્યોતિષશાસ્ત્ર મૂળભૂત રીતે બે વિભાગ ધરાવે છે. પ્રથમ વિભાગ એ ગણતરી છે, જેમાં ગ્રહો

અને નક્ષત્રોની સ્થિતિ, તેની ગણતરી, સ્થાન અને તે બધું આવે. આને ગણિત કહે છે જે સામાન્ય રીતે ઘણું સચોટ હોય છે. તે પછીનો બીજો ભાગ એ આ ગણિત પરથી આગાહી અથવા ફળાદેશનો છે. આ ફળાદેશમાં ઘણી વ્યાપક અને વિશાળ ગેરસમજ ઊભી થાય છે. અહીં અતિ મહત્ત્વની વાત એ છે કે આવી આગાહીઓ સાચી પડવા માટે ઘણા જ શુદ્ધ મન, અંતઃકરણની આવશ્યકતા રહે છે. આ વાત આયુર્વેદ તથા જ્યોતિષના ગ્રંથોમાં સ્પષ્ટ જણાવી છે. આ સઘળું બરાબર સમજવું જોઈએ. જ્યારે પણ મન શુદ્ધ હોતું નથી ત્યારે આવી આગાહી ક્યારેય સચોટ નહીં થાય. આ જ કારણ છે કે જ્યારે જ્યારે વ્યાપારી રીતે જ્યોતિષવિદ્યા કરવામાં આવે છે ત્યારે તેમાં ઘણી વિસંગતતાઓ હોય છે અને બહાર આવે છે.''

શાસ્ત્રીજીએ અહીં જે ફળાદેશની વિસંગતિની વાત કરી તેમાં એક રસપ્રદ વૈજ્ઞાનિક પાસું છુપાયેલું છે. ખરેખર તો માનવ-જીવન એ કુદરત તથા સમાજના અનેકવિધ અને અગણિત પાસાઓનો સરવાળો છે. હવે જે ગણિત થાય છે તેમાં આ સઘળા પાસાઓ નોંધાયેલા તો જરૂર હોય છે પરંતુ તેમને સૂક્ષ્મ અને સમગ્ર રીતે સમજવા માટે અતિ તીવ્ર અને વિશાળ બુદ્ધિ સાથે આંતરપ્રજ્ઞાની આવશ્યકતા રહે છે. માત્ર ગણિત અને ગ્રહ-નક્ષત્રોની ગણતરીઓ એ ફળાદેશ માટે પૂરતાં નથી. ગણિત દ્વારા અભિવ્યક્ત થતાં કુદરતનાં આ વિવિધ પરિબળો કેવી રીતે એક સાથે કામ કરે છે, એકબીજા સાથે કેવી રીતે સંકળાયેલ છે એ જ્યાં સુધી આંતરપ્રજ્ઞા દ્વારા સમજવામાં ન આવે ત્યાં સુધી સમગ્ર જ્યોતિષનો કોઈ વિશેષ અર્થ રહેતો નથી.

આ જ વાતને એક ઉદાહરણ દ્વારા સમજીએ. દેશ અથવા દુનિયાના બધા જ કાયદાઓ તો વિવિધ પુસ્તકોમાં અને કાયદાના સંશોધનગ્રંથોમાં ભર્યા પડ્યા જ છે. પરંતુ માત્ર આ સર્વ કાયદાઓના હોવા માત્રથી ન્યાય મળી જાય કે સાચો ન્યાય થાય, અને સમાજના વિવિધ પ્રશ્નોના યોગ્ય નિર્ણય થઈ જાય એ જરૂરી નથી. સાચા ન્યાય માટે તો આ કાયદા પૂરા સમજનારા અત્યંત કુશાગ્ર બુદ્ધિના નાગરિકો અથવા વકીલો, અને સાથે જ તેવા ન્યાયાધીશોની પણ જરૂર પડે. વળી આ સાથે જ તેમની બુદ્ધિ કુશાગ્ર હોય એટલું જ માત્ર પૂરતું નથી, તેમની બુદ્ધિ એકદમ શુદ્ધ પણ હોવી જોઈએ અને વળી હૃદયમાં સાચો ન્યાય કરવાની ભાવના અવશ્ય હોવી જોઈએ. આવું હોય તો જ ગહન પ્રશ્નોનું સાચું અને ઉત્તમ નિરાકરણ આવી શકે અને સાચી સેવા થાય. જ્યોતિષ ગણિતના યોગ્ય ફળાદેશ માટે શાસ્ત્રીજીએ શુદ્ધ બુદ્ધિની જે આવશ્યકતા બતાવી તેનું આ જ તાત્પર્ય છે.

[ક્રમશઃ]

પદમપુરી

☐ હસમુખ જોષી

સવારે દસ વાગ્યે અમે પદમપુરી પહોંચ્યા. સાતતાલથી નીકળ્યા ત્યારથી જ મનમાં ઉત્સુકતા કૂદાકૂદ કરતી હતી. સો વરસ પહેલાનું જે ચિત્ર સ્વામી આનંદ અને કાકાસાહેબે દોરી આપ્યું હતું એ ભલે પૂરું યાદ ન હતું, પણ એ બન્નેએ લગભગ સરખા અનુભવનું જે વર્ણન કર્યું છે તેમાંથી સાંકડો પરિવેશ, સોમબારગિરિ બાબા અને તેમની બાટીનો સ્વાદ એટલું તો બરાબર યાદ હતું! એટલે જ પદમપુરીનાં દર્શન કરવા મન અધીર બની ગયું હતું.

અમારા છેલ્લા હિમાલયપ્રવાસ દરમિયાન કુમાઉં પ્રદેશમાં પહાડો વચ્ચે આવેલા અત્યંત રમણીય સ્થળ સાતતાલમાં સરોવર કિનારે ત્રણ દિવસ રહીને ત્યાંનું શાંત પર્વતીય સૌંદર્ય અને અપાર પંખીસમૃદ્ધિ મન ભરીને માણી લીધા પછી હવે આગળ ક્યાં જવું તેની વિચારણા કરવા બેઠા. કુમાઉં મંડલ વિકાસ નિગમના ગેસ્ટહાઉસમાં અમારો ઉતારો હતો. બે દિવસ પછી શિવરાત્રિનો પવિત્ર તહેવાર આવતો હોવાથી તે દિવસે કોઈ શિવાલય કે

આશ્રમ જેવી જગ્યાની મુલાકાત લેવાનો વિચાર હતો. ગેસ્ટહાઉસમાં અમારા ત્રણ સિવાય કોઈ બીજા પ્રવાસીઓ ન હતા. તે રાત્રે કેન્ટીનમાં બેસીને ભોજન કરતાં કરતાં આસપાસનાં સ્થળો અને ક્યાં જવું એ વિશે ચર્ચા કરી રહ્યા હતા. અમારા ત્રણમાં એક મિત્ર રાજસ્થાની ફોટોગ્રાફર હોવાથી વાતચીત હિન્દીમાં જ ચાલતી હતી. અહીંનો મુખ્ય રસોયો રસપૂર્વક અમારી વાતો સાંભળી રહ્યો હતો તે વચ્ચે બોલ્યો-

'આપ પદમપુરી જા સકતે હો, વહાં રહેને કે લીએ હમારા ગેસ્ટહાઉસ ભી હૈ'

પદમપુરી!

નામ સાંભળતાં જ લગભગ ઊછળી પડ્યો! સ્વામી આનંદ અને કાકાસાહેબે લખેલ હિમાલય- વર્ણનો નજર સામે રમવાં લાગ્યાં. ખાખીબાવાનું અલ્મોડા અને સોમબારગિરિ બાબાની પદમબોરી જાણે દૃષ્ટિ સામે પ્રત્યક્ષ થયાં. કહેવાની જરૂર નથી કે વધુ કંઈ વિચાર્યા વગર જ પદમપુરીના નામ ઉપર સિક્કો મારી દીધો. અહીં બેઠા બેઠા જ સવારની ટૅક્સીની ગોઠવણ પણ કરી લીધી.

વહેલી સવારે અમારી જીપ ભીમતાલ પાસે થઈને પર્વતોમાં વાંકાચૂકા માર્ગે દોડી રહી હતી. આ વિસ્તારમાં અગાઉ અનેકવાર આવ્યો હોવા છતાં પદમપુરી તો પહેલીવાર જ જઈ રહ્યો હતો. મનમાં એક ઉત્તેજના વ્યાપી ગઈ હતી. જેમને કાયમ આદર્શરૂપ માની પ્રેરણા પામતો રહ્યો છું એવા બે મહાનુભાવોનાં પગલાં જ્યાં પડ્યાં હતાં એવા વધુ એક સ્થળે જવાની તક અનાયાસ જ ઊભી થઈ હતી પછી મનમાં આનંદ કેમ ન હોય?

કાકાસાહેબ, સ્વામી આનંદ અને આનંદબુવાએ ૧૯૧૨માં અલ્મોડાથી તેમનો હિમાલયપ્રવાસ પ્રારંભ કર્યો ત્યારે એક દિવસ પદમપુરીમાં રોકાઈને સોમબારગિરિ બાબાની મુલાકાત લીધી હતી. એ સમયે આ સ્થળ પદમબોરી તરીકે ઓળખાતું હશે એમ લાગે છે.

પદમપુરી આશ્રમ

ગૌઢા નદીનું અપૂર્વ સૌંદર્ય

કાકાસાહેબે લખ્યું છે કે-

'સોમબારગિરિ જે સ્થાને રહેતા તેને પદમબોરી કહે છે. જગ્યા બધી રીતે કાવ્યમય છે. ત્રણ બાજુ ત્રણ મોટા મોટા પહાડ અને વચમાંથી એક નાનકડી નદી વહે છે. આ ત્રણ પહાડ એટલા બધા ઊંચા અને એટલા પાસે છે કે, નદીને કાંઠે બેસીને ઉપર જોવાથી આકાશની વિશાળતા નષ્ટ થઈને તે એક ત્રિકોણાકૃતિ ચંદરવો હોય એમ ભાસતું.'

અમે લગભગ દસ વાગ્યે પદમપુરી પહોંચી ગયા. જીપ એક નાનકડા ગામમાંથી પસાર થઈને બહાર આવેલા કુમાઉં મંડલ વિકાસ નિગમના વિશાળ ગેસ્ટહાઉસના પ્રાંગણમાં ઊભી રહી. અગાઉથી જ બુકિંગ કરાવેલ હોવાથી તેના કર્મચારીઓએ રૂમ તૈયાર રાખ્યો હતો. અહીં પણ અમારા સિવાય કોઈ અન્ય પ્રવાસી ન હતા. ક્યાંથી હોય? આ કોઈ મોટું મહત્ત્વનું સ્થળ તો છે નહીં. રસ્તે પસાર થતા યાત્રીઓની સગવડ માટે જ આ અતિથિગૃહ બાંધવામાં આવ્યું છે.

આકાશ એકદમ ઘેરાયું હતું અને જીપમાં હતા ત્યારે જ છાંટા ચાલુ થઈ ગયા હતા. અહીં પહોંચ્યા પછી તો વરસાદ ઠીક ઠીક વધ્યો એટલે બહાર તો નીકળી શકાય તેમ ન રહ્યું. ૨૦૨૧ના માર્ચ મહિનાની દસમી તારીખ હતી. મહા વદ બારસનો દિવસ એટલે વળતા

દિવસે જ શિવરાત્રિનો તહેવાર આવતો હતો. શિવરાત્રી એટલે હિમાલયમાં ખૂબ મોટું માહાત્મ્ય ધરાવતું પર્વ. શિવાલયો અને આશ્રમોમાં સ્થાનિક લોકોના મેળાઓ લાગે અને આબાલવૃદ્ધ બધા જ આ દિવસે દેવસ્થાનોમાં ઊમટી પડે. કામકાજમાં સ્વયંભૂ રજા પાળે અને કોઈ ખેતરમાં પણ ન જાય! આ દિવસે લોકજીવનમાં નજર કરવાની તક મળે છે.

ગેસ્ટહાઉસની બારીમાંથી જોતાં જ નીચે વહેતી એક નાનકડી નદી નજરે ચડી. સામે પાર એક મોટો પહાડ ઊભો હતો, તેને પેલે પાર બીજો પણ દેખાતો હતો. એક પહાડની કાંધમાં તો અમારું ગેસ્ટહાઉસ હતું જ. ખરેખર કાકાસાહેબે કહ્યું તેમ નદીના પટમાં ઊભા રહીએ તો આકાશ એક લાંબા ચંદરવા જેવું જ દેખાતું હતું! હિમાલયમાં આવા અગણિત દેખાવ ભલે જોયા હોય છતાં એકરૂપતાને બદલે દરેક સમયે વૈવિધ્યતાનો જ અનુભવ થાય એ પહાડોની આ વિશેષતા છે.

બપોર પછી વરસાદ કંઈક ઓછો થયો પણ છાંટા તો ચાલુ જ હતા. હિમાલયમાં હોઈએ અને રૂમમાં ભરાઈ રહેવું કેમ પાલવે? હવે ધીરજ પણ રહી ન હતી. રેઈનકોટ ચડાવીને નીકળી પડ્યા. સાથીઓના મનોભાવ કેવા હોય એ તો ખબર નહીં. અમારા હિન્દીભાષી સાથીએ તો કાકા કે સ્વામીજીનું કોઈ લખાણ વાંચ્યું ન હોવાથી તેમનું વર્તન તો સ્વાભાવિક જ હતું પણ મારું મન તો જૂનાં વર્ણનોનાં પ્રદેશમાં વિહાર કરવા નીકળી પડ્યું હતું! મુક્તેશ્વરના પહાડ પરથી ઊતરી આવતી સડક ઉપર અમે ચાલતા હતા. બાજુમાં જ નદી વહેતી હતી. કદાચ વરસો પહેલાંની પેલી પગદંડી આ સડક નીચે જ દબાયેલી હશે કે જેના ઉપર ચાલીને પેલા યાત્રીઓ અહીં પહોંચ્યા હશે. તેમનું સ્મરણ કરતો કરતો જ હું એ જૂના પંથે ચાલી રહ્યો હતો. એ વખતની લાગણી કેમ વ્યક્ત થઈ શકે? આસપાસનો અવર્ણનીય પરિવેશ તેમની નજરે જ જોવાનો પ્રયત્ન કરી રહ્યો હતો એમ કહું તો ખોટું નહીં. સ્વામીજીએ લખ્યું છે કે અહીં ગામ જેવું કંઈ નથી પણ આજે તો એક સુંદર નાનકડું ગામ નજરે ચડતું હતું. સમૃદ્ધ ખેતરોથી આખો પ્રદેશ છવાયેલો હતો. કિસાનોની તનતોડ મહેનતની સાબિતી આપતાં અનેક ગ્રીનહાઉસ દેખાતાં હતાં. નદી તો નદી કહેવા કરતાં મોટું ઝરણું કહેવાય એવડી જ હતી પણ તેની હાજરીથી જ આ સમૃદ્ધિ આવી છે એ સ્પષ્ટ જણાતું હતું. આ નદીનું નામ ગૌદા હતું એ પાછળથી જાણવા મળ્યું.

લગભગ પોણો કિલોમીટર ચાલીને અમે પદમપુરી ગામે પહોંચ્યા.

નદીને સામે પાર જ મંદિર અને બીજાં મકાનો દેખાતાં હતાં એટલે એ જ આશ્રમ હશે એમ અનુમાન કરવું અઘરું ન હતું. ગામનાં મકાનો ચાલુ થયાં ત્યાંથી જ એક પગદંડી નીચે નદીમાં

આશ્રમ પરિવેશમાં મંદિરો

ઊતરતી હતી. થોડે દૂર એક નાનો પુલ પણ દેખાતો હતો પણ અમે પુલ ઉપર ચાલવાને બદલે નદીમાં ઊતરીને જવાનું પસંદ કર્યું. નદીમાં નિર્મળ પાણી વહેતું હતું પણ પ્રવાહ સાવ ક્ષીણ હતો. વચ્ચે મૂકેલા પથરા ઉપર ઠેકીને સામે પાર ગયા. અહીં યાદ આવ્યું કે કાકાસાહેબે લખ્યું હતું કે, બાબાનાં દર્શને જતા પહેલાં હાથપગ ધોઈને જવું એવો નિયમ હતો. નદી વટીને જવાનું હોવાથી એ નિયમ સહેજે પળાતો હતો. અમે ગયા ત્યારે વરસાદ ચાલુ જ હતો અને અમારા રેઈનકોટ નીતરતા હતા એટલે સ્નાન કર્યું એમ મન મનાવી લીધું!

આશ્રમ પરિવેશ વિશાળ હતો પણ પાછળ જ જબરો પહાડ ઊભો હોવાથી સમતળ જમીન તો ન હતી. હિમાલયમાં જેમ સોપાનશ્રેણી જેવાં ખેતરો હોય છે તેમ અહીં પણ ઉપર નીચે બેત્રણ નાનકડી ભૂમિ હતી. પરિવેશમાં એક ઉપર એક એમ અનેક નાનાં નાનાં મંદિરો હતાં. એક યજ્ઞશાળા હતી. સોમબારગિરિ મહારાજ પછી ગાદીએ આવેલા એક સંતની પ્રતિમા પણ એક મંદિરમાં જોવા મળી. અમે બધે જ દર્શન કર્યાં. વયોવૃદ્ધ મહંત તેમના ઓરડાની બહાર બેઠા હતા. અનેક સેવકો શિવરાત્રિની તૈયારીમાં વ્યસ્ત દેખાતા હતા.

મહંતશ્રીએ પ્રેમથી આવકાર આપ્યો અને સામે પાથરેલી ચટાઈ ઉપર બેસવા કહ્યું. અરધા પલળી ગયા હતા અને ઠીક ઠીક ઠંડી તો હતી જ. મહંત પારખી ગયા, એક સેવકને સગડી લાવવાની આજ્ઞા કરી. તરત જ એક સગડીમાં

ઠીક ઠીક બળતણ નાખીને અમારી વચ્ચે મૂકી દેવામાં આવી! પછી ગરમાગરમ ચા પણ આવી ગઈ. વાત વાતમાં મેં મહંતને જણાવ્યું કે, આજથી એકસો દસ વરસ પહેલાં મહાત્મા ગાંધીજીની નિકટના બે અનુયાયીઓ અહીં દર્શને આવેલા અને સોમબારગિરિ મહારાજને મળ્યા હતા. આ વિશે તેમનાં પુસ્તકોમાં વિસ્તારથી લખ્યું છે. મહંતશ્રીએ આ વાત પર સારું આશ્ચર્ય અને રસ દર્શાવ્યાં. તેઓ કાને સાવ ઓછું સાંભળતા હોવાથી એક સેવક બાજુમાં ઊભા રહીને અમે જે બોલીએ તે જોરથી તેમના કાનમાં કહી સંભળાવતો હતો.

પછી થોડી જ વારમાં અમારા માટે પ્રસાદ આવ્યો. ભઠ્ઠામાં શેકેલાં શક્કરિયાં અને કેળાં ભરેલી થાળી સામે આવી અને એ સાથે જ પદમપુરીમાં પગ મૂકતાં જ મનમાં જે રમતી હતી એ સોમબારગિરિ બાબાની બાટી ફરીવાર તાજી થઈ ગઈ! સ્વામી, કાકા અને બુવા અહીં આવ્યા ત્યારે બાબાએ તેમને પ્રસાદ તરીકે પોતાની બાટીમાંથી જ ભાગ આપેલો. એ વખતનું વર્ણન કરતાં સ્વામીજીએ લખ્યું છે –

'મહાત્માની વાણી સાંભળવામાં અલૌકિક આનંદ થતો હતો. થોડીક ક્ષણોમાં મારામાં કેટલું પરિવર્તન થયું હશે કોણ જાણે! મારા જીવનમાં કેટલાંક નવીન તત્ત્વો ઉમેરાયાં, અને હું સાવ બદલાઈ ગયો! મારી વૃત્તિઓએ એક જુદો જ વળાંક લીધો. આયુષ્યનો એક નવો જ ક્રમ શરૂ થયો. બે-ત્રણ કલાક ક્યાં પસાર થયા કાંઈ સમજાયું નહિ. મહારાજે પોતાની ધૂણીમાં પકવેલી એકાદ ઈંચ જાડી બાટીનો ટુકડો અને થોડી ચટણી ખાવા આપી. એની મીઠાશનું વર્ણન કરવાની શક્તિ માનવીની લેખિનીમાં નથી. મારી જિંદગીમાં આટલો મીઠો સ્વાદ મેં ચાખ્યો નહોતો. (આ ખાલી વર્ણન નથી હોં કે! હું તે દિવસે હતો એટલો સુખી મારી જિંદગીમાં કોઈ દિવસ થયો નથી.) સુદામાના તાંદુલ જાંબુવંતી વગેરેને કેવા મીઠા લાગ્યા હશે એનો પ્રત્યક્ષાનુભવ તે દિવસે થયો.' ('હિમાલયનાં તીર્થસ્થાનો' પુસ્તકમાંથી)

કાકાસાહેબે બિલકુલ સમાન અનુભૂતિનું વર્ણન કરતાં લખ્યું-

'અહીં સોમબારગિરિ બાવાએ પોતાની બાટીમાંથી એક એક કકડો અમને આપી દીધો. એટલું પવિત્ર અન્ન ખાવાનું ભાગ્ય હંમેશાં અમને ક્યાંથી મળે? તેનો સ્વાદ તો કંઈ ઓર જ હતો. સાચે જ, એટલી સ્વાદિષ્ટ રોટલી મેં બીજે ક્યાંયે ખાધી નથી. સોમબારગિરિ બાબાએ તે જ દિવસે સવારે આસપાસનાં બેચાર ગામડાંમાં જઈ, ત્યાં નિષ્પાપ ખેડૂતો પાસેથી ભિક્ષા માગીને તાજો લોટ આણેલો. તેમાં શુદ્ધ ઘી અને શુદ્ધ પાણી રેડીને જંગલનાં લાકડાં ઉપર બાવાજીએ પોતે હાથે બનાવેલી બાટી-એની પવિત્રતા અને એની મીઠાશનું વર્ણન કોણ કરી

આશ્રમમાં ધૂન સત્સંગ

શકે? ('હિમાલયનો પ્રવાસ' પુસ્તકમાંથી)

આ વર્ણનો અક્ષરશઃ તો ત્યારે યાદ ન હતાં પણ શક્કરિયાંનો સ્વાદ માણતાં માણતાં અસ્પષ્ટ રીતે પણ મનમાં એ જ ઘૂમરાતાં હતાં. સોમબારગિરિ બાબા વિશે મહાનુભાવોએ જે લખ્યું છે તેના પરથી એટલું તો સાબિત થતું હતું કે, તેઓ ઉચ્ચ વિચારો ધરાવતા મહાન સંત હતા. આજે એક સદી પછી પણ અહીંના લોકો તેમને ભૂલ્યા નથી. તેમનું નામ આજે પણ આદર સાથે લેવાય છે. અહીં તેમની બીજી કોઈ સ્મૃતિ તો નથી જળવાઈ પણ આશ્રમનું નામ જ સોમબારગિરિ બાબા આશ્રમ છે. આમેય સંતોની સ્મૃતિ તો તેમનાં પરોપકારનાં કાર્યો જ હોય છે ને.

આશ્રમનો એ જમાનાનો પરિવેશ તો આજે ક્યાંથી રહ્યો હોય? એ વેળા એક જ મંદિર હતું આજે નાની નાની દેરી જેવાં અનેક દેખાય છે. નાની ધર્મશાળા બની છે, મહંતશ્રી માટે પાકો ઓરડો છે. જમાનો બદલાય તેમ તેમ માનવીય સર્જનોમાં પરિવર્તન તો આવે જ, પણ હિમાલયે અહીં પોતાનું સ્વરૂપ જેવું ને તેવું જાળવ્યું છે. એના એ જ વિરાટ પહાડો અને નદીના રમણીય વળાંકો. જૂનાં સ્મરણોને બળ આપવા માટે આટલું પૂરતું હતું.

આશ્રમ પરિવેશમાં એક લાઇબ્રેરીનું મકાન જોઈ આશ્ચર્ય થયું. તપાસ કરતાં

જાણવા મળ્યું કે, ઉત્તર પ્રદેશનાં એક સમયના મુખ્યમંત્રી સ્વ. નારાયણદત્ત તિવારી આ ગામમાં જ જન્મ્યા હતા. તેમની સ્મૃતિમાં એ બાંધવામાં આવી છે. બીજા દિવસે અમે તેમના ઘરની મુલાકાત લીધી હતી. એ જૂની હાલતમાં જ જાળવવામાં આવ્યું છે.

લગભગ બે કલાક અહીં ગાળ્યા પછી અમે બાબાની વિદાય માગી. એમણે અમને આવતીકાલની શિવરાત્રિની ઉજવણીમાં ભાગ લેવાનું અને બપોરનું ભોજન તેમની સાથે લેવાનું આમંત્રણ આપ્યું. અમારી ઇચ્છા હોય તો અહીંની ધર્મશાળામાં રૂમ આપવાની વાત પણ કહી. અમે આભાર માન્યો અને પરત આવવા નીકળ્યા. વરસાદ થોભી ગયો હતો. ચુપચાપ ચાલતો હતો. દેહ વર્તમાનમાં હતો પણ મનમાં તો ભૂતકાળનાં ચિત્રો એક પછી એક રચાતાં હતાં.

બીજા દિવસે સવારથી જ વાતાવરણ એકદમ સાફ જોવા મળ્યું. વહેલી સવારે પહાડોમાં પંખીદર્શન કરવા થોડું ફર્યા. આશ્રમની દિશામાંથી ભજનોનાં સૂર સંભળાતા હતા. આજે કોઈ કરતાં કોઈ વ્યક્તિ ખેતરોમાં જોવા ન મળી. શિવરાત્રિનો ઉત્સાહ સર્વત્ર દેખાતો હતો.

સવારે દસ વાગ્યે અમે આશ્રમે ગયા. જાણે મેળો લાગ્યો હતો. દૂર દૂરથી સ્ત્રી, પુરુષો અને બાળકો નવાં નવાં કપડાં પહેરીને આવી રહ્યાં હતાં. દરેક દેરીઓમાં ઠીક ભીડ દેખાતી હતી. શિવજીની પૂજા થઈ રહી હતી. રસ્તામાં ફળફળાદિ અને રમકડાં વેચવાવાળાઓ પાથરણાં પાથરીને બેસી ગયા હતા. દરેક દર્શનાર્થીને પૂરી, શાકનો પડિયો પ્રસાદ તરીકે આપવામાં આવતો હતો. ઉપવાસ રાખનારને ફળ આપવામાં આવતાં હતાં. ચોગાનમાં ભજનમંડળી જામી હતી. તેમાં એક સુંદર યુવતી ધૂન ગવરાવતી હતી અને બધા ઝીલતા હતા. સોમબારગિરિ બાબા તરફ હજુ પણ લોકોને કેટલો પ્રેમ અને ભક્તિભાવ છે એ આજે પણ અનુભવવા મળ્યું.

પદમપુરી, પદ્મપુરી કે પદમબોરી જે કહો તે, સાવ સામાન્ય અને લગભગ અજાણ્યું સ્થળ છતાં તેની સાથે જોડાયેલી યાદોને કારણે મારા માટે એ તીર્થસ્થાન સમાન બની રહ્યું. આજે પણ તેને યાદ કરતાં ભાવવિભોર બની જાઉં છું.

❑❑❑

સારી રીતભાતવાળો દાનવ પણ તમને લઈ જશે નરકમાં જ.

* * *

''મનુષ્યની આંખો અદ્‌ભુત કરણ છે. જરાક જેટલી કરતબથી એ ગમે એવો મોટો અન્યાય પણ જોઈ શકવા અક્ષમ બને છે.''

- રિચર્ડ કે. મોર્ગન

કવિ કાન્તની ખુરશી

(મારાં ભાવનગરનાં સંસ્મરણો)

☐ પ્રવીણસિંહ ચાવડા

૩૨. કાળખંડોની ઊથલપાથલ

હું મારી ઓફિસમાં બેઠો હતો.

અને ઓગણીસમી સદીનો સદેહે પ્રવેશ થયો.

આગમનની જાણ કરવા માટે પ્રથમ કચેરીના સુપ્રિન્ટેન્ડન્ટ આવ્યા, 'મહારાજાસાહેબના સેક્રેટરી આપને મળવા માગે છે. આપને અનુકૂળ હોય તો-'

'મહારાજાસાહેબ?'

'જી, ભાવનગર મહારાજાસાહેબ.'

'સેક્રેટરી?'

'જી, તેઓના સેક્રેટરી.'

મારા મગજમાં કંઈ ગોઠવાય તે પહેલાં એક વિગત ઉમેરી, જે વધારે ગૂંચવે એવી હતી.

'પ્રભાશંકર. પ્રભાશંકરદાદા.'

'ફોન છે?'

'ના, રૂબરૂ, આવ્યા છે.'

'ક્યાં છે?'

'બહાર ઊભા છે.'

'અરે અરે! એમને બહાર ઊભા ન રખાય. જાઓ જલદી અને પૂરા આદર સાથે એમને લાવો.

ઇતિહાસનું માન રાખતાં શીખો!'

આવીને સામે ઊભા રહ્યા.

નામ સાંભળીને કલ્પના કરી હતી તેવી જ મૂર્તિઃ ધોતિયું, ઢીંચણથી નીચે સુધીનો સફેદ ડગલો, ખભે સોનેરી કિનારીવાળો ગડીબંધ ખેસ અને અલબત્ત, લાલ પાઘડી. નમ્રતા, વિવેક, પરંતુ સાથે સાથે ભારોભાર આત્મસન્માન.

ઊભા થઈ એમને આવકારતાં મેં વિનંતી કરી, 'આપ બિરાજો.'

મુલાકાત ટૂંકી હતી. તેઓ જે યુગનું પ્રતિનિધિત્વ કરતા હતા તેની શિસ્તઃ અમલદારની પળેપળનું મૂલ્ય હોય.

મુદ્દાસર વાત.

'મહારાજાસાહેબે આપને મળવા મોકલ્યો છે.'

'મહારાજાસાહેબને... મારી શી જરૂર પડી?'

'જી, મહારાણીસાહેબને આપનું કંઈક કામ છે. આપની સલાહ લેવા માગે છે. મુલાકાત માટે આપની અનુકૂળતા પુછાવી છે.'

*

સ્મરણકથાના લેખનમાં સાવધાની રાખવી ખૂબ જરૂરી છે એવું હું એક કરતાં વધારે વાર જુદા જુદા સંદર્ભમાં કહી ચૂક્યો છું. લખનારમાં પ્રામાણિકતા હોય, સ્મૃતિને વફાદાર રહેવાનો સંકલ્પ હોય, નવું સર્જન કરવાનો સત્યને મઠારીને વાચકની રુચિને અનુકૂળ બનાવવાનો ઉત્સાહ સહેજ પણ ન હોય, છતાં કોઈ કોઈ પ્રસંગો કે પાત્રો એવાં અસાધારણ, એવાં અદ્‌ભુત હોય કે - વાચકનો વારો તો પછી આવે - લખનારને પોતાને જ અવાસ્તવિક, અપ્રતીતિકર લાગે.

પોતાની વિશ્વસનિયતા વિશે શંકા જાય. ના, આ શક્ય જ નથી! સ્મૃતિ દગો દઈ રહી છે.

ક્યાંક વાંચેલી કે સાંભળેલી વાત છદ્મવેશે (બનાવટી પાસપોર્ટના આધારે) અંદર ઘૂસવાનો પ્રયત્ન તો નથી કરતી ને?

પાઘડી, ખેસ વગેરે અઘરાં ખરાં, છતાં આપણે છૂટ મૂકીને એમને સ્વીકારીએ, પરંતુ નામ? ભાવનગરનો ઇતિહાસ અને એમાં નામ પ્રભાશંકર.

તે તો એક જ હોયઃ સર પ્રભાશંકર પટ્ટણી.

તેથી, લખવાનું કામ અટકાવીને મેં જીવરાજભાઈ મૈયાણીને ફોન કર્યો.

અગાઉ હું જીવરાજભાઈનો ઉલ્લેખ કરી ચૂક્યો છું. આ પુસ્તક લખવામાં એમના તરફથી મને ખૂબ મદદ મળી છે.

કહ્યું, 'ભાઈ, આવો એક અલૌકિક બનાવ બન્યો હતો એમ મારી સ્મૃતિ કહે છે, પરંતુ મને વિશ્વાસ નથી બેસતો, ખાસ કરીને પાત્રના નામ બાબતે. તે સમયના ભાવનગરને લગતી રજેરજ માહિતી તમારી પાસે છે, પણ તમે વયમાં નાના. વળી, આ ક્ષેત્ર જુદું, રાજમહેલ અને રાજકુટુંબ, તો, આ માહિતી કોની પાસેથી મળે તે સૂચવી શકો?'

જીવરાજભાઈ હસતાં હસતાં કહે, 'એ માહિતી પણ મારી પાસેથી જ મળે.'

એમણે મને ખાતરી આપી, 'આપે વર્ણન કર્યું - દૂબળો આકાર, ઓગણીસમી સદીની વેશભૂષા - તે તદ્દન સાચું છે. નામ હતું પ્રભાશંકર દવે અને આખા ભાવનગરમાં પ્રભાશંકરદાદા તરીકે ઓળખાતા.'

યોગાનુયોગ જુઓ! પ્રભાશંકર દવે અને જીવરાજભાઈ પડોશી હતા, એક જ સોસાયટીમાં રહેતા.

જીવરાજભાઈના કહેવા પ્રમાણે, પ્રભાશંકર હતા રાજગોર એટલે કે રાજકુટુંબના ગોર. ઉપરાંત, મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ ખેડૂતોના કલ્યાણ માટે, તેમનાં બાળકોના શિક્ષણ માટે સ્થાપેલી કેટલીયે સંસ્થાઓ અને ટ્રસ્ટનો વહીવટ સંભાળતા.

આ પ્રકરણ લખાયું, તે પછી શ્રી ગંભીરસિંહજી ગોહિલનું પુસ્તક 'પ્રજાવત્સલ મહારાજા' મને વાંચવા

મળ્યું, જેમાં શ્રી પ્રભાશંકર દવેનો ઉલ્લેખ મહારાજાના સેક્રેટરી તરીકે છે. મદ્રાસ પ્રાંતના ગવર્નર તરીકેના મહારાજાના કાર્યકાળ દરમિયાન પણ તેઓ મહારાજાના સેક્રેટરી તરીકે સાથે જ હતા.

આજે યાદ કરું છું તો એ દશ્ય, જે તે વખતે લાગ્યું હતું તેના કરતાં પણ વધારે સમૃદ્ધ અને અર્થપૂર્ણ લાગે છે. ભાવનગર રાજ્યનું અસ્તિત્વ રહ્યું નહોતું, મદ્રાસ પછી તો ત્રીસ વર્ષ વહી ગયાં હતાં, કૃષ્ણકુમારસિંહજી દેવ થયા હતા, વર્તમાન મહારાજા હતા વીરભદ્રસિંહજી.

બધું બદલાઈ ગયું હતું, છતાં કાળના પ્રવાહની વચ્ચે, કોઈ પણ જાતના સંઘર્ષ વગર, કોઈ કોઈ નાનકડા, નિર્દોષ ટાપુઓ તરી રહ્યા હતા.

વૃદ્ધની ઓળખ બદલાઈ નહોતી. 'સેક્રેટરી ટુ ધ મહારાજા ઓફ ભાવનગર' એ શબ્દો તો મસ્તકના મણિ સમાન હતા. એ દૂર કરવામાં આવે તો, હું માનું છું કે વૃદ્ધ એક ક્ષણ પણ જીવી શકે નહીં.

અમેરિકન કવિ વોલ્ટ વ્હિટમને ગાયું છેઃ 'India is not one, India is many.'

* * *

૩૩. નીલમબાગ પેલેસની મુલાકાત

નક્કી થયા પ્રમાણે રવિવારે સવારે, મોટા રથ જેવી પેલેસની ઇમ્પોર્ટેડ કાર મારા ઘર આગળ આવીને ઊભી રહી. ભવ્ય વાહન અને યુનિફોર્મમાં સજ્જ શોફર - આટલું પૂરતું ન હોય એમ વૃદ્ધ પ્રભાશંકર પણ અતિથિને તેડવા માટે સ્વયં પધાર્યા હતા. હું બેઠો તે પછી - ના, અતિથિની સાથે નહીં - પોતે આગળ શોફરની પાસેની સીટ પર બેઠા.

પ્રોટોકોલ!

નીલમબાગ પેલેસ, એની ભવ્યતા, રાજકુટુંબ, એની ગરવાઈ - લુપ્ત થઈ ગયેલા ઇતિહાસના આ રહ્યાસહ્યા અંશો હૃદયના એક ભાગમાં વેદના જગાવે એવા હતા. લખનારને આ મુકામે રોકાવાનું મન થાય, શક્ય તેટલું વિગતે આલેખન કરવાની લાલચ થાય, પરંતુ અહીં તે પ્રસ્તુત નથી.

સેક્રેટરી મને ડ્રોઈંગરૂમ સુધી દોરી ગયા. વીરભદ્રસિંહજી પોતે ઉપસ્થિત હતા. એમણે ઊભા થઈને આવકાર આપ્યો. અહીં પોતાનું કર્તવ્ય પૂરું થયું તેથી સેક્રેટરી નમ્રતાપૂર્વક, પાછા પગે, બહાર નીકળી ગયા.

આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં શિક્ષણ અને સોશ્યોલોજીમાં બોમ્બે યુનિવર્સિટીની પીએચ.ડી.ની ડિગ્રી - વીરભદ્રસિંહજી વિશે હું આથી વિશેષ કંઈ જાણતો નહોતો. સાદું પાટલૂન, અડધી બાંયનો બુશશર્ટ - પેલેસની પશ્ચાદભૂથી જુદા તારવીને જોવામાં આવે તો ઉચ્ચ મધ્યમ વર્ગના સજ્જન લાગે.

જેન્ટલમેન.

વિનમ્રતા તો રાજવીઓનો વિશેષાધિકાર છે. (Politeness is the privilege of Kings). તખ્ત ખસેડી લો, તાજ લઈ લો.

અંતઃપુરનો પડદો ખસ્યો અને બે વડારણ આવી, બારણાની બે બાજુ એ નીચે બેસી ગઈ. તે પછી મહારાણીસાહેબ બ્રિજરાજનંદિનીદેવીનો પ્રવેશ થયો. વડારણોએ ઓવારણાં લીધાં.

થોડી ઔપચારિક વાતચીત થઈ ત્યાં ચા આવી.

એજન્ડા પર એક જ મુદ્દો હતો. મહારાણીસાહેબે ટૂંકમાં થોડી વિગતો આપી એક વિચાર રજૂ કર્યો, કન્યાઓ માટે 'નંદકુંવરબા કન્યા વિદ્યાલય' છે જ, બોયઝ સ્કૂલની જરૂરિયાત લાગે છે. પેલેસના વિશાળ પરિસરમાં હજુ ઘણો ભાગ વણવપરાયેલો પડ્યો છે. એમાં એક બાજુએ, જાહેર માર્ગ પર દરવાજો પડે એ રીતે, સ્કૂલ થઈ શકે? તે માટે, સરકારના પ્રવર્તમાન નિયમો પ્રમાણે, કેવી પ્રક્રિયા હોય? સંપૂર્ણ સુવિધાવાળું મકાન બનાવવું, ઉત્તમ શિક્ષકો લાવવા બધી તૈયારી હતી. બજેટની મર્યાદા નહોતી. સરકારી ગ્રાન્ટની અપેક્ષા નહોતી.

પ્રશ્ન આટલો હતોઃ આ બધું કર્યા પછી સરકારમાંથી મંજૂરી મળે?

હે કહેવાતા શિક્ષણવિદ! હે તંત્રના સક્ષમ અધિકારી! મારા આ નાનકડા પ્રશ્નનો ઉત્તર આપો.

મુશ્કેલી એ છે કે અઘરામાં અઘરા પ્રશ્નોના ઉત્તર આવડે, સહેલા અને ભોળા પ્રશ્નોની સામે હારી જવાય છે.

એ તંત્રમાં કામ કર્યું એ દરમિયાન યંત્રની આંતરિક કળો વિશે જેટલી જાણકારી મને મળી હતી તેના આધારે પ્રામાણિક ઉત્તર આ હતોઃ રસ્તે જતા ચાર ચોર, કાગળ પર ટ્રસ્ટ કે મંડળની રચના કરે, એની નોંધણી કરાવે, એમના શિરોમણિ એવા કોઈ નેતાના આશીર્વાદ મેળવે, તો નકોનકો નગરીમાં બધું શક્ય છે.

એમને મળે. આપને મળે કે નહીં તે વિશે શંકા.

સાથેસાથે હું એ પણ જાણતો હતો કે યંત્રમાં, કળોની વચ્ચે અને આજુબાજુ ઠીકઠીક અવકાશ હોય છે, જેમાં ખુલ્લી, શુદ્ધ હવાની અવરજવર ચાલ્યા કરે છે.

આ શ્રદ્ધાને આધારે મેં કહ્યું, 'મળે.'

પ્રક્રિયા પણ ટૂંકમાં સમજાવી.

આ બધો સમય વીરભદ્રસિંહજી નિર્લેપ ભાવે જોતા-સાંભળતા બેસી રહ્યા હતા.

બેઠક પૂરી થઈ, મેં વિદાય માગી.

તે વખતે વીરભદ્રસિંહજી ઊભા થયા અને રેશમી વસ્ત્રમાં વીંટેલું એક પેકેટ મારી સામે ધર્યું, 'આપ અમારે ઘેર પહેલીવાર પધાર્યા છો. આ એક નાનકડી ભેટ.'

હું સંકોચ સાથે જોઈ રહ્યો – આમાં શું હશે?–

અહીં આપણે, 'નવનીત-સમર્પણ'વાળા લેખથી શરૂ થયેલા આ સમગ્ર અધ્યાયના કેન્દ્ર પાસે આવીએ છીએ.

ભાવનગર ઐતિહાસિક શ્રેણીનાં પત્તાં.

લેખ પ્રગટ થયો તેનાં ત્રીસ વર્ષ પહેલાંનો પ્રસંગ હું અહીં નોંધી રહ્યો છું.

પત્તાંનો ઇતિહાસ મહારાજાસાહેબે ટૂંકમાં કહ્યો. ચિત્તલની લડાઈ. કચ્છના

કમાંગર ચિત્રકાર. શિહોરના દરબારગઢની ભીંતો પર આલેખાયેલાં ચિત્રો.

મેં કહ્યું, 'જી. શિહોર દરબારગઢમાં એ ચિત્રો મેં જોયાં છે.'

ભેટ મારા હાથમાં તો આવી પણ મને એનો ભાર લાગતો હતો, 'આટલી અમૂલ્ય, અલભ્ય ભેટ-?'

એમણે મને બોલવા દીધો નહીં, 'અલભ્ય છે તે વાત સાચી, હવે થોડા જ પીસ રહ્યા છે, પરંતુ અમે જેમને અમારા ખાસ અતિથિ માનીએ છીએ-'

* * *

૩૪. કોયલનો માળો

આમ, એ ચિત્રમાલા મારી પાસે આવી. પત્ની તથા બાળકોએ એકએક પત્તું વારંવાર જોયું.

પછી મારી સમક્ષ પ્રશ્ન આવ્યો - આનું કરવું શું?

ભેટ તરીકે કોઈના તરફની મળેલી નાનામાં નાની વસ્તુ પણ અમૂલ્ય ગણાય. એની કિંમત રૂપિયામાં નથી અંકાતી. વણલખ્યો નિયમ એ કે તે જેને અપાઈ તેને માટે જ હોય છે. તે અન્યને આપી શકાય નહીં, તેનું હસ્તાંતર થઈ શકે નહીં. હું આ સમજતો નહોતો એવું નહોતું, છતાં ભીતર વમળો ઊઠતાં હતાં. ગુંજન મને પૂછતું હતું - શું કરવું? ક્યાં રાખવું?

મનની આ સ્થિતિનું મુખ્ય કારણ એ કે મને મારી જાતમાં વિશ્વાસ નહોતો. મારાથી કોઈ વસ્તુ સચવાતી નથી. નિર્જીવ મનાતી વસ્તુઓમાં પણ ચૈતન્ય આવે છે. એમને પગ ઊગે છે, પાંખો ફૂટે છે.

ચોરો (પર્યાયઃ મિત્રો)નો ભય પણ ખરો.

આ સ્થિતિમાં ભરોસાપાત્ર, સુરક્ષિત જગ્યા કઈ?

એવી વ્યક્તિ, જેને મન ચિત્રમાલાનું, ઇતિહાસ તેમ કલાકૃતિ તરીકે મૂલ્ય હોય. જેને સોંપ્યા પછી જાળવવાની ચિંતા રહે નહીં. જેના કબજામાં એ ખંડિત કે વિકૃત તો અલબત્ત ન જ થાય (બાળકોને રમવા આપો. ચાના કપ પર ઢાંકો), ઊલટાની, નવી જીવનશક્તિ પ્રાપ્ત કરીને દિવસેદિવસે તે વધારે ઉજ્જવળ બને-

મિત્ર મેઘાણી. એફ/૫, વિઘ્નેશ્વર એપાર્ટમેન્ટ, કદંબપલ્લી સોસાયટી પાસે, નાનપરા, સુરત.

સમય બગાડાય નહીં. સવેળા પત્ર લખીને એમને જાણ કરી. તે પછી સુરત જવાનું થયું ત્યારે હું છૂટ્યો.

જેનો અધિકાર હતો તેને સોંપણી કરી.

મને હાશ થઈ.

*

હમણાં બેએક વર્ષ પર સુરત જવાનું થયું. ઉતારો અલબત્ત, મેઘાણીસાહેબના ઘેર હતો. રાત્રે એમના જમાઈ વિનોદભાઈ તથા એક મિત્ર મળવા આવ્યા હતા. અમારી બેઠક મોડે સુધી ચાલી.

એમાં એક તબક્કે યજમાનના ચહેરા પર મરમી સ્મિત ફરકવા લાગ્યું. આંખો ઝીણી કરીને થોડીવાર મારી સામે ભેદી રીતે જોઈ રહ્યા. પછી જૂની રંગભૂમિના

રાજાની અદાથી ઊભા થયા. સિદ્ધિના શિખર ઉપર ઊભેલો સમ્રાટ પોતાના વિશાળ સામ્રાજ્ય પર અહંકારભરી દૃષ્ટિ ફેરવવા લાગ્યો.

'પ્રવીણસિંહ!'

'હુકમ!'

'તમે આ અકિંચન અધ્યાપકના નિવાસસ્થાનથી પરિચિત છો જ.'

શાબ્દિક અર્થમાં અકિંચન છે તે હું જાણું છું. અધ્યાપકો માટે પેન્શનની યોજના દાખલ થઈ ત્યારે એમણે, વેપારીવૃત્તિવાળા કોઈની સલાહથી દોરવાઈ સી.પી.એફ.નો વિકલ્પ સ્વીકાર્યો હતો. પેન્શન મળતું નથી.

મેં કહ્યું, 'એવો દાવો કરી શકું.'

'છતાં, એકવાર ચારેબાજુ નજર ફેરવશો?'

મેં ફેરવી.

'વારું, શું શું દેખાય છે તે ટૂંકમાં કહેશો?'

'પુસ્તકો.'

'તે ઉપરાંત બીજું કંઈ?'

'નોંધપાત્ર કશું નહીં.'

લોખંડના કબાટ પાસે ગયા, 'આ કબાટ અને આ ચાવી. હવે, તમારી બધાની હાજરીમાં ચાવી વડે હું કબાટ ઉઘાડીશ. એમાં શું શું હશે તે અંગે કલ્પના કરી શકો છો?'

મેં કહ્યું, 'આપના મોંઘામોંઘા સૂર-'

અન્યો પણ આ રમતમાં જોડાયા, 'બનારસી સાડીઓ. પટોળાં.'

'હા હા હા!'

જાદુગરે કબાટ ઉઘાડ્યું તો અંદર હેન્ગર પર બે-ત્રણ સાડીઓ અને સાહેબનાં જીર્ણપાટલૂન.

એમણે બીજી, નાની ચાવી હવામાં ઊંચે ધરી, 'લોકરને તપાસીએ.'

મેં કહ્યું, 'અમે જાણીએ છીએ એમાં શું હશે. નોટોનાં બંડલ.'

બીજા બે પ્રેક્ષકો મંત્રમુગ્ધ બની ડોલતા હતા.

એક કહે, 'સોનાની પાટો.'

બીજો કહે, 'ડાયમંડની જ્વેલરી.'

લોકર ઊઘડ્યું. એમાં નહોતી સોનાની એક વીંટી કે કાન્તાબેન માટે કાનની બુટ્ટી, હતી માત્ર અમારી મૈત્રી.

બધાએ એકએક કાર્ડ ફેરવીફેરવીને જોયું. મેં વધારે રસપૂર્વક જોયું.

'જોઈ લીધું?'

'હા જી.'

લોકર બંધ, કબાટ બંધ. ખેલ પૂરો થયો. તેજનું વર્તુળ દૂર કરી જાદુગર વળી પાછા અમારા જેવા સામાન્ય મનુષ્ય બની ગયા અને નીચે બેસી ગયા.

આંખો લૂછી.

'હું જીવીશ ત્યાં સુધી એ અહીં જ રહેશે. અલભ્ય છે, પરંતુ નાણામાં એનું કેવું ભાષાંતર થાય તે હું જાણવા માગતો નથી. અને અમીત-'

એકનો એક પુત્ર. હું સુરતમાં હતો તે વર્ષોમાં એનો જન્મ થયો હતો.

'-અમીત કહે છે, હું પણ આને સાચવીશ, કારણ કે પપ્પાને પ્રવીણસિંહકાકા તરફથી મળેલી ભેટ છે.' **[ક્રમશઃ]**



☐ અરવિંદ ગુપ્તા ☐ અનુ.: હેમંત સોલંકી

આ લેખ વિજ્ઞાનલેખક તેમ જ વિજ્ઞાનપ્રચારક શ્રી અરવિંદ ગુપ્તાના પુસ્તક 'Bright Spark'માં રજૂ થયેલ ભારતીય ખગોળ ભૌતિક વૈજ્ઞાનિક ડૉ સુબ્રહ્મણ્યમ ચંદ્રશેખરની લઘુ આત્મકથાનો ભાવાનુવાદ છે. તારાઓના બંધારણ અને વિકાસક્રમ વિષયક ખગોળીય ભૌતિકવિજ્ઞાન (Astrophysics) શાખામાં કરેલ ચંદ્રશેખરનું સંશોધન પાયારૂપ ગણાય છે અને તેમનો 'ચંદ્રશેખર સીમા (Chandrashekhar Limit)'નો સિદ્ધાંત તારાના જીવનચક્રના અભ્યાસમાં સીમાસ્તંભ સાબિત થયો છે. ન્યૂટ્રોન સ્ટાર તથા કૃષ્ણ-વિવર (Black Hole)ની સમજ આપવા માટે તેઓ હંમેશાં યાદ રખાશે. તારાના બંધારણ અને જીવનચક્રને લગતાં અદ્‌ભુત સંશોધનોએ તેમને ખરી પ્રસિદ્ધિ અપાવી.

Indian National Science Academy (INSA), નવી દિલ્હીના પ્રાધ્યાપક એમ. વિજયન આ પુસ્તક માટેના પ્રેરણાસ્તોત્ર રહ્યા. તેમ જ ખ્યાતનામ ખગોળ વિજ્ઞાની પ્રા. જયંત નારળીકર સહિત પ્રા. માધવ ગાડગીલ તેમ જ પ્રા. ટી.પદ્મનાભન આ પુસ્તકની સલાહકાર સમિતિના સભ્યો રહ્યા. આ બધાનો સ્પષ્ટ ઉદ્દેશ હતો *"બાળકો માટે ભારતીય વૈજ્ઞાનિકોનો પરિચય થાય એવું તેમનું સંક્ષિપ્તમાં ચરિત્ર આલેખતું, સંપૂર્ણ રીતે સરળ ભાષા તેમ જ સારી એવી સચિત્ર માહિતીઓ ધરાવનાર પુસ્તક પ્રગટ કરવું."*

- શ્રી હેમંત સોલંકી, સિઉલ-સાઉથ કોરિયા, ઈ-મેઈલ : shm8324@gmail.com

વીસમી સદી એવા ઘણા વૈજ્ઞાનિકોની સાક્ષી રહી જેમણે પ્રકૃતિ વિષેની આપણી સમજણમાં ધરખમ પરિવર્તન આણ્યું. ભારતમાં જન્મેલા ડૉક્ટર સુબ્રહ્મણ્યમ ચંદ્રશેખર આવા જ તેજસ્વી વૈજ્ઞાનિકોમાંના એક હતા. ભૌતિકવિજ્ઞાન, ખગોળવિજ્ઞાન અને ગણિત વિષેની આપણી આજની જે સમજ કેળવાઈ તેમાં તેમનો નોંધપાત્ર ફાળો રહ્યો છે.

ચંદ્રશેખરનો જન્મ ૧૯ ઓક્ટોબર ઈ. સ. ૧૯૧૦માં હાલમાં પાકિસ્તાનના લાહોર શહેરમાં થયો. તેમના પિતા સી. સુબ્રહ્મણ્યમ અય્યર વિજ્ઞાન ક્ષેત્રમાં ભારતના સૌ પ્રથમ નોબેલ વિજેતા સર સી.વી.રામનના ભાઈ હતા. શ્રીમાન અય્યર ભારતીય રેલવેમાં હિસાબી -શાખા (Account Department)માં મહાલેખાપાલ (Accountant General) તરીકે ફરજ બજાવતા અને તેમને સંગીતમાં ઊંડો રસ હતો. ૧૧ વર્ષની વય સુધી ચંદ્રશેખરને ઘરે જ ભણાવવામાં આવ્યા. પછી તેમણે મદ્રાસની હિંદુ હાઈ સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો. તે પછી મદ્રાસની પ્રેસિડેન્સી કોલેજમાં ભૌતિકવિજ્ઞાનમાં B.A.નો અભ્યાસ કરવા માટે જોડાયા.

તેઓ એક ઉત્કૃષ્ટ વિદ્યાર્થી હતા તેમ જ કોઈ મહાન કાર્ય કરવા માટે ઘડાયા છે તે તેમનાં વર્તન પરથી જણાઈ આવતું. ૧૮ વર્ષની નાની ઉમરમાં જ તેમણે પોતાનું સૌપ્રથમ વૈજ્ઞાનિક સંશોધનપત્ર લખ્યો જેનું મથાળું હતું, 'Compton scattering and the new statistics' જે Proceedings of the Royal Societyમાં છપાયો. સ્નાતકનો અભ્યાસ પૂરો કરતા સુધીમાં Philosophical સામયિકમાં તેમના હજુ બે સંશોધનપત્રો પ્રગટ થઈ ચૂક્યાં હતાં. પોતાની બુદ્ધિમત્તાને કારણે ભારત સરકાર તરફથી તેમને કેમ્બ્રિજમાં સંશોધન કરવા માટે છાત્રવૃત્તિ(Scholarship) આપવામાં આવી.



ઇંગ્લેન્ડ જવા માટે પાણીના જહાજમાં મુસાફરી કરતી વખતે ચંદ્રશેખરે ખગોળીય સમસ્યાઓ ઉપર ઊંડું ચિંતન કર્યું. એક તારાનો (દાખલા તરીકે આપણા સૂર્ય જેવા મધ્યમ કદના તારાનો) અંત આખરે કઈ રીતે થાય છે? ઘણાંય વર્ષોના પોતાના વ્યાપક સંશોધનના આધારે તેમણે તારણ કાઢ્યું કે, જે તારાઓ સૂર્યના દળના ૧.૪૪ ગણા દળથી ઓછું દળ ધરાવે છે તેઓ શ્વેત વામન (White Dwarf)માં પરિવર્તન પામે છે અને તેનો નાશ થઈ જાય છે. સૂર્યના દળની તુલનામાં ૧.૪૪ ગણા કરતાં વધુ દળના તારાનું સંકોચન શ્વેત વામન સ્થિતિમાં પણ અટકે નહીં. સૂર્યના દળની ૧.૪૪ ગણી આ સીમા ખગોળીય ભૌતિકવિજ્ઞાન(Astrophysics)-માં ચંદ્રશેખર સીમા (Chandrashekhar Limit) તરીકે જાણીતી બની.

ઈ. સ. ૧૯૩૦-૧૯૩૬ના સમયગાળા દરમિયાન ચંદ્રશેખરે કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલય જઈ પ્રાધ્યાપક રોલ્ફ એચ. ફાઉલરના માર્ગદર્શન હેઠળ આ ખગોળીય સમસ્યા ઉપર સંશોધનકાર્ય કર્યું. ઈ. સ. ૧૯૩૩માં તેમણે ડોક્ટરેટ (Ph.D.)નો અભ્યાસ પૂરો કર્યો અને તેઓ ટ્રિનિટી કોલેજમાં અધ્યેતા (Fellow) તરીકે ચૂંટાઈ આવ્યા. ઈ. સ. ૧૯૩૫માં Royal Astronomical Society એ તેમને તેમણે કરેલાં સંશોધન-કાર્યોનાં પરિણામો પ્રસ્તુત કરવા માટે આમંત્રિત કર્યા. અહીં તેઓ અણધારી આફતમાં ઘેરાઈ ગયા. વિશ્વવિખ્યાત

ખગોળવિજ્ઞાની સર આર્થર એડિંગ્ટને ચંદ્રશેખરનાં સંશોધનકાર્યોનાં તારણોની સખત ટીકાઓ કરવાની સાથે સાથે તેમની ઠેકડી પણ ઉડાડી. આવા અણધાર્યા ઉગ્ર હુમલાથી ચંદ્રશેખર થોડો સમય તો ડઘાઈ ગયા પણ પછીથી પોતે તારવેલાં તારણોનો ભારપૂર્વક બચાવ કર્યો. જો કે કેટલાંક વર્ષો પછી પ્રાયોગિક અવલોકનોએ ચંદ્રશેખરનાં તારણોની પુષ્ટિ કરી. એડિંગ્ટનનાં જક્કી વલણને કારણે ખગોળવિજ્ઞાનની પ્રગતિ ઓછામાં ઓછી બે દાયકા સુધી ધીમી પડી!

જુલાઈ ઈ. સ. ૧૯૩૬માં ચંદ્રશેખર પોતાના પડોશમાં રહેતી લલિતા નામની યુવતી સાથે લગ્નગાંઠે બંધાયા. આ એક પ્રેમલગ્ન હતાં. લલિતા સ્નાતક હતાં અને એક શાળામાં મુખ્ય શિક્ષિકા તરીકે

કાર્યરત હતાં.

ઈ. સ. ૧૯૩૭માં ચંદ્રશેખર શિકાગો વિશ્વવિદ્યાલય સાથે જોડાયા અને તેના અંતર્ગત આવતી Yerks Laboratoryમાં નિયુક્તિ પામ્યા. ઈ. સ. ૧૯૪૪ સુધીમાં બહુ જલદી તેમણે પ્રાધ્યાપક તરીકે બઢતી મેળવી. ૧૯૫૦ના દસકાના આરંભમાં તેઓ મૂળ શિકાગો વિશ્વવિદ્યાલય સાથે ગાઢ રીતે સંકળાયા. ઈ. સ. ૧૯૫૩માં ચંદ્રશેખર અને તેમનાં પત્નીએ અમેરિકન નાગરિકત્વ મેળવ્યું. ચંદ્રશેખરનો પોતાના વિદ્યાર્થીઓ તરફ ખૂબજ લગાવ હતો. જે ભારતની ગુરુ-શિષ્ય પરંપરા સમાન હતો. ઈ. સ. ૧૯૪૬માં તેઓ અઠવાડિયામાં એક દિવસ પોતાની વેધશાળાથી ૨૫૦ કિલોમીટર દૂર શિકાગો સુધી પોતે મોટરગાડી હંકારીને ફક્ત બે વિદ્યાર્થીઓને ભણાવવા માટે જતા!

પણ તેમને ખબર હતી કે પોતે શું કરી રહ્યા છે. આ બે અમેરિકન-ચીની વિદ્યાર્થીઓ લી અને યાંગને ઈ. સ. ૧૯૫૭માં ભૌતિકવિજ્ઞાન માટેનું નોબલ પારિતોષિક એનાયત થયું.

ચંદ્રશેખરની કામ કરવાની પદ્ધતિ અનન્ય હતી. તેમનું માનવું હતું કે, એક મર્યાદિત ક્ષેત્રમાં વર્ષોનાં વર્ષો સુધી કામ કરવાથી વિચારશક્તિ કુંઠિત થઈ જાય છે. તેથી તેઓ દર આઠથી દસ વર્ષોમાં તદ્દન નવા ક્ષેત્રમાં કામ કરવાનું શરૂ કરતા, પોતાની બધી શક્તિઓ લગાડી તે ક્ષેત્રનો અભ્યાસ કરતા, તેમાં પારંગત બનતા, તે ક્ષેત્રમાં કંઈક મૌલિક પ્રદાનો નોંધાવતા અને પોતાનાં આ બધાં જ સંશોધનોને નિર્ણાયક પુસ્તકના રૂપમાં ગોઠવી રજૂ કરતા.

માર્વિન ગોલ્ડબર્ગરે ચંદ્રશેખર વિષે જણાવ્યું હતું કે, “તેઓ કોઈ વિષય ઉપર

પહેલાં ઘણા બધા સંશોધનપત્રો લખતાં, અને પછી તેમનું સંકલન કરી એક અસીમ દળદાર પુસ્તક પ્રગટ કરતા." અને પછી તેઓ કોઈ બીજા ક્ષેત્રમાં પોતાનું સંશોધન શરૂ કરતા. આજીવન તેઓ પોતાનાં સંશોધનક્ષેત્રો વારંવાર બદલતા રહ્યા, પણ પોતે પસંદ કરેલાં દરેક ક્ષેત્રમાં તેમણે મૌલિક ફાળો નોંધાવ્યો. તેઓ વ્યવસ્થિત રીતે મહેનત કરવામાં માનતા હતા.

અનેક મહાન વૈજ્ઞાનિકો સત્તાનાં પદો સુધી પહોંચ્યા પછી પોતાની જ સફળતાનો ભોગ બની જતા હોય છે. આનાથી વિપરીત ચંદ્રશેખર યુવા વૈજ્ઞાનિકોની સંગતમાં રહી નિરંતર પોતાનું નવીનીકરણ કરતા રહેતા.

જ્યારે કોઈ સમસ્યા ઉદ્‌ભવી વેગ પકડતી અને એક સમસ્યા કોઈ બીજી સમસ્યાને જન્મ દેતી તો તેઓ ખૂબ જ ખુશ થતા. આખરે તેઓ આ સમસ્યાનું નિરાકરણ લાવવાની જવાબદારી પોતે ઉઠાવતા અને તેને ઉકેલવી પોતાની ફરજ ગણતા.

ચંદ્રશેખરે સૌ પ્રથમ તારાકીય ગતિવિજ્ઞાન (Stellar Dynamics)ના ક્ષેત્રે કામ કર્યું, જેમાં આકાશગંગાઓના નિર્માણ અને વિકાસનો અભ્યાસ કરવામાં આવે છે. ઈ. સ. ૧૯૪૦માં તેમણે કિરણોત્સર્ગી સ્થાનાંતરણ (Radiative Transfer)ના ક્ષેત્રમાં ગયા, જેમાં તારાના વાતાવરણમાં કિરણોત્સર્ગના પ્રવાસનો અભ્યાસ કરવામાં આવે છે. ઈ. સ. ૧૯૫૦ના દસકામાં તેમણે જળગતિ સ્થિરતા (Hydrodynamic Stability)ના ક્ષેત્રે કામ કર્યું, જેમાં પાણીમાં ઊઠતા વમળ/વંટોળોનો અભ્યાસ કરવામાં આવે છે, જે અત્યંત અટપટી/પેચીદી કુદરતી ઘટના છે. ઈ. સ. ૧૯૬૦ના દસકામાં વ્યવહારદક્ષ દૂરબીનો તેમને Pulsar અને Quasar પ્રકારના તારાઓની શોધ તરફ દોરી ગઈ. આ અવલોકાયેલી ઘટનાઓની સૈદ્ધાંતિક સમજૂતી આપવી ખૂબજ જરૂરી હતું. ચંદ્રશેખરે સાપેક્ષતાના સાર્વત્રિક સિદ્ધાંત (General Theory of Relativity)ના આધાર ઉપર કૃષ્ણ-વિવર (Black Hole)નો અભ્યાસ કર્યો અને ઈ. સ. ૧૯૮૩માં પ્રગટ થયેલ પોતાના સર્વોત્તમ પુસ્તક The Mathematical Theory of Black Holesમાં પોતાનાં સંશોધનોનો સારાંશ રજૂ કર્યો.

૨૧ ઓગસ્ટ ઈ. સ. ૧૯૯૫માં તેઓ દેહાંત પામ્યા ત્યાં સુધી આ જ વિષય ઉપર તેમણે પોતાનું સંશોધન ચાલુ રાખ્યું હતું. ચંદ્રશેખરે પોતાના જીવનનો મોટાભાગનો સમય વિદેશમાં વસવાટ કર્યો. તેમ છતાં ભારત દેશ હંમેશાં તેમના હૈયામાં રહ્યો. ભારતના મહાન ગણિતજ્ઞ રામાનુજન તેમના પ્રેરણાસ્રોત હતા. જેથી તેમણે પોતાનું જીવન વિજ્ઞાનને

સમર્પિત કર્યું. મદ્રાસ ખાતે Ramanujan Institute of Mathmaticsની સ્થાપના કરવામાં તેમણે ઘણી મદદ કરી. શ્રીનિવાસ રામાનુજનનાં પત્ની જાનકી તેમના પતિના મૃત્યુ પછી અત્યંત ગરીબાઈમાં ગુજરાન ચલાવતાં હતાં. તેમને શાસકીય નિવૃત્તિ વેતન (Pension) મેળવી આપવામાં ચંદ્રશેખરે ઘણી મદદ કરી.

ચંદ્રશેખરનું પોતાના કામ પ્રત્યેના સંપૂર્ણ સમર્પણના ફળસ્વરૂપે તેમને ઘણાંયે સન્માનો તેમ જ પારિતોષિકો મળ્યાં. ઈ. સ. ૧૯૪૪માં તેઓ લંડનસ્થિત રોયલ સોસાયટીમાં અધ્યેતા (Fellow) ના પદ માટે ચૂંટાઈ આવ્યા, ઈ. સ. ૧૯૬૬માં અમેરિકાનું નેશનલ સાયન્સ પદક જીત્યા, ઈ. સ. ૧૯૬૮માં ભારત સરકારે તેમને પદ્મવિભૂષણથી સન્માનિત કર્યા, અને આ બધાંય પારિતોષિકોમાં સર્વોપરી એવું નોબલ પારિતોષિક તેમને ભૌતિકવિજ્ઞાનના ક્ષેત્રમાં યોગદાન માટે ઈ. સ. ૧૯૮૩માં એનાયત થયું.



ચંદ્રશેખરનાં પુસ્તકો અને સંશોધન પત્રો વિજ્ઞાનના ક્ષેત્રમાં સર્વોત્તમ ગણવામાં આવે છે. તેમની લખવાની શૈલી સંપૂર્ણતા, સ્પષ્ટતા તેમજ ચોક્કસાઈ ધરાવવાની સાથે સાથે પોતીકી તેમજ વિશિષ્ટ હતી. સાહિત્ય અને સંગીતમાં ચંદ્રશેખર ઊંડો રસ ધરાવતા હતા અને તમામ મહાન રશિયન સાહિત્યકારો જેવા કે દોસ્તોયવ્સ્કી, તુર્ગનેવ, ટોલ્સ્ટોય અને ચેખોવની તમામ કૃતિઓ તેમણે વાંચી કાઢી હતી. થોમસ હાર્ડી, હેનરિક ઈબ્સન, બર્નાર્ડ શૉ અને શેક્સપિયર તેમના પ્રિય લેખકો હતા. તેઓ કળા અને વિજ્ઞાન વચ્ચેના સંબંધો વિષે અવારનવાર વ્યાખ્યાનો આપતા, અને આ વિષે પોતાના પુસ્તક Truth and Beauty : Aesthatic and Motivations in Scienceમાં ખૂબજ વિસ્તૃત રીતે વિગતવાર ખુલાસો કર્યો.

અન્ય નામાંકિત વૈજ્ઞાનિકોનાં કામનો કદાચ વધુ પ્રભાવ પડ્યો હશે, પણ ચંદ્રશેખર વ્યાપક પરિપ્રેક્ષ્યમાં વિજ્ઞાનને પોતાનું જીવન સમર્પિત કરનારાઓમાં નોખા તારી આવે છે. ઈ. સ. ૧૯૯૯માં National Aeronautics and Space Administration (NASA)એ ચંદ્રશેખરે ખગોળવિજ્ઞાનમાં આપેલા સિંહફાળાના સન્માનરૂપે આજ સુધી પ્રક્ષેપણ કરેલી સૌથી વધુ વ્યવહારદક્ષ X-Ray વેધશાળાનું નામ યોગ્ય રીતે 'ચંદ્ર' રાખી આ તેજસ્વી વૈજ્ઞાનિકને હંમેશાં માટે અમર કરી દીધા.

❑❑❑



કેમ સખી ચીંધવો પવનને-૫૧

☐ અનિલ રમાનાથ જોશી

મને ખબર નથી કે હું કેવી રીતે મૃત્યુ પામવાનો છું. એ સત્ય છે કે મનુષ્ય જન્મ લેતી વખતે માત્ર એક જ માર્ગથી સૃષ્ટિપ્રવેશ કરે છે પણ મૃત્યુના અનેક માર્ગ હોય છે. અમર થઈ જવાની ભ્રાંતિમાં હું જીવ્યો નથી. ક્ષણજીવી રહ્યો છું. ભાઈ અને મકરન્દ સાથેની સંગતિએ મને હતો એના કરતાં વધુ બાળક બનાવ્યો છે. કોઈ મને બહુ સરળતાથી છેતરી શકે. ઉપયોગ પણ કરી શકે. આજે ૮૩ વર્ષની ઉંમરે પણ હું પરિપક્વ નથી થયો. પાકેલું ફળ સડી જાય, જીવાત પણ પડે એટલે જ હું કાચી કેરીની જેમ જીવી ગયો છું. રવીન્દ્રનાથે પણ ક્યાં નથી કહ્યું કે "આયરે આમાર કાચા." મારા આત્મકથાનકના કેન્દ્રમાં હું નથી રહ્યો પણ જેણે મને ખૂબ પ્રેમપૂર્વક ખભે તેડીને રમાડ્યો છે એ સર્વ વડીલો કેન્દ્રમાં છે. મારી જિંદગી અનેક હાથોથી ઘડાઈ છે એનો જ મહિમા છે. મારા કેન્દ્રમાં મા મારી

સાથે રહી છે. એની મને સતત અનુભૂતિ છે. મારા કેટલાક સમકાલીન મિત્રો પાસે હું મા વિષે વાતો કરવા જાઉં છું ત્યારે તેઓ મને બાળક માનીને હસી કાઢતા હશે. ગુજરાતી સાહિત્યમાં પરિપક્વ થવું એટલે વ્યવહારડાહ્યા થવું, આંખ આડા કાન કરવા, ખરે ટાણે મોઢું બંધ રાખવું, ચાવવાના અને દેખાડવાના દાંત અલગ રાખવા, સત્તાના વહાલા થવું અને જ્ઞાનપીઠ એવોર્ડની રાહ જોવી. મારી જાતને હું આ કેટેગરીમાં મૂકતો નથી. મારી આખી જિંદગી બાળકો સાથે જ પસાર થઈ છે. વ્યવસાય પણ માએ મને એવો આપ્યો. બહુજન સમાજની સરકારી નિશાળોમાં ભણતાં નિર્દોષ બાળકો સાથે હું જીવ્યો છું. હજારો બાળકો સાથે મારી સંગતિ રહી છે. સાહિત્યનો પરિપક્વ અધ્યાપક ના થયો એમાં માની કૃપા હતી. કોરોના સમયમાં હું મારી જાતને પૂછતો હતો કે હું આવો કેમ થયો? આનો જવાબ મને ફ્યોદોર દોસ્તોયવ્સ્કીએ આપ્યો છે : "જો તમને બધું ગમતું હોય, તો તમે વસ્તુઓમાં દૈવી રહસ્યને જોઈ શકશો. એકવાર તમે તેને સમજો પછી જ તમે તેને દરરોજ વધુ સારી રીતે સમજવા માટે પ્રારંભ કરશો. અને તમે છેવટે આખા વિશ્વને એક આકર્ષક પ્રેમથી પ્રેમ કરવા લાગશો. બાળકો સાથે રહેવાથી તમારો બીમાર આત્મા સાજો થઈ જાય છે." આ શબ્દો દોસ્તોયવ્સ્કીના છે. બીજું, દોસ્તોયવ્સ્કીએ નર્કની વ્યાખ્યા પણ આપી છે : "મનુષ્યમાં પ્રેમ કરવાની ક્ષમતા સાવ ઓછી થઈ જાય એ જ ક્ષણે નર્કનો જન્મ થાય છે." અહીં મને સમજાઈ ગયું કે એકમાત્ર મા એવી છે કે જેની પ્રેમ કરવાની ક્ષમતા ક્યારેય ઓછી થતી નથી." બીજું મને મિત્રો પણ એવા મળ્યા છે કે હું જેવો છું એવો જ મને સ્વીકારીને મને અઢળક પ્રેમ કર્યો છે, આધાર આપ્યો છે. હું કોઈ ફિરસ્તો નથી કે દેવદૂત નથી. બાળક સાથે રહીને બાળક જ રહ્યો છું. વૃદ્ધાવસ્થામાં પણ મારી આંખો અપાર વિસ્મયથી છલકાય છે. દૃશ્ય બદલાય છે.

મારી ઇન્ડિયા પાછા જવાની ટિકિટ આવી ગઈ છે. બેગ પેક થઈ ગઈ છે. હું મારી પૌત્રી હૃદા સાથે શેલીલેનના બગીચામાં રમી રહ્યો છું. સમરનો તડકીલો દિવસ છે. આકાશ સ્વચ્છ છે. મેડવે નદી પરથી શીતળ હવાની લહેરખીઓ આવી રહી છે. એવામાં એક વિમાન આકાશમાં ઊડતું હૃદાને દેખાય છે. હૃદા જોરથી વિમાન તરફ જોઈને બૂમ પાડે છે : "એ વિમાન, નીચે મત આના, દાદા નહિ આયેંગે. મેરે સાથ હી રહેંગે. ચલા જા..." એટલામાં સૂરજ માથે આવી જાય છે. હૃદા પૂછે છે : "દાદા, સૂરજ પાસે એનો બેડરૂમ નથી?" મેં તરત કીધું: "સૂરજદાદા ક્યારેય સૂતા જ નથી પછી એનો બેડરૂમ ક્યાંથી હોય? હૃદા થોડી ચૂપ થઈ અને ઘાસનાં લીલાં તણખલાં તોડવા લાગી. એ પછી થોડીવારે એક મોટું કાળું વાદળું સૂરજની આડે આવી ગયું.

તડકો જતો રહ્યો, ત્યાં જ હૃદાએ કૂદતાં કૂદતાં બૂમ પાડી : "દાદા, સૂરજદાદા અપને બેડરૂમ મેં ચલે ગયે હૈં... આપ જૂઠ બોલતે હો..." આ ક્ષણે હું સાવ ચૂપ થઈ ગયો. હૃદાની માસૂમિયત અને નિર્દોષતા જોઈને મારી આંખના ખૂણા ભરાઈ આવ્યા. એજ વખતે મને ફીલ થયું કે મોટેરાંઓ અને પરિપક્વ વિદ્વાનો મને કહેશે કે "અનિલમાં હજી બાળકબુદ્ધિ છે." એ બધાં પાકેલાં ફળને કેમ સમજાવવું કે મારી બાળકબુદ્ધિ એ જ મારી સંપદા છે એટલે તો મા મારું આટલું બધું ધ્યાન રાખે છે. બુદ્ધિની સરહદ પૂરી થાય છે એ ક્ષણે તો દોસ્તોયવ્સ્કીને એટલે જ કહેવું પડ્યું : "જો તમને બધી જ વસ્તુ ગમતી હોય તો તેમાં તમે દૈવી રહસ્યને જોઈ શકશો." મને બધી જ વસ્તુઓ ખૂબ ગમે છે એ કદાચ માની કૃપા છે. હું સામેથી બધાને હેતુ વિનાના હેતથી ફોન કરીને ખબરઅંતર પૂછ્યા કરું છું. કામ પડે ત્યારે જ ફોન કરાય એવી ચતુરાઈથી માએ મને બચાવ્યો છે. કોઈ રિસ્પોન્ડ ના કરે એ એમની સમસ્યા છે, મારી નથી. "રે" સામયિકમાં વર્ષો પહેલાં પ્રસિદ્ધ થયેલા મારા એક કાવ્યમાં એક પંક્તિરૂપે હું લખી ચૂક્યો છું : "કામગરા માણસના ટોળામાં ચર્ચાતી નવરાની વાત સમા લાગતા." મારી કેમેસ્ટ્રી લાભશંકર ઠાકર સાથે એકરૂપ થઈ ગઈ હતી. હું મુંબઈમાં અને લાભશંકર અમદાવાદમાં હોય પણ ફોન પર લાંબી વાતો સતત થયા કરતી. લાભશંકરમાં બાળક મને જીવતું દેખાયું હતું. પોતે સાવ નાસ્તિક હતા. ભગવાન બગવાનમાં બિલકુલ માને નહિ પરંતુ એ બીમાર પડ્યા એ વખતે એના અંતિમ ફોનમાં કહ્યું હતું : "અનિલ, મારું હૃદય ૭૫ ટકા નિષ્ક્રિય થઈ ગયું છે. મને મૃત્યુનો ભય નથી. મને ખબર છે કે સમય આવ્યે મા મને તેડી લેશે, હું એના ખોળામાં સૂઈ જઈશ." લાભશંકરે એના અંતિમ ફોનમાં માને યાદ કરી હતી એ એમની સર્વોચ્ચ આધ્યાત્મિકતા હતી. લાભશંકર મને અનેકવાર કહેતા: "તારાં બધાં જ સ્મરણો તું લખી નાખ, એનું સરસ પુસ્તક થશે." આજે હું "કેમ સખી ચીંધવો પવનને" આત્મકથાનકનું અંતિમ પ્રકરણ લખી રહ્યો છું એ ક્ષણે લાભશંકરને હું સખત મિસ કરું છું. મિત્ર દીપક દોશી સાથે એક દિવસ સહજ વાત થઈ. દીપકે આગ્રહ કર્યો કે તમે આ બધું "નવનીત -સમર્પણ"માં લખો. ચારેક વર્ષ પહેલાં મારી આ સ્મરણયાત્રા શરૂ થઈ તે આજે પૂરી થાય છે. આ સ્મરણયાત્રા લખાતી હતી ત્યારે ગુલામમોહમ્મદ શેખ, સિતાંશુ, વિનોદ ભટ્ટ, તારક મહેતા જેવા અનેક મિત્રો મને સતત ફોન કે વોટ્સઅપ દ્વારા પ્રેમપૂર્વક પ્રતિભાવ આપતા રહ્યા છે. સદ્‌ગત વિનોદ ભટ્ટે તો આ કથાના પુસ્તકનું શીર્ષક "બહોત નાચ્યો ગોપાલ" આપી દીધું હતું. કોરોના સમયમાં વેક્સિન લેવાની ક્ષણ આવી ત્યારે હું લાચાર થઈ ગયો હતો કે વેક્સિન લેવા ક્યાં જવું?

હું ટેન્શનમાં હતો. પણ બીજી જ ક્ષણે મેં માને સોંપી દીધું એને બીજે દિવસે જ છેક એન્ટવર્પથી મને મનસુખભાઈનો ફોન આવે છે. મનસુખભાઈને હું ક્યારેય મળ્યો નથી. જોયા પણ નથી, છતાં ફોનમાં મને કહે છે : "વેક્સિન લેવા લીલાવતી હોસ્પિટલમાં જ જજો કંઈ પણ હેલ્થ પ્રોબ્લેમ થાય તો લીલાવતી હોસ્પિટલ તમારી જ છે." આશ્ચર્યની વાત મને એ લાગી મનસુખભાઈ મારી આત્મકથાનો એક પણ એપિસોડ વાંચવાનું ચૂક્યા નથી. લીલાવતીમાં ખાસ વીઆઈપી ટ્રીટમેન્ટથી મને વેક્સિન અપાઈ ગઈ. મને ખબર નથી કે મા મને કેટલું જીવાડવા માગે છે. એકવાર ગોંડલ ગયો ત્યારે ભાઈએ મને મજાકમાં પૂછ્યું હતું : "કેમ અનિલ જોશી, તમે ક્યાં રખડો છો? મેં કીધું : "ભાઈ હું ભવનમાં છું." આ સાંભળી ભાઈએ મને ટકોર કરી : "ભવન છોડ, ત્રિભુવનની વાત કર. નહીં છોડે તો મા છોડાવશે." ભાઈના આ શબ્દો અક્ષરશ: સાચા પડ્યા છે. ભવન છૂટી ગયું છે પણ હોમી દસ્તુર નથી છૂટ્યા, ઘનશ્યામ દેસાઈ નથી છૂટ્યા, વિશ્વનાથ સચદેવ નથી છૂટ્યા, દીપક નથી છૂટ્યો, રમેશ ઓઝા નથી છૂટ્યો. હોમી દસ્તુર જેવા પારદર્શક ઇન્સાન મેં જોયા નથી. આજની ઘડીએ પણ દસ્તુરજી સાથે ફોન ઉપર મારો આત્મા નિર્વસ્ત્ર થાય છે. હું કોઈ મંદિરમાં જતો નથી, પણ ભારતીય વિદ્યાભવનમાં અચૂક જાઉં છું.

હું જે યુગમાં જીવ્યો છું એ જ યુગની વાત કરી છે. અત્યારે ૨૦૨૧નો સમય એવો ચાલે છે કે તેમાં સહુ અવાજ વિના રડે છે, પાંખ વગરનો ફફડાટ કરે છે, દાંત વિના સહુ એકબીજાને કરડે છે, ચહેરા વિના સહુ બોલે છે. ગણગણે છે. ઉમાશંકર એકવાર મને મોચી પાસે ચંપલને ખીલી ઠોકાવા લઈ ગયા હતા એવીજ રીતે લાભશંકરને પણ મોચી પાસે બૂટપોલિશ કરાવતા જોયા છે. હું પણ મોચી પાસે અનેકવાર ગયો છું. આજે આ પ્રસંગો યાદ કરું છું ત્યારે મને ચંપલ અને બૂટ નથી દેખાતાં પણ પગ દેખાય છે. મેં કેટલા બધા પગ જોયા છે. મોચી પાસે આવતા પગ કેવા હોય છે? ક્યાંકથી બચીને આવતા પગ, નાચતા પગ, પાછા વળતા પગ, દોડતા પગ, કોઈને લાતો મારતા પગ, ઠોકર ખાતા પગ, ઊભેલા પગ, કૂદતા પગ, નૃત્ય કરતા પગ, રાસ લેતા પગ, સ્કૂટરને કીક મારતા પગ, લશ્કરી સૈનિકના પગ, જિમ્નેશિયમમાં ટ્રેડ મશીન પર ચાલતા પગ, ગાંધીજીના પગ, ઉમાશંકરના પગ અને રમકડાં સાથે રમતાં કે નિશાળે જતાં શિશુના પગ મેં ધારી ધારીને જોયા છે. તમે ચંપલ કે બૂટને ખીલી મારી શકશો પણ પગને ખીલી મારી શકતા નથી. કોઈ છોકરું બહુ રખડુ થઈ જાય ત્યારે અમારી કાઠિયાવાડી મા છોકરાને ડારો દેતાં અચૂક બોલે : "પગ વાળીને ઘરમાં બેસતો જ નથી. ઘરમાં બેસ, તારો ટાંટિયો ઘરમાં ટકતો જ નથી. ઘરભેગો થા."

આ શબ્દો સહુએ પોતાની માના મોઢે સાંભળ્યા હશે. પગ એટલે જ ગતિશીલતા. ગોંડલમાં ભાઈને પગે લાગતો ત્યારે ભાઈ પોતાના પગ બતાવીને કહેતા : "સ્થિરગતિ થાય તો માની સાથે સ્થિતિ થાય." મારી આ સ્મરણકથા એ મારા પગની જ કથા છે. ક્યારેક હું પડી ગયો છું, ઠોકરો ખાધી છે તો ક્યારેક હું બાળકની જેમ ભાંખોડિયાં ભરીને પણ ચાલ્યો છું. ગતિ તો મા તરફ જ રહી છે, સ્થિતિ નથી થઈ. ભાઈએ વિખ્યાત ચિત્રકાર અતુલ ડોડિયાને કહ્યું હતું કે તમને ચિત્રકલા દ્વારા મા મળશે એમ મને પણ માએ કહ્યું હતું કે તને કવિતા દ્વારા મા મળશે. એકવાર હું ભાઈ પાસે નિરાંતે બેઠો હતો. એ વખતે ભાઈએ મને કહ્યું : "અહીં માની ઇચ્છાથી મંદિર બાંધવાની શરૂઆત થઈ છે. એ તમે જોયું? હું બંધાતા મંદિરની બાબત વિષે સાવ અજાણ હતો. મને ખબર નહોતી કે ગોંડલમાં એક મંદિર આકાર લઈ રહ્યું છે. ભાઈએ તરત રમુભાઈને બોલાવીને બંધાતું મંદિર મને જોવા લઈ જવાની વ્યવસ્થા કરી આપી. હું મંદિર જોવા ગયો. આજુબાજુનો પરિસર જોયો. બાંધકામ ચાલુ હતું. એ પછી મંદિર જોઈને પાછો ભાઈ પાસે આવ્યો. નિરાંતે બેઠો. ભાઈ કહે : "આ બધું મા કરે છે. હું એમાં ટ્રસ્ટી પણ નથી, માલિક પણ નથી. બધું આપોઆપ ચાલ્યા કરે છે. પણ આ મંદિર વિષે મને એવો ભાવ જાગે છે કે એ મંદિર સાહિત્ય અને કલાઓનું કેન્દ્ર બનવું જોઈએ. લાઈબ્રેરી હોય, સેમિનાર માટે હોલ પણ હોય અને આર્ટ ગેલેરી પણ હોય. માને આવું બધું બહુ પસંદ છે. લોકો આવીને દર્શન કરીને ફૂલ ચડાવી જાય પણ ખરું દર્શન તો સહુની ભીતર બેઠેલી માનું દર્શન છે. આપણા મગજમાં ફિલ્મો તો અનેક પડી છે પણ ભીતરનું પ્રોજેક્ટર જ બંધ પડ્યું છે પછી ફિલ્મો ક્યાંથી દેખાય? નામજપ સતત થાય તો જ પ્રોજેક્ટર ચાલુ થાય. પણ આખરે તો બધું મા કરે છે." ભાઈની મંદિર વિશેની

આ સંકલ્પના સાંભળીને મારા દિમાગમાં એક વીજળીનો ઝબકારો થઈ ગયો. સત્ય હાથમાં આવે તો એને શોકેસમાં મુકાય નહીં, સત્ય એ શો-પીસ નથી. એ સત્યને બાળકના હાથમાં આપવામાં બહુ જોખમ છે. ઘણા કવિ મિત્રોએ મને અને રમેશ પારેખને એ રીતે જોયા છે કે "સત્ય તો અમારી પાસે છે, તમે ક્યાં ડાફોળિયાં મારો છો? સત્યની બાબતમાં કવિતાનું હાઇકમાન્ડ બહુ કરકસરિયું હોય છે કારણ કે સત્ય કિંમતી છે. બાળક માટે તો સર્વોચ્ચ હાઇકમાન્ડ ફક્ત મા હોય છે. કવિતામાં કવિ પોતે જ હાઇકમાન્ડ હોય છે.

દૃશ્ય બદલાય છે : મુંબઈમાં નવો નવો હતો. એક દિવસે બપોરે હું ઘાટકોપરમાં રખડતો હતો. ઉનાળાનો સખત તડકો. મારા ખિસ્સામાં એક પણ પૈસો નહોતો. ભૂખ પણ સખત લાગી હતી. મારી હાલત એવી હતી કે ઘાટકોપરથી મારે સી. પી. ટેન્ક પાછું જવું હોય તો ટ્રેઈન ભાડાના પૈસાય નહીં, ખિસ્સું ખાલી હતું. મને થયું કોની પાસે પૈસા ઉધાર માગવા? એ જ ખાને મને મકરન્દ યાદ આવ્યા. એ વખતે મકરન્દ અને કુન્દનિકાબેન ઘાટકોપર આગ્રારોડ પર રહેતાં હતાં. હું અર્ધો કલાક ફાટેલા બૂટે ચાલતો મકરન્દને ઘેર પહોંચ્યો. ડોરબેલ મારી. મકરન્દે બારણું ખોલ્યું. હું હાંફતો હાંફતો અંદર આવ્યો. મકરન્દ કહે : 'બેસ બેસ. પાણી પી.' ઘેર મકરન્દ એકલા જ હતા. કુન્દનિકાબેન તો 'નવનીત' સામયિકની ઓફિસે નોકરીએ ગયાં હતાં. મેં સંકોચ વિના મકરન્દને કહ્યું: 'મારા ખિસ્સામાં એક પણ પૈસો નથી. મારે થોડા ઉધાર રૂપિયા જોઈએ છે. તમે આપશો? આ સાંભળી મકરન્દ ખડખડાટ હસ્યા. કહે: 'પૈસા તો કુન્દનિકા પાસે હોય, હું પણ તારા જેવો કડકો બેઠો છું. પણ ઘરમાં ક્યાંક ખાંખાખોળા કરીને જોઉં છું. માએ ક્યાંક સંતાડ્યા હશે.' મકરન્દે આખા ઘરમાં ખાંખાખોળા કર્યા. છેવટે મકરન્દને સત્તર રૂપિયા ક્યાંકથી મળી આવ્યા. તે લઈને મને આપતાં કહ્યું: ''લે આ સત્તર રૂપિયા મળી ગયા.'' એ ક્ષણે સત્તર રૂપિયા બહુ મોટી રકમ લાગતી હતી. એ પછી મકરન્દે મને જમાડ્યો. આ પ્રસંગ હું ભૂલી નથી શકતો. મને ગિલ્ટ એક વાતનું છે કે એ સત્તર રૂપિયા હું મકરન્દને પાછા નથી આપી શક્યો. એકવાર આ પ્રસંગ મેં મકરન્દને યાદ કરાવ્યો હતો. એ તો ભૂલી ગયા હતા. હસતાં હસતાં કહ્યું: ''નોટ ને સિક્કા નાખ નદીમાં ધૂળિયે મારગ ચાલ.''

મને આવડ્યું એમ હું જીવ્યો છું. વર્ષો પહેલાં સુરેશ જોષીએ મને લખેલા એક પોસ્ટકાર્ડમાં એક વાક્ય હતું : "મારા સુખને કેન્દ્રમાં રાખીને ઈશ્વરે આ સૃષ્ટિનું નિર્માણ કર્યું નથી." દોસ્તોયવ્સ્કીને ફરી યાદ મારી જીવનકથાનો અંત લાવું છું. "બાળકો સાથે રહેવાથી તમારો આત્મા સદાય સ્વસ્થ રહે છે."

[સમાપ્ત]

એક સાઇકિએટ્રિસ્ટની ડાયરી-૯

☐ ડો. આનંદ નાડકર્ણી ☐ અનુ.: અમી ભાયાણી, ડો. શેફાલી થાણાવાલા

મારા દર્દી શિક્ષકો

ઓ.પી.ડી.ની રોજિંદી ભીડમાંથી જરા શ્વાસ લેવાની ફુરસદ મળી અને માથું ઊંચું કર્યું તો સામે જ સૅમનો ચહેરો નજરે પડ્યો. દસ મહિના પહેલાં સૅમને ઍડ્મિટ કર્યો હતો. એ દૃશ્ય સ્મૃતિપટ પર ઊપસી આવ્યું અને અજાણતાં જ બોલાઈ ગયું,"નો મોર ઍડ્મિશન્સ સૅમ..."

સૅમ હસ્યો અને કહે, "લુક ઍટ મી ડૉક... આઈ એમ સોબર!"

મેં સૅમના ચહેરા પર નજર ફેરવી. સરસ મજાનો, તરોતાજા લાગતો હતો એ. કપડાં પણ વ્યવસ્થિત હતાં. નજરમાં આત્મવિશ્વાસનું તેજ હતું. બેસવા માટે સ્ટૂલ આગળ સરકાવતાં મેં સૅમને કહ્યું, "બેસ તો ખરો, સૅમ.. આ બધું થયું કઈ

રીતે?... જરા કહે તો ખરો..."

દસ મહિના પહેલાં સૅમ અમારી હૉસ્પિટલમાં બ્રાઉન સુગરની લત છોડવા માટે ઍડ્મિટ થયો હતો. એની પહેલાંના છ મહિનામાં મેં પોતે એને ત્રણ વખત ઍડ્મિટ કર્યો હતો. હૉસ્પિટલમાં રહીને એ સારો થઈ જતો. બહાર નીકળીને તરત બ્રાઉન સુગર ચાલુ. મારી પાસે પહેલી વાર આવ્યો એ પહેલાં એનું બીજી આઠ જગ્યાએ 'હૉસ્પિટલાઇઝેશન' થયું હતું. દસ મહિના પહેલાં ડિસ્ચાર્જ આપતી વખતે મેં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે આના પછી તેને વારે વારે ઍડ્મિટ કરવાનું અશક્ય હતું. મારી આ 'લાસ્ટ વૉર્નિંગ' સાંભળીને તે હોસ્પિટલમાંથી બહાર નીકળ્યો હતો. ત્યાર પછી આજે દેખાયો...

"ડૉક્ટર, પહેલાં એવું થતું કે ડ્રગ લેવાનું પાછું શરૂ કરું તોપણ ખાતરી હતી કે તમે મને ફરી ઍડ્મિટ કરશો... એને કારણે હું વારંવાર 'સ્લિપ' થતો. (સ્લિપ થવું એ ઍડિક્ટ જમાતની ભાષાનો શબ્દપ્રયોગ છે. એનો અર્થ થાય, લપસવું, એટલે કે ફરી પાછું ડ્રગ લેવાનું શરૂ કરવું.) તે દિવસે ડિસ્ચાર્જ આપતી વખતે તમે ચેતવણી આપી... અને ઇટ વર્કડ્. હવે મારે પોતે જ મારી જવાબદારી લેવી પડશે. હવે ક્યાંયથી મદદ નહીં મળે એની ખાતરી થઈ ગઈ. અને હું અહીંથી ડાયરેક્ટ બૅન્ગલોર ગયો. ત્યાં ચાર મહિના નાર્કોટિક્સ ઍનોનિમસની મિટિંગો કરી. વિશ્વાસ વધતાં જ અહીં પાછો આવ્યો. થયું, દસ મહિના પછી જ તમને જઈને મળીશ, એટલે આજે આવ્યો..."

હું હસ્યો અને તેનો ખભો થાબડ્યો. 'સમટાઈમ્સ યુ હેવ ટુ બી ક્રૂઅલ ટુ બી કાઇન્ડ' એ શબ્દપ્રયોગની મને પ્રતીતિ થઈ.

આવા પેશન્ટ યાદ રહી જાય, કારણ તેમની પાસેથી હું કંઈ ને કંઈ શીખતો હોઉં છું. આ શીખવું અનેક વાર બન્નેની દૃષ્ટિએ ફાયદાકારક હોય છે. ઘણી વાર તો એક જ માંદગીવાળા બે દર્દીઓ આવે તો પણ તેમનું વ્યક્તિત્વ ધ્યાનમાં રાખીને 'સ્ટ્રૅટેજી' ઘડવી પડે. એમની સાથે ગપાટા હાંકતી વખતે, એમનાં સગાંવહાલાં સાથેની વાતચીત દરમિયાન આંખ-કાન સતત ખુલ્લાં રાખવાં પડે.

એક નવ વર્ષની છોકરીનો ચહેરો મને હંમેશાં યાદ આવે છે. એનાં મા-બાપ એને મારી પાસે લઈ આવ્યાં હતાં. એને પથારીમાં જ પેશાબ કરવાની ટેવ હતી એટલે. મેં એની સાથે ગપ્પાં માર્યાં. શાળાનો તણાવ, નવાં ભાંડરડાંનું આગમન, માનસિક અસુરક્ષિતતા, વડીલો સાથેનો મતભેદ, એવાં બધાં રોજિંદા કારણો તપાસ્યાં. પણ એમાંનું કોઈ જ કારણ નહોતું. ત્યાં અચાનક જ મારું ધ્યાન તેના ઘૂંટણ પર ગયું. એની પરના જખમ પર પાટા બાંધેલા

હતા. "આ પરાક્રમ ક્યારનું છે?..." મેં તેના પિતાને પૂછ્યું.

"ખૂબ ચંચળ છોકરું છે...." એના પિતાએ કહ્યું. "વારંવાર પડે-આખડે... અને તેના જખમ પણ જલદી રુઝાય નહીં..."

હું ખુરશીમાં ટટ્ટાર બેઠો... "તને બહુ તરસ લાગે છે, બેટા?... વારંવાર બાથરૂમ જવું પડે છે?... બહુ ભૂખ લાગે છે?..."

મારા દરેક પ્રશ્નના જવાબમાં તે સતત ડાબે-જમણે ડોક ફેરવતી રહી.

"ડૉક્ટર, તમે એનું 'સાયકોઍનાલિસિસ' કઈ રીતે કરશો હવે?..." એના પિતાએ મને પૂછ્યું.

મેં કહ્યું, "એ પછી જોઈશું. પહેલાં આપણે ખાલી પેટે અને જમ્યા પછી બે કલાકે એનું બ્લડ ટેસ્ટ કરશું... લોહીમાંની શર્કરાનું પ્રમાણ મારે જોવું છે..."

એક સાઇકિએટ્રિસ્ટ પાસેથી આ સૂચના મળી હોવાથી તેના પિતા મૂંઝવણમાં મુકાઈ ગયા. ભારે નાખુશીથી તેમણે મારી વિનંતિ સ્વીકારી. રિપોર્ટ આવતાં જ કોયડો ઉકેલાઈ ગયો. એ છોકરીને બાળકોનો મધુપ્રમેહ (ઇન્સ્યુલીન ડિપેન્ડન્ટ ડાયાબિટીસ) થયો હતો. એને મધુપ્રમેહની ટ્રીટમેન્ટ ચાલુ કરી. આવાં બાળકોની અમારી એક સંસ્થા છે એમાં તેને સદસ્ય બનાવી. ડાયાબિટીસ કંટ્રોલમાં આવતાં જ એનું પથારીમાં પેશાબ કરવાનું બંધ થઈ ગયું. પથારીમાં પેશાબ થઈ જવો એ મોટા ભાગે માનસિક બીમારી હોવા છતાંય, દરેક બાળકમાં અનેક જુદાં જુદાં કારણો, શારીરિક સુધ્ધાં, હોઈ શકે... એ મને આ છોકરીએ શિખવાડ્યું.. પણ જો મારી નજર એના જખમના પાટા પર ન પડી હોત તો?

કયું નિરીક્ષણ ક્યાં કામમાં આવે એ ક્યારેય કહી શકાય નહીં. રમેશને લઈને એનો પ્લાન્ટ સુપરવાઈઝર મારી પાસે આવ્યો ત્યારની વાત છે. રમેશ એક મોટી કંપનીમાં કામ કરતો એક કુશળ કારીગર હતો. મોટો પગાર, કૌટુંબિક જવાબદારીનો અભાવ અને ખર્ચાળ સ્વભાવ, આ કારણોસર તેને દારૂની લત લાગી અને જોતજોતામાં એ મદ્યપાનનો વ્યસની થઈ ગયો. પોતાની નજર સામે એક જુવાન, ઉત્તમ કારીગર આમ વેડફાઈ જતો જોવાનું એ સુપરવાઈઝર માટે અસહ્ય થઈ પડ્યું. એની સાથે વાત કરી, એને ટ્રીટમેન્ટ માટે તૈયાર કરી એને મારી પાસે લઈ આવ્યો.

"ડૉક્ટર, આનું પીવાનું આજકાલ એટલું વધી ગયું છે કે તે શૉપફ્લોર પર પણ પીને ટાઇટ હોય છે. એટલી હદે કે એ ધડામ કરતો નીચે પડી જાય છે... લગભગ બેભાનાવસ્થામાં."

રમેશે પોતે સંમતિમાં ડોક હલાવી. એણે કહ્યું, "એમ તો દિવસનો મોટા ભાગનો સમય 'ટાઇટ' હોઉં છું, સાહેબ.

પણ ક્યારેક એવું થાય કે કંઈ સમજાય નહીં. બેહોશીમાંથી બહાર આવું ત્યારે માથામાં અને હાથપગમાં ખૂબ કળતર થાય..."

મેં સુપરવાઈઝરને પૂછ્યું, "એ આ રીતે જ્યારે પડે છે ત્યારે કોઈ વાર મોઢામાંથી ફીણ નીકળે છે?..."

" હા..., મોટા ભાગે...," તેમણે કહ્યું.

"જીભ કચરાઈ છે ક્યારેય?" મેં પૂછ્યું.

"આ જુઓ સાહેબ...," રમેશે જીભ પરનો જખમ બતાવ્યો.

"રમેશને તમે પડતાંને જોયો ત્યારે હાથપગમાં ઝટકા આવ્યા હતા?"

"મને એ જોયાનું યાદ આવે છે," સુપરવાઈઝરે કહ્યું.

"મને એવું લાગે છે રમેશ, કે તને બે બીમારીઓ છે - એક તો દાઢની અને બીજી આંકડી આવવાની..."

રમેશને મેં હૉસ્પિટલમાં ભરતી કર્યો. એના મગજની વિવિધ ચકાસણીઓ કરી. મારી શંકા સાચી પડી. રમેશને 'એપિલેપ્સિ'ની બીમારી પણ હતી. પછી તો એપિલેપ્સિ અને મદ્યપાન આ બન્ને બીમારીઓ પરના ઉપચાર શરૂ કર્યા. આજે રમેશ એકદમ મજામાં છે. બેહોશીમાંથી ઊઠ્યા પછી હાથપગમાં કળતર થાય છે એ વાક્યથી જો મારા કાન સતર્ક ન થયા હોત તો?...

મારો એક સિનિયર સહકારી મને શિખવાડતી વખતે કહેતો, "એક વાત ધ્યાનમાં રાખજો, Symptoms are the holes in human beings, through which the disease oozes out," (મનુષ્યનાં લક્ષણો એવા રંધ્રો છે જેમાંથી દર્દ બહાર સરી આવે છે.) એનું કહેલું આ વાક્ય મને સતત યાદ આવે છે. પોતાનું નિરીક્ષણ સતત તાજું અને સજગ ન રાખીએ તો ક્યારેક ગૂંચવણ ઊભી થઈ શકે છે.

એક વાર એક મધ્યમ વયનું દંપતી મારી પાસે આવ્યું. હૉસ્પિટલના ઓ.પી.ડી. પેપર્સ પ્રમાણે તે પત્નીને ઘણાં વર્ષોથી 'પૅરેનોઇડ સ્કિઝોફ્રેનિયા' નામનો રોગ હતો. શંકાશીલતાના ભૂતે તેને ગ્રસી લીધી હતી. એનો પતિ શિક્ષક હતો. સારી વસ્તીમાં ઘર લેવાનું શક્ય ન હોવાથી એ બન્નેને એક ગરીબ વસ્તીમાં ઘર લેવું પડ્યું હતું. શાળા અને ટ્યુશનને કારણે પતિ લગભગ દિવસ આખો ઘરની બહાર રહેતો. પત્ની ઘરમાં એકલી. બધા જ સામાજિક-સાંસ્કૃતિક સંબંધોથી દૂર. કોઈની સાથે સાદી ઓળખાણ પણ નહીં, મૈત્રી તો દૂરની વાત. પછી તેને એવું લાગવા માંડ્યું કે વસ્તીના લોકો તેના પર નજર રાખે છે, તેના તરફ ખરાબ દૃષ્ટિએ જોવામાં આવે છે. એ ઘર બહાર નીકળે તો તેના વિશે એલફેલ બોલવામાં આવે છે. આ બધાંને કારણે તે પોતાના કોશેટામાં વધુ ને વધુ ઘૂસતી ગઈ. અસ્વસ્થ મનની મૂંઝવણ વ્યક્ત કરવા, તેની પાસે ફક્ત તેના પતિ સાથે

વાત કરવાનો વિકલ્પ હતો. રોજ રાત્રે તે પોતાના મનની બધી જ લાગણીઓ, વિચારો એની સામે વ્યક્ત કરતી. એ તેને ધીરજ આપતો. છેવટે છ મહિના પહેલાં તે એને હૉસ્પિટલમાં લાવ્યો હતો. તેને આપેલા ઔષધોપચારનું તેના પર ખૂબ જ સારું પરિણામ આવ્યું હતું એ તેની સાથેની વાતચીત દરમિયાન તરત જ મારા ધ્યાનમાં આવ્યું. દવાઓને કારણે એના વિકૃત વિચારોની ધાર બુઠ્ઠી થઈ ગઈ હતી, છતાંય તેની આસપાસનું વાતાવરણ એ જ હોવાને કારણે આ વિચારો સમૂળગા નષ્ટ થવાનું મુશ્કેલ હતું. હવે આગળ ઉપર શા ઉપચાર કરવા એ વિચારમાં હું હતો ત્યાં જ એના પતિએ એને બહાર જઈ બેસવા કહ્યું, અને એક મોટી ફાઈલ મારી સામે ખોલતાં તે બોલ્યો, "ડૉક્ટર, તમને વિશ્વાસ નહીં બેસે, મને પણ નહોતો... કે આ બધું તેના મનનું કારણ નહીં, પણ સત્ય હકીકત છે!..." એ જરા અટક્યો, એની ફાઈલ મારી સામે ધરી બોલ્યો, "પણ આ હકીકત છે... ખરેખર એ વસ્તીના લોકો અમને ત્રાસ આપે છે. અમને ત્યાંથી હાંકી કાઢવાની એમની યોજના છે. આપણે રહ્યા 'મિડલ ક્લાસ' માણસો, સાહેબ. એટલી નીચી કક્ષાએ કઈ રીતે ઊતરીએ? મેં પોલીસ કમિશનરને એક પત્ર પણ લખ્યો. આ એની કૉપી. આ નગરસેવકને લખેલો પત્ર. આ આમદારને..." એ આખીય પરિસ્થિતિ મારી સમક્ષ રજૂ કરી રહ્યો હતો. એના બોલવામાં સ્પષ્ટતા હતી, દૃઢતા હતી. વળી આ મહાનગરમાં આવું બનવું કંઈ અશક્ય નહોતું. મારી નજર સામેથી રાજેન્દ્ર બેદીના ચલચિત્ર 'દસ્તક'ની એક ઝલક પસાર થઈ ગઈ. એટલે છ મહિના સુધી એને અમસ્તી જ ટ્રીટમેન્ટ આપી કે શું? "ડૉક્ટર, હવે હું બહાર બેસું છું. તમે એની સાથે વાત કરી લો..." બોલતાં જ તે બહાર ગયો. પણ તેની પત્ની અંદર આવે તે પહેલાં જ એક વયોવૃદ્ધ ગૃહસ્થ અંદર આવ્યા. મારી સામે બેસતાં જ બોલ્યા, "હમણાં જે બહાર ગયો ને, તેનો હું બાપ. પહેલાં ફક્ત મારી વહુ પેશન્ટ હતી. હવે આ પણ એવું જ કરવા લાગ્યો છે છેલ્લા બે મહિનાથી... હું છેલ્લાં ત્રણ અઠવાડિયાંથી એ લોકોની સાથે રહું છું. આજુબાજુની વસ્તી ગરીબ છે, પણ બધા જ લોકો દિલના ખૂબ જ સારા છે. એમને જ આ લોકોના વર્તનનું આશ્ચર્ય થાય છે. હવે આણે પોલીસને કરેલી ફરિયાદને કારણે જો એમને તકલીફ થશે તો એ લોકો ચૂપ નહીં બેસે. અને એ લોકોને આપણે દોષ પણ કઈ રીતે આપીએ... જોયા ને તમે એ બધા પત્રો?... હવે બોલો."

એ ગૃહસ્થનું દરેક વાક્ય મારી સમક્ષ સત્યનાં દ્વાર ધડાધડ ખોલી રહ્યું હતું... એક અનોખો માનસિક રોગ હોય છે, 'શેર્ડ પૅરેનૉઇડ ડિસઑર્ડર' (Shared Paranoid Disorder)

અથવા તો 'ફૉલિ દૂ' (Folie Du) નામનો. ભાવનાત્મક રીતે એકબીજા પર અવલંબિત તથા આજુબાજુના વાતાવરણથી અલિપ્ત જીવન જીવનાર વ્યક્તિઓમાં આ બીમારી જોવા મળે છે. આમાં શંકાશીલતાનું ભૂત પ્રથમ એક વ્યક્તિના મગજ પર સવાર થાય છે અને બીજી વ્યક્તિ, પ્રથમ વ્યક્તિના સંપૂર્ણ ભાવવિશ્વની સાથી હોવાને કારણે પોતે પણ એ વમળમાં ફસાવા માંડે છે... અહીં એકદમ એવું જ થઈ રહ્યું હતું. એ વૃદ્ધ ગૃહસ્થની જો સમયસર 'એન્ટ્રી' ન થઈ હોત તો?... ત્યાર બાદ એ પતિ-પત્નીને મેં સાથે બોલાવ્યાં. એકસાથે ઔષધોપચાર ચાલુ કર્યા, માનસોપચાર ચાલુ કર્યા. કેટલાક પ્રયત્નો પછી એમની રહેવાની જગ્યા પણ બદલાઈ. શિક્ષકોની એક 'કો-ઑપરેટિવ સોસાયટી'માં તેમને જગ્યા મળી. એકાદ વર્ષ પહેલાં એ ગૃહસ્થ અમસ્તાં જ મળવા આવ્યા હતા. બોલતાં બોલતાં બોલી ગયા, "ડૉક્ટર, તે દિવસે તમે મને રોક્યો ન હોત તો મેં આવનાર આઠ-દસ દિવસમાં બે ત્રણ ખૂન કરી નાખ્યાં હોત. મારો ગુસ્સો એટલો બેકાબૂ થઈ જતો કે થતું કે હું મરી જઈશ તો પણ ચાલશે, પણ પત્નીને ખરાબ નજરથી જોનારને પાઠ ભણાવીને જ મરીશ. બાપ રે! મેં ખરેખર જ આવું કંઈક કર્યું હોત તો?..."

એ બોલતો હતો ત્યારે મારા પણ રૂંવાડાં ઊભા થઈ ગયાં હતાં. તબીબી વ્યવસાયની દરેક શાખામાં દસમાંથી નવ દર્દીઓનું નિદાન કરવાનું ખૂબ જ સાદું, સરળ અને સહેલું હોય છે; પરંતુ એ 'દસમો કેસ' જ ખરી કસોટી કરનારો હોય છે. આપણે આપણું આધુનિક (up-to-date) જ્ઞાન અને બારીક નિરીક્ષણ આ 'દસમા દર્દી'ની શોધ માટે અનામત રાખી મૂકવાનું... અલબત્ત, આનો લાભ એ પ્રથમ નવ દર્દીઓને પણ મળે જ છે.... કહેવાનું તાત્પર્ય એટલું જ કે દર્દીઓ બે પ્રકારના હોય છે - શિખવાડનાર અને વધુ શિખવાડનાર!...

(શતાયુષી, ૧૯૮૮)

આજની તારીખે : આજે ક્લિનિકલ પ્રૅક્ટિસના ત્રણ દાયકા પૂર્ણ થતાં સુધીમાં જે મહત્ત્વનો ફરક પડ્યો છે, તે એ કે હવે આવનારા દસ પૈકી ચારથી પાંચ કેસિસ કસોટી કરનારા હોય છે. અનેક જગ્યાએથી ઉપચાર લઈને, સાચો માર્ગ શોધવાની આશા સાથે આવેલા હોય છે. સહકારી મનોચિકિત્સક અથવા તો મારા વિદ્યાર્થીઓ ક્યારેક ફક્ત 'For Opinion' જ પેશન્ટ રિફર કરે છે. અથાક અને યોગ્ય ઉપચાર કર્યા પછી પણ પ્રતિસાદ ન આપનાર માનસિક રોગો પણ હોય છે. આવે વખતે દર્દી અને તેના કુટુંબીઓને હકીકતનું ભાન કરાવવું, પરંતુ ખૂબ જ મૃદુતાપૂર્વક, એ આહ્વાન પણ સ્વીકારવું પડે છે.

- લેખક



ગમી ગયેલી વાર્તા

☐ શરીફા વીજળીવાળા

રણ : વીનેશ અંતાણી

વાચકોના પ્રિય નવલકથાકાર વીનેશ અંતાણી આપણી ભાષાના જાણીતા વાર્તાકાર, નિબંધકાર છે. લગભગ સો ઉપર વાર્તાઓ લખનાર વીનેશભાઈએ હમણાં 'દરિયો', 'રણ' અને 'પહાડ' નામની ત્રણ ૩૫ પાનાંથી વધારે લાંબી વાર્તાઓ લખી છે. એમાંથી 'દરિયો' અને 'રણ' બંને 'એતદ્'માં છપાઈ છે. આમ તો મને 'દરિયો' પણ અતિશય ગમી છે પણ આજે હું વાત જે માર્ચ ૨૦૨૧ના 'એતદ્'માં છપાઈ છે તે 'રણ'ની કરવાની છું.

'રણ' બન્ની અને ધોળા રણની નજીક રહેનારાઓની વાત કરે છે. કંઈ કેટલાંય ચોમાસાં કોરાં જાય તોયે પોતાના ચોપાં (પશુધન)ને જીવ સાટે

બચાવવા મથનારા માલધારીઓનો મુસો પ્રતિનિધિ છે. કારમા દુકાળ વખતે માલધારીઓ એમનાં ચોપાં લઈને વરસાદ પડ્યો હોય એવા મલકમાં ઊતરી જતા ને વરસાદના વાવડ મળે ત્યારે પાછા વળતા. વૃદ્ધ થઈ ગયેલો મુસો એ વાતે અકળાયેલો છે કે બબ્બે ચોમાસાં કોરાં ગયાં છતાં વાંઢમાં કોઈને ચોપાંની ચિંતા જ નથી. એના દીકરા સુલેમાનને તો ન મજૂરીમાં રસ છે, ન ચોપાંમાં. એના છોકરા પણ એના જેવા જ પાક્યા. સુલેમાન નાનેથી ઢગલો પૈસા કમાવાનાં સપનાં જોતો. મુસો યાદ કરે છે કે એની યુવાનીમાં ભલે હાથમાં પૈસો નહોતો પણ જીવવાની મજા હતી. ચોપાં સાચવો ને દૂધ-દહીં-ઘી ખાઈને જલસા કરો. એમની સૌની જિંદગી વાંઢમાં જ સમાઈ જતી. કો'ક દી ઊંટ માથે બેસીને બીજી વાંઢોમાં જતા અથવા બહુ બહુ તો ભુજ જતા એટલું જ. બહારનું કોઈ માણસ બન્ની જેટલે ન આવતું. મુસાના દાદા ઘણીવાર કહેતા, 'મેરભાની કરીને રણને રણ જ રે'વા ડેજો. જેડી બા'રનો રેલો ઈયાં ગરસે તેડી રણ રણ જેવો નંઈ રે.' મુસાને બાપદાદાની વાત માટે માન છે પણ નવી પેઢીનો પ્રતિનિધિ સુલેમાન પોતાનાં ઢોરને વાંઢ બહાર ધકેલતાં કે બાપનું અપમાન કરતા અચકાતો નથી. એકબાજુ પેઢી દર પેઢી વારસામાં મળેલાં જીવનમૂલ્યો સાચવતો મુસો છે તો બીજી બાજુ મૂલ્યોની જાળવણી તો દૂર બાપને પૂછવાની પણ સુલેમાનને જરૂર નથી લાગતી. બાપદાદાની વાતને કોરાણે મૂકીને એણે રણ જોવા આવતા પ્રવાસીઓ માટે રહેવા-ખાવા માટેનો વ્યવસાય શરૂ કર્યો. પહેલાં ઘરની સ્ત્રીઓ ભૂંગામાં અને આંગણામાં લીંપણ કરતી, વાડા સાફ કરતી અને બપોર પછી ભરતકામ કરતી. આ ભરતકામ તેઓ મનની મોજ માટે કરતી. પુરુષો ચોપાંની પાછળ રહેતા. પણ હવે ભૂંગાના ચાકળા કે ગોખલામાં ધૂળ જ ધૂળ છે. ઘરમાં કોઈ બાયું પાસે વખત જ નથી આ બધાં કામ માટે. કારણ સવારથી સાંજ સુધી બધી બાયું ભરતકામ કરે છે. સુલેમાન, એના દીકરા-જમાઈ બધા આ માલ ટેમ્પામાં ભરીને લઈ જાય છે કશેક. સુલેમાન હિસાબ કર્યે રાખે છે. ભૂંગાનું લીંપણ ઊખડી ગયું હતું, ભીંતો પરથી પોપડા ખરવા લાગ્યા હતા પણ કોઈને એના માટે વખત જ નથી. મુસાએ પત્ની નૂરાંને પૂછ્યું તો એણે જવાબ દીધો, 'હાણે ભૂંગા કેતરા ડી'?' મુસાને એનું કોઈ ચોપું મરી ગયું હોય એટલી પીડા થઈ પણ સુલેમાન એને ક્યાં કશું પૂછતો હતો? એની નજર સામે ભૂંગા ગયાં ને સિમેન્ટ-કોંક્રીટના ઓરડા બંધાયા. લીંપણની જગ્યાએ જમીન પર લીસી

ટાઈલ્સ જડાઈ ને એક દા'ડો ટીવી પણ આવ્યું. હવે તો નૂરાં રાતેય ટીવી જોઈને મોડી મોડી આવે છે મુસા પાસે. મુસો ભૂતકાળની રંગત અને મજાનો સમય યાદ કરી કરીને વર્તમાનની ક્ષણોને આઘી ઠેલવા મથતો રહેતો. પણ હવે સુલેમાન સફેદ રણ જોવા આવનારા પ્રવાસીઓ માટે પાકા ભૂંગા બાંધવાનો. એટલે ચોપાંના વાડાને એ ખાલી કરાવે છે. 'પણ ચોપાં?' મુસો પૂછી બેસે છે. જવાબ છે 'વાંઢથી છેટે જમીન છે ત્યાં.' ને મુસાનું મગજ ફટકે છે, 'ઘરનાં ચોપાં બા'ર બાંધીસ ને બારાતુંને વાડામાં બાંધીસ?' પણ સુલેમાન એમને જવાબ આપવાની જરૂર જોતો નથી. મુસાનો દોસ્તાર જાનમામદ એને કહે છે, 'આપણા ડીં ભૂલી જા. હવે બન્ની પે'લા જેવી નથી રઈ. બન્ની જ સું કામ, સજ્જી દુનિયા ભધલાઈ વઈ આય.' મુસાથી આ બદલાયેલી દુનિયા સ્વીકારી શકાતી નથી. ટીવી સામે ખડકાયેલી બાયું, હાથમાં મોબાઈલ લઈને ફરતા છોકરા સ્વીકાર્યા વગર છૂટકો નથી પરંતુ મુસો સ્વીકારવા તૈયાર નથી.

હવે, બે વર્ષથી, વાડામાં બાંધેલા ભૂંગામાં પ્રવાસીઓ આવે છે. એ મોસમમાં ઘરમાં કોઈને શ્વાસ લેવાનો સમય નથી હોતો. મુસાને જાનમામદ જ્યારે કહે છે કે, 'હવે ધોળા રણમાં જવાના પૈસા દેવા પડે' ત્યારે મુસાનું મોં ફાટી જાય છે. 'આપણા પોતાના રણમાં જાવાના પૈસા?' મનની ગતિએ પોતાના ધોળા રણમાં રખડી આવતો મુસો મનની ગતિએ વીતેલા સમયમાં આંટા મારતો રહે છે. એ વખતમાં રણે દીધેલી મુશ્કેલીઓ હતી પણ નૂરાં સાથેના જીવનનો છાક પણ હતો. અત્યારે તો મુસો શું કરે છે એ જોવા-જાણવાની કોઈને પડી નથી. માથે દુકાળ ગરજે છે તોય કોઈ દુ:ખી નથી, સૌ ખિખિયાટા કરે છે. હવે ચોપાંની ચિંતા કોઈને નથી. પ્રવાસીઓ આવે એટલા દિવસ વાંઢ જાણે કે ટૂંટિયું વાળી ખૂણામાં ખસી જાય છે. ત્રણ ચાર મહિને બધું શાંત થાય ત્યારે છેક વાહનોના ઘોંઘાટમાં દબાઈ ગયેલું ચોપાંનું ભાંભરવું ફરીથી સંભળાય. તાંબડીમાં પડતી દૂધની પહેલી ધારનો રણકાર સંભળાય.

જે ચોપાં ઘરના સભ્યો જેટલું જ મહત્ત્વ ધરાવતાં હતાં એના માટે ઘરના કોઈને હવે સમય નથી એ મુસો સમજે છે. બબ્બે દુકાળ પછી જો વરસાદ નહીં આવે તો આ ચોપાં શું ખાશે? એની ચિંતા કરતો મુસો વરસાદના આગમને રાજીનો રેડ થઈ જાય છે. વરસાદ સળંગ ત્રણ દિવસ મન મૂકીને વરસ્યો. આખી વાંઢમાં પાણી ભરાયેલું. ભૂંગામાં પણ પાણી ઊતરી આવેલું. મુસાને ચોપાંની ચિંતા હતી. વાડામાં પાણી ભરાયું હશે તો? સુલેમાનને કહ્યું તો એણે ચિડાઈને

વડચકું ભર્યું, 'બઈ ઉપાધિ ઓછી આય ક આં વારે ચોપે જી ચિંધા કરિયાં.' દુકાળનો ભય ટળે પછી માલધારીને વળી શી ઉપાધિ હોય એ જ મુસાને નથી સમજાતું. એ તો ખુશ ખુશ છે, રણના રેનારા સૌ રાજી છે. જાનમામદ મુસાને મુબારકબાદી આપે છે. 'અલ્લા મેરભાન થ્યો જાનમામધ!' મુસો પણ ઉત્સાહભેર રાડ નાખે છે. નૂરાં પણ હસતા મોઢે ઊભી છે. ત્યાં જ ત્રાડ પડે છે સુલેમાનની 'હિતે વરસાદ પત્તર ફાડી વ્યો ન તમને બધાને મુભારકું ડેવાનો સૂઝે છે? ...ધોરા રણમાં ગૂડે ગૂડે પાણી ભરાણો છે, મારા પાકા ભૂંગાના ઘાસમાંથી પાણી અંધર ગ્યો છે, બધો ખલાસ થઈ ગ્યો. ભાન આય આંકે, કેતરો નુક્શાન થ્યો આય? ધંધો ચોપટ થઈ વ્યો મૂંજો ને આંઈ મુભારખિયું ડેવા નીકર્યા છો? વરસાદે ત ડી ડીધા!' મુસાને તો જાણે સુલેમાને ચાબુકે ચાબુકે ફટકાર્યો હોય એવો થઈ ગયો. એને લાગે છે એના બધા વડવા ભેગા થઈને પૂછે છે કે, 'રણવાસીના, વાંઢવાસીના, માલધારીના ભૂંગામાં વરસાદ અકારો થઈ પડ્યો?' મુસો શો જવાબ આપે? આ વરસાદ ચોપાં માટે ઘાસ ઉગાડશે એ હવે નવી પેઢીને નથી દેખાતું. અકળાયેલો મુસો બાપ-દાદાના વારસા જેવી અજરખ અને ડાંગ લઈ વાંઢ છોડી પોતાના માલ સાથે વાંઢની બહાર વાડામાં રહેવા જતો રહ્યો. ભલે નવી પેઢી વારસાને, મૂલ્યોને નકારે પણ જેના પરસેવાની ગંધમાં રણ છે, જેનો જીવપ્રાણ એના ચોપાં છે એ બન્નીનો માલધારી વરસાદને ભાંડનારા સાથે કેમનો રહે? દાદાની શીખ મુસાને યાદ છે કે 'સાચો માલધારી એનાં ચોપાંને ધોખો ન દે.' મુસો વાંઢ છોડીને એકલો રહેશે પણ ચોપાંને ધોખો નઈ દે.

બાપદાદા શીખવી ગયેલા કે કુદરત સામે ન થવું. અંધડ ઊઠે તો માથું નીચું નમાવી લેવું. પણ અહીં તો આગળ વધતા રણને રોકવા ગાંડો બાવળ વવાય છે. જેમ રણ નથી રોકાતું તેમ નવી પેઢીના જીવનમાં આવેલું પરિવર્તન પણ ન જ રોકી શકાય એ વાત સ્વીકારવા મુસાની પેઢી ધરાર તૈયાર નથી. એટલે એમની પીડા રણના તાપ જેવી બાળે છે. પણ નવી પેઢીની પીડાના પ્રકાર જ બદલાઈ ગયા. 'દરિયા'ના બારા બુરાઈ ગયા ને વહાણવટાના ધંધા સંકેલાઈ ગયા. ખારવા નવરા પડ્યા ને દરિયા વગર હિજરાવા માંડ્યા. 'રણ'માં વાત ઊંધી થઈ. 'રણ'ના રહેવાસીઓના ધંધા બદલાયા. 'રણ' એમને માટે અચાનક દૂઝતી ગાય થઈ ગયું એટલે હવે એમને એમનાં દૂઝતાં ચોપાંની પરવા નથી... મૂલ્યોની ઊલટસૂલટ આગલી પેઢી નથી સ્વીકારી શકતી એટલે વધારે દુ:ખી થાય છે મુસાની જેમ.

❑❑❑

[પૃ. 44થી ચાલુ]
મારે શું કરવું જોઈએ એની અવઢવ હતી. મારી કાચી સમજણ પ્રમાણે મેં એ પ્રવાહમાં થોડા પ્રયત્ન કર્યા, પણ ફાવ્યું નહીં. જોકે એક વાત સમજાઈ હતી કે કથામાં બિનજરૂરી દોદળાપણું ટાળવું જોઈએ. હું બહુ જલદી નકરા પ્રયોગની કસરતમાંથી બહાર નીકળી ગયો. આત્યંતિક પ્રયોગ કરવાનું છોડી ઘટનાનું દોદળાપણું ઘટાડવાની મથામણ કરી. કૃતક ટૅક્નિકથી બચવાનો પ્રયત્ન ચાલુ રાખ્યો. મધ્યમ માર્ગ અપનાવ્યો. આ વાત મારી આરંભની નવલકથાઓના સંદર્ભે પણ જોઈ શકાય.

પ્ર. : ૧૦. તમારી વાર્તામાં બક્ષી કશે નથી દેખાતા પણ તમારી આરંભની નવલકથાઓમાં - ખાસ કરીને 'નગરવાસી' અને 'એકાંતદ્વીપ' પર બક્ષીશૈલીનો સીધો પ્રભાવ હતો એવું અમને વાંચનારાઓને લાગે. તમને એવું લાગેલું?

ઉ. : 'નગરવાસી'માં કેટલાકને બક્ષીનો પ્રભાવ દેખાયો હશે, પરંતુ 'એકાન્તદ્વીપ'માં તો નહીં જ. ત્યાર પછીની નવલકથાઓમાં તો ક્યાંય નહીં. તે સમયના વાર્તાકારોમાં બક્ષી મને નજીક લાગ્યા હતા. એમની વાર્તામાં પ્રવેશ કરવો આસાન હતો. હું એમની શૈલીના મોહમાં તણાયો હતો. વાર્તાકાર તરીકે બક્ષી મને ગમ્યા છે. અત્યારે પણ બક્ષીની ઘણી વાર્તાઓ વાંચવી ગમે. ચારે બાજુ ધૂમ બચાવી રહેલા પ્રયોગશીલ વાતાવરણમાં એ અલગ રીતે એમની બિન્દાસ શૈલીમાં લખતા રહ્યા. એટલું જ નહીં, એમણે ઘણા નવોદિતો પર એમની શૈલીનો પ્રભાવ પાડ્યો હતો.

પ્ર. : ૧૧. આરંભગાળાની વાર્તાઓનાં શીર્ષક લાંબાં હતાં પણ વાર્તાઓ ટૂંકી હતી. હવે શીર્ષક ટૂંકાં છે પણ 'દરિયો', 'રણ', 'પહાડ'... જેવી વાર્તાઓ અતિશય લાંબી થતી ગઈ. આવું કેમનું થયું?

ઉ. : મારી આરંભની વાર્તાઓનાં શીર્ષક મને એટલાં લાંબાં જણાયાં નથી, જોકે તમારો મુદ્દો એ નથી. મારે મારી કેટલીક વાર્તાઓ લાંબી કેમ થઈ એ પાછળની ભૂમિકા સમજાવવાની છે. મારા પ્રથમ બે વાર્તાસંગ્રહ અને ત્રીજો સંગ્રહ 'અહીં કોઈ રહેતું નથી (૨૦૦૧)ના પ્રકાશનને દસકા જેટલો સમય પસાર થયો. એ સમયગાળામાં મારે જુદાંજુદાં શહેરોમાં અનેક અનિશ્ચિતતા વચ્ચે રહેવાનું બન્યું. એ સમયમાં નવલકથાઓ વધારે લખી અને વાર્તા ઓછી લખાઈ. આજીવિકાના સંદર્ભમાં નિવૃત્ત થઈ એક જ જગ્યાએ ઠરીઠામ થયા પછી વાર્તાઓ લખવાની નિરાંત મળી. કથાનકને ધ્યાનમાં રાખી કેટલીક વાર્તામાં યોગ્ય સ્પેસ શોધવાની જરૂર લાગી હતી. વાર્તા પોતે જ પોતાનું કદ શોધે છે. પાત્રોને વિકસવા માટે જગ્યા જોઈએ. પરિવેશને વાર્તાના મૂડ સાથે જોડવાની મારી લેખનપદ્ધતિએ પણ એમાં

ભાગ ભજવ્યો. એ રીતે ઘણી વાર્તાઓ અનિવાર્યપણે લાંબી થતી ગઈ. એ વિસ્તાર બિનજરૂરી પ્રસ્તાર બન્યો હોય તો એની તપાસ કરી શકાય, પરંતુ કૃતિ મૂળભૂત રીતે 'ટૂંકી વાર્તા' રહેતી હોય અને એના લક્ષ્ય તરફ સીધી ગતિ કરતી હોય તો એને ટૂંકી જ રાખવાની મને જરૂર લાગી નથી. હા, 'મિસિસ સૂરીનું ઘર' જેવી કોઈક વાર્તામાં એડિટિન્ગ કરી શકાયું હોત, પરંતુ 'તને ખબર નથી, નિરુ'માં એક પરિવારનાં પાત્રો પર કચ્છના ભૂકંપની બાહ્ય અને આંતરિક અસરને સંવેદનાત્મક સ્તરે આલેખવી હોય તો વાર્તાનું લાંબું હોવુંય મને અખર્યું નથી.

'દરિયો' લાંબી વાર્તા તરીકે લખવી અનિવાર્ય હતી, બલકે એ અને એ શ્રેણીની બીજી બે વાર્તા 'રણ' અને 'પહાડ'નું આયોજન લાંબી વાર્તારૂપે જ કર્યું. હું લાંબી વાર્તામાં રહેલી શક્યતાનો કસ કાઢવા માગતો હતો. એ વાર્તાઓ લાંબી થઈને પણ સ્વરૂપની દૃષ્ટિએ 'ટૂંકી વાર્તા' રહી શકે અને લઘુનવલની સરહદમાં ઘૂસી ન જાય તે પણ મારે જોવું હતું. આપણે એને મારું મનોયત્ન લેખી શકીએ. ત્યાર પછી લખેલી 'માછલી', 'સ્ત્રી', 'અંતર', 'નાયિકાનું ન પહોંચવું' જેવી થોડી વાર્તા ફરી ટૂંકી બની છે, પરંતુ એની પાછળ એ વાર્તાઓને લાંબી થવા ન જ દેવી એવો નિર્ધાર નથી. વાર્તાઓએ જાતે જ એમનું કદ શોધ્યું છે અને શોધતી રહેશે.

પ્ર. : ૧૨. તમે આરંભે આટલાં રેડિયોનાટક લખ્યાં. પછીથી જાતને વાર્તા-નવલકથા પૂરતી કેમ મર્યાદિત કરી દીધી? આજે એ રેડિયોનાટકો સચવાયાં છે ખરાં? રેડિયોનાટકો ઉપરાંત 'અંધેરી નગરી' કે 'રજનીગંધા' જેવાં નાટકોનું દિગ્દર્શન કરનાર વીનેશ અંતાણીએ રંગભૂમિ સાથે સાવ છેડો ફાડી જ નાખ્યો એવું કેમ?

ઉ. : હું આકાશવાણીમાં જોડાયો તે પહેલાંથી રેડિયોનાટક લખતો હતો. એમાં જોડાયા પછી રજૂઆત કરવાનો પણ મોકો મળ્યો. રેડિયોનાટકનું સ્વરૂપ મને વિશિષ્ટ લાગ્યું છે. 'પ્રિયજન' નવલકથા મૂળ રેડિયોનાટક હતું. મૌલિક નાટકો ઉપરાંત અન્ય સર્જકોની કૃતિઓનાં નાટ્યરૂપાંતર કર્યાં. એમાં રઘુવીરભાઈ ચૌધરીની 'લાગણી', જ્યોતિષ જાનીની 'ચાખડીએ ચડી ચાલ્યા હસમુખલાલ' અને બંગાળી સર્જક સુનીલ ગંગોપાધ્યાયની નવલકથાનો ગુજરાતી અનુવાદ 'સ્વર્ગ નીચે મનુષ્ય' વગેરે કૃતિઓ ઉલ્લેખનીય છે. મારી 'નગરવાસી' નવલકથા, 'હવડ વાવનો પ્રેમ' અને 'સનડો મનડો અને હું' વાર્તાઓને રેડિયોનાટકમાં ઢાળી. એ બધાં કામોથી રેડિયોનાટકને સમજવામાં ઘણી મદદ મળી. એ સ્વરૂપની કેટલીક વિશિષ્ટતાઓનો મારા વાર્તા-નવલકથાસર્જનમાં લાભ મળ્યો. મારી કૃતિઓમાં સહજપણે રચાતી દૃશ્યાત્મકતા તરફ ઘણાનું ધ્યાન ગયું છે, એનું કારણ પણ રેડિયોનાટક સાથેનો સંસર્ગ. ગુજરાતમાં રહ્યો ત્યાં સુધી રેડિયોનાટકમાં

કામ થયું, પરંતુ બીજાં રાજ્યોમાં જવું પડ્યું અને ખાસ કરીને પ્રમોશન પછી વહીવટમાં સમય વધારે આપવો પડ્યો, એથી રેડિયોનાટક બાજુમાં રહી ગયાં. એ નાટકો સચવાયાં હશે કે કેમ એની ખબર નથી. જેના પરથી 'પ્રિયજન' લખી તે રેડિયોનાટક 'માલિપા' એ લોકોએ યૂટ્યુબ પર મૂક્યું છે.

ભુજમાં હતો ત્યાં સુધી રંગભૂમિનાં થોડાં નાટક કર્યાં, ભુજ છોડ્યું પછી એ માટે મારી ટીમ ઊભી કરવાની તક મળી નહી. જયંત ખત્રીની વાર્તા 'ધાડ' પરથી મેં લખેલી નવલકથામાં અદિતિબહેન દેસાઈને નાટક દેખાયું તો મેં એનું નાટ્યરૂપાંતર કર્યું. એના ઘણા પ્રયોગ થયા. કપિલદેવ શુક્લે મારી ત્રણેક નવલકથાઓને નાટ્યરૂપ આપ્યું છે.

પ્ર. : ૧૩. તમને અકાદમી અવોર્ડ 'ધૂંધભરી ખીણ' નવલકથા માટે મળ્યો. તમને એવું લાગેલું ખરું કે આને નહીં પણ પેલીને મળ્યો હોત તો વધારે સારું થયું હોત?

ઉ. : 'પ્રિયજન' અથવા 'કાફલો'ને સાહિત્ય અકાદમી એવોર્ડ મળી શક્યો હોત, પરંતુ કદાચ એ વર્ષે એનાથી વધારે સારી કૃતિઓ હશે એથી ન મળ્યું. તેમ છતાં 'ધૂંધભરી ખીણ'ને એવોર્ડ મળ્યો એ મને તો ગમ્યું. પંજાબના આતંકવાદના પશ્ચાદભૂમાં લખેલી એ નવલકથા હું આતંકવાદના સમયે હિંમતપૂર્વક ચંડીગઢ ગયો એનું પરિણામ. ચંડીગઢનો વિકટ સમય સર્જનાત્મક રીતે પાર કરવામાં મને સહાય કરનાર કૃતિ તરીકે 'ધૂંધભરી ખીણ'નું અંગત રીતે મારા માટે ઘણું મહત્ત્વ છે. એ અર્થમાં એને મળેલો અકાદમી એવોર્ડ પડકારોની વચ્ચે ટકી જવા માટેની મારી મથામણના

સન્માનરૂપે જોઉં છું.

પ્ર. : ૧૪. તમે એક સેમિનારમાં જાહેરમાં એવું કહેલું 'એવું લાગે છે, જાણે 'પ્રિયજન' મારી દુશ્મન નવલકથા છે.' આટલી તીવ્ર પ્રતિક્રિયા કેમ? અનેક કૃતિ લખ્યા પછી દરેક લેખક કોઈ એકાદ-બે કૃતિ થકી જ ઓળખાતો હોય છે. તમને એવું લાગે છે કે તમે 'પ્રિયજન'ની ઊંચાઈએ ફરી ન પહોંચી શક્યા કે પછી વાચકોએ 'પ્રિયજન' જ વધારે વાંચી ને બીજી ન વાંચી? ફરિયાદ શી છે?

ઉ. : ફરિયાદ કોઈ નથી. 'પ્રિયજન'ને મળેલો પ્રતિસાદ અકલ્પ્ય છે. મેં જ્યારે કહ્યું કે 'પ્રિયજન' મારી દુશ્મન નવલકથા છે' ત્યારે હું એની પ્રતિષ્ઠા જ કરતો હતો. લેખક એની એકાદ-બે કૃતિ થકી જ ઓળખાતો હોય એવું બને છે. મારો મુદ્દો એ હતો કે વાચકો બીજી કૃતિ વાંચ્યા પછી સંતોષ તો વ્યક્ત કરે છે, પરંતુ પછી તરત 'પ્રિયજન'થી મળેલા આનંદ સાથે સરખાવે. મને થાય કે 'પ્રિયજન'ની સરખામણીમાં એ કૃતિઓનો શો વાંક? આપણે સર્જકને એકાદ-બે કૃતિના દાયરામાં જ સંકોચી દઈએ એ કેવું? જોકે 'કાફલો' સહિત બીજી નવલકથાઓની પણ સારી એવી ચર્ચા થઈ. 'બીજે ક્યાંક' વાંચીને મિત્ર રમેશ તન્નાએ જણાવ્યું હતું: 'તમને ખોટું ન લાગે તો કહું કે મને તો 'બીજે ક્યાંક' તમારી 'પ્રિયજન'થી વધારે ગમી'. મને પણ એ સાંભળવું ગમ્યું હતું. હું 'પ્રિયજન'ની ઊંચાઈએ ફરી પહોંચી શક્યો કે કેમ એ તો બીજા લોકો કહી શકે, પરંતુ દરેક કૃતિ લખતી વખતે મારી નિષ્ઠા 'પ્રિયજન'ના સર્જન જેવી જ રહી છે. બીજી કૃતિઓ વાચકોએ પ્રેમથી વાંચી છે, પરંતુ 'પ્રિયજન' લગભગ બધાંએ એકથી વધારે વાર વાંચી છે અને ઓશીકા પાસે રાખી છે. 'પ્રિયજન' ૧૯૮૦માં આવી. આટલાં વર્ષોમાં વાચકોની પેઢી બદલાઈ ગઈ, છતાં આજના યુવાન વાચકો આંખોમાં ચમક સાથે એ જ પ્રતિભાવ આપે છે, જે તે સમયે મળતો હતો. શરીફાબહેન, ઘણી વાર મા એના વહાલસોયા સંતાન માટે કહેતી હોય છેને કે 'મારો રોયો, દુશ્મન થઈને મારા પેટે જન્મ્યો...' એવું જ કંઈક હું 'પ્રિયજન'ને વહાલભર્યો ઠીંકો મારીને કહું છું.

પ્ર. : ૧૫. તમે લખ્યું છે કે 'એવું નથી કે સર્જકને જ કૃતિ રચવાની ગરજ હોય છે. સારી કૃતિને પણ અવતરવાની ગરજ હોય છે.'... આવું ખરેખર થાય છે? કૃતિ અનાયાસ આવે એ ખરું પણ પછી સર્જકકર્મનું જે માહાત્મ્ય છે તેનું શું?

ઉ. : એવું કહીને કૃતિ ઘણી વાર અનાયાસ ઊઘડે છે એ જ વાત કરી છે. મોટા ભાગના સર્જકોનો અનુભવ હશે કે કૃતિ ચમત્કારની જેમ ચિત્તમાં ઊઘડે અને લખાય. ક્યારેક તો આખી પ્રક્રિયા ટ્રાન્સમાં બનતી અનુભવાય. એક ક્ષણ

પહેલાં કશું જ ન હોય, અચાનક વાદળ ઘેરાય અને મુશળધાર વરસે. જરૂરી નથી કે ચિત્તમાં ઊઘડતાંની સાથે જ કૃતિ એ જ વખતે સળંગ રચાઈ જાય. ઘણી કૃતિનાં બીજ વર્ષો સુધી મનમાં રહે અને પછી કોઈક સમયે કૃતિરૂપ ધારણ કરે. મારી કેટલીક વાર્તાઓ વિચિત્ર સંજોગોમાં મનમાં અચાનક આવી છે અને એક બેઠકે લખાઈ છે. એક રાતે મારા પિતાજીને બ્રેઇન હેમરેજ થવાથી લકવો પડ્યો. એ બેભાન હતા. ડૉક્ટરે કહ્યું હતું કે ચોવીસ કલાક ભારી છે. ઘરમાં બધાં ચિંતામાં હતાં. એવી માનસિક સ્થિતિમાં સર્જનાત્મક કામ કરવાની શક્યતા ન જ હોય. આખી રાત જાગવા માટે મારે કશુંક કરવાની જરૂર હતી. પિતાજીની પથારી પાસે બેઠો હતો. ત્યાં શું સૂઝ્યું તે કોરાં પાનાં લઈ લખવા માંડ્યો. પહેલું વાક્ય આવ્યું અને વાર્તા આગળ વધતી ગઈ. સવાર પડે તે પહેલાં 'શ્વાસનળીમાં ટ્રેન' વાર્તા લખાઈ ગઈ હતી. એની કથા અને તે સમયની મારી માનસિક સ્થિતિને કોઈ સંબંધ નથી. એ જે રીતે આવી અને લખાઈ એનું મને આશ્ચર્ય રહ્યું છે. એવું જ 'બે સ્ત્રી અને ફાનસ', 'ચન્દ્રી' અને બીજી કેટલીક વાર્તાઓ સાથે પણ બન્યું છે. 'પ્રિયજન' પણ. મૂળ તો એ રેડિયોનાટક 'માલિપા.' ભુજના શિયાળાની રાતે હું અને પુષ્પા ચાલવા જઈએ તે પહેલાં નાનીનાની ઘટનાઓ બની. હું પુસ્તકોના રેક પાસે ઊભો રહ્યો. એક પુસ્તક ખોલવા ખાતર ખોલ્યું. એક વાર્તાના આરંભનું પાનું ઊઘડ્યું. વાર્તાનું નામ વાંચ્યું: 'Parting' - છૂટા પડવું. એ જ ક્ષણે 'માલિપા' અને પાછળથી 'પ્રિયજન'નું કથાવસ્તુ, એનાં પાત્રો અને કૃતિનું છેલ્લું વાક્ય સુધ્ધાં મારા ચિત્તમાં ઊઘડી ગયાં. એવી ચમત્કાર જેવી ઘટનાને કેવી રીતે સમજવી? મને એમ સમજવું ગમે કે કૃતિ પણ એની ગરજે સર્જકચિત્તમાં અવતરે છે.

સર્જકકર્મનું માહાત્મ્ય તો પૂરેપૂરું. વાસ્તવમાં કોઈ કૃતિનું સર્જકચિત્તમાં અવતરણ ચમત્કારી લાગે, પરંતુ અંદર તો કશુંક ચાલતું જ હોય છે. સર્જકની રિસેપ્ટિવિટી પણ એમાં ભાગ ભજવે. કૃતિના ઉઘાડથી માંડી એનો આકાર બંધાવાની આખી પ્રક્રિયામાં સર્જકતા મોટો ભાગ ભજવે જ. મેં ઉપરોક્ત વિધાનમાં એનો મહિમા ઓછો કર્યો નથી. મેં તો કૃતિના ઉઘાડની પ્રથમ ક્ષણનો અહોભાવ એ રીતે વ્યક્ત કર્યો છે.

પ્ર. : ૧૬. તમે લખ્યું છે, ' 'પ્રિયજન' લખતો હતો તે તે બધી જ ક્ષણો દરમિયાન મારી અંદર જાણે એક સંતૂર બજતું રહ્યું હતું અને રાગ કલાવતીનું વાતાવરણ મારા શ્વાસોમાં ઘૂંટાતું રહ્યું હતું. એક દરિયો ઊછળતો રહ્યો હતો. દરિયા પરથી આવતા પવનમાં સરુનાં વૃક્ષો ધીરે ધીરે ડોલતાં રહ્યાં હતાં,

નાળિયેરીના થડનો ખરબચડો સ્પર્શ થયા કરતો હતો. અદશ્ય ખૂણામાં ઊગેલી રાતરાણીનાં ફૂલોની સુગંધ ઝરતી રહેતી હતી. ભીની રેતી જેવું કશુંક મારી અંદર સતત ઝરતું રહ્યું હતું...' આવું વાંચીને સારું બહુ લાગે, પણ સવાલ પણ થાય કે આવું ખરેખર થાય? કે આ શબ્દોની કૃપા છે?

ઉ. : 'માલિપા' રેડિયોનાટકરૂપે 'પ્રિયજન'ની રૂપરેખા સમગ્રપણે તૈયાર હતી, છતાં લખવા બેઠો ત્યારે એનું પહેલું વાક્ય જ આવ્યું નહીં. હું આરંભથી જ એનાં ચારેય પાત્રોને સમાંતરે મૂકવા માગતો હતો. એની અવઢવમાં દોઢ દિવસ સુધી કશું લખાયું નહીં. ત્યાર પછી ત્રણ દિવસના ગાળામાં ધારી ન હતી એ નવલકથા 'આસોપાલવ' લખાઈ. એ પૂરી થઈ તે સાથે જ 'પ્રિયજન'નું મંડાણ થઈ ગયું. રોજના સત્તર-અઢાર કલાક એકધારું લખીને સાડાપાંચ-છ દિવસમાં 'પ્રિયજન' સડસડાટ લખી. ટ્રાન્સમાં જ. મનમાં એનું વાતાવરણ બંધાઈ ગયું હતું. હું ચારે પાત્રોના ભાવજગતમાં તન્મય થઈ ગયો હતો. એમાં નિરૂપાયેલાં દરિયાકિનારો, નાળિયેરી અને સરુ, રાતરાણીની સુગંધ અને ચિત્તમાં બજતું રહેલું સંતૂર... એ બધું જાણે લેખનની સાથે મારી અંદર બનતું રહ્યું હતું. સર્જનાત્મકતાનો ધોધ મારી અંદર વહેતો અનુભવ્યો હતો. એ તન્મયતા, એ ભાવતરલતા, શબ્દોમાં વ્યક્ત કરવી હોય તો તમે ઉપર ક્વોટ કર્યું છે એ રીતે જ કહી શકું. એ ભલે 'શબ્દોની કૃપા' છે, પણ મારા વિશિષ્ટ સર્જનાત્મક અનુભવની અવ્યક્ત રહી ગઈ હોત એવી અભિવ્યક્તિ પણ છે.

પ્ર. : ૧૭. તમારી નવલકથાઓ સતત પોંખાતી રહી, વિવેચકો દ્વારા એના વિશે સતત લખાતું પણ રહ્યું. એ દૃષ્ટિએ તમે નસીબદાર સર્જક છો એવું લાગે છે ખરું? તમે લખ્યું છે, 'સરજાતા સાહિત્ય વિશે મૌન ધારણ કરતા સાહિત્યના અભ્યાસીઓની સરખામણીમાં નાનકડા સ્નેહાળ વાચકવૃંદની બોલકી હૂંફ પ્રસન્નતા આપે છે.'

ઉ. : હું મને બે રીતે નસીબદાર માનું છું. સાહિત્યના અભ્યાસીઓએ મારી ઘણી નવલકથાઓ વિશે લખ્યું છે અને વિશાળ સહૃદયી વાચકો મને મળ્યા છે. 'પ્રિયજન'નો જ દાખલો લઈએ તો ચાલીસથી વધારે વર્ષો પછી પણ એની નવી આવૃત્તિઓ થતી રહી છે. અન્ય નવલકથાઓનું પણ પુનઃમુદ્રણ થયું છે. અભ્યાસીઓ તો ઘણીવાર તોળીતોળીને વાત કરે, જ્યારે વાચકોની પ્રતિક્રિયામાં ઊલટ સંભળાય. એ લોકો હૈયામાં હોય તે પારદર્શક રીતે જણાવે. કેટલાકે તો અમુક નવલકથાનાં પાત્રો સાથે પોતાની જાતને પણ જોડી છે. સર્જક અને સાદાસીધા વાચક વચ્ચે મનથી મન સુધીનો સેતુ આયાસ વિના બંધાય છે, એવો મારો અનુભવ છે. એની સામે

વિવેચનના ક્ષેત્રમાં સાંપ્રત સાહિત્યની તપાસ ઘણાં કારણસર પ્રમાણમાં ઓછી થાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી એમાં ખાસી ઓટ આવી છે. મારો બીજો પણ અનુભવ છે કે વાચકો તરત પ્રતિભાવ આપે છે, જ્યારે અભ્યાસીઓ ઘણી વાર વાતચીતમાં પણ મૌન રહે છે. મારી જેમ કોઈ પણ સર્જક એણે લખ્યું હોય એનો પ્રતિભાવ જાણવા ઝંખે. એ માનવસહજ છે. એમનાં સૂચનોની અપેક્ષા પણ હોય. ઘણી વાર કૃતિ સામેની દિશાના ગાઢ મૌનમાં અટવાઈ જાય, જાણે એમણે એ વાંચી જ ન હોય. નથી પણ વાંચી હોતી. મેં એ મૌન સામે સ્નેહાળ વાચકોની બોલકી હૂંફની વાત કરી છે. અલબત્ત, છેલ્લે 'દરિયો' અને 'રણ' જેવી લાંબી વાર્તા 'એતદ્'માં પ્રકાશિત થઈ ત્યારે સંખ્યાબંધ સર્જકો અને અભ્યાસીઓના મને તરત પ્રતિભાવ મળ્યા. એની પ્રસન્નતા પણ વ્યક્ત કરું છું.

પ્ર. : ૧૮. તમે અનુવાદો કર્યા ને અકાદમીનો અનુવાદ પુરસ્કાર પણ મેળવ્યો. પણ તમે માત્ર નિર્મલ વર્મા પૂરતા મર્યાદિત કેમ રહ્યા મહદ્અંશે?

ઉ. : અનુવાદ મારી મુખ્ય પ્રવૃત્તિ નથી. ક્યારેક મને બહુ ગમતા સર્જકની કૃતિની વધારે ભીતર પ્રવેશવા હું નિજાનંદ માટે એનો અનુવાદ કરું. હું ચંડીગઢ ગયો તે પહેલાં મેં નિર્મલ વર્માની થોડી વાર્તાઓ વાંચી હતી. ચંડીગઢમાં હિમાચલના પહાડો મારા

મોટા પુત્રના વરઘોડામાં ઢોલવાદન
(ફોટો: રજનીકુમાર પંડ્યા)

પડોશી થયા, નિર્મલ વર્માની વાર્તાઓ મારા મનમાં ઊભરાઈ આવી. એમનાં પ્રાપ્ય પુસ્તકો મગાવી વાંચી ગયો. ચંડીગઢના એકાન્તવાસમાં એમનાં પાત્રોની એકલતા મારી અંદર સોંસરવી ઊતરતી ગઈ. મને લાગ્યું કે વ્યક્તિ અને સર્જક તરીકે મારામાં જે કંઈ અવ્યક્ત રહી જાય છે તે બધું જ નિર્મલ વર્મા સહજતાથી વ્યક્ત કરે છે. એમના ગદ્યનું આકર્ષણ ટાળી શકાય તેમ ન હતું. ચંડીગઢની નિબિડ એકલતામાંથી છૂટવા મેં એમની નવલકથા 'એક ચીથડા સુખ'નો અનુવાદ કર્યો. પછી ઘણા સમયે એમની 'કવ્વે ઔર કાલાપાની'ની

વાર્તાઓનો સાહિત્ય અકાદમી, દિલ્હી માટે અનુવાદ કર્યો અને પછી એમના જુદા જુદા સંગ્રહોમાંથી પસંદ કરેલી સાત લાંબી વાર્તાઓના અનુવાદ 'માયાદર્પણ'માં મૂક્યા. મેં ચંડીગઢમાં જ એરિક સેગલની 'લવ સ્ટોરી' નવલકથા વાંચી હતી. પાછળથી એનો અનુવાદ કર્યો. લોકડાઉનના સમયમાં માનસિક ભીંસમાંથી બચવા ચેખોવ, એડગર એલન પૉ, પર્લ બક, એલિસ મુનરો, માર્ગરેટ એલેનોર એટવૂડ, હારુકી મુરાકામી જેવા વિદેશી વાર્તાકારોની કેટલીક વાર્તાઓના અનુવાદ કર્યા છે. એનું પુસ્તક હવે આવશે.

પ્ર. : ૧૯. તમને ખબર છે, તમારી વાર્તાઓમાં કેટલા બધા હિંદી શબ્દપ્રયોગો અનાયાસે આવી જાય છે? એનું કારણ આ અનુવાદો? કચ્છીની છાંટ તો સમજી શકાય, પણ હિંદી?

ઉ. : અનાયાસે આવી ગયા હશે. શક્ય છે કે મેં વાંચેલી ઘણી હિંદી કૃતિઓનું કારણ હોય. હું સભાનતાપૂર્વક એવું કરતો નથી.

પ્ર. : ૨૦. સત્યજિત રેની 'કાંચનજંઘા' ફિલ્મ જોઈને તમે લખો છો, 'સર્જકને મૂળભૂત રીતે સર્જનમાં જ રસ હોય છે. અર્થઘટન વગેરે તો પાછળથી ખેંચાઈ આવતી પ્રક્રિયા છે.' તમને તમારી વાર્તાઓ-નવલકથાઓ વિશેના વિવેચનોમાં આવો અનુભવ થયો છે કદી?

ઉ. : સત્યજિત રાયે 'કાંચનજંઘા' ફિલ્મના સંદર્ભમાં કહ્યું હતું કે તે ફિલ્મ દ્વારા એ કશાયનું અર્થઘટન કરવા નહીં, માત્ર કશુંક સર્જવા માગતા હતા. મને એમની વાત સાચી લાગી હતી. ઘણી વાર સર્જકને અભિપ્રેત ન હોય એવાં અર્થઘટન થાય છે. ક્યારેક કૃતિનું 'ઓવર રિડિન્ગ' પણ થાય. મારી કેટલીક વાર્તા અને નવલકથાનાં વિવેચનમાં મેં ધાર્યું ન હોય એવું વિવેચકો અને સુજ્ઞ ભાવકોને દેખાયું છે. 'પ્રિયજન' અલગ અલગ ભૂમિકા પરથી જોવાઈ, પરંતુ એને અલગઅલગ અર્થઘટનનો લાભ મળ્યો નથી. કદાચ શક્યતા પણ નથી. તેમ છતાં એની ભાષા વિશે બે છેડાનાં નિરીક્ષણનો લાભ મળ્યો. મોટા ભાગના અભ્યાસીઓ અને ભાવકોએ એનું કાવ્યાત્મક ગદ્ય આવકાર્યું, જ્યારે એક નિરીક્ષણ એવું થયું કે એની ભાષા વાસ્તવનો જીવંત અને સૂક્ષ્મ સ્પર્શ કરાવવામાં કંઈક અંશે વિઘ્નરૂપ બની છે. 'કાફલો' વિશે સારી એવી ચર્ચા થઈ. એ મનુષ્ય જાતિના વિઘટનની કલાત્મક નવલકથા લાગી, તો એનો દૃષ્ટિકોણ વિધાયક ન હોવાથી અસંતોષ વ્યક્ત થયો. સમગ્ર કૃતિની પ્રતીકાત્મકતા તપાસાઈ તો કોઈએ એનાં પાત્રો વચ્ચેના સંબધોને જ લક્ષમાં રાખીને એની પ્રતીકાત્મકતા વિશે સવાલ ઊભા કર્યા. કોઈએ 'કાફલો'ને સંવેદનને વ્યક્ત કરતી નવલકથા તરીકે પણ

જોઈ. 'ધૂંધભરી ખીણ' વિશે કોઈનું ધ્યાન નાયિકાના જીવનની પીડાની સાથે પંજાબના આતંકવાદ પછીની અસરોના તાણાવાણા પર ગયું, તો કોઈ સુધી એ માત્ર નારીવાદી રચના તરીકે પહોંચી. એ નવલકથાને બહિર્-અંતર વેદનાના આલેખ તરીકે પણ જોવાઈ.

'બે સ્ત્રી અને ફાનસ' વાર્તામાં ફાનસને જુદી જુદી રીતે જોવાયું. ઘણાએ ફાનસને બંને સ્ત્રીપાત્રોની જિજીવિષાના અર્થમાં જોયું. દીકરી પારોતી વાર્તાના અંતમાં ફાનસ ઓલવી નાખે છે એનાં બે અર્થઘટન પ્રશ્નરૂપે સૂચવાયાં: પારોતી માની જીવનરેખા ટૂંકાવી નાખે છે? અથવા એ (પારોતી) જે ભૂતકાળને આધારે જીવી તેની સાથેનો છેડો ફાડી નાખે છે? 'અહીં કોઈ રહેતું નથી' વાર્તા મેં પરિષદમાં વાંચી ત્યારે એક મિત્રે શંકા ઉઠાવી કે આવું તે કોઈ નિર્જન અને ખાલી ગામ વાસ્તવમાં હોય? એમણે વાર્તામાં ખાલી ગામ જ જોયું, એ ગામના પરિવેશને વાર્તાનાયકના જીવનમાં વ્યાપેલા સૂનકાર સાથે જોડ્યું નહીં. 'દરિયો' અને 'રણ' વિશે મળેલા મૌખિક અભિપ્રાયોમાંથી હું જુદાંજુદાં અર્થઘટનોથી અવગત થયો. એમાંનું કેટલુંક મને અભિપ્રેત પણ ન હતું. કૃતિના સર્જન પછી વિસ્તરતાં અર્થઘટનનાં આવર્તનોએ મને સર્જક તરીકે વધારે સજ્જ થવાની દિશા સૂચવી છે - પછી તે પ્રશંસા હોય કે ટીકા, બંનેમાં ક્યાંક તો સચ્ચાઈનો અંશ હોય છે, એવું મને લાગ્યું છે.

પ્ર. : ૨૧. મોટાભાગે સંઘર્ષ કરતા યુવાવર્ગને 'તમને શું ખબર પડે અમારી મુશ્કેલીઓ?' એવું કહેતા સાંભળું છું. ત્યારે મને થાય કે આજે જે સફળ અને સુખી માણસ દેખાય છે તમને ૭૦ વર્ષે એ કેવી તો દારુણ મુશ્કેલીઓ વેઠીને, કેવી ભીંસભરી જિંદગી જીવીને આ મુકામે પહોંચ્યો છે તે કોઈ જાણે છે ખરું? રોદણાં રડવા નહીં પણ સફળતા રાતોરાત કોઈને નથી મળતી એ કહેવા પણ પોતાની વાત માંડવી જોઈએ એવું હું માનું છું. 'એક હતો વીનેશ' લખતા પહેલાં આવું કશું હતું તમારા મનમાં?

ઉ. : વીતેલા જીવનની વાત કહેવા પાછળ તમે સૂચવ્યો એવો વિચાર કોઈના મનમાં હોઈ શકે, પરંતુ મારા મનમાં એવો ખ્યાલ ન હતો. શક્ય છે કે તમે કહ્યો એવો આડકતરો સંદેશ એમાંથી મળતો હોય. કેટલાય લોકોના જીવનમાં આવેલા સંઘર્ષોની સરખામણીમાં મારા જીવનમાં આવેલી મુશ્કેલીઓ તો નગણ્ય છે. 'એક હતો વીનેશ' લખવા પાછળનું કારણ પુસ્તકની પ્રસ્તાવનામાં સ્પષ્ટ કર્યું છે. હું મારું બનતા રહેવું તપાસી જવા માગતો હતો. હું જે બન્યો, જે રીતે બન્યો, જેમના કારણે મારું બનવું શક્ય બન્યું એ મારે જોવું હતું. સ્મૃતિઓ ધીરેધીરે ધૂંધળી થતી જાય છે. ક્યારેક તો સંશય પણ જાગે કે

મારી સાથે ખરેખર એવું બન્યું હશે? મારી સ્મૃતિઓ સાવ ઝાંખી પડે કે હું બીજાની સ્મૃતિમાંથી સદંતર ભૂંસાઈ જાઉં તે પહેલાં હું મારી ભોંયની માટી ફંફોસી લેવા માગતો હતો. મેં પાછળ વળીને જોયું તો મારી જિંદગીના દરેક મુકામ પર મને ઊભેલો જોયો, જાણે અનેક હું એ જગ્યાએ ઊભા હોય. મારું બનવું એમના બનતા રહેવાની પ્રક્રિયાનો જ ભાગ છે. મેં સ્મૃતિકથામાં સચવાય એટલું લેખિત સ્વરૂપમાં સાચવી રાખવાનો પ્રયત્ન કર્યો છે.

પ્ર. : ૨૨. સમયની, રહેઠાણની, નોકરીની અને મુંબઈની ભયાનક ભીંસ વચ્ચે તમે 'લુપ્તનદી', 'પાતાળગઢ' જેવી નવલકથાઓ લખી પણ વાર્તાઓ ઓછી લખાઈ. તમે લખ્યું છે, 'મુંબઈના ઝડપી રફ્તારમાં ટૂંકી વાર્તાના સર્જન માટે જરૂરી એકાગ્રતા મેળવી શકાઈ નહોતી.' નવલકથાકાર, વાર્તાકાર, નિબંધકાર વીનેશ અંતાણીને હું પૂછી રહી છું કે આવો ફરક હોય છે ખરો? ટૂંકી વાર્તા વધારે અવકાશ માગે? એ વધારે પડકારભર્યું સ્વરૂપ છે? નવલકથા સમયની ભીંસ વચ્ચે પણ લખી શકાય?

ઉ. : હું મુંબઈ ગયો ત્યારે નિબંધો મારી પાસે આવ્યા. હરીન્દ્ર દવે અને પછી હસમુખ ગાંધીએ એમના અખબારમાં કોલમ લખવા સૂચવ્યું. એથી મુંબઈમાં ઑફિસની બેસુમાર જવાબદારી અને ઘરમાં જાતે કરવા પડતાં કામની ભીંસ વચ્ચે નિબંધો નિયમિત લખાતા રહ્યા. શક્ય છે કે દર અઠવાડિયે ડેડ લાઇન સાથે કોલમ લખવામાં મારી કેટલીક વાર્તાઓ ખોવાઈ ગઈ હોય. જે હોય તે, પરંતુ મુંબઈના ઝંઝાવાતી પથરાટમાં હું ટૂંકી વાર્તા માટે જરૂરી એકાગ્રતા કેળવી શક્યો ન હતો. શરીર અને મન ચારે દિશામાં દોડતાં હોય ત્યારે વાર્તાની નિરાંતજીવે માવજત કરવાનો અવકાશ મને મળ્યો ન હતો. બહારનો રઝળપાટનો અંત આવ્યો પછી સારી એવી સંખ્યામાં વાર્તા લખી શક્યો છું. મારી વાર્તાલેખન પદ્ધતિ જ એવી છે કે હું લખવા ધારેલી વાર્તાને નિરાંતે સેવું અને વાર્તા મને ક્રૂરતાથી તાવે, જાણે અમે સામસામે યુદ્ધે ચડ્યાં હોઈએ. મુંબઈમાં હું વાર્તા સાથે એવું યુદ્ધ કરી શક્યો ન હતો.

બીજું એક કારણ પણ શક્ય છે. હું નવલકથા લખવા લાગ્યો પછી વાર્તા લખવાનું પ્રમાણમાં ઓછું થયું હતું. નવલકથા પર કામ કરવામાં વાર્તા પાછળ ધકેલાતી જતી. મને વાર્તા વધારે પડકારભર્યું માધ્યમ લાગ્યું છે. મુંબઈમાં ત્રણેક વર્ષના સમયગાળામાં ચાર નવલકથા લખી, બે 'નવનીત-સમર્પણ' માટે, એક 'સમકાલીન' માટે અને એક ગુજરાતી 'ફેમિના' માટે. નિમિત્ત મળ્યું અને બહારથી દબાણ

આવ્યું તો સમયની ભીંસ વચ્ચે પણ નવલકથા લખી શક્યો. અલબત્ત, પાછળથી એનું નવેસરથી લખવા જેવું પુનઃલેખન કરવું પડ્યું.

પ્ર. : ૨૩. ૧૯૯૨ પછીના સંક્ષોભક વાતાવરણમાં તમે ચિત્રકાર ભૂપેન ખખ્ખર સાથે પ્રજાનું ડિપ્રેશન દૂર કરવા શું કરી શકાય એવી વાત કરી હતી. ભૂપેન ખખ્ખરે જર્મનીમાં કલાકારો સાથે મળીને એ કામ કેવી રીતે કરે છે એ સમજાવેલું. તમે સવાલ કર્યો છે, 'આપણે ત્યાં પ્રજાના ડિપ્રેશનની કોઈને ચિંતા છે ખરી? કદાચ પ્રજાને ડિપ્રેશન આવતું નથી.' મને લાગે છે ભલે ગાડરિયા પ્રવાહ જેવી પ્રજા હોય આપણી પણ એને ડિપ્રેશન તો આવે છે. આપણે અત્યારે એ ડિપ્રેશનના સાક્ષી પણ થઈ રહ્યા છીએ. પ્રશ્ન એ છે કે આપણે ત્યાં કોઈ પ્રજાના ડિપ્રેશન વિશે વિચારે છે ખરું?

ઉ. : પ્રજાનું ડિપ્રેશન દૂર કરવા કળાપ્રદર્શન યોજવામાં આવે એ વાત મને સ્પર્શી ગઈ હતી. સાથે પ્રશ્ન થયો હતો કે આપણે ત્યાં પ્રજાનું ડિપ્રેશન દૂર કરવાની કોઈને ચિંતા થાય છે? એમાંથી પ્રતિપ્રશ્ન થયો હતો કે કોઈ ઘટનાથી પ્રજા તરીકે આપણામાં ડિપ્રેશન આવે છે ખરું? હચમચાવી નાખતી ઘટના બન્યા પછી આપણે થોડો સમય ડહોળાઈ જઈએ, પરંતુ જલદી ભૂલી શકીએ છીએ. સમાચારોની હેડ લાઇનમાંથી એ ઘટનાની ચર્ચા થોડા સમયમાં અલોપ થઈ જાય છે. એવી ઘટનાઓમાંથી આપણે બોધપાઠ લઈએ છીએ ખરા? આપણી સંવેદનશીલતા પર કાયમી અસર કેટલી રહે છે એ સવાલ પણ થાય, નહીંતર ભાગલા વખતે થયેલાં રમખાણોની વિભીષિકા પછી દેશમાં કોમી રમખાણો થયાં ન હોત. કેટલાક સંવેદનશીલ લોકોનાં હૈયાં હચમચી ઊઠે છે, તેઓ અવાજ પણ ઉઠાવે છે, પરંતુ પ્રજામાંથી એનો જોઈએ તેવો પડઘો ઊઠતો નથી. સત્ય જ બહાર આવતું ન હોય ત્યાં બનેલા બનાવ ફરી વાર ન બને એ માટે કાયમી ઉપાયોની શક્યતા રહેતી નથી. આપણને ભૂલી જવું માફક આવી ગયું છે. થોડા મહિના પહેલાં જીવલેણ પરિસ્થિતિનો સામનો કર્યા પછી બધાં અંદરથી હચમચી ગયાં, છતાં સાવધાનીના ઉપાય બહુ જલદી છોડી દીધા, જાણે એ ભય રહ્યો જ ન હોય. રાજકારણીઓ અને સમૂહ માધ્યમોની સંવેદનશીલતાના પ્રશ્નો તો છે જ, વ્યક્તિગત સંવેદનશીલતાના પ્રશ્નો પણ છે. આપણે બીજાએ શું ન કર્યું એની ચર્ચા કર્યા કરીએ છીએ, પરંતુ મારે શું કરવું એનો વિચાર કરતા નથી.

પ્ર. : ૨૪. રેડિયો પર તમે સુરેશ જોષી, ઉમાશંકર જોશીથી લઈને મૈત્રેયી

દેવી જેવા દિગ્ગજ સાહિત્યકારો, સંગીતકારોની મુલાકાતો લીધી. તમે એમનું વાંચ્યું હોય, એમનાં જે તે કળામાંનાં પ્રદાનને તમે જાણતા હો એટલે એમની પાસેથી મહત્તમ પ્રાપ્ત કરી શકાય એવી વાતચીત તમે કરી શકો. રેડિયો ને દૂરદર્શન પર જો તમારા જેવા જાણકારો ન હોય તો કાર્યક્રમોનું સ્તર કેવું હોય? તમને નથી લાગતું કે એ દારિદ્રય અત્યારે ચોપાસ પ્રસરી રહ્યું હોય?

ઉ. : ઉમાશંકરભાઈની મુલાકાત અમદાવાદ કેન્દ્ર પર લેવાઈ હતી. તે સમયે હું ત્યાં ન હતો, પરંતુ આર્કાઇવલ રેકોર્ડિન્ગના ભાગરૂપે સુરેશ જોષી, ચં. ચી. મહેતા અને મહાદેવશાસ્ત્રી શર્માની વિગતવાર મુલાકાતનું આયોજન મેં વડોદરા કેન્દ્ર પરથી કર્યું હતું. એમની મુલાકાત ક્રમશ: સુમન શાહ, ભગવતીકુમાર શર્મા અને જયદેવ શુક્લએ લીધી હતી. સુરેશભાઈને રેડિયો માટે ઇન્ટરવ્યૂ આપવા રાજી કરવા મુશ્કેલ હતું, પરંતુ એક વાર સંમતિ આપ્યા પછી એ પૂરા ઊઘડ્યા. ચં. ચી.નું રેકોર્ડિન્ગ કરતા પહેલાં મેં અને ભગવતીભાઈએ એમની સાથે રિહર્સલ કરતા હોઈએ તેમ વાતો કરી લેવાનું વિચાર્યું. ચં.ચી. લાંબી વાતે ચડી જાય તો સમયનો ખ્યાલ ન રહે અને આવશ્યક વિગતો રહી જાય. ભગવતીભાઈ આગલા દિવસે મારે ઘેર આવી ગયા. બપોરે અમે ચં.ચી.ને લઈ આવ્યા. સાંજે સાથે જમ્યા અને વાતવાતમાં રિહર્સલ જેવું પણ થઈ ગયું. મહાદેવશાસ્ત્રી શર્મા સાથે જયદેવ શુક્લનો અંગત ઘરોબો. એથી એ એમની પાસેથી ઘણી વિગતો મેળવી શક્યા. આકાશવાણીના પ્રતિનિધિ અને કળાકાર વચ્ચે ભૂમિકા રચાયેલી હોય તો કાર્યક્રમનું સ્તર આપોઆપ ઊંચું આવે છે. એના આયોજનથી માંડી સમગ્ર રૂપરેખા ઘડવામાં એ બધું ઉપયોગી થાય. આકાશવાણી જેવું અતિ મહત્ત્વનું સમૂહમાધ્યમ હવે ઘણાં કારણસર છેલ્લાં ડચકાં ખાય છે. એવી સ્થિતિમાં કાર્યક્રમોના સ્તરના દારિદ્રયની વાત જ ક્યાં કરવી? તમારી વાત સાચી છે, એવું દારિદ્રય વત્તેઓછે અંશે દરેક ક્ષેત્રમાં જોવા મળે છે.

પ્ર. : ૨૫. તમે આકાશવાણીના ડાયરેક્ટરના હોદ્દા પર હતા. છતાં દસેક વર્ષ વહેલી નોકરી છોડી. લખવા માટે, કુટુંબ સાથે રહેવા માટે કે પછી અન્ય કારણે?

ઉ. : લાંબી રઝળપાટ પછી અલગ અને એકલાં રહીને અમે થાક્યાં હતાં. એવામાં 'ઇન્ડિયા ટુડે' (ગુજરાતી) સામયિકમાં કામ કરવાના સંજોગ ઊભા થયા. આકાશવાણીમાં મારી નોકરીને વીસ વર્ષ પૂરાં થયાં હતાં એટલે સ્વૈચ્છિક નિવૃત્તિનો લાભ મળે તેમ હતું. બધું વિચારીને મેં વહેલી નિવૃત્તિ લીધી. એ કારણે કુટુંબ સાથે રહી શક્યો અને

લખવાનો સમય પણ મળ્યો.

પ્ર. : ૨૬. તમે 'મંજુલ' ઉપનામે થોડીક કવિતાઓ પણ લખી હતી નાનપણમાં. 'હું કવિ થવા સરજાયો જ નહોતો' એવું તમને કઈ ઉંમરે સમજાઈ ગયેલું?

ઉ. : બહુ વહેલું. શરૂઆતમાં કવિતાના નામે થોડાં બાલીશ ગતકડાં કર્યાં હતાં, પરંતુ મને તરત સમજાયું કે કવિતા મારા હાથની વાત નથી. તે વચ્ચે વાર્તા લખાવા અને છપાવા લાગી હતી. મને એમાં વધારે રસ પડ્યો અને કવિતા બાજુએ રહી ગઈ.

પ્ર. : ૨૭. તમે 'લિસોટા', 'પાણી', 'કામળીની લાજ' જેવી કચ્છી પુરાતન કથાઓનું પુનર્લેખન કર્યું. આને અનુસર્જન કહી શકાય? એમાં સાંપ્રત અર્થઘટન તો નથી તો તમે કેમ આ પુનર્લેખન કર્યું?

ઉ. : કચ્છની પુરાતન કથાઓ નાનપણથી વાંચતો આવ્યો હતો. પાછળથી મને એમાં કથારસ ઉપરાંત કશુંક બીજું દેખાવા લાગ્યું હતું. એ કથાઓમાં અવ્યક્ત રહી ગયેલાં માનવસંવેદનોને પ્રગટ કરવાની જગ્યા જણાઈ. કેટલાંક પાત્રોમાં સાંપ્રત અસ્તિત્વલક્ષી મૂંઝવણો દેખાઈ. દાખલા તરીકે 'કારાયલ-કપૂરી' વાર્તામાં કારાયલ એના વ્યક્તિત્વનાં બે વિરોધી પાસાં વચ્ચે ભીંસાય છે. એની મૂંઝવણ છે: 'એક જ શરીરમાં બે જણનો ભાર ઉપાડીને હું થાકી ગયો છું.' તો 'લિસોટા'માં નાગવાળા અને નાગમતિ પાત્રોને એમની મૂળ નાગયોનિની બહાર જીવવાની વિડંબના સહન કરવી પડે છે. એમનો પ્રશ્ન છે: 'અમે કોનાં આયખાંનો ભાર વેંઢારીએ છીએ?' અન્ય વાર્તાઓમાં સ્ત્રીસન્માન અને સ્ત્રીરક્ષાના આજે ભુલાયેલાં જીવનમૂલ્યની વાત છે. 'પુંઅરાનો ગઢ'નો નાયક પુંઅરો એની અતિ મહત્ત્વાકાંક્ષા, સત્તાલાલસા અને અસહિષ્ણુતાને લીધે પોતાના અને એણે બંધાવેલા બેનમૂન ગઢના સર્વનાશનું નિમિત્ત પોતે જ બને છે. એ પાત્રમાં મને ભૂતકાળથી માંડી વર્તમાન શાસકોનું પ્રતિબિંબ દેખાયું હતું. એથી તો વાર્તાના અંતે એને લાગે છે કે મૃત્યુ પછી વર્ષો બાદ પણ એ ક્યાંય ગયો નથી. આજે પણ અહીં જ છે.

આમ આ વાર્તાઓના લેખન પાછળ માત્ર પુનર્લેખનનો નહીં, સાંપ્રતમાં એનું અર્થઘટન કરવાનો ઉદ્દેશ પણ હતો. શિરીષ પંચાલને આ વાર્તાઓમાં શરૂઆતથી રસ પડ્યો હતો. એમણે નોંધ્યું છે: 'પુરાતન વાર્તાઓના આ નવા અવતારને રૂપાંતરણ કહેવાને બદલે અનુસર્જન કહેવું હોય તો કહી શકાય. આ પરંપરાગત પ્રાચીન-મધ્યકાલીન કથાઓમાં આપણો વર્તમાન કેવી રીતે જોઈ શકાય - એ વિશેષ મહત્ત્વનું છે.'

પ્ર. : વીનેશભાઈ, આ વાતોને કોઈ અંત નથી પણ કશેક અટકવું જ રહ્યું. આપનો આભાર.

ઉ. : આભાર... આપનો પણ.

❑❑❑

શબ્દની ઓળખાણ

☐ ડો. અસ્મિતા યાજ્ઞિક

ડો. પ્રદીપ સંઘવીનાં ત્રણ પુસ્તકો - ગુજરાતી સાહિત્યમાં નવોન્મેષ

'પ્રવાસ-પ્રદીપ' - ક, ખ, ગ, ઘ - થી વેદ-મંત્ર ભણીની યાત્રા



ડો. પ્રદીપભાઈએ પ્રવેશકમાં કહ્યું છે - 'એક પંખી છે સ્થાયી અધિવાસી. બીજું છે પ્રવાસી પંખી. બન્ને મારામાં વસે છે.' – द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।– પાંત્રીસેક વર્ષમાં લેખકે કરેલા ભારત-દર્શનની રહસ્યમય ગઠરીઓ અહીં ખૂલી છે. ઠેર ઠેર પુણ્યદર્શન કરતા લેખક એક અસામાન્ય પ્રવાસી છે.

આપણાં ગિરિમથકો, ધોધ, હિમસરિતા, નદીઓ, સરોવરો (લેઈક ડિસ્ટ્રિક્ટ પૂનામાં પણ), હેમકુંડ, હરસીલ, પત્નીટોપ, બાવનગજાને વળી ખંડેર ને અપૂજ મંદિર! સાહસ, કુતૂહલ, આશ્ચર્યને ભયની લાગણી- બધું જ રસપ્રદ! પ્રવાસ-વર્ણનના યજુર્વેદ સમા ગદ્યનો ઘાટ ઘડાયો છે લેખકના ભાષાવૈભવથી, ભાષાની ઋજુતાથી, કાવ્યમય ભાવાભિવ્યક્તિથી, અવનવા ઉચિત શબ્દપ્રયોગોથી. સ્થળની માહિતી પણ મળે અને ઇતિહાસ-નોંધ પણ મળે.

મનોરમ દૃશ્યોનાં તેમ જ શિલ્પ-સ્થાપત્ય-ચિત્રનાં વર્ણનો, માહિતી અને કવિતાને અવિનાભાવે ગૂંથે છે. 'સ્થિર હોય તો સવારીમાં ભય નથી' જેવાં નાનાં વાક્યોમાં સચોટ અભિવ્યક્તિ છે, તો એક પાનાની પાદટીપમાં વિષય પ્રત્યેની ચીવટ દેખાય છે. 'ઉત્તરંગ' શબ્દનો અર્થ આપતા, 'ડક્ષમ' છાપભૂલ નથી એમ જણાવતા કે શિલ્પની ક્ષતિ દર્શાવતા લેખકની સૂક્ષ્મ દૃષ્ટિ અને ચોકસાઈ પ્રશંસનીય છે. ગિરિમથક ચક્રતાની ઉપલબ્ધિ વિષેનું દૃઢ મંતવ્ય- 'હું બેધડક કહીશઃ એક પાંગરતું ઝાડ અને એક પરી.', ગોવર્ધનરામની

અલકકિશોરી જેવી અલકનન્દા' - ઉપમા અને રૂપક, ઉત્પ્રેક્ષા, સજીવારો પણ જેવા અલંકારો, સંસ્કૃત અને ગુજરાતીના કાવ્ય-સંદર્ભો અને રમૂજવૃત્તિ પણ કેટલી વિશિષ્ટતાઓ?! દળેલું દળે તોય ડો. પ્રદીપભાઈ અલકમલકના અજાણ્યા ખૂણાની વાત કરે!

આપણા પ્રવાસ-વર્ણન-સાહિત્યના ઇતિહાસે 'પ્રવાસ-પ્રદીપ'ની નોંધ લેવી જ રહી!

❑

'કારવી'નાં કાવ્યો - પ્રકૃતિસૌંદર્યનાં લયબદ્ધ સ્પંદનો

'આ શૂન્યમાં બસ શબ્દનો સથવાર' - 'કારવી'ના કવિ શબ્દ-બ્રહ્મનો મહિમા કરે છે. કવિની ઉત્સ્ફૂર્ત લાગણીમાં કાવ્ય પ્રગટે, પછી શાંતચિત્ત ક્ષણોમાંથી શબ્દ, અર્થ, લય, સૂર, સંવાદિતા અને કલ્પના દ્વારા કવિની વિશિષ્ટ અનુભૂતિ કાવ્યરૂપે જન્મે. અહીં પ્રદીપભાઈનો મુખ્ય કાવ્ય-વિષય છે પ્રકૃતિ. વૃક્ષો, ફૂલો, પંખીઓ નદી, સરોવર, તળાવડી, અરણ્ય ને નક્ષત્રો - કાવ્યો જાણે ધુમ્મસમાંથી જન્મે છે! પ્રતીકો અને કલ્પનોથી યુક્ત શૈલી કવિને સહજ છે. મંદાક્રાન્તામાં 'વનવિરહ'નું શબ્દચિત્ર, 'કદમ્બનાં ફૂલ'નું જીવનદર્શન, આકાશી શ્રવણ શિવજટાનું ઝાડ, 'રાત્રિ' કાવ્યગુચ્છનાં ધવલ-ધૂસર શબ્દચિત્રો, પુનરાવર્તિત પંક્તિઓમાં હાઇકુનું સર્જન - સર્વત્ર કવિની વિલક્ષણ અનુભૂતિ અને અભિવ્યક્તિ!

પ્રદીપભાઈ અભિધાર્થ કરતાં વધારે વ્યંજનાના કવિ છે. 'કાલિંદીમાં વહાવી દીધેલા દીવા જેવો આગિયો' કે 'સૂરજનું પાન' જેવા કાવ્યાલંકારો અર્થસભર અને ચિત્રાત્મક છે. 'બાળસખી'ની સહજતા, 'અલ સાલ્વાડોર'ની વેદના, ચાંદાની છબી ઝીલતું 'નાળું', 'ક્રોધ'નો ભાવ-કેટલું વિષયવૈવિધ્ય!

કવિ સૌંદર્યનું નવું વિશ્વ શોધે છે! પ્રકૃતિને આંબી લેતાં, અધ્યાત્મનો સંસ્પર્શ થઈ જાય છે - 'હું હોઉં કે ન હોઉં, તું હશે. ને હું યે હોઈશ ક્યાંક તારામાં જ.' - 'હું'ની શોધ અહીં પૂરી થાય છે!

પ્રદીપભાઈ, કારવીની સાત પાનખર કબૂલ, તમારી નહિ!

નષ્ટ કરી નાખેલાં કાવ્યો સ્વપ્નમાં ફરી પણ આવશેને?!

❑

'નક્તમાલ' ને નક્તમાલિકા'ના નવપલ્લવિત નિબંધો

વર્ષો વીત્યાં એ જોયે - બોરિવલી - પૂર્વના ૧૦૪ ચો. કિ.મી.ના વનમાં પ્રદીપભાઈ મોટાં વૃક્ષોને ઊંચી નજરે જોઈ લે છે, નાના છોડ પાસે તરત નમી પડે છે! - ચિત્ર હજી તાજું છે!

નિબંધ લખવા, નર્મદ કહે છે એમ, જેવી તેવી વાત નથી. નિબંધકાર તરીકે ડો. પ્રદીપભાઈ અનેકાવધાની છે. ક્યાંક પ્રવાસનું અવલંબન, ક્યાંક વિજ્ઞાનની વાત – ज्ञानं सविज्ञानं, । લોકકથાથી લઈ સંસ્કૃત - ગુજરાતીના કાવ્ય - સંદર્ભો, પોતાની જાતને આગળ કર્યા વિના પોતાની વાત કહેવાની ફાવટ, વિષય-વસ્તુની મૌલિકતા અને આંતરિક દૃષ્ટિ! હજીયે નવાં ફૂલો, હજીયે ચન્દ્રધનુ જોવાની ઝંખના! નક્તમાલને કરંજ કહેવા - ન કહેવા વિષેની વિચારશીલતા, શાલ્મલિના થડ પરના કાંટા અને એનાં પુષ્પો - લલિત નિબંધોમાં સૂક્ષ્મ જીવન-દર્શન છે, ભૂતિયાં ફૂલોનો વિસ્મય છે, કવિત્વ છે - છલકાતી નક્તમાલિકા, ઝૂલતી વનલતા- 'મુમુક્ષુઓ ભલે તરી જવા ઇચ્છે, હું કેવળ તરવા ઇચ્છું છું.' ફૂલ અને વૃક્ષને અડતાં આકાશગંગાને સ્પર્શી જવાય છે!

ઓક્ટોબર - ૨૦૦૯ના 'બુદ્ધિપ્રકાશ'માં 'નિબંધનું સ્વરૂપઃ સિદ્ધ રચનાઓઃ દિશાસંકેત' - મારો લેખ પ્રગટ થયો હતો. સમાપન કરતાં મેં લખ્યું હતું – 'આપણા નિબંધની આવતીકાલ કેવી હશે? - એ જરૂર શિવેતરક્ષતિ કરશે. વિદ્વત્તા અને રસવત્તા બન્ને એનાં ધ્યેય રહેશે... આંતરિક સમૃદ્ધિ અને કલામય સર્જકતા ફરીથી અસાધારણ નિબંધનું સર્જન કરશે.' - મારી શ્રદ્ધા ફળી છે!

પુસ્તકો હાલ નીચેનાં સૂત્રો દ્વારા મળી શકશે

પ્રદીપ સંઘવી : A 43, 44, પ્રભુનિવાસ, ટી.પી.એસ. રોડ નં. 51, બોરિવલી (પશ્ચિમ), મુંબઈ-400 092. મો. 9869458263

નવજીવન ટ્રસ્ટ : Navajivan Webstore, અમદાવાદ-380 014. Tel: 91-79-27540635, 27542634. www.navajivantrust.org.

કિંમતઃ પ્રવાસ-પ્રદીપ રૂ. 250, કારવીઃ રૂ. 180, નક્તમાલ ને નક્તમાલિકા રૂ. 300

તમારી દૃષ્ટિએ

ડો. શ્રી. નીલેશ રાણાનો વેક્સિન અંગેનો લેખ અત્યંત મહિતીસભર છે, તે વાંચવા, સમજવા અને અનુસરવા જેવો છે. ન વાંચ્યો હોય તો વાંચજો, વાંચ્યો હોય તો ફરીને વાંચજો, મિત્રો, સગાંસંબંધીઓને પણ વંચાવજો. યાદ કરાવજો. મહામારીને નાથવામાં આપણે સૌ ભાગીદાર થઈએ.

ગાંધીનગર - ડો. ભાલચન્દ્ર હ. હાથી

* * *

'નવનીત સમર્પણ' જૂન ૨૦૨૧ના અંકમાં નીલેશ રાણાનો વેક્સિનનો લેખ ખૂબ જ સુંદર તેમ જ તે માટેની ગેરસમજો દૂર કરવા માટે ઉત્તમ રહ્યો. વેક્સિનથી થતા ફાયદાઓ તેમ જ તેનાથી મળતું રક્ષણ. અમુક લોકો વેક્સિનો બહિષ્કાર કરીને પોતાને તથા બીજી વ્યક્તિઓને મુશ્કેલીમાં મૂકે છે. વેક્સિન લીધા પછી પણ માસ્ક પહેરવું, હાથ ધોવા તેમ જ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવું જરૂરી છે.

મીઠાપુર - મુકેશ ટી. ચંદારાણા

* * *

'નવનીત સમર્પણ' અંકઃ જુલાઈ, ૨૦૨૧, 'અનહદ બાનીમાં આ પ્રમાણે લેખન થયું છેઃ '...રહસ્યવાદી કાવ્યોનો કવિ હાકિમ સનાઈ (ઈ. સ. ૮૦૮૪-૮૮૩૮) તેના વિશ્વવિખ્યાત 'હદિકાત અલ હકીકાત' માટે વંદનીય છે.' આ સંદર્ભે જણાવવાનું કે અહીં ઈ. સ. ના અંકમાં મુદ્રણ અને હકીકતદોષ એમ બન્ને હોય તેમ લાગે છે. હાકિમ અબુલ-મજદ મજદૂદ ઇબ્ન આદમ સનાઈ ગઝનવી ઉર્ફે હાકિમ સનાઈનો જીવનકાળ ઈ. સ. ૧૦૮૦-૧૧૩૧/૧૧૪૧નો હતો. ૧૫ પ્રકરણોમાં 'મથનવી' શૈલીમાં ૧૦,૦૦૦ ટૂંકાં કાવ્યો ધરાવતા તેના ગ્રંથનું નામ 'હદિકાત અલ-હકીકા' (Hadiqat al-Haqiqa - સત્યનું બંધ ઉદ્યાન) અથવા 'શરિયત અલ-તરીકા' (Shariat al-Tariqah - શરિયતનો પથ) અથવા 'ઇલાહી નામેહ' (Elahi Nameh - અલ્લાહ મીમાંસા) છે. પર્શિયન (ફારસી) ભાષામાં આ કાવ્ય-ગ્રંથની રચના ઈ. સ. ૧૧૩૦થી શરૂ થઈ હતી અને ઈ. સ. ૧૧૩૧માં પૂરી થઈ હતી.

(સરતચૂકથી રહી ગયેલો મુદ્રણદોષ છે. ક્ષમસ્વ.)

'કવિ કાન્તની ખુરશી' લેખના પૃષ્ઠ ૮૨ પરના 'ભાવનગરઃ ઐતિહાસિક શ્રેણીનાં રમવાનાં પત્તાં'માં ચિત્રશૈલી કમાંગર દર્શાવેલ છે. આ સંદર્ભે પૂરક માહિતી આપતાં જણાવવાનું કે, ગંજીફાનાં પત્તાંની ચિત્રશૈલી બાબતે મતભેદ પ્રવર્તે છે. શ્રી રવિશંકર રાવળના મતે ચિત્રશૈલી 'સલાટી' કે 'શિલાવત' છે. કારણ કે મૂર્તિકલાનું શિલ્પખચિત આકાર-રૂપ આપતાં સલાટો, એ જ

પ્રકારનાં ચિત્રો પણ કરી આપે છે. શ્રી ખોડીદાસ પરમારના મતે પત્તાં પરની ચિત્રશૈલી કચ્છી કમાંગર જ છે. તળપદ કચ્છી લોકશૈલી અને રાજસ્થાન-જયપુરી ચિત્રશૈલીના મિશ્રણથી, કમાંગર ચિત્રશૈલી કચ્છમાં ૧૮મી સદીથી ૧૯મી સદીમાં નીપજી અને વિકસી. કચ્છના કમાંગર શૈલીનાં ચિત્રોને તપાસતાં, ભાવનગરનાં પત્તાં પરનાં ચિત્રોમાં થોડી ઊણપ જોવા મળે છે. જેમકે બેઠી દડીનાં-ઠીંગણાં માનવકદ, મોટાં માથાં, અશ્વોનું એક જ પ્રકારનાં લય-લઢણ-આકારમાં ચિત્રાંકન. વિશેષ, ગંજીફાનાં પત્તાં પરનાં ચિત્રિત પાત્રોનાં નામ-પરિચય શ્રી દેવશંકર ભટ્ટકૃત 'શાળાપત્ર' (માર્ચ-એપ્રિલ, ૧૯૧૬)માં આલેખાયેલ છે.

સિહોર દરબારગઢના ચિત્તાળ (હાલમાં જિ. અમરેલી) જીતની વિજયસવારીનાં ભીંતચિત્રો, ગોહિલવાડના ઇતિહાસમાં જળવાઈને પ્રસિદ્ધિ પામે એ હેતુથી, ઈ. સ. ૧૯૧૫-૧૭માં તેને એક ગંજીફા રૂપે ભાવનગરના મહારાજા ભાવસિંહજી તખ્તસિંહજી ગોહિલ (ઈ. સ. ૧૮૭૫-૧૯૧૯)એ પ્રસિદ્ધ કર્યાં હતાં. મૂળચિત્રો નાશ ન પામે તેથી એક અંગ્રેજ ચિત્રકારની દેખરેખ નીચે ભાવનગરના લોકચિત્રકાર પાસે આ ભીંતચિત્રોની કાગળ ઉપર અનુકૃતિ કરાવી હતી. આ બધાં ચિત્રો હાલ 'બાર્ટન લાઈબ્રેરી-ભાવનગર'માં સચવાયાં છે.

સૂરત - પ્રા. જે. આર. વઘાશિયા

નર્મદ સાહિત્ય સભા

૨૦૨૧ના વર્ષમાં આપવાના થતા પાંચ ચંદ્રકોના નિર્ણયની જાહેરાત

૧. શ્રી ભગવતીકુમાર શર્મા શ્રેષ્ઠ સુદીર્ઘ સાહિત્યસેવા ચંદ્રક (ગદ્ય વિભાગ) (વર્ષ ૨૦૧૭-૧૮-૧૯) શ્રી વિજયભાઈ શાસ્ત્રી.

૨. શ્રી નંદશંકર ચંદ્રક (નવલિકાસંગ્રહ) (વર્ષ ૨૦૧૮-૨૦૧૯)
સુશ્રી મેધા ત્રિવેદી કૃત 'સૂત્રિત', નિર્ણાયક શ્રી ગુણવંત વ્યાસ.

૩. શ્રી નાનુભાઈ નાયક ચંદ્રક (ગાંધીવાદી વિચારસરણી / લોકશાહી વિચારધારા કે સમાજજીવન) (વર્ષ ૨૦૧૭-૧૮-૧૯)
શ્રી રમેશ તન્ના કૃત પુસ્તક 'સમાજની સુગંધ', નિર્ણાયક શ્રી ડો. ચૈતન્ય દેસાઈ.

૪. રા. બ. કમળાશંકર ત્રિવેદી ચંદ્રક (શિક્ષણ-સંસ્કૃત સાહિત્ય) (વર્ષ ૨૦૧૭-૧૮-૧૯)
ડો. અરુણ કક્કડ કૃત 'શિક્ષકની ચેતના,' નિર્ણાયક શ્રી પ્રજ્ઞાબહેન વશી.

૫. નર્મદ ચંદ્રક (નિબંધ-વિવેચન) (વર્ષ ૨૦૧૫થી ૨૦૧૯)
શ્રી પ્રવીણ દરજી કૃત પુસ્તક 'નદીગાન', નિર્ણાયક ડો. શ્રી પ્રફુલ્લ દેસાઈ.

ભ વ ન્સ - વૃ ત્ત

બેંગલુરુ કેન્દ્ર

બેંગલુરુનું ભારતીય વિદ્યા ભવન અને દક્ષિણ ભારતના ઇઝરાયલ રાજદૂતાવાસના સહકારથી શહેરના ફિલ્મરસિયાઓ માટે ઇઝરાયલી ફિલ્મોત્સવનાં દ્વાર ખૂલી ગયાં છે.

ડાબેથી સર્વશ્રી એન. શશીધર, કે. જી. રાઘવન, મિ. ઝોનાથન ઝડકા અને એચ. એન. સુરેશ

૨૧ જાન્યુઆરી, ૨૦૨૧ના દિવસે દક્ષિણ ભારતના ઇઝરાયલના કોન્સ્યુલ જનરલ જોનાથન ઝડકાની વિશેષ ઉપસ્થિતએ ભવન્સ ફિલ્મ સોસાયટીને શોભાવી. એમની સાથે ઇઝરાયલ દૂતાવાસનાં અખબારી વડાં શ્રી અદિતિ જોશી પણ હતાં. તેઓનું સ્વાગત બેંગલુરુ કેન્દ્રના અધ્યક્ષ શ્રી કે. જી. રાઘવન અને નિદેશક શ્રી એચ. એન. સુરેશે કર્યું હતું.

શ્રીમાન ઝડકાએ ભવન્સ ફિલ્મ સોસાયટીની સ્થાપના પ્રસંગે પોતે ઉપસ્થિત રહી શક્યા તે માટે આનંદ વ્યક્ત કર્યો. ફિલ્મોનું મહત્ત્વ સમજાવતાં કહ્યું કે ફિલ્મ માત્ર મનોરંજનનો વિષય નથી પણ આપણને ફિલ્મ નિર્માણનાં કળા અને વિજ્ઞાન શીખવાનો મંચ છે. ભૌતિક સીમાઓ ઓળંગી, ફિલ્મરસિકોને ચિત્રપટના અનુભવમાં ડુબાડી વિશ્વભરની નવાં સંસ્કૃતિ, વિચારો અને દૃષ્ટિબિંદુ આપે છે. તેમણે ભવન્સ ફિલ્મ સોસાયટીના સભ્યોના લાભાર્થે ચુનંદી ઇઝરાયલી ફિલ્મો આપવાનું વચન આપ્યું હતું.

હસ્તકળા શિબિર : નવી મુંબઈ કેન્દ્ર

ભવન્સ ચિલ્ડ્રન ક્લબ આયોજિત ૨૩ એપ્રિલ ૨૦૨૧ના હસ્તકળા શિબિરમાં બાવીસ સભ્યોએ ભાગ લીધો હતો. ક્લબનો આ છઠ્ઠો ઓનલાઈન કાર્યક્રમ હતો. કાર્યશિબિરની શરૂઆત સરળ પણ અસરકારક રીતે ફૂલો, ઘડાઓ, વહાણો અને

વિમાન જેવી ચિત્રકળા દ્વારા થઈ. ''અમે બાળપણમાં આ બધું કરતાં હતાં. પણ આપણાં બાળકો હવે કૃત્રિમ રમતો સાથે હેવાયાં થયાં છે અને આવા નિર્દોષ આનંદથી વંચિત થઈ ગયાં છે. ભવન ચિલ્ડ્રન ક્લબનો આભાર કે અમે અત્યારે ભૂતકાળની રમતો અને શોખને વાગોળી શકીએ છીએ.'' એક માતાએ પોતાની લાગણી આ રીતે વ્યક્ત કરી.

નવી મુંબઈ કેન્દ્રઃ ભવન્સ ચિલ્ડ્રન ક્લબઃ ગ્રીષ્મ શિબિર

૧૧, ૧૨, ૧૩ મેના રોજ ઉનાળુ શિબિરનું આયોજન બે સત્રમાં થયું હતું. કિરણ યાદવે ૧૫ બાળકોને પરબીડિયાં અને બુક-માર્ક્સ બનાવતાં શીખવીને સત્રનું ઉદ્‌ઘાટન કર્યું હતું. બીજા સત્રનો આરંભ પોદ્દાર આંતરરાષ્ટ્રીય શાળાનાં જુલિયા ઘોષ દ્વારા વક્તૃત્વકળા અંતર્ગત વક્તવ્ય સાથે થયો.

બીજા દિવસની શરૂઆત ચિલ્ડ્રન ક્લબના કમિટિ સભ્ય રાજશ્રી સક્સેનાના વાર્તા-સત્ર સાથે થઈ. પંચતંત્ર અને અન્ય સાહિત્યમાંથી વાર્તાઓ રજૂ થઈ. બીજા સત્રમાં અનિતા કીનીએ 'બાંધણીકળા'ની રજૂઆત કરી જેને સારો પ્રતિસાદ મળ્યો.

ત્રીજા દિવસે રામકૃષ્ણ મિશન, પનવેલનાં રેખા શિરસેટે સરળ રંગોળી પાડવાનું

શીખવ્યું હતું. અને ત્યારબાદના સત્રમાં વીણા અડિંગેએ અગ્નિ વગર બિસ્કિટ, કેક બનાવવાનું શીખવ્યું હતું. સુધા કામથે સ્પ્રાઉટ (ફણગાવેલાં કઠોળ) - ટ્રેન બનાવતા શીખવ્યું. ઉત્સાહી બાળકોએ પોતપોતાની વાનગાઓ પણ સૂચવી હતી. ૭ મેના સુધા કામથે રમતસત્રનું આયોજન કર્યું હતું. ત્યારબાદ ૮ મેના ફર્ગો ઇન્ટરનેશનલનાં સ્નેહા શ્રીરામે કોવિડ દરમિયાન ઘરમાં કે બહાર બાળકોની સલામતી અંગે વાત કરી હતી.

ચેન્નઈ કેન્દ્રઃ શ્રદ્ધાંજલિ

ડો. સી.વી. ક્રિષ્ણસ્વામી પ્રખ્યાત ડાયાબિટીસ તજજ્ઞ હતા. ૨૧મે ૨૦૨૧ના ૮૩ વર્ષની ઉંમરે તેઓનું નિધન થયું. છેલ્લાં ૨૫ વર્ષથી તેઓ ચેન્નઈ કેન્દ્રમાં કમિટિ સભ્ય તરીકે જોડાયેલા હતા. તેમના ક્ષેત્રમાં ભારતની પ્રથમ બાળ-કિશોર ડાયાબિટીસ નોંધણીની તેમણે પહેલ કરી હતી. તેઓ બાળકો સાથે ઘણા સંલગ્ન હતા. 'તેઓ તજજ્ઞ હોવા ઉપરાંત ઉમદા માનવ હતા. હજારો કુટુંબોના હૃદયમાં તેમણે સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને તેઓ તેમને ડોક્ટર કરતાં વધુ કુટુંબી માનતા હતા.' તેમના જમાઈ રમેશ ચંદ્રશેખરે કહ્યું હતું. જેઓ પ્રેમા મેડિકલ ડાયાબિટીસ સેન્ટર (PMDRC)માં વરિષ્ઠ સલાહકાર અને ડોક્ટર છે જેના ક્રિષ્ણસ્વામી નિયામક હતા.

ડો. ક્રિષ્ણસ્વામીએ VHS હોસ્પિટલમાં ૫૦થી વધુ વર્ષ તેમની અવિરત સેવા આપી. ત્યાંના સહકર્મીઓ તેમને એક વિનમ્ર વ્યક્તિત્વ અને શ્રેષ્ઠ વક્તા ઉપરાંત હરતાંફરતાં જ્ઞાનકોશ તરીકે યાદ કરે છે. તેમના કુટુંબમાં તેમની બે દીકરીઓ અને તેમના પરિવાર છે. ભગવાન તેમના આત્માને પરમ શાંતિ આપે.

આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.

હેમન્ત દવે: રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com

વિનોદ જોશી: 'પ્રયાગ', 32 - શ્વેતકમલ સોસાયટી, વિદ્યાનગર, ભાવનગર 364001

ઉદયન ઠક્કર: લક્ષ્મી નિવાસ, ત્રીજે માળ, 22, કાશીબાઈ નવરંગે રોડ, ગામદેવી, મુંબઈ-400 007

ભાવેશ ભટ્ટ: H-503 સ્વામિનારાયણ કેસલ-1, અર્જુન-આશ્રમની પાછળ, ગ્રીન સીટી રોડ, નિર્ણયનગર, અમદાવાદ-382481. ગુજરાત.

ભરત મહેતા: બી/97, યોગીનગર ડુપ્લેક્સ ટાઉનશીપ, રામાકાકા મંદિર પાસે, છાણી, વડોદરા-391740

શૈલેષ પંડ્યા (નિશેષ): 301, એટલાસ રેસિડેન્સી, વાસા વિરા સોસાયટી, સમર્પણ અંડર બ્રીજ પાસે.

જ્વલંત છાયા: કરૂણા, ૨૩, પત્રકાર સોસાયટી, એરપોર્ટ રોડ, રાજકોટ.

ધ્વનિલ પારેખ: સી/204, વૈદેહી રેસિડેન્સી, 1 વાવોલ, ગાંધીનગર-382016.

દિલીપ જોશી: ૨, સૌ. યુનિ. કર્મચારી સોસાયટી, "દિનકર" ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી પાછળ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫, 360 005, મો:-9428200202

પ્રવીણસિંહ ચાવડા: 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015.

શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009.

કીર્તિ ખત્રી: 8, સંયુક્ત સોસાયટી, ગાયત્રી શક્તિપીઠ રોડ, ભુજ (કચ્છ) - 370001.

હિમાંશી શેલત: સખ્ય, 18 મણિબાગ, ધરમપુર રોડ, અબ્રામા, વલસાડ-396007. મો. 9375824957.

બકુલ ટેલર: ડી-402, બેજાનવાલા કોમ્પ્લેક્સ, તાડવાડી, રાંદેર રોડ, સુરત-395009.

નીલેશ રાણા: ncrana@hotmail.com

ડો. પંકજ જોશી: ઉપકુલપતિ, ચારુસત યુનિવર્સિટી, નડિયાદ પેટલાદ હાઈવે, ચાંગા, આણંદ-388 421.

હસમુખ જોષી: મુ. ખીચા, તા. ધારી, જી. અમરેલી, મો. 9725862500

હેમંત સોલંકી: જીએસઈએન્ડસી મુંબઈ પ્રાઈવેટ લિ, મેકેનિકલ સ્ટેટિક ડિપાર્ટ. બીજો માળ, ડી-વિંગ, જોલી બોર્ડ ટાવર આય-થિંક ટેક્નો. કેમ્પસ, કાંજુર માર્ગ (ઈસ્ટ), મુંબઈ-42

અનિલ જોશી: joshi.r.anil@gmail.com

અમી ભાયાણી: 19, ગોલ્ડ વિલા, આકૃતિ સોસાયટી, બાવડિયા કલાન, ભોપાલ, મધ્યપ્રદેશ-462026.

વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

ધરતી પર કોરોના...
ધરતીના પેટાળમાં ધરતીકંપ
દરિયામાં વાવાઝોડું
ઘરમાં : છોકરાંની ધબધબાટી
ને તોય આરોગ્યસેતુ કહે છે : 'તમે સલામત છો!'

☺ ☺ ☺

રસોડામાં જતા દાદાને દાદીએ ત્રણવાર કહ્યું : તમે મહેરબાની કરીને લખી લો. મારે આઈસક્રીમ જોઈએ છે. એના પર કેરીના કટકા મૂકવાનું ભૂલશો નહીં... ભઈસાબ તમે ભૂલી જાશો... કહું છું લખી લો...

દાદા ગરમ થઈને : 'હવે નંઈ ભૂલું કીધું ને...'

પંદર-વીસ મિનિટે દાદા પાછા આવ્યા ત્યારે એમના હાથમાં એક વાટકો હતો અને એમાં સેવમમરા હતા...

દાદી : 'જોયું ને? ભૂલી ગયા ને? મેં રેવડી ને શીંગ મગાવેલી ને આ સેવમમરા લઈને આવી ગયા!'

☺ ☺ ☺

મગન : અત્યાર સુધી તમે સ્કૂલમાં ફોન નો'તા ચલાવવા દેતાને? એટલે હું ફોનમાં સ્કૂલ શું કામ ચલાવવા દઉં? નંઈ ભણવું મારે.

☺ ☺ ☺

રમા : આવતા જન્મે હું કાળુ કુંભારના ગધેડા હાર્યે પરણીશ પણ તારી હાર્યે તો નંઈ જ...

છગન : પણ બાધ્યાં આપડે બેય... એમાં કાળુના ગધેડાનો બાપડાનો શું વાંક ઈ કેશે મને!

સ્મિત સમાપયેત્

આજે એક પતિએ ખરતા તારાને જોઈ પત્ની સાથે લડવાની હિંમત માંગી....!
તારો પાછો આકાશે જઈ ચોંટી ગયો.

☺ ☺ ☺

માપ લેતાં... દરજી : ''કયો ફોન છે?''
ગ્રાહક : ''Apple iphone 12.''
દરજી : ''તો પછી ખિસ્સાં કરું કે હાથમાં જ રાખશો?''

☺ ☺ ☺

કાકા: ''સ્કાય ડાઈવિંગ કરવું હોય તો સાદી છત્રી ચાલે?''
સ્કાય ડાઈવર: ''બસ એક જ વાર કરવું હોય તો સાદી છત્રી ચાલે પણ બીજી વાર કરવું હોય તો પેરેશૂટની જરૂર પડે!''

☺ ☺ ☺

એક પ્રેમીયુગલ સાથે મરવાનું વિચારીને દરિયામાં કૂદી ગયું!
છોકરો ઉપર ગયો તો ભગવાન બોલ્યા, "બેટા તારાવાળીને તો તરતા આવડતું હતું."

☺ ☺ ☺

લગાતાર ત્રણ-ચાર દિવસ ગુવારનું શાક ખાઈ લે તો સમજવું કે છોકરો સાંસારિક જીવન માટે તૈયાર થઈ ગયો છે.

☺ ☺ ☺

ડોક્ટર: ''ઇમ્યુનિટી અને સહનશક્તિ વધારવા માટે તમે શું કરો છો?''
પરણીત મિત્ર: ''હું તો મારાં લગ્નનું આલ્બમ જોઈ લઉં છું....!''

☺ ☺ ☺

Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

Editor : Deepak Doshi

ગોવિન્દાખ્યો ધર્મસૂત્રમ્ । ગોવે વિદ્યાવિધેયમ્ । ગોવે અર્થ ચ ગ્રન્થ પ્રકાશ: । ગોવે વે ન: ગ્રન્થ પન્થ: ।



અખિલ વિદ્યાધાર્મ મહારાજ આશ્રમ શ્રી ગોવિન્દ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મારક સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyon Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India
Tel. No. Off: (0435) 2401789, 2425948 Patasala: 2401788, 2423566
E-mail : rajavedapatasala@dataone.in
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, સંરક્ષણ અર્થે નિવેદન

શ્રી રાજ વેદ પાઠશાળા, કુંભકોણમની સ્થાપના ૧૫૮૨માં સુવિખ્યાત ચાલિયર્સ-સંચાલક સંત અખિલ વિદ્યાધાર્મ મહારાજ આશ્રમ જગદ્ગુરુ શ્રી ગોવિંદ દીક્ષિત સ્વામિ મહિમ નદી કાંઠેથી કરી હતી. તેઓએ તંજાવુરના રાજા રાજાભોજુ મહત પાસુ વેદો મુખી પ્રભાવક શોધ્યાસુ છે. ચાલિયર્સમાં જ આ પાઠશાળ ચાલતાં છે જે પાછળ ૪૦૦ વર્ષથી અવિરતપણે ચાલે રહી છે. ત્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે જેથી ૧૦ વર્ષે પરીક્ષા આ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ અભ્યાસે તેમ જ પાઠશાળાની ભણવા પ્રમાણ આપે છે. હાલમાં અહીં ૧૭૫ વિદ્યાર્થીઓને ૧૪ અધ્યાપકો ભણાવી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે ચાલયાલના વિદ્વાન અધ્યાપકો પાસે મોકલવામાં આવે છે.

તા. ૨૬-૬-૨૦૦૪ના રોજ નવી ચાલયાલ શ્રી ગોવિંદ દીક્ષિત પરિસર સ્થાનમ્ (૨,૪૫૦ ચો. ફૂટ)ના સ્થાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળામાં બોલતા જતા અમેને પહોંચી વળવા નીચે પ્રમાણેના દાન અપેક્ષિત છે. દાનના પત્ર/ચેકોમાં સંસ્થાના માટે ફોન નંબર, BTD ફોર્મ અને મોબાઈલ નંબર અવશ્ય લિખવો. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી અપાય (બચત રકમ)
વિદ્યાર્થી ભોજન ખર્ચ (વાર્ષિક)	₹ ૭૦૦/-	₹ ૮,૦૦૦/-
વિદ્યાર્થિ ભોજન	₹ ૨,૫૦૦/-	₹ ૩૦,૦૦૦/-
ફળ-ભાજ : (બાર મિનિ)	₹ ૧,૨૦૦/-	₹ ૧૪,૦૦૦/-
ફોટ અને સાહિત્ય ખર્ચમાં		
વિદ્યાર્થી/વિદ્યાર્થિની (વિદ્યાર્થી દીઠ)	₹ ૧૧,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૩૨,૦૦૦/-

ફોર્મ ચેક, ડિમાન્ડ-ડ્રાફ્ટ A.V.M.S.G.D.P.S. Samithi કુંભકોણમ્ માટે કરી મોકલવા વિનંતી. (ચાલયાલને વિદ્યાલય સંસ્થાને કરમુક્ત કે ચાલયાલી પ્રતિ કરવો.)

Total Pages 140
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2021-2023 Posted on Mumbai Patrika Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.

IF YOU EVER BELIEVED IN THE
BEAUTY OF YOUR DREAMS

DOSTI
REALTY YOU CAN TRUST

HERE'S A REALITY, MORE BEAUTIFUL THAN YOUR DREAMS
IN THE HEART OF MUMBAI - PAREL

DOSTI BELLEZA
PAREL

HIGHLIGHTS
Spacious Apartments | Prime Location
Adjacent to J.B.C.N. International School
Podium Garden | Seating Deck with Pergola | Party Lawn
Seating Alcoves | Kids' Play Area | Walking Path
Near Chembur-Jacob Circle Monorail Station

LOCATION HIGHLIGHTS*

SCHOOLS
JBCN International School - 0.5 min
Don Bosco High School - 10 mins
Podar ORT International School till - 10 mins

COLLEGES
Ruia College - 10 mins
Wadia College - 10 mins
Podar College - 11 mins

HOSPITALS
Global Hospital - 05 mins
KEM Hospital - 09 mins
Tata Memorial Hospital - 12 mins

PLACES OF WORSHIP
Bhagwan Adishwarji Jain Derasar - 05 mins
Shree Sambhavnath Jain Derasar - 05 mins
Shanti Niwasan Mandir - 15 mins

*Source: Google Maps. As per actual traffic conditions.

2174 5544 | www.dostirealty.com

Site Address: Dosti Belleza, adjacent to JBCN International School, S. B. Ambedkar Marg, Parel, Mumbai - 400 012
Corporate Office: Dosti Realty Ltd., Lawrence & Mayo House, 1st Floor, 276, Dr. D. N. Road, Fort, Mumbai - 400 001

*The projects has been registered vide MAHARERA registration number P51800050888 and is available on website - https://maharera.mahaonline.gov.in under registered projects. The project is mortgaged to IDBI Bank Ltd. MCC from the mortgagee bank will be provided, if required.

Please note that brokerage or an incentive in this project shall be governed by agreement between parties.